મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# શ્રી જ્ઞાનસાર પ્રકરણ

(ભાગ ૨)

: સંકલન :

પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

પ્રકાશન

શ્રી અનેકાન્તપ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# શ્રી જ્ઞાનસાર પ્રકરણ

## (અષ્ટક ૧૭ થી ૩૨)

## (ભાગ ૨)

: સંકલન :

પ.પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. ના
પટ્ટાલંકાર પ.પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્ર સૂ.મ. ના શિષ્યરત્ન
પ.પૂ. સ્વ. આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ. મ. ના શિષ્યરત્ન
પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.

: પ્રકાશન :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

: આર્થિક સહકાર :

અ.સૌ. કૈલાસબહેન મનુભાઈની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે
શા. નગીનદાસ કચરાભાઈ પરિવાર
પાલડી-અમદાવાદ

# શ્રી જ્ઞાનસાર પ્રકરણ

(ભાગ ૨)

આવૃત્તિ : પ્રથમ
નકલ : ૧૦૦૦

વિ.સં. ૨૦૬૪
શ્રા. સુ. ૧૦

: પ્રાપ્તિસ્થાન :

શા. મુકુંદભાઈ રમણલાલ
૫, નવરત્ન ફ્લેટ્સ
નવાવિકાસગૃહ માર્ગ
પાલડી, અમદાવાદ-૭

પ્રમોદભાઈ છોટાલાલ શાહ
૧૦૨, વોરા આશિષ
પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭

જતીનભાઈ હેમચંદ શાહ
'કોમલ' છાપરીયા શેરી
મહીધરપુરા સુરત-૩

: ફોટો કંપોઝિંગ :
પ્રિંટઑલ પ્રિંટસ્, પૂના-૪૧૧૦૩૭

સંકલનકારની વાત...

અનન્તોપકારી શ્રી તીર્થંકરપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકારપરમર્ષિઓએ શાસનના પરમાર્થને સમજાવવા માટે અત્યાર સુધી પૂરતો પ્રયત્ન કર્યો છે. ગમે તે કારણે એ અંગે આપણે એટલી જ ઉપેક્ષા સેવી છે – એ માન્યા વિના ચાલે એવું નથી.

આમ છતાં નિષ્કારણ પરમોપકારી એવા શાસ્ત્રકારપરમર્ષિઓએ આપણી ઉપર અનુગ્રહ કરવા સ્વરૂપ એ પુણ્યપ્રવૃત્તિ અનવરત ચાલુ રાખી છે. એની પાછળ એક જ આશય રહેલો છે કે વર્ત્તમાનમાં કદાચ કોઈવાર કોઈને એ પ્રવૃત્તિથી લાભ ન પણ થાય તો ય ભવિષ્યમાં એનાથી અનેક જીવોને લાભ થવાની શક્યતા પૂર્ણપણે રહેલી છે.

આવા જ આશયથી રચાયેલા અનેકાનેક પરમતારક ગ્રન્થોની આપણને પ્રાપ્તિ થઈ છે, જે આપણા સદ્ભાગ્યનું એક મહત્ત્વનું ચિહ્ન છે. એ ગ્રન્થોમાંનું એક 'જ્ઞાનસાર' પ્રકરણ છે. સમર્થ શાસ્ત્રકાર ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ રચેલો એ ગ્રન્થ છે. પૂ. ઉપાધ્યાયજી મ. કે મહામહોપાધ્યાયજી મ. ના ટૂંકા નામથી તેઓશ્રી આપણે ત્યાં ખૂબ જ પ્રસિદ્ધ છે. સૂરિપુરંદર પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પછી આટલા મોટા પ્રમાણમાં ગ્રન્થોની રચનાનું કાર્ય પૂ. ઉપાધ્યાયજી મ. ને છોડીને બીજા કોઈએ કર્યું નથી. તેમ જ નજીકમાં કોઈ કરશે એવું અત્યારે તો જણાતું નથી. અને કદાચ કોઈ એ કાર્ય કરે ત્યારે આપણે ત્યાં નહીં હોઈએ – એ વાસ્તવિકતાનો ખ્યાલ રાખી આપણને મળેલા આ પરમતારક ગ્રન્થોનું અધ્યયન યોગ્ય રીતે કરી લેવું જોઈએ.

આ પ્રકરણનાં બત્રીશ અષ્ટકોથી મુખ્ય બત્રીશ વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. અવાન્તર વિષયો તો બીજા ઘણા છે. પરન્તુ દરેક વિષયમાં જ્ઞાન જ સારભૂત હોવાથી મુખ્યતા જ્ઞાનની છે. આ વાત પ્રકરણના નામથી જ સમજી શકાય છે. પ્રકરણમાં જણાવેલા વિષયો મુખ્યપણે પૂ. સાધુમહાત્માઓને અનુલક્ષીને છે. એટલે શુદ્ધધર્મની ઉપાદેયતા મુખ્ય બને એ સ્પષ્ટ છે. એને અનુસરીને આ ગ્રન્થ નિશ્ચયનયનો છે એમ કહીને ઘણા વિદ્વાનો (?) એની ઉપેક્ષા કરે છે. આગળ વધીને કેટલાક તો એને હેય તરીકે ગણે છે. વાસ્તવિક રીતે નિશ્ચયાભિમુખ વ્યવહારનય સાપેક્ષ આ પ્રકરણ છે, જે સર્વાંશે ઉપાદેય છે. કારણને કાર્યરૂપે પરિણમાવી સાધકને સાધના દ્વારા સિદ્ધ બનાવનારી અહીં પ્રક્રિયા છે. એની ઉપેક્ષા કરવાનું આપણને પાલવે નહિ. નિશ્ચયનયના લેબલ લગાડી વ્યવહારનયનો પણ અપલાપ કરનારા

મારું જતું રહેશે અને મને નહિ મળે, આ એક પ્રકારનો કાલ્પનિક ભય છે અર્થાદ્ ભયનો ભ્રમ છે. મારા જ્ઞાનાદિ ગુણો ક્યારે પણ જવાના નથી અને બીજાં ધનાદિ સુખનાં સાધનોની મારે આવશ્યકતા જ નથી. તેથી મારું જવાનું જ ન હોય અને પરપદાર્થોની આવશ્યકતા જ ન હોય તો જવાના કે નહિ મળવાના ભયનો સંભવ જ નથી. તેથી તે ભય કાલ્પનિક છે, વાસ્તવિક નથી, અજ્ઞાનમૂલક છે. આથી સમજી શકાય છે કે જેને પરવસ્તુની અપેક્ષા નથી એવા આત્માના એકસ્વભાવને અનુસરનારા મધ્યસ્થને ભયના ભ્રમથી જન્મેલી ખેદની પરંપરાની અલ્પતા (મંદતા) પ્રાપ્ત થાય છે. મધ્યસ્થની નિર્ભયતાનું બીજ પરની અપેક્ષાનો અભાવ અને આત્માના એક સ્વભાવનું અનુસરણ છે. તદુપરાન્ત પણ નિર્ભયતાનું બીજું બીજ જણાવાય છે-

**भवसौख्येन किं भूरिभयज्वलनभस्मना ।**
**सदा भयोज्झितं ज्ञानं, सुखमेव विशिष्यते ।।१७-२।।**

''ઘણા ભય સ્વરૂપ અગ્નિથી રાખ સ્વરૂપ બનેલા સંસારના સુખનું શું પ્રયોજન છે ? સદા ભયથી રહિત જ્ઞાનસ્વરૂપ સુખ જ વિશિષ્ટ-ઉત્કૃષ્ટ છે.'' - સામાન્ય રીતે આ સંસારમાં કેટલાંક દુઃખનાં સાધન છે, કેટલાંક સુખનાં સાધન છે અને બાકીના બધા ઉપેક્ષણીય છે. એમાંથી દુઃખના સાધનભૂત પદાર્થોની અને ઉપેક્ષણીય પદાર્થોની અપેક્ષા ન હોય : તે સમજી શકાય છે. પરન્તુ સુખના સાધનભૂત ધનાદિની અપેક્ષા તો પડી જ હોય છે. અને તેથી પરની અપેક્ષામાં નિર્ભય કઈ રીતે રહેવાય ? અર્થાદ્ એ સ્થિતિમાં નિર્ભય રહેવાનું શક્ય બનતું નથી. આથી આવા અવસરે નિર્ભય મહાત્માઓ જે વિચારે છે તે જણાવાય છે.

જીવો સંસારમાં જેને સુખ માને છે તે સુખ વસ્તુતઃ દુઃખ છે. કારણ કે વિષયોના ઉપભોગથી પ્રાપ્ત થનારું સુખ દુઃખથી અનુવિદ્ધ છે. એની પ્રાપ્તિ પૂર્વે દુઃખનો અનુભવ છે. ભોગવતી વખતે ચોર વગેરે ચોરી તો નહિ જાય ને : એવી ચિંતા રહેલી છે. સાથેના લોકોને આપવું પડે છે. તેમ જ રાજા વગેરે ગમે ત્યારે તેના સાધનભૂત ધનાદિને લઈ લેતા હોય છે. ભોગાદિથી રોગનો ભય સતાવે છે અને ભવિષ્યમાં પાછું મળશે કે નહિ-એની ચિન્તા સતત રહેલી હોય છે.... ઈત્યાદિ સ્વરૂપના અનેક પ્રકારના ભયસ્વરૂપ અગ્નિથી જેની રાખ થઈ છે, તેવું આ ભવનું સુખ છે. આવા સુખને સુખ માનવું : તે મહા અજ્ઞાન છે. જ્ઞાની એવા મહાત્મા તેને સુખ તરીકે માનતા ન હોવાથી તેઓ તેની અપેક્ષા જ રાખતા નથી. તેઓશ્રીને

જ્ઞાનસ્વરૂપ જ સુખ છે. ગમે તેવા અશાતાના ઉદયમાં પણ તેઓશ્રી જ્ઞાનના બળે પોતે સ્વસ્થ રહે છે. એ જ્ઞાનને કોઈનો પણ ભય નથી. સદાને માટે તે ભયથી મુક્ત છે. ક્યારે પણ તેનો નાશ થવાનો નથી. તેને કોઈ પણ લઈ શકતું નથી. એના જેવું જગતમાં બીજું કોઈ સુખ નથી. સર્વાતિશાયી એ સુખ છે. તેની સર્વાતિશાયિતાને જ જણાવાય છે...

**न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।**
**क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ।।१७-३।।**

"કોઈ પણ સ્થાને છુપાવવાજેવું, કોઈ પણ સ્થાને આરોપ કરવા યોગ્ય અને ક્યારે પણ છોડવાયોગ્ય કે આપવાયોગ્ય મુનિભગવન્તો પાસે નથી. તેથી જ્ઞાનથી જ્ઞેયને જોનારા એવા તેમને ભય સાથે ક્યાં રહેવાનું છે ? અર્થાત્ સર્વત્ર મુનિભગવન્તો નિર્ભય છે." કારણ કે તેઓશ્રીની પાસે જે જ્ઞાનાદિ ગુણો ક્ષયોપશમભાવના છે; તે છુપાવવા યોગ્ય, આરોપ કરવા યોગ્ય, ત્યજવાયોગ્ય કે આપવાયોગ્ય નથી. જેમની પાસે કશું પણ છુપાવવા યોગ્ય કે આરોપ કરવા યોગ્ય અથવા ત્યાજ્ય કે આપવાને યોગ્ય હોય તેને સતત ભય રહે છે.

પૂ. મુનિભગવન્તો અકિંચન (અપરિગ્રહી) છે. પોતાના શરીર પ્રત્યે પણ મમત્વથી રહિત છે. તેથી તેમની પાસે છુપાવવાયોગ્ય એટલે કે રક્ષણ કરવા યોગ્ય કાંઈ નથી. પોતાના જે જ્ઞાનાદિ ગુણો છે તે સ્વભાવભૂત હોવાથી સદાને માટે અવસ્થિત જ છે, સુરક્ષિત છે, પરિરક્ષિત છે. તેને કોઈ પણ લઈ જઈ શકે એમ નથી. એ બધા ગુણો આરોપિત નથી, વાસ્તવિક છે. બીજી કોઈ પણ વસ્તુના સંયોગથી તે તે વસ્તુને સારી બનાવાય છે, ત્યારે તે વસ્તુમાં બીજી વસ્તુના ગુણોનો આરોપ થાય છે. અર્થાદ્ જે જેવું નથી તેને તેવું જણાવવું : તે આરોપ છે. પૂ. મુનિભગવન્તો તત્ત્વદ્રષ્ટા હોવાથી કોઈ પણ વિષયમાં તેઓશ્રીને આરોપ કરવાનો રહેતો નથી. સ્વપરના વિવેકનો તેઓશ્રીને સ્પષ્ટ ખ્યાલ હોવાથી સ્વનો પરમાં કે પરનો સ્વમાં આરોપ કરવાનો પ્રસંગ આવતો નથી.

જ્ઞાનના સુખનો અનુભવ કરતા હોવાથી અને પરપરિણતિનો તેઓએ ત્યાગ કરેલો હોવાથી તેમના માટે હવે કોઈ હેય નથી. સ્વનો ત્યાગ કરી શકાતો નથી અને પરનો ત્યાગ તો કરેલો છે જ. આવી રીતે જ પૂ. મુનિભગવન્તોની પાસે આપવાજેવું

પણ કાંઈ નથી. કારણ કે સ્વગુણો અપાતા નથી અને પર ગુણો ગ્રહણ કરાતા નથી. જેની જરૂર છે તે તેમની પાસે છે અને પર વસ્તુઓ તો સર્વથા નિરર્થક છે. આત્માને તેની સાથે કોઈ સંબન્ધ નથી. અજ્ઞાનમૂલક મમત્વને લઈને આપવા-લેવાની પ્રવૃત્તિ છે. પૂ. મુનિભગવન્તોને એવું મમત્વ હોતું નથી કે જેથી કોઈને કાંઈ આપવું પડે. પોતાના ગુણો પોતાની પાસે છે. તેને પ્રગટ કરવાનું કાર્ય પોતે જ કરવાનું છે. બીજાઓ તો તેમાં નિમિત્તમાત્ર છે.

પૂર્વે જણાવ્યા મુજબ ભયથી વ્યાપ્ત સંસારનું સુખ પરમાર્થથી દુ:ખરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપ જ સુખ વાસ્તવિક સુખ છે; જે છુપાવવાયોગ્ય નથી, આરોપિત નથી, આપી શકાતું નથી કે છોડી શકાતું નથી. તેથી જ્ઞાનાત્મક સુખને પ્રાપ્ત કરવાથી માત્ર જ્ઞેય પદાર્થોને જોનારા પૂ. મુનિભગવન્તોને ક્યાં ય ક્યારે ય ભય રહેતો નથી. 'કોઈ જોઈ જશે, કોઈ જાણી જશે, કોઈને આપવું પડશે અને કોઈવાર છોડી દેવું પડશે...' ઇત્યાદિ પ્રકારની ચિંતા વિષયજન્ય સુખના વિષયમાં સતત રહેલી હોય છે. પરન્તુ જ્ઞાનસ્વરૂપ સુખના વિષયમાં એવી ચિંતા સહેજ પણ ન હોવાથી મુનિભગવન્તોને ભય સાથે જીવવાનું કઈ રીતે બને ? વિવેકપૂર્ણ જ્ઞાનથી જ્ઞેય(સ્વ-પર પદાર્થ)ને જોનારા મહાત્માઓ માત્ર દ્રષ્ટા બની રહે છે. મોહને આધીન બનીને સ્વકલ્પનાથી કલ્પિત સ્વરૂપે જ્ઞેયને જોવાથી અનેક વિકલ્પો પેદા થાય છે. જેથી ભયનું સામ્રાજ્ય સર્જાય છે. તેથી પોતાની નિર્ભય અવસ્થાને પ્રગટ કરવા કે જાળવી લેવા એ પૂ. મહાત્માઓ મોહસેનાને જે રીતે હણે છે : તે જણાવાય છે -

**एकं ब्रह्मास्त्रमादाय, निघ्नन् मोहचमूं मुनिः ।**
**बिभेति नैव सङ्ग्राम-शीर्षस्थ इव नागराट् ।।१७-४।।**

"એક બ્રહ્મસ્વરૂપ શસ્ત્રને ગ્રહણ કરીને મોહની સેનાને હણતા મહામુનિમહાત્મા સઙ્ગ્રામના મોખરે રહેલા હાથીની જેમ ભય પામતા નથી." આશય એ છે કે મોહને લઈને આત્માથી ભિન્ન એવા શરીરાદિ પરપદાર્થોમાં આત્મા (સ્વ) અને આત્મીય (સ્વકીય) પણાની બુદ્ધિ થાય છે. જેથી આત્મા વિવેકહીન બની આ સંસારમાં ભટક્યા કરે છે. વિવેકસમ્પન્ન મહામુનિ એક આત્મજ્ઞાન સ્વરૂપ શસ્ત્રને ગ્રહણ કરીને મોહની સેનાને હણી નાંખે છે.

યુદ્ધમાં મોખરે રહેલો હાથી જેમ શત્રુઓના બાણોના પ્રહારને સહન કરે છે અને શત્રુની સેનાનો કચ્ચરઘાણ કાઢી નાંખે છે તેમ મહામુનિ મોહના પ્રહારોને સહન કરીને આત્મજ્ઞાન સ્વરૂપ બ્રહ્મના અચિન્ત્ય સામર્થ્યથી મોહની સેનાને હણી નાંખે છે. પરમાર્થના જ્ઞાતાને માટે મિથ્યાત્વ, વિષયો, કષાયો કે હાસ્યાદિ નોકષાયો.... વગેરે મોહની સેના છે. તેનાથી પરાભવ પામેલા જીવો આ સંસારમાંથી ક્યારે પણ મુક્ત થઈ શકતા નથી. સંસારથી મુક્ત થવા માટે મોહની સેનાને જીત્યા વિના ચાલે એવું નથી. સામાન્યથી પ્રથમ ગુણસ્થાનકે મોહને હણવાની શરૂઆત થાય છે. છઠ્ઠાસાતમા ગુણસ્થાનકે મોહની સેનાને હણવાનો પુરુષાર્થ પ્રબળ બને છે. આઠમા ગુણસ્થાનકે એ પુરુષાર્થ પ્રબળતમ બને છે અને દશમા ગુણસ્થાનકે મોહનો નાશ થાય છે. આત્મજ્ઞાનથી મોહ-અજ્ઞાનનો નાશ થાય છે. તાત્ત્વિકજ્ઞાન થવાથી મોહ પરાસ્ત થાય છે. અગ્નિ બાળે છે વિષ મારે છે અને પાણી ડુબાડે છે.... ઇત્યાદિ જ્ઞાનની જેમ મિથ્યાત્વ વગેરે સંસારના કારણ છે - એવું જ્ઞાન થઈ જાય તો મિથ્યાત્વાદિના પરિણામાદિથી દૂર રહેવાનું ખૂબ જ સરળ છે. સંસારની નિર્ગુણતાનું જ્ઞાન થઈ જાય તો સંસારથી મુક્ત થવા માટેનો અધ્યવસાય જાગ્યા વિના નહિ રહે. અગ્નિ બાળે છે.. ઇત્યાદિ જ્ઞાન અને સંસાર નિર્ગુણ છે, અસાર છે.... ઇત્યાદિ જ્ઞાનમાં ઘણો જ તફાવત છે : એ સમજાવવાની આવશ્યકતા નથી. આપણું મન જાણે છે જ. શાસ્ત્રીય પરિભાષામાં એ સમજવું હોય તો જ્ઞાન અને સંવેદનમાં જે વિશેષતા છે તેટલી વિશેષતા એ બંન્ને જ્ઞાનમાં છે - એની વિચારણા કરવી જોઈએ.

આ રીતે એક બ્રહ્મસ્વરૂપ શસ્ત્રના કારણે મોહની સેનાનો નાશ કરનારા મહામુનિ સદા નિર્ભય હોય છે. કારણ કે અજ્ઞાનીને ભય હોય છે. જ્ઞાનીને ભય નથી - આ વાત જ દૃષ્ટાન્તથી જણાવાય છે :

**मयूरी ज्ञानदृष्टिश्चेत्, प्रसर्पति मनोवने ।**
**वेष्टनं भयसर्पाणां, न तदाऽऽनन्दचन्दने ।।१७-५।।**

''આત્મજ્ઞાનદષ્ટિ સ્વરૂપ મયૂરી (ઢેલ) મનસ્વરૂપ વનમાં ફરતી હોય તો આનન્દ સ્વરૂપ ચંદનનાં વૃક્ષોને ભયસ્વરૂપ સર્પો વીંટળાતા નથી.'' લોકપ્રસિદ્ધ વાત છે કે જંગલમાં ચંદનનાં વૃક્ષો ઉપર સર્પો વીંટળાય છે. પરન્તુ એ જંગલમાં મોર કે ઢેલ ફરતા હોય તો તેના ભયથી સર્પો ભાગી જાય છે. તેમ અહીં પણ વિવેકસહિત આત્મજ્ઞાનની દષ્ટિ મનમાં હોય તો મનમાં રહેલા આનંદને કોઈ જ ભય નથી. અર્થાદ્ ભયો દૂર જતા રહે છે.

અહીં મનને વનની ઉપમા આપી છે. જ્ઞાનદષ્ટિને મયૂરી(ઢેલ)ની ઉપમા આપી છે. આનન્દને ચંદનની ઉપમા આપી છે અને ભયને સર્પોની ઉપમા આપી છે. આમ મન છે નાનું, પણ દુનિયાભરના વિચારને સમાવી લેતું હોવાથી ખરેખર જ તે એક વન છે. શુભ કે અશુભ, સદ્ કે અસદ્ અને વાસ્તવિક કે અવાસ્તવિક વગેરે બધા જ વિષયોને મન ગ્રહણ કરી લે છે. આવા પણ મનોવનમાં જીવો આનંદ અનુભવવા માટે સતત પ્રયત્નશીલ હોવા છતાં, ધારણા મુજબ આનન્દની પ્રાપ્તિ થતી નથી. ચન્દનનાં વૃક્ષોની જેમ મનમાં આનન્દનું અસ્તિત્વ કોઈ વાર જ અનુભવાય છે. એ આનંદ પણ સર્પોથી વીંટળાયેલાં ચંદનનાં વૃક્ષોની જેમ અનેક પ્રકારના ભયોથી વીંટળાયેલો છે. પરન્તુ વનમાં જો મોરો ફરતા હોય તો જેમ ચન્દનનાં વૃક્ષો ઉપરથી સર્પો ભાગી જાય છે તેમ આત્મજ્ઞાનની દષ્ટિ હોય તો મનમાં રહેલા આનંદને કોઈ જ ભય રહેતો નથી. પરપદાર્થોની પરિણતિને આત્માના સ્વરૂપની સાથે કોઈ જ સંબન્ધ નથી; એનો જેમને પૂર્ણ ખ્યાલ છે, તેમને સહજસિદ્ધ આનંદનો અનુભવ થતો હોય છે. એ આનંદને દૂર કરવાનું સામર્થ્ય કોઈ પર પદાર્થમાં નથી. તેમ જ તેને લાવી આપવાનું સામર્થ્ય પણ કોઈ પર પદાર્થમાં નથી. તેથી પરપદાર્થમાં રાગ કે દ્વેષ કરવાનું કોઈ જ કારણ નથી. જ્યાં રાગાદિની પરિણતિ હોય છે, ત્યાં જ મોહની સફળતા છે. બાકી તો મોહ નિષ્ફળ જ છે. આત્મજ્ઞાનની નિર્મળદષ્ટિને ધારણ કરનારા મહાત્માઓ રાગાદિથી પર છે. તેથી તેમને કોઈ જ ભય નથી. ''જે જોઈએ છે તે પાસે છે અને જે જોઈતું નથી તે ક્યારે પણ આવવાનું નથી.'' - આવા પ્રકારની શ્રદ્ધાદિથી મહાત્માઓ તદ્દન નિર્ભય છે.

મોહને મારવા માટેનું શસ્ત્ર હોવા છતાં મોહે ઉગામેલાં શસ્ત્રોથી વીંધાઈ જાય તો મોહને હણતાં પૂર્વે જ મુનિ મહાત્મા કેમ હણાતા નથી... તે જણાવાય છે :

**कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्ति यः ।**
**क्व भीस्तस्य क्व वा भङ्गः, कर्मसङ्गरकेलिषु ।।१७-६ ।।**

''કર્મની સાથેની યુદ્ધની ક્રીડામાં મોહનાં શસ્ત્રોને જેણે નિષ્ફળ બનાવ્યાં છે; એવા જ્ઞાનસ્વરૂપ કવચ(બખ્તર)ને ધારણ કરનારા મહાત્માને ભય ક્યાં હોય ? અને પરાભવ ક્યાં હોય ?'' - સામાન્ય રીતે સિદ્ધિમાર્ગની સાધના કરનારા મહાત્માઓને મોહ અનેક રીતે મુંઝવણમાં મૂકે છે. પ્રતિકૂળ અથવા તો અનુકૂળ સંયોગોને ઊભા

કરી સાધકને સાધનામાર્ગથી વિચલિત કરવા માટેનો એ પ્રયત્ન હોય એવું જ લાગે. આવા સંયોગોમાં આત્મજ્ઞાની મહાત્માઓ મોહની દરેકેદરેક ચાલ નકામી કરે છે.

રાગ કે દ્વેષના પ્રસંગે રાગાદિને આધીન બન્યા વિના મુનિભગવન્તો કર્મનિર્જરાના સાધનામાર્ગથી સહેજ પણ ચલાયમાન થતા નથી. રાગ કે દ્વેષને આધીન બની અનન્તાનન્ત કાળથી ચિકાર કર્મબન્ધ કર્યો છે, તેથી તેનાથી છૂટવા માટે રાગાદિને દૂર કરવા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી.... ઇત્યાદિનો જેમણે પરિચય કર્યો છે, એવા સમર્થજ્ઞાની ભગવન્તો મોહના પ્રહારોને પાછા વાળે છે. કોઈ પણ રીતે તેઓશ્રી રાગાદિને પરવશ બનતા નથી. સમર્થજ્ઞાની અજ્ઞાનને આધીન બની કઈ રીતે પ્રવર્ત્તે ?

મોહની કરામત જ એ છે કે જ્ઞાનીનું જ્ઞાન નાશ પામે-એવું કરી નાંખે. જ્ઞાનનો નાશ થયા પછી તો મોહને કાંઈ જ કરવાનું રહેતું નથી. જ્ઞાની પોતે જ અકાર્ય કરવા માંડે છે. સમર્થજ્ઞાની ભગવન્તો મોહની ચાલ બરાબર સમજે છે. તેથી તેની ચાલમાં સહેજ પણ આવતા નથી. જ્ઞાનનું બખ્તર ખૂબ મજબૂત હોવાથી મોહનાં શસ્ત્રો નિષ્ફળ બને છે. મોહનાં શસ્ત્રો તો આ રીતે નકામાં બને જ છે. મોહના આઘાતથી જ્ઞાની ભગવન્તો તસુભાર પણ પોતાના સ્થાનથી ખસતા નથી - તે જણાવાય છે. અર્થાદ્ જ્ઞાની ભગવંતને હણવાનું સામર્થ્ય તો મોહમાં નથી જ, પણ તેમને પોતાના સ્થાનથી ખસેડવાનું સામર્થ્ય પણ મોહમાં નથી.... તે જણાવાય છે :

**तुलवल्लघवो मूढा, भ्रमन्त्यभ्रे भयानिलैः ।**
**नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ।।१७-७।।**

''મોહને આધીન થયેલા જીવો રૂની જેમ હલકા (તુચ્છવૃત્તિવાળા) બનીને ભય સ્વરૂપ પવન વડે આકાશમાં ભમ્યા કરે છે. પરન્તુ જ્ઞાનથી શ્રેષ્ઠ એવા મહાત્માઓનું એક પણ રૂંવાડું ભયસ્વરૂપ પવનના કારણે હલતું નથી.'' મૂઢ માણસો વિવેકથી રહિત હોય છે. મોહને આધીન થઈને તેઓ અત્યન્ત તુચ્છ બુદ્ધિવાળા બને છે. હેયને ઉપાદેય માનીને અને ઉપાદેયને હેય માનીને આ સંસારમાં પ્રવર્તનારા માણસોની મૂઢતા, તેમની બુદ્ધિમત્તાના અસ્તિત્વમાં શઙ્કા ઉપજાવે છે.

એવી મૂઢતાને કારણે તેમને જ્યાં પણ અનુકૂળતા જણાય છે, ત્યાં તેઓ દોડી જાય છે અને જ્યાં પણ થોડી પ્રતિકૂળતા દેખાય છે, ત્યાંથી તેઓ ભાગી જાય છે. ક્યાંય પણ તેઓને સ્થિરતા પ્રાપ્ત થતી નથી. 'સુખ મળશે નહિ અને દુઃખ આવ્યા

વિના રહેશે નહિ....' ઇત્યાદિ પ્રકારના ભયથી કંપતા એવા તે મૂઢ માણસો દશે દિશામાં રૂની જેમ ભમ્યા જ કરે છે. ચોવીશે કલાક ભયની નીચે જીવતા હોવાથી મૂઢ જનો રૂની જેમ ભમ્યા જ કરે છે. પવનથી હલકી વસ્તુ જેમ ભમે છે, તેમ ભયસ્વરૂપ પવનથી હલકા (તુચ્છવૃત્તિવાળા) મૂઢ જીવો આકાશમાં ભમે છે. હલકી ચીજો (રૂ વગેરે) પવનથી ઊડયા કરે : એ સમજી શકાય છે. પરન્તુ ભારે-વજનદાર વસ્તુઓ પવનથી ઊડતી નથી. આત્મજ્ઞાની મહાત્માઓ જ્ઞાનથી ગરિષ્ઠ-ભારે (શ્રેષ્ઠ) હોવાથી ભય સ્વરૂપ (સાત પ્રકારના ભયસ્વરૂપ) પવનો વડે તેઓશ્રીનો એક પણ રોમ કંપતો નથી. સ્વસ્વરૂપમાં રમણતા કરનારા આત્મજ્ઞાનીઓ શરીરાદિ કોઈ પણ પરપદાર્થોની અપેક્ષા રાખતા નથી. સર્વથા સ્પૃહાથી રહિત હોવાથી પરપદાર્થને આશ્રયીને ઉત્પન્ન થનારો એક પણ ભય આત્માને વિચલિત કરવા સમર્થ બનતો નથી. આત્મા અને શરીરને ભિન્ન જોનારા પૂ. મહામુનિઓને કોઈ પણ ભય આત્માના એક પણ પ્રદેશને ધ્રુજાવી શકતો નથી.

સામાન્ય રીતે ભયના પ્રસંગે શરીરનાં બધાં જ રૂંવાડાં ઊભાં થતાં હોય છે. પરન્તુ જ્ઞાનથી ગરિષ્ઠ એવા મહાત્માઓના અસંખ્યાત પ્રદેશમાંથી એક પણ પ્રદેશમાં ભયનો લેશ નથી હોતો. આત્માના પ્રદેશે પ્રદેશે અવિનાશી શુદ્ધ જ્ઞાન સ્વરૂપ સુખ વ્યાપ્ત હોવાથી તેમાં સ્થિરતાને પ્રાપ્ત કરવાના કારણે આત્માને ભયનો સંભવ જ નથી રહેતો એ આત્માની નિર્ભયતાનું પરમ કારણ જણાવાય છે :

**चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयम् ।**
**अखण्डज्ञानराज्यस्य, तस्य साधोः कुतो भयम् ? ।।१७-८।।**

''જેને કોઈનાથી ભય નથી એવા ચારિત્રને વિશે જેમનું ચિત્ત પરિણમેલું છે, એવા અખંડ જ્ઞાન સ્વરૂપ રાજ્યવાળા સાધુમહાત્માને ભય ક્યાંથી હોય ? અર્થાદ્ ભય ન હોય''... સર્વથા પાપની પ્રવૃત્તિની નિવૃત્તિ અને શુભયોગોની પ્રવૃત્તિ સ્વરૂપ ચારિત્રની આરાધના કરવા દ્વારા પોતાના જ્ઞાનાદિગુણોની સ્થિરતામાં રમણ કરવા સ્વરૂપ નિશ્ચય ચારિત્રમાં જેમનું ચિત્ત એકમેક થયું છે તેમને કોઈનો પણ ભય નથી.

ચારિત્રને કોઈનાથી પણ ભય નથી. સ્વસ્વરૂપમાં રમણતા સ્વરૂપ ચારિત્ર છે. તેના સાધક કે બાધક કોઈ પરપદાર્થ નથી, તેથી પરપદાર્થની પ્રાપ્તિ અને નિવૃત્તિને લઈને ઉત્પન્ન થનારી ચિન્તાને કરવાનું કોઈ જ કારણ રહેતું નથી. આ રીતે ચારિત્ર

સર્વથા ભયથી રહિત છે. તેમ જ ચારિત્રથી કોઈ પરપદાર્થને હાનિ થતી નથી, તેથી તેનાથી પણ કોઈને ભય નથી. આવા પ્રકારના ચારિત્રમાં જેમનું મન સ્થિર છે, એવા અખંડજ્ઞાનના રાજ્યના સ્વામી સાધુભગવન્તને ભય ક્યાંથી હોય ? વિભાવની ઈચ્છા પણ નહિ અને સ્વભાવના પૂર્ણ સ્વામી હોય પછી ભય ક્યાંથી હોય ? અર્થાદ્ ન જ હોય-એ સ્પષ્ટ છે.

કહેવાનો આશય એ છે કે પૂ. સાધુભગવન્તોને જ્ઞાનાત્મક જ સુખ છે. ગમે તેવાં કર્મના ઉદયથી આવેલાં દુઃખોમાં પણ તેઓશ્રી સહજપણે સ્વસ્થ રહી શકે છે - એ બધો પ્રભાવ તેઓશ્રીના આત્મજ્ઞાનનો છે. જ્ઞાનાત્મક સુખનો અનુભવ કરવા માટે કોઈ સાધનની જરૂર નથી. સાધનની અપેક્ષામાં જ ભય છે. તેથી મુનિભગવન્તોને કોઈ સ્પૃહા ન હોવાથી તેઓશ્રીને કોઈનાથી ભય નથી. ઈચ્છાના અભાવમાં ચારિત્ર વ્યવસ્થિત છે. એ ચારિત્રમાં જેમનું ચિત્ત લીન બન્યું છે - એવા આત્મજ્ઞાની મહાત્માઓને ભયનો સંભવ નથી. અન્તે એવી ચારિત્રની વિશુદ્ધ સ્થિતિને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ શુભાભિલાષા.

**।। इति श्रीज्ञानसारप्रकरणे सप्तदशं निर्भयाष्टकम् ।।**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणेऽष्टादशमनात्मशंसाष्टकम् ।

## १८

આ પૂર્વે આત્મજ્ઞાનીને કોઈનાથી પણ ભય હોતો નથી તે જણાવ્યું. આત્મજ્ઞાની પોતાની પ્રશંસા ન કરે. કારણ કે અનાત્મપદાર્થોમાં આત્મા કે આત્મીયપણાની બુદ્ધિ થાય ત્યારે જ આત્માની પ્રશંસા કરવાનું બને છે. તેથી આત્મભિન્ન પદાર્થોમાં આત્મા કે આત્મીયપણાની બુદ્ધિ ન કરી લેવાય-એ માટે આત્મપ્રશંસાથી દૂર રહેવાનું જણાવાય છે :

**गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ।**
**गुणैरेवासि पूर्णश्चेत्, कृतमात्मप्रशंसया ।।१८-१।।**

''જો તું કેવલજ્ઞાનાદિ ગુણો વડે પૂર્ણ નથી, તો આત્માની પ્રશંસા કરવા વડે સર્યું અને તે તે કેવલજ્ઞાનાદિ ગુણોથી તું પૂર્ણ જ છે, તોપણ આત્માની પ્રશંસા કરવા વડે સર્યું. અર્થાદ્ બંન્ને રીતે પણ આત્માની પ્રશંસા કરવાનું નિરર્થક છે.'' કહેવાનો આશય એ છે કે આ પૂર્વેના અષ્ટકમાં આત્મજ્ઞાની મહાત્માઓ નિર્ભય હોય છે : તે જણાવતાં તેઓશ્રીની નિર્ભયતાના કારણ તરીકે 'પરભાવની નિવૃત્તિ' ને વર્ણવી છે. પરભાવની નિવૃત્તિ, પરભાવમાં આત્મા કે આત્મીયપણાની બુદ્ધિની નિવૃત્તિને લઈને થતી હોય છે. આત્મપ્રશંસા, પરભાવને સ્વભાવ માનવાથી થાય છે. તેથી સમજી શકાશે કે પરભાવની નિવૃત્તિ માટે 'આત્મપ્રશંસા' - એ વિરોધી પરિણામ છે. નિર્ભયતાની સુરક્ષા માટે આત્મપ્રશંસાનો ત્યાગ કરવાનું હવે આ અષ્ટકથી જણાવાય છે.

અષ્ટકની શરૂઆતમાં જ આત્મપ્રશંસાની સર્વથા નિરર્થકતા જણાવાઈ છે. આત્મા શ્રીકેવલજ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ ન હોય તો ગુણહીન આત્માની પ્રશંસા કરવાનો કોઈ જ અર્થ નથી. પુણ્યના ઉદયથી ગમે તેવા અને ગમે તેટલા શ્રેષ્ઠકોટિના પરભાવો(શરીરાદિ)ની પ્રાપ્તિ થાય તોપણ; શ્રી કેવલજ્ઞાનાદિગુણોના નિધાનભૂત આત્માઓથી એ ગુણરહિત આત્માઓ કોઈ રીતે શ્રેષ્ઠ નથી. સંસારમાં ગમે તેટલું સારું કે શ્રેષ્ઠકોટિનું મળે પરન્તુ તે સંસારમાં છે - એ યાદ રાખવું જોઈએ. હૉસ્પિટલમાં ગમે તેટલી છેલ્લામાં છેલ્લી અનુકૂળતા મળતી હોય તોય તે નિરોગીની અપેક્ષાએ શ્રેષ્ઠ નથી. આવી જ રીતે સંસારમાં છેલ્લામાં છેલ્લા પ્રકારની અનુકૂળતા મળે તોપણ તે

આત્માની સ્વભાવદશા કરતાં શ્રેષ્ઠ અવસ્થા તો નથી જ. તેથી આત્મા જો ગુણોથી પૂર્ણ ન હોય તો ખોટી આત્મપ્રશંસા કરવાનો કોઈ અર્થ નથી. કર્મના ઉદયથી મળેલી પર વસ્તુઓને લઈને આત્માનો ઉત્કર્ષ ગાવાથી કોઈ જ લાભ નથી. વસ્તુતઃ એ અજ્ઞાનમૂલક પ્રવૃત્તિ છે.

શ્રી કેવલજ્ઞાનાદિ ગુણોથી આત્મા જો પરિપૂર્ણ હોય તોપણ આત્મપ્રશંસા કરવાની આવશ્યકતા નથી. કારણ કે પ્રગટ થયેલા એ આત્મગુણો એની મેળે લોકમાં જણાશે. એ લોકમાં જણાય અથવા ન પણ જણાય તોપણ તેથી આત્માને કોઈ લાભ કે હાનિનો પ્રસઙ્ગ આવતો નથી. પ્રશંસાથી કોઈ ગુણની વૃદ્ધિ થવાની નથી કે બીજા ગુણોની પ્રાપ્તિ થવાની નથી. તેમ જ આત્માની પ્રશંસા ન કરવાથી કોઈ પણ ગુણનો નાશ થવાનો નથી કે કોઈ પણ ગુણની હાનિ થવાની નથી. તેથી આત્મા જો શ્રી કેવલજ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ હોય તો આત્મપ્રશંસાનું કોઈ જ પ્રયોજન નથી. આ રીતે ઉભયથા આત્મપ્રશંસા કરવાનું કોઈ ફળ નથી. એટલું જ નહિ એક અપેક્ષાએ (વ્યવહારથી) આત્મપ્રશંસા કરવાથી ફળની હાનિ થાય છે - તે જણાવાય છે :

**श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षाम्भ:प्रवाहत: ।**
**पुण्यानि प्रकटीकुर्वन्, फलं किं समवाप्स्यसि ? ।।१८-२।।**

''કલ્યાણસ્વરૂપ વૃક્ષના મૂલસમાન પુણ્યોને, પોતાના ઉત્કર્ષ સ્વરૂપ પાણીના પ્રવાહથી પ્રગટ કરતો તું, કલ્યાણસ્વરૂપ વૃક્ષનું શું ફળ પ્રાપ્ત કરીશ ? અર્થાદ્ કોઈ ફળ નહિ મળે.'' - પૂર્વે કરેલાં સત્કર્મો પુણ્યબન્ધનું કારણ હોવાથી તેને પુણ્યકર્મ કહેવાય છે. ભવિષ્યમાં પ્રાપ્ત થનારા કલ્યાણનું એ મુખ્ય કારણ હોવાથી કલ્યાણસ્વરૂપ વૃક્ષના મૂળ તરીકે તેને અહીં વર્ણવ્યું છે.

એ સત્કર્મ કરીને તેનાથી પોતાનો ઉત્કર્ષ જેઓ જણાવે છે, તેઓ પોતાના ઉત્કર્ષ સ્વરૂપ પાણીના પ્રવાહથી પુણ્ય (સત્કર્મ) સ્વરૂપ મૂળને પ્રગટ કરે છે. આ રીતે જે વૃક્ષનું મૂળ જ પ્રગટ થઈ જાય તો પછી તે વૃક્ષનું ફળ ક્યાંથી મળે ? અર્થાદ્ ન જ મળે. જમીનમાં જેનું મૂળ સ્થિર થયેલું છે અને બહાર આવ્યું નથી, એવાં વૃક્ષો ફળને આપનારાં બને છે. પરન્તુ જેનું મૂળ બહાર ખુલ્લું થયેલું છે, એવાં વૃક્ષો ફળ આપતાં નથી. એ મુજબ ધર્મ(સત્કર્મ-પુણ્ય)ના કીર્તનથી ધર્મનું ફળ આપણે પામી શકતા નથી. અન્યત્ર પ્રસિદ્ધ છે કે 'धर्म: क्षरति कीर्त्तनात्' - કીર્ત્તનથી ધર્મ ક્ષય પામે છે. ગુપ્ત પુણ્ય જ ફળને આપે છે.

સત્કાર્ય કરીને કોઈની આગળ તેને જણાવવું નહિ. અન્યથા તેનું વર્ણન કરવાથી તેનું જે ફળ છે તે આપણને મળતું નથી. ધર્મના ઉત્કીર્તનથી એટલે કે પોતે કરેલા પુણ્યને બીજાની આગળ ગાવાથી તે પુણ્યનો, ફળ આપે તે પૂર્વે જ નાશ થાય છે. તેથી સ્વાત્મપ્રશંસા પુણ્યના ફળને હાનિ પહોંચાડનારી છે. ખરેખર તો આપણે કેટલું કર્યું છે એ લોકોને જણાવ્યા વિના આપણું કેટલું બાકી છે, તે વિચારવાની આવશ્યકતા છે. કેટલું દાન આપ્યું, કેટલો તપ કર્યો, કેટલાં સામાયિક કર્યાં અને દીક્ષાને કેટલાં વરસ થયાં.... વગેરે અનેક વાર લોકોની આગળ જણાવ્યું છે પરન્તુ એની સામે આજ સુધીમાં કેટલું રાખ્યું છે, કેટલું ખાધું છે, કેટલી અવિરતિ ભોગવી છે અને દીક્ષા કેટલીવાર પાળી છે... એનો વિચાર એકાદ વાર પણ કર્યો છે ખરો ?..... એ વિચારવાથી સમજાશે કે આત્મપ્રશંસા માટે યોગ્ય આપણી પાસે કાંઈ નથી. આવા પ્રકારની અવાસ્તવિક આત્મપ્રશંસાથી ફળ તો મળતું નથી; પરન્તુ તેથી જે અપાય થાય છે - તે જણાવાય છે :

**आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ।**
**अहो स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ।।१८-३ ।।**

''બીજાઓએ ગ્રહણ કરેલા પોતાના ગુણ સ્વરૂપ દોરડા તેમના હિત માટે થાય છે. પરન્તુ આશ્ચર્ય છે કે પોતાની પ્રશંસાસ્વરૂપે પોતે જ એ, પોતાના ગુણ સ્વરૂપ દોરડાનું આલંબન લે તો પોતે ભવસમુદ્રમાં પડે છે. અર્થાદ્ એ દોરડા પોતાને ભવસમુદ્રમાં પાડે છે.'' - સામાન્ય રીતે પ્રસિદ્ધ છે કે જે દોરડાનું આલંબન (ટેકો-સહાય) લે છે, તે પડતો નથી. એ આલંબન પણ પોતાની પાસેનું હોય તો તેનાથી પડવાનું ન થાય. અહીં આશ્ચર્ય છે કે પોતાના ગુણો સ્વરૂપ દોરડાનું આલંબન બીજાઓ લે છે, તો તેમના હિત માટે થાય છે અને પોતે તેનું ગ્રહણ કરે, તો તે પોતાને ભવસમુદ્રમાં પાડે છે. એનો આશય સ્પષ્ટ છે કે આપણા પોતાના ગુણોનું આલંબન જે કોઈ બીજા લોકો ગ્રહણ કરે તો તેમનું ચોક્કસ જ કલ્યાણ થાય છે. પણ આપણા પોતાના ગુણોની પ્રશંસા આપણે જ કરીએ તો સંસારમાં ભટકવું પડે. કરેલાં સત્કર્મો નકામાં થાય અને સંસારમાં ભટકવું પડે - એવા અપાયને કરનારી આત્મપ્રશંસા છે. આમ પણ પોતાના મુખે પોતાના ગુણ ગાવાનું લોકની દૃષ્ટિએ પણ ઘણું જ ખરાબ છે. લોકોત્તર દૃષ્ટિએ પણ એ સારું નથી : તે અહીં જણાવ્યું છે. અહંકારાદિ અનેક દોષોનો જન્મ આ આત્મપ્રશંસાથી થતો હોય છે. અનાદિના આત્મપ્રશંસાના સંસ્કારને દૂર કરવા માટેનો ઉપાય જણાવાય છે :

**उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकम् ।**
**पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्वभावनम् ।।१८-४।।**

''પોતાની ઉચ્ચપણાની દષ્ટિના કારણે ઉત્પન્ન થયેલા સ્વોત્કર્ષ-સ્વાભિમાન સ્વરૂપ તાવને શાન્ત કરનાર; 'પૂર્વ પુરુષોમાં સિંહસમાન પુરુષોની અપેક્ષાએ આપણે અત્યન્ત નીચા છીએ.' - તેવી વિચારણા-ભાવના કરવી તે છે.'' કહેવાનો આશય એ છે કે સાધનાના અભ્યાસથી આત્માને જ્ઞાન, વિનય, તપ અને વૈયાવચ્ચ... વગેરે ગુણો આત્મસાત્ થતા હોય છે. પરન્તુ એ વખતે પણ આત્મામાં અનાદિકાળથી પડેલા મોહને લઈને, 'હું જ્ઞાની, વિનયી, તપસ્વી અને સેવાભાવી'... ઇત્યાદિ પ્રકારે સ્વ-ઉત્કર્ષની ભાવના ઉત્કટ રીતે આવતી હોય છે; જેને લઈને આપણા પોતાના ગુણો તો બળી જતા હોય છે અને સાથે સાથે કોઈ વાર બીજાના ગુણોને પણ બળી જવાનો પ્રસઙ્ગ આવતો હોય છે. તેથી જ આ સ્વોત્કર્ષભાવનાને અહીં જ્વર (તાવ) ની ઉપમા આપી છે. તાવની પીડા આપણા માટે નવી નથી. શરીર ખલાસ થઈ જાય એવી એ પીડા છે. એવી જ પીડા આ સ્વોત્કર્ષજ્વરની છે. ગુણોને ખલાસ કરનારો એ જ્વર છે. શરૂઆતમાં તો સ્વોત્કર્ષજ્વરનો આપણને ખ્યાલ જ આવતો નથી. પોતાનાં સુકૃત્યોની અનુમોદના જ આપણે કરતા હોઈએ-એમ જ આપણને લાગ્યા કરે. પરન્તુ ખરેખર તો તે એક પ્રકારની આત્મપ્રશંસા હોય છે. આપણને જ્યારે એનો ખ્યાલ આવે ત્યારે તો ઘણું મોડું થયું હોય છે. તે પૂર્વે તો બધું જ ખલાસ થઈ ગયેલું હોય છે. તેથી કોઈ પણ રીતે આત્મપ્રશંસા કરવા સ્વરૂપ સ્વોત્કર્ષજ્વરને દૂર કર્યા વિના ચાલે એવું નથી.

શ્લોકના ઉત્તરાર્દ્ધથી આત્મોત્કર્ષસ્વરૂપ જ્વરની શાન્તિને કરનાર ઉપાય જણાવાય છે. પુરુષોમાં સિંહસમાન એવા પૂર્વપુરુષોની અપેક્ષાએ આપણે નીચા છીએ, અપકૃષ્ટ છીએ, દીન અને તુચ્છ છીએ, .... ઇત્યાદિ રીતે નીચત્વની ભાવના કરવાથી આત્મોત્કર્ષ સ્વરૂપ જ્વર શાન્ત થાય છે. જ્ઞાન વિનય કે તપ વગેરે ગુણો આપણામાં જે છે તેની અપેક્ષાએ પૂર્વકાળના મહાપુરુષોના જ્ઞાનાદિ ગુણો, સર્વથા શ્રેષ્ઠતમ હતા. તેની અપેક્ષાએ આપણામાં કાંઈ જ નથી. શ્રી શાલિભદ્રજી શ્રીધન્યકુમાર, શ્રીવજ્રસ્વામીજી અને શ્રી સ્થૂલભદ્રસ્વામીજી આદિ મહાત્માઓના વૈરાગ્ય સત્ત્વ જ્ઞાન અને ચારિત્રાદિ ગુણોની સામે આપણા ગુણો ગુણસ્વરૂપે પણ ટકી શકે એમ નથી.... ઇત્યાદિ રીતે નીચત્વની ભાવનાથી ભાવિત બનીએ તો ચોક્કસ જ આત્મોત્કર્ષજ્વર

શાન્ત પડશે. હું કાંઈ જ નથી : એ વિચારણા, હું કાંઈક છું - એ વિચારણાને રોકી શકે છે. અનાદિકાળથી રહેલા આપણા દોષોનું દર્શન કરીએ તો આત્મપ્રશંસા કરવાનું મન નહિ થાય. આ રીતે આત્માના જ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ પણ આત્મપ્રશંસા કરવાની પ્રવૃત્તિ ઉચિત નથી. કારણ કે કર્મના ક્ષયોપશમાદિને લઈને આત્માના તે તે ગુણોની તરતમતાનો અનુભવ થાય છે. આત્મતત્ત્વ એક સ્વરૂપ હોવા છતાં આત્માને લાગેલાં કર્મોના ક્ષયોપશમાદિના કારણે તે તે ગુણોનો આવિર્ભાવ તરતમભાવે થાય છે. એટલામાત્રથી બીજા જીવોની અપેક્ષાએ આપણે શ્રેષ્ઠ છીએ-એમ માનવાનું ઉચિત નથી. તેમ જ શરીરાદિના કારણે પણ આપણી પોતાની જાતને શ્રેષ્ઠ માની શકાય એવું નથી - તે જણાવાય છે -

**शरीररूपलावण्यग्रामारामधनादिभिः ।**
**उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ।।१८-५।।**

''જ્ઞાનના આનંદથી પરિપૂર્ણ એવા આત્માને શરીરના રૂપ લાવણ્ય તેમ જ ગામ બગીચા ધન અને પુત્રાદિ સ્વરૂપ અન્યદ્રવ્યોના પર્યાયો-ધર્મો વડે ઉત્કર્ષ-અભિમાન કઈ રીતે હોય ? અર્થાદ્ ન હોય.'' - આશય એ છે કે આત્મા અનન્તજ્ઞાનમય અમૂર્ત શુદ્ધ બુદ્ધ સ્વભાવવાળો છે. એને વર્ણ ગન્ધ રસ અને સ્પર્શવાળા પુદ્ગલદ્રવ્ય કે તેના ધર્મની સાથે પરમાર્થથી કોઈ સંબન્ધ નથી. કારણ કે જડ પદાર્થો ચેતનસ્વરૂપ નહિ પરિણમે અને ચેતન જડસ્વરૂપે નહિ પરિણમે.

આમ છતાં અનાદિકાળથી કર્મના સંયોગે આત્માને પોતાના સ્વરૂપનું ભારે અજ્ઞાન હોવાથી શરીરાદિને અને શરીરાદિના રૂપાદિ ધર્મોને પોતાસ્વરૂપે અને પોતાના સ્વરૂપે માનીને વિશિષ્ટ પુદ્ગલાદિ દ્રવ્ય અને તેના પર્યાયોને (ધર્મોને) પ્રાપ્ત કરવાથી પોતાના ઉત્કર્ષને આત્મા ગાયા કરે છે. પરન્તુ તે કોઈ પણ રીતે ઉચિત નથી. શરીરાદિથી કે તેના રૂપાદિથી આત્માને કોઈ જ લાભ નથી. પરપદાર્થોથી આત્માનો ઉત્કર્ષ સંભવિત નથી. આત્માના ગુણોને પ્રગટ કરવા માટે, ધન સ્વજન કે પાંચેય ઈન્દ્રિયોના વિષયોનું તેમ જ શરીરના રૂપ લાવણ્યાદિનું વાસ્તવિક કોઈ જ પ્રયોજન નથી. સાચી હકીકત તો એ છે કે એ બધા પરપદાર્થો છે, સ્વસ્વરૂપના અવરોધક છે, સ્વસ્વરૂપનો આવિર્ભાવ કરવા માટે વિઘ્નભૂત છે. એ પરપદાર્થોનો સંયોગ ઈચ્છનીય નથી, સંસારનું કારણ છે. એવા પરસંયોગથી શું આત્માનો ઉત્કર્ષ થાય ? ચિદાનન્દમય આત્મા ક્યારે પણ પરપદાર્થોના સંયોગથી ઉત્કર્ષનો આશ્રય નહિ બને.

આ રીતે ક્ષયોપશમભાવના ગુણોની અપેક્ષાએ કે ઔદયિકભાવના તે તે પરપદાર્થોની અપેક્ષાએ આત્માનો ઉત્કર્ષ ભલે ના હોય પરન્તુ ક્ષાયિકભાવના આત્માના ગુણોને આશ્રયીને તો આત્માનો ઉત્કર્ષ હોય ને ? - આ શઙ્કાના સમાધાનમાં જણાવાય છે -

**शुद्धाः प्रत्यात्मसाम्येन, पर्यायाः परिभाविताः ।**
**अशुद्धाश्चापकृष्टत्वान् नोत्कर्षाय महामुनेः ।।१८-६ ।।**

''કર્મના ક્ષયથી આવિર્ભાવ પામેલા આત્માના તે તે શુદ્ધ પર્યાયો દરેક આત્મામાં સમાન છે અને કર્મના ઉદયાદિથી પરદ્રવ્યાદિના સંયોગે પ્રાપ્ત થયેલા અશુદ્ધ પર્યાયો સ્વયં અપકૃષ્ટ (નીચા) હોવાથી તે તે શુદ્ધ કે અશુદ્ધ પર્યાયો મહામુનિઓના ઉત્કર્ષ માટે થતા નથી.'' - આશય એ છે કે આત્માના શ્રીકેવલજ્ઞાન શ્રીકેવલદર્શનાદિ સર્વ ગુણો દરેક આત્મામાં સમાન છે. કર્મના ઉદયાદિના કારણે તે તે કાલે તેનો આવિર્ભાવ ઓછા-વધતા પ્રમાણમાં હોય : એ બને. પરન્તુ જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયથી પ્રાપ્ત થયેલા શ્રીકેવલજ્ઞાનાદિ ગુણોને લઈને તે તે અવસ્થાઓમાં દરેક આત્મામાં કોઈ જ ફરક પડતો નથી. કોઈ કોઈની અપેક્ષાએ શ્રેષ્ઠ નથી કે કનિષ્ઠ નથી. બધા જ સમાન છે. આત્માથી સર્વથા વિલક્ષણ એવા જડ પદાર્થોની અપેક્ષાએ આત્માની શ્રેષ્ઠતા કોઈ વિચારતું નથી. એવી શ્રેષ્ઠતા વિચારવાની હોય પણ નહિ.

કર્મના ઉદયાદિને લઈને આત્માની તે તે શુભ પણ અવસ્થાઓ અશુદ્ધ પર્યાયો સ્વરૂપ છે. જડ એવાં કર્મોના (પરદ્રવ્યના) સંયોગથી ઉત્પન્ન થયેલા, જીવના દેવાદિપણાના પણ પર્યાયો અશુભ ન લાગે તો ય અશુદ્ધ તો છે જ. આત્માના શુદ્ધસ્વરૂપને ઢાંકી દેનારા તે પર્યાયોને લઈને આત્માનો ઉત્કર્ષ; મહામુનિઓને હોતો નથી. પરસંયોગથી આત્માના ઉત્કર્ષને માનનારા ખરેખર તો મહામુનિઓ નથી, પરન્તુ અજ્ઞાની છે. સોજા આવવાથી શરીરને પુષ્ટ માનનારા જેમ અજ્ઞાની છે, તેમ પરસંયોગથી આત્માને ઉત્કૃષ્ટ જોનારા આત્મજ્ઞાની નથી, પરન્તુ આત્મજ્ઞાનથી રહિત છે. તેથી આત્મજ્ઞાની બનવા માટે આત્મપ્રશંસાથી દૂર રહેવા જણાવાય છે :

**क्षोभं गच्छन् समुद्रोऽपि, स्वोत्कर्षपवनेरितः ।**
**गुणौघान् बुद्बुदीकृत्य, विनाशयसि किं मुधा ।।१८-७ ।।**

''સમુદ્રજેવો (મર્યાદાશીલ) હોવા છતાં પણ સ્વોત્કર્ષ-સ્વપ્રશંસા સ્વરૂપ પવનથી પ્રેરાઈને ક્ષોભને પામતો ગુણના સમુદાયોને પરપોટા બનાવીને વ્યર્થ શા માટે વિનાશ પમાડે છે.'' સમુદ્ર, પવનના કારણે પરપોટાવાળો બને છે. સમુદ્રની બહાર જવાથી તેનો વિનાશ થાય છે. પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રનું પાણી એ રીતે બહાર જવાથી નાશ પામે છે. પરન્તુ પવન વિના શાન્ત સાગરનું પાણી નાશ પામતું નથી. સ્વભાવથી જ શાન્ત સમુદ્ર મર્યાદાશીલ હોવા છતાં પવનને કારણે પોતાના પાણીનો નાશ કરે છે. ત્યાં તો બીજો કોઈ ઉપાય નથી. કુદરતી રીતે જ એ બનતું હોય છે. દૃષ્ટાન્તનું તાત્પર્ય એટલું જ છે કે સહજ રીતે કે આપણી ઈચ્છાથી, પરને પરવશ બનવાથી આપણા જ ગુણોની હાનિ થાય છે.

આત્માને ઉદ્દેશીને અહીં જણાવ્યું છે કે આત્મા સમુદ્ર એટલે કે મર્યાદાશીલ છે. ગુણોનું નિધાન છે. રત્નત્રયીની અનુપમ આરાધના કરવા પ્રગટ થયેલા એ જ્ઞાનાદિ ગુણો હોવા છતાં પુણ્યના ઉદયથી કે કર્મના ક્ષયોપશમાદિથી પ્રાપ્ત થયેલા માન-સન્માનાદિ કે લબ્ધિઓ વગેરે સ્વરૂપ બાહ્ય ભાવોને લઈને પોતાની જાતને મહાન માનવાનું કાર્ય આત્મા કર્યા કરે છે. આત્મપ્રશંસા સ્વરૂપ આ પવનથી પ્રેરાયેલા, પોતાના ગુણોના સમુદાયને પરપોટા જેવો બનાવીને તેનો નાશ કરતો હોય છે, જે મહામુનિઓ કોઈ પણ હાલતમાં ના કરે.

સ્વભાવથી જ શુદ્ધ બુદ્ધ નિરંજન અને નિરાકાર સ્વરૂપને વરેલો આત્મા ધીર અને ગંભીર છે. કર્માદિ પરપદાર્થના સંયોગથી પ્રાપ્ત થયેલા ઔદયિકાદિ ભાવોથી ફુલાઈ જવાનું વાસ્તવિક કોઈ જ કારણ નથી. અનન્તજ્ઞાનાદિગુણોનો સ્વામી આત્મા તે તે ઔદયિકાદિ ભાવોને લઈને છીછરો કઈ રીતે બને ? આત્માનું અજ્ઞાન જ આત્મપ્રશંસાનું મુખ્ય કારણ છે. અત્યન્ત તુચ્છ અને વિનશ્વર એવા પરપદાર્થોથી પોતાને મહાન માને એને ક્યારે પણ ઉત્કૃષ્ટ પદાર્થો મળે નહિ. મહામુનિ ભગવન્તોને સુદૃઢ આત્મજ્ઞાન હોવાથી આત્મપ્રશંસાથી તેઓ સર્વથા દૂર રહે છે. તેઓ સારી રીતે સમજે છે કે આત્મપ્રશંસા આત્માના ગુણોનો નાશ કરનારી છે. યોગીજનો આત્મજ્ઞાની હોવાથી તેઓ પરપદાર્થોની પ્રત્યે તદ્દન ઉદાસીન હોય છે. તેથી પર પદાર્થોના કારણે પોતાના ઉત્કર્ષની કલ્પના પણ તેઓ કરતા નથી. અર્થાદ્ પરપદાર્થો પ્રત્યેની ઉદાસીનતા અનાત્મપ્રશંસાનું કારણ છે : તે પરોક્ષ રીતે જણાવાય છે -

निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रमूर्तयः ।
योगिनो गलितोत्कर्षापकर्षानल्पकल्पनाः ।।१८-८।।

''અપેક્ષાથી રહિત સર્વદેશમાં અને સર્વકાલમાં રહેનાર જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું છે એવા અને ઉત્કર્ષ અપકર્ષની ઘણી કલ્પનાઓ જેમની નાશ પામી છે એવા યોગીજનો હોય છે.'' - આશય એ છે કે સામાન્ય રીતે યોગની સાધનામાં લીન બનીને અનેકાનેક મહાસિદ્ધિઓને પ્રાપ્ત કરેલા યોગીજનોને આત્મજ્ઞાન પણ પ્રાપ્ત થયેલું હોય છે. શુદ્ધ ચેતનાના ધ્યાનમાં મગ્ન બનેલા તેમને કોઈની અપેક્ષા નથી. કારણ કે આત્મજ્ઞાન માટે શરીરાદિ પરપદાર્થોની અપેક્ષા નથી અને આત્મા કે તેના જ્ઞાનાદિ ગુણો તો યોગી જનોથી ભિન્ન નથી. તેથી આત્મજ્ઞાન નિરપેક્ષ છે. તેમ જ પરપદાર્થની અપેક્ષા ન હોવાથી તેના કોઈ દેશ નથી. શરીરાદિ પરપદાર્થોને આશ્રયીને આત્મજ્ઞાન થતું નથી. જેને આશ્રયીને જ્ઞાન હોય છે, તેનાથી તે અવચ્છિન્ન કહેવાય છે. આત્મજ્ઞાનનો એવો કોઈ આશ્રય ન હોવાથી સદાને માટે તે અનવચ્છિન્ન છે. તેમ જ તેનો નાશ થતો ન હોવાથી અનન્ત છે.

આવા પ્રકારનું નિરપેક્ષ અનવચ્છિન્ન અને અનન્ત જ્ઞાનમય જેમનું સ્વરૂપ છે, એવા યોગીજનો જીવમાત્રને તે સ્વરૂપે જુએ છે. તેથી 'આ ઉત્કૃષ્ટ છે અને આ કનિષ્ઠ છે' ... ઇત્યાદિ સ્વરૂપ અનેક કલ્પનાઓથી તેઓ રહિત છે. જીવમાત્રને શુદ્ધસ્વરૂપે જોનારા યોગીજનોને એવી ઉત્કૃષ્ટ કે અપકૃષ્ટની કલ્પના કરવાનું કોઈ જ કારણ નથી. સામાન્ય માણસો પણ કોઈની કર્મજન્ય અવસ્થાઓને જોઈને ઉત્કૃષ્ટ કે અપકૃષ્ટની કલ્પના કરતા નથી, તો આત્મજ્ઞાની યોગીજનો તો એ કઈ રીતે કરે ? અન્તે જીવમાત્રના શુદ્ધ સ્વરૂપને જોઈને આત્મપ્રશંસાથી દૂર રહી અનન્તજ્ઞાની ભગવન્તોએ દર્શાવેલા તે શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.....

।। इति श्रीज्ञानसारप्रकरणेऽष्टादशमनात्मशंसाष्टकम् ।।

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरण एकोनविंशं तत्त्वदृष्ट्यष्टकम् ।

## १९

આ પૂર્વે આત્મપ્રશંસા-અભિમાનનો ત્યાગ કરવાનું જણાવ્યું, જે તત્ત્વદષ્ટિની પ્રાપ્તિથી જ શક્ય છે. તે તે વસ્તુના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનને તત્ત્વદષ્ટિ કહેવાય છે. મિથ્યાજ્ઞાનના કારણે અથવા અપૂર્ણ જ્ઞાન(અજ્ઞાન)ના કારણે આત્મપ્રશંસા થતી હોય છે. તત્ત્વદષ્ટિથી સ્વપરનો વાસ્તવિક બોધ થાય છે. તેથી અજ્ઞાનાદિમૂલક આત્મપ્રશંસાનો સંભવ રહેતો નથી. એ આશયથી તત્ત્વદષ્ટિનું નિરૂપણ કરાય છે :

**रूपे रूपवती दृष्टि, र्दृष्ट्वा रूपं विमुह्यति ।**
**मज्जत्यात्मनि नीरूपे तत्त्वदृष्टिस्त्वरूपिणी ।।१९-१।।**

''રૂપને જોઈને રૂપને વિશે રૂપવતી દષ્ટિ મોહ પામે છે. પરન્તુ તત્ત્વદષ્ટિ તો અરૂપી હોવાથી રૂપરહિત એવા આત્મામાં લીન-મગ્ન બને છે.'' આમ તો દષ્ટિ જ્ઞાન સ્વરૂપ છે અને *જ્ઞાન અરૂપી છે. છતાં અહીં દષ્ટિને રૂપવતી જણાવી છે અને રૂપથી* રહિત વર્ણવી છે, તે તેના વિષયને લઈને છે. પૌદ્ગલિક મૂર્ત્ત દ્રવ્યોને જ્યારે દષ્ટિ ગ્રહણ કરે છે ત્યારે તે દષ્ટિ રૂપવતી હોય છે. આવી દષ્ટિને જ્યારે પણ રૂપાદિ વિષયોની પ્રાપ્તિ થાય છે, ત્યારે તે રૂપાદિ પદાર્થોમાં જ મોહ પામે છે. માત્ર પૌદ્ગલિક વિષયોનું ગ્રહણ તે નિરંતર કર્યા કરે છે.

પરન્તુ જ્યારે તે દષ્ટિ રૂપરહિત આત્માદિનું ગ્રહણ કરે છે ત્યારે તે દષ્ટિ રૂપરહિત મનાય છે. પુદ્ગલના સંબન્ધનો ત્યાગ કરી શુદ્ધ આત્મસ્વરૂપમાં મગ્ન બનેલી એ તત્ત્વદષ્ટિ છે. પર પદાર્થો ઉપરથી દષ્ટિ ખસી જાય તો આત્મામાં દષ્ટિ મગ્ન બની શકે. પરન્તુ સદાને માટે પર પદાર્થોનું દર્શન કરતા રહેવાથી આત્મદર્શન કરવાનો પ્રસંગ જ આવ્યો નથી. બાહ્યદષ્ટિએ જણાતી સારી વસ્તુઓ અભ્યન્તર વસ્તુઓ તરફ નજર પણ માંડવા દેતી નથી. બાહ્ય વસ્તુઓને જોવાનું અટકે તો અભ્યન્તર વસ્તુઓ તરફ નજર વળે. જીવનો અનાદિકાળનો સ્વભાવ (સંસ્કાર) જ એવો છે કે પોતાનું જે છે તે જોવાનું ન ગમે. કરોડોપતિ હોય, ચાર કરોડના ફ્લેટમાં રહેતો હોય, છેલ્લામાં છેલ્લી ઢબની ચીજ વસ્તુઓ પોતાની પાસે હોય છતાં ય એવા જીવોને પણ રસ્તા ઉપરની વસ્તુઓ જોવામાં રસ ચિકાર હોય છે. બાહ્ય વસ્તુઓમાં પણ પોતાની અને પારકાની વસ્તુઓમાં જો આટલો ફરક પડતો હોય તો અભ્યન્તર

જે વસ્તુઓ છે, તેને જોવાની વાત જ ક્યાં રહે ? આપણી પાસેનું પણ જોવાનું ન ગમે તો આપણું જોવાનું કઈ રીતે શક્ય બને ? મનની ઘણી જ વિચિત્રતા છે. એને શું જોઈએ છે, એનો આપણને ખ્યાલ જ આવતો નથી. આપણી પાસે સારામાં સારી ચીજો હોય તોપણ ખરાબ ચીજોની પાછળ ભટકવાનું ચાલ્યા જ કરે છે. સાવ નાના છોકરાઓ જેવું છે. મોંઘાં દાટ રમકડાં ઘરમાં પડ્યાં હોય તોપણ તેમને ધૂળમાં જ રમવાનું ગમે. મનની ઉપેક્ષા કરીને જ્ઞાનીની વાતનો વિચાર કરતા થઈએ તો તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થઈ શકે અને રૂપવતી દષ્ટિનો ત્યાગ થઈ શકે. રૂપવતી દષ્ટિનું અને તત્ત્વદષ્ટિનું સ્વરૂપ વર્ણવાય છે :

**भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम् ।**
**अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु, नास्यां शेते सुखाशया ।।१९-२ ।।**

''બાહ્યદષ્ટિ ભ્રમની વાડી (નાના બગીચા) જેવી છે. તેનાથી જે જોવાય છે તે ભ્રમના પ્રકાશસ્વરૂપ છે. તત્ત્વદષ્ટિ તો ભ્રમથી રહિત છે. સુખની આશાથી તે ભ્રમવાટિકામાં સૂતો નથી.'' આશય એ છે કે સ્વ (આત્માદિ) પર (શરીરાદિ) પદાર્થમાત્રને બાહ્યદષ્ટિથી જોવામાં આવે છે. ત્યારે તે તે વસ્તુમાં અનેક વિકલ્પોનું ગ્રહણ થતું હોય છે, જે મોટા ભાગે અવાસ્તવિક અને અપૂર્ણ હોય છે. જ્યાં પણ વાસ્તવિકતા જણાય છે ત્યાં ઘુણાક્ષરન્યાયે તે હોય છે. પરમાર્થને આશ્રયીને તે હોતી નથી. તેથી સમજી શકાશે કે બાહ્યદષ્ટિ ભ્રમની વાડી છે. તે દષ્ટિથી થનારું જ્ઞાન, ભ્રમની છાયા જેવું અર્થાદ્ ભ્રમના પ્રકાશ જેવું છે. અવાસ્તવિક સાધનથી થનારું જ્ઞાન વાસ્તવિક ન હોય-એ સ્પષ્ટ છે.

અભ્યન્તરદષ્ટિ બાહ્યદષ્ટિથી તદ્દન જ વિપરીત છે. તેનાથી જોઈને સ્વપર પદાર્થોનો નિર્ણય કરવામાં આવે તો તે વાસ્તવિક હોય છે, ભ્રમસ્વરૂપ હોતો નથી. કારણ કે તે તત્ત્વદષ્ટિથી થયો છે. તત્ત્વદષ્ટિથી થયેલો બોધ તાત્ત્વિક જ હોય. આવી તત્ત્વદષ્ટિના આશ્રયભૂત આત્માઓ ભ્રમથી રહિત હોય છે. તેઓ સુખની આશાથી બહિર્દષ્ટિમાં સૂતા નથી. તાત્પર્ય સ્પષ્ટ છે કે તત્ત્વદષ્ટિને પામેલા સાધુ મહાત્માઓ બાહ્યદષ્ટિમાં રમતા નથી.

સામાન્યથી જીવો સુખની ઈચ્છાથી સુખના સાધનરૂપે વિષયોનું ગ્રહણ કરે છે અને દુ:ખ નહિ ભોગવવાની ઈચ્છાથી દુ:ખના સાધનભૂત અનિષ્ટ વિષયોનો ત્યાગ

કરે છે. તેમાં તેમની બાહ્યદષ્ટિ મુખ્યપણે હેતુ છે. આપણને જે ઈષ્ટ કે અનિષ્ટ હોય તે બીજાને ઇષ્ટ કે અનિષ્ટ ન પણ હોય. તેથી વસ્તુતઃ વિષયોમાં ઇષ્ટત્વ કે અનિષ્ટત્વ છે નહિ. આપણી મનની કલ્પનામાત્ર તે છે. એ રીતે વિષયોને સુખ-દુઃખના સાધન તરીકે જાણવા માનવા અને ગ્રહણ કરવા કે છોડવા : એ ભ્રાંતિ છે. બાહ્યદષ્ટિથી વસ્તુને જોવાથી દરેક વિષયમાં કોઈ ને કોઈ પ્રકારે ભ્રાન્તિ હોય છે. તેથી બાહ્યદષ્ટિ ભ્રમની વાડી છે. તત્ત્વદષ્ટિમાં કોઈપણ વિષયમાં ભ્રમનો અભાવ છે. તેથી તેના વડે **વિષયાદિને** જોવાથી માનવાથી અને ગ્રહણ કરવાથી કે છોડવાથી ભ્રાન્તિનો અભાવ થાય છે. કારણ કે તત્ત્વદષ્ટિ વસ્તુતત્ત્વને અનુસરે છે, કલ્પનાને અનુસરતી નથી. બાહ્યદષ્ટિ તો કલ્પનાને અનુસરતી હોવાથી ભ્રમમૂલક છે. આથી જ તત્ત્વદષ્ટિવાળા ભ્રમરહિત આત્માઓ સુખની આશાથી બાહ્યદષ્ટિમાં સૂતા નથી અર્થાદ્ રમતા નથી. કોઈ વાર પૂર્વકર્મના ઉદયથી બાહ્યદષ્ટિમાં વર્ત્તતા જણાય તોપણ તેમાં રમતા નથી. બાહ્ય પદાર્થોને જોવા છતાં તત્ત્વદષ્ટિવાળા આત્માઓનો વૈરાગ્ય ટકી રહે છે તે જણાવાય છે :

**ग्रामारामादि मोहाय, यद् दृष्टं बाह्यया दृशा ।**
**तत्त्वदृष्ट्या तदेवान्तर्नीतं वैराग्यसम्पदे ।।१९-३ ।।**

''બાહ્ય દષ્ટિથી જોયેલા ગામ ઉદ્યાનાદિ વિષયો આત્માને મોહનાં કારણ બને છે. તત્ત્વદષ્ટિથી જોયેલા તે જ આત્માના વિષય બનેલા, વૈરાગ્યની પ્રાપ્તિનાં કારણ બને છે.'' બાહ્યદષ્ટિવાળા કે અભ્યન્તરદષ્ટિવાળા : બંન્ને આત્માઓ ગામ ઉદ્યાન વગેરેને જોતા હોય છે. પરન્તુ બાહ્યદષ્ટિથી ગામ ઉદ્યાન વગેરે બાહ્ય પદાર્થોને જોનારાને તે તે પદાર્થો કેટલા સારા છે, કેટલા ખરાબ છે, અનુકૂળ છે પ્રતિકૂળ છે, કામના છે નકામા છે અને પ્રિય છે અપ્રિય છે.... ઇત્યાદિ સ્વરૂપે જણાય છે. તેથી તેમાં રાગ-દ્વેષ થવાથી તે પદાર્થો બાહ્યદષ્ટિવાળા આત્માઓને મોહનાં કારણ બને છે.

અભ્યન્તર દષ્ટિથી આત્માને અનુલક્ષી જોનારાને સારી રીતે સમજાય છે કે શુદ્ધ ચૈતન્યાદિ સ્વરૂપ એવા મારાથી ગામ ઉદ્યાનાદિ તમામ પદાર્થો તદ્દન ભિન્ન છે. મારે એની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. આત્માના જ્ઞાનાદિ ગુણોના આવિર્ભાવ માટે બાહ્ય પદાર્થો સાધક પણ નથી અને બાધક પણ નથી. સ્વ સ્વમાં લીન છે અને પર પરમાં લીન છે. તેથી વિષયોમાં રાગ-દ્વેષ કરવાનું કોઈ પ્રયોજન નથી. ગમે તેવી પરિસ્થિતિમાં સ્વ, સ્વ મટીને પર નહિ બને અને પર, પર મટીને સ્વ નથી બનવાનું....

વગેરેનો પૂર્ણ ખ્યાલ હોવાથી ગામ આરામાદિ બાહ્ય પદાર્થો આન્તરદષ્ટિ(તત્ત્વદષ્ટિ)થી જોવા છતાં તત્ત્વદષ્ટિવાળાને વૈરાગ્યસમ્પદાની પ્રાપ્તિ થાય છે. દશ્ય એક જ છે. જોનારાની દષ્ટિ જુદી જુદી હોવાથી એકને મોહની પ્રાપ્તિ થાય છે અને બીજાને વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. ફલભેદમાં દષ્ટિભેદ કારણ છે. ગામ અને ઉદ્યાનાદિને આશ્રયીને દષ્ટિભેદનું વર્ણન કરીને સ્ત્રીને આશ્રયીને તેનું વર્ણન કરાય છે :

**बाह्यदृष्टेः सुधासार–घटिता भाति सुंदरी ।**
**तत्त्वदृष्टेस्तु सा साक्षाद्विण्मूत्रपिठरोदरी ।।१९–४।।**

"બાહ્યદષ્ટિવાળા જીવોને સ્ત્રી અમૃતના સારથી ઘડેલી જણાય છે. તત્ત્વદષ્ટિવાળાને તો તે સ્ત્રી સાક્ષાદ્ વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવા પેટવાળી જણાય છે." બાહ્યદષ્ટિવાળા જીવો વસ્તુના બાહ્યસ્વરૂપને જ જોતા હોય છે. વસ્તુના અભ્યન્તર સ્વરૂપનો તેઓ વિચાર જ કરતા નથી. તેથી સ્ત્રીને તેઓ એ રીતે જુએ છે કે જેથી તેમને તે સ્ત્રી અમૃતના સારથી જ જાણે ઘડેલી હોય એવી જણાય છે. જેવી તેમની દષ્ટિ છે, તેવું તેમનું જ્ઞાન છે. બાહ્ય દષ્ટિથી સ્ત્રીનું બાહ્ય શરીર જ જોઈને સ્ત્રીની સુંદરતા વર્ણવે છે. ચામડીની અંદરનું સ્વરૂપ કેવું છે – એ તેઓ જોતા નથી.

તત્ત્વદષ્ટિવાળા આત્માઓ પોતાની તત્ત્વદષ્ટિથી સ્ત્રીના શરીરને મલમૂત્રની હાંડલી જેવું તદ્દન અપવિત્ર અશુચિમય જુએ છે. શુદ્ધ આત્મતત્ત્વ હોવા છતાં કર્મની વિષમતાને લઈને કેવી વિચિત્ર અવસ્થાને અનુભવવી પડે છે : એનો વિચાર તત્ત્વદષ્ટિથી થાય છે. તેથી સ્ત્રીના તે શરીરને જોયા પછી પણ મોહ થતો નથી. વૈરાગ્ય ટકી રહે છે.

દરેક વસ્તુનું સ્વરૂપ બાહ્ય અને અભ્યન્તર પ્રકારે બે પ્રકારનું રહેવાનું. તત્ત્વદષ્ટિથી તેનો વિચાર કરવામાં આવે તો વાસ્તવિકતાનું ભાન થવાથી વિવેકને જાળવી શકાય છે. અને રાગદ્વેષથી દૂર રહી શકાય છે. વસ્તુ સ્વસ્વરૂપે સ્વસ્થ હોય છે. તેને તે સ્વરૂપે જોવાથી આપણે સ્વસ્થ રહી શકીએ છીએ. તત્ત્વદષ્ટિથી જ તે શક્ય છે. બાહ્યદષ્ટિથી જોવાથી વસ્તુનું સ્વરૂપ જણાશે નહિ. જે જણાશે તે વસ્તુનું સ્વરૂપ નહિ હોય, વિરૂપ હશે. તેને સ્વરૂપ માનીને બાહ્યદષ્ટિવાળા આત્માઓ પદે પદે મોહ પામતા હોય છે. મોહને દૂર કરવા અભ્યન્તરદષ્ટિ કેળવ્યા વિના ચાલે એવું

નથી. સમગ્ર જગત સામે જોનારા પણ આત્માની સામે નથી જોતા – એ બાહ્યદષ્ટિનો પ્રભાવ છે. તત્ત્વદષ્ટિમાં એવું નથી બનતું. આત્મદર્શન થવાથી જગતના દર્શનની અપેક્ષા જ રહેતી નથી. આ રીતે તત્ત્વદષ્ટિવાળા આત્માઓ સ્ત્રીના શરીરને જ નહિ, પોતાના શરીરને પણ અપવિત્ર જુએ છે. તેથી સ્વશરીરમાં પણ રાગ કરવાનો પ્રસંગ આવતો નથી.... તે જણાવાય છે. અર્થાદ્ સ્ત્રીના શરીર પ્રત્યે જેમ રાગનો સંભવ નથી. કારણ કે તે અપવિત્ર છે, તેમ શરીરમાત્ર અશુચિમય હોવાથી તેની પ્રત્યે પણ રાગ થવાનું કોઈ કારણ નથી-તે જણાવાય છે :

**लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् ।**
**तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुलाकुलम् ।।१९-५।।**

"બાહ્યદષ્ટિવાળા આત્માઓ શરીરને, લાવણ્યના તરઙ્ગથી પવિત્ર થયેલું જુએ છે. તત્ત્વદષ્ટિવાળા આત્માઓ શરીરને, કૂતરા અને કાગડાદિના ભક્ષ્ય અને કૃમિઓના સમુદાયથી વ્યાપ્ત સ્વરૂપે જુએ છે." આશય એ છે કે આ શરીર, અશુચિથી બનેલું છે. અશુચિથી પૂર્ણ છે અને ગમે તેવી ઉત્તમ વસ્તુને પોતાના સંપર્કથી અશુચિમય બનાવનારું છે. નિરન્તર નવ છિદ્રોમાંથી દુર્ગન્ધી રસ એમાંથી વહ્યા જ કરે છે.

આમ છતાં બાહ્યદષ્ટિવાળા આત્માઓને શરીરની બહારનું લાવણ્ય જોઈને શરીર પવિત્ર જણાય છે. આ આત્માઓ માત્ર શરીરની બહારની જ અવસ્થાને જોયા કરે છે. તેનું બાહ્યસ્વરૂપ ગમે તેટલું સારું જણાતું હોય તોપણ તે અશુચિથી યુક્ત છે. માત્ર શરીરની ચામડીનું આવરણ હોવાથી અશુચિ દેખાતી નથી. શ્રીમલ્લિનાથ ભગવાને પોતામાં આસક્ત બનેલા પુરુષોને પોતાની પ્રતિમામાંથી આવતી દુર્ગન્ધનું જ્ઞાન કરાવીને પ્રતિબોધ્યા હતા. બાહ્યદષ્ટિવાળા આત્માઓ શરીરના બાહ્યસ્વરૂપને જોઈને તેમાં આસક્ત બને છે. પરન્તુ તત્ત્વદષ્ટિવાળા આત્માઓ તેના અભ્યન્તર સ્વરૂપને જોઈને સનત્કુમાર ચક્રવર્તીની જેમ વિરક્ત બને છે. તેઓ સારી રીતે સમજે છે કે શરીરમાં જ્યાં સુધી આત્મા છે ત્યાં સુધી જ તેની શોભા છે. તેમાંથી આત્મા જતો રહે એટલે જડ બની ગયેલા શરીરની કોઈ જ કિંમત નથી. કૂતરા અને કાગડા વગેરે પ્રાણીઓ માટે ખાવા યોગ્ય બની જાય છે. તેમ જ આ શરીરમાં કૃમિ વગેરે જીવોના સમુદાયો છે. તેથી કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલું આ શરીર અનેક ઉપાધિઓથી ભરેલું છે. તેમાં રાગ કરવાનું કોઈ કારણ નથી. શરીરને આશ્રયીને બાહ્યદષ્ટિ અને તત્ત્વદષ્ટિમાં જે ફરક છે, તે વર્ણવીને હવે હાથી ઘોડા વગેરેને આશ્રયીને તે જણાવાય છે :

**गजाश्वैर्भूपभवनं, विस्मयाय बहिर्दृशः ।**
**तत्राश्वेभवनात् कोऽपि, भेदस्तत्त्वदृशस्तु न ।।१९-६।।**

''હાથી ઘોડા વગેરેથી યુક્ત રાજભવન બાહ્યદષ્ટિવાળા આત્માઓને આશ્ચર્ય માટે થાય છે. તત્ત્વદષ્ટિવાળા આત્માઓને રાજભવનમાં અને હાથીઘોડાઓથી યુક્ત એવા વનની અપેક્ષાએ કોઈ વિશેષ જણાતો નથી.'' - આશય એ છે કે રાજભવને હાથી ઘોડા વગેરેની સમૃદ્ધિ ઘણી હોય છે. તે જોઈને બાહ્યદષ્ટિવાળા મનુષ્યોને આશ્ચર્ય થાય છે. તેમને લાગે છે કે પુણ્યોદય ઘણો છે. આટલી સમૃદ્ધિ બીજે જોવા ના મળે. અદ્ભુત છે સામ્રાજ્ય.... ઇત્યાદિ રીતે બાહ્યદષ્ટિવાળા જીવો હાથી ઘોડા વગેરે સમૃદ્ધિને જોઈને આશ્ચર્ય અનુભવે છે. બાહ્યવસ્તુઓથી જ પુણ્યપ્રભાવ માપવાની તેમની દષ્ટિ હોય છે. તેથી આત્માની સમૃદ્ધિને જોઈ જ શકતા નથી.

તત્ત્વદષ્ટિવાળા આત્માઓને તો આત્માની સમૃદ્ધિનો પૂરતો ખ્યાલ હોવાથી તેઓ એ રીતે બાહ્યદષ્ટિથી સમ્પત્તિનો વિચાર કરતા નથી. હાથી ઘોડા વગેરે તો જેમ રાજભવનમાં છે તેમ વનમાં પણ છે. તેથી તેમને રાજભવનમાં અને વનમાં કોઈ વિશેષતા જણાતી નથી. તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થયા પછી રાજભવનમાં અને વનમાં કોઈ જ વિશેષતા જણાતી નથી-એ વિષયમાં એક લૌકિક દષ્ટાન્ત યાદ રાખવા જેવું છે.

એક રાજાની પાસે એક સંન્યાસી આવ્યો. તેનો દેદાર જોઈને રાજાએ તેને કહ્યું કે - આ રાજમહેલમાં રહેવા માટે તને જે જોઈએ તે જગ્યા આપું. આ માટીના ઠીકરાના બદલે કોઈ ધાતુનું પાત્ર વાપરવા માટે રાખી લે. આ ઝાડ-પાનનાં વસ્ત્રોના બદલે કપડાનાં વસ્ત્રો પહેરી લે અને રાત્રે ઊંઘવા માટે ગાદી તને આપું. એ સાંભળીને સંન્યાસીએ રાજાને કહ્યું કે - રાજન્ ! મારે રહેવા માટે વૃક્ષ નીચે જગ્યા છે. માટીના આ ઠીકરામાં આપની જેમ જ હું ભોજન કરીને તૃપ્ત થાઉં છું. મુલાયમ રેશમી વસ્ત્રોથી આપના શરીરની લાજ રહે છે. તેમ આ મારાં ઝાડ-પાનનાં વસ્ત્રોથી પણ મારા શરીરની લાજ રહી જાય છે અને આપની કોમલ શય્યામાં જેમ આપને ઊંઘ આવી જાય છે, તેમ મને પથ્થરની શય્યામાં પણ ઊંઘ આવી જાય છે. તો પછી આપ રાજા છો અને હું ભિખારી છું - આવો ભેદ શા માટે ? વસ્તુતઃ રાજન્ આપણા બંન્નેમાં કોઈ જ વિશેષતા નથી. છેલ્લે રાજાએ સંન્યાસીને કહ્યું કે હું આપું છું, તો લઈ લે; મારા જેવો આપનારો નહીં મળે. ત્યારે સંન્યાસીએ કહ્યું કે રાજન્ ! આપના જેવા આપનારા તો બીજા મળી રહેશે. પણ મારા જેવો ના પાડનાર નહીં મળે. કહેવાનું

તાત્પર્ય એટલું જ છે કે પરમપદની સાધનામાં બાહ્ય પદાર્થોની આવશ્યકતા નથી. તત્ત્વદૃષ્ટિથી પદાર્થમાત્રની વિચારણા કરવાથી આત્મલક્ષી બની શકાશે. તત્ત્વદૃષ્ટિ અને બાહ્યદૃષ્ટિને ઓળખવા માટેનાં લિઙ્ગ જણાવાય છે -

**भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ।**
**महान्तं बाह्यदृग्वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ।।१९-७।।**

"શરીર ઉપર ચોળેલી રાખ વડે, વાળનો લોચ કરવા વડે અથવા શરીર ઉપર ધારણ કરાયેલા મેલ વડે 'આ મહાત્મા છે.' એમ બાહ્ય દૃષ્ટિવાળા જીવો માને છે અને જ્ઞાનના સામ્રાજ્ય વડે 'આ મહાત્મા છે.' - એમ તત્ત્વના જાણકાર માને છે." બાહ્યદૃષ્ટિવાળા જીવો, માત્ર બાહ્યવસ્તુઓ જોતા હોય છે. તેથી તેઓ બીજા આત્માઓની મહાનતાને પણ બાહ્ય લિંગો દ્વારા જ માની લે છે. શરીરે રાખ ચોળેલી હોય, મસ્તકાદિના વાળનો લોચ કર્યો હોય અને શરીર ઉપર મેલ હોય એવા લોકોને બાહ્યદૃષ્ટિવાળા જીવો મહાન માને છે. તેઓ એ વિચારતા નથી કે શરીરે રાખ ચોળવી, વાળનો લોચ કરવો અને શરીર ઉપર મેલ ધારણ કરવો વગેરે લક્ષણો તો જે મહાન નથી એવા જીવોમાં પણ હોય છે. ગમે તે માણસ એવાં લક્ષણો ધારણ કરી શકે છે. એટલામાત્રથી એ લોકોને મહાન માનવાનું ઉચિત નથી.

તત્ત્વના જાણકાર જ્ઞાનના સામ્રાજ્યને લઈને તેના સ્વામીને મહાન માને છે. જેઓ પોતાના જ્ઞાનાદિગુણોમાં લીન છે, તેઓ મહાન છે. પર વસ્તુના કારણે જો મહાનતા વર્ણવવાની હોય તો ખરી રીતે તે પરવસ્તુની મહાનતા છે, પોતાની મહાનતા નથી, ઔપાધિક મહાનતા છે. પરવસ્તુની જેમાં આવશ્યકતા નથી, તેવી મહાનતા પોતાના જ્ઞાનાદિ ગુણોમાં છે. તત્ત્વના વિદ્વાનને વાસ્તવિક મહાનતાનો પૂર્ણપણે ખ્યાલ હોવાથી તેઓ પરવસ્તુને લઈને કોઈને પણ મહાન માનતા નથી. આત્માના જ્ઞાનાદિ ગુણોને લઈને તે તે મહાત્માઓને તેઓ મહાન તરીકે જાણે છે. બાલ જીવો બાહ્ય લિંગોને જોઈને, મધ્યમ કક્ષાના જીવો બાહ્ય આચારને જોઈને અને પંડિતો આગમતત્ત્વ જોઈને તત્ત્વનો નિર્ણય કરતા હોય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ આ વાતને પ્રકારાન્તરથી જણાવી છે. માથું મુંડાવાથી શ્રમણ કહેવાતો નથી. ઓંકારનો જાપ કરવાથી બ્રાહ્મણ કહેવાતો નથી. અરણ્યમાં રહેવાથી મુનિ કહેવાતો નથી અને ઘાસનાં વસ્ત્રો પહેરવાથી તાપસ થવાય નહિ, પરન્તુ સમભાવથી શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ કહેવાય છે. જ્ઞાનથી મુનિ કહેવાય છે અને તપથી તાપસ કહેવાય

છે. આથી સમજી શકાશે કે બાહ્ય લિંગો આત્મસ્વરૂપના આવિર્ભાવ માટે કારણ નથી. એ હોય કે ન પણ હોય તો ય આત્મસ્વરૂપનો આવિર્ભાવ નથી પણ થતો. અભ્યન્તર દષ્ટિ જ આત્માના આવિર્ભાવ માટે કારણ છે. એને લઈને જ મહાનતાનું જ્ઞાન કરવું જોઈએ. તત્ત્વદષ્ટિને પામ્યા પછી તે દષ્ટિને પામેલા જીવો બીજા જીવોની પ્રત્યે પણ ઉપકાર કરવા માટે સમર્થ બને છે - તે જણાવાય છે :

**न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।**
**स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ।।१९-८।।**

''જેમાંથી કરુણા સ્વરૂપ અમૃતની વર્ષા પ્રગટ થાય છે એવા તત્ત્વદષ્ટિવાળા પુરુષો વિશ્વના ઉપકાર માટે નિર્માણ કરાયેલા છે, વિકાર માટે નિર્માણ કરાયા નથી.'' કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી આપણે બાહ્યદષ્ટિવાળા હતા. ભવનિસ્તારક પૂ. આચાર્યભગવન્તાદિના પાવન પરિચયમાં આવવાથી ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા પ્રાપ્ત થવાથી ક્રમાનુસાર તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થતી હોય છે. આથી પૂ. આચાર્ય ભગવન્તાદિ દ્વારા તત્ત્વદષ્ટિવાળા નિર્માણ કરાય છે - એમ જણાવાય છે. 'જ્ઞાન ગુર્વાધીન છે.' - એ આપણે જાણીએ છીએ.

આ રીતે તત્ત્વદષ્ટિવાળા નિર્માણ કરાયેલા પુણ્યપુરુષો વિશ્વ ઉપર ઉપકાર કરે છે. પોતાની જેવા તત્ત્વદષ્ટિવાળા બીજાને પણ બનાવે છે. જે દષ્ટિ બીજાને નથી મળી અને પોતાને મળી છે, તે દષ્ટિ બીજાને જે રીતે મળે તે રીતે તેઓ પ્રયત્ન કરે છે. તત્ત્વદષ્ટિ રાગદ્વેષ વધારવા માટે નથી, પરન્તુ જગતના જીવો ઉપર ઉપકાર કરવા માટે છે... અન્તે અનાદિકાળની બાહ્યદષ્ટિનો પરિત્યાગ કરી તત્ત્વદષ્ટિને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા...

**।। इति श्रीज्ञानसारप्रकरणे तत्त्वदृष्ट्याख्यमेकोनविंशमष्टकम् ।।**

## अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे विंशतितमं सर्वसमृद्ध्यष्टकम् ।

## ૨૦

આ પૂર્વે તત્ત્વદષ્ટિનું નિરૂપણ કર્યું. પ્રસઙ્ગથી બાહ્યદષ્ટિનું પણ નિરૂપણ કર્યું. તત્ત્વદષ્ટિને આશ્રયીને સકલ પદાર્થોને જોવામાં આવે તોપણ બાહ્યસમૃદ્ધિ આત્મામાં ન હોવાથી તેનાથી શૂન્ય એવા આત્માના નિરીક્ષણમાં આનંદ કઈ રીતે આવે - એવી શંકાના સમાધાન માટે આત્મામાં જ સર્વસમૃદ્ધિને જણાવાય છે -

**बाह्यदृष्टिप्रचारेषु, मुद्रितेषु महात्मनः ।**
**अन्तरेवावभासन्ते, स्फुटाः सर्वाः समृद्धयः ।।२०-१।।**

''બાહ્યદષ્ટિની વિષયોને વિશે થતી પ્રવૃત્તિને રોકવાથી મહાત્માઓને આત્મામાં જ બધી સમૃદ્ધિઓ પ્રગટ થયેલી જણાય છે.'' - આશય એ છે કે તત્ત્વદષ્ટિની પ્રાપ્તિ પૂર્વે આત્મા બાહ્યદષ્ટિથી જ વસ્તુમાત્રને જોતો હતો. તેથી બાહ્ય વિષયોમાં જ બાહ્યદષ્ટિની પ્રવૃત્તિ કે નિવૃત્તિ થતી હતી, આત્મા કે તેના જ્ઞાનાદિ ગુણોને વિશે તેની પ્રવૃત્તિ હતી નહિ. તેથી બાહ્ય સ્થાનોમાં તેને સમૃદ્ધિ જણાતી હતી. પોતાને છોડીને અન્યત્ર બધે જ સમૃદ્ધિ જોઈને જીવને બાહ્ય સ્થાનોમાં જ રતિ હતી. પરન્તુ તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થવાથી બાહ્યદષ્ટિની વિષયો તરફની પ્રવૃત્તિ અટકી જાય છે. એને લઈને સ્વને છોડીને બીજે જોવાનું થતું નથી.

અત્યાર સુધી બાહ્ય સ્થાનોમાં જે સમૃદ્ધિ દેખાતી હતી તેના કરતાં શ્રેષ્ઠ સમૃદ્ધિ સ્પષ્ટરૂપે આત્મામાં દેખાય છે. તત્ત્વદષ્ટિનો એ ચમત્કાર છે. દુનિયાની બધી જ સમૃદ્ધિ આત્માની સમૃદ્ધિની અપેક્ષાએ અત્યન્ત તુચ્છ લાગવા માંડી. બીજી રીતે તો એમ જ લાગવા માંડ્યું કે આત્માની સમૃદ્ધિમાં એ બધી જ સમૃદ્ધિ સમાઈ ગયેલી છે. આત્માની સમૃદ્ધિના દર્શનથી - અનુભવથી બાહ્યસમૃદ્ધિનું કોઈ પ્રયોજન જ રહેતું નથી. આત્મસ્વભાવનો આવિર્ભાવ કરવા માટે આત્મસમૃદ્ધિ સમર્થ છે. બાહ્યસમૃદ્ધિ તેના માટે તદ્દન જ અસમર્થ હોવાથી નિરુપયોગી છે. બાહ્યસમૃદ્ધિ કર્મના ઉદયથી કે ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થાય છે. આત્માની સમૃદ્ધિ કર્મના ક્ષયથી પ્રાપ્ત થાય છે. ક્ષાયિક અવસ્થાની અપેક્ષાએ ક્ષાયોપશમિક કે ઔદયિક અવસ્થા કોઈ પણ રીતે શ્રેષ્ઠ નથી. તત્ત્વદષ્ટિ જેને પ્રાપ્ત થઈ છે તેને તેનો ચોક્કસ ખ્યાલ છે. તેથી જ તેઓ બાહ્ય સમૃદ્ધિઓ, આત્મસમૃદ્ધિમાં સ્પષ્ટરૂપે દેખે છે.

બાહ્યસમૃદ્ધિ આત્મસમૃદ્ધિમાં મહાત્માઓ જે રીતે અનુભવે છે તે જણાવાય છે :

**समाधि र्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।**
**ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ।।२०-२।।**

''સમાધિસ્વરૂપ નંદનવન છે, ધૈર્ય સ્વરૂપ વજ્ર છે, સમતા સ્વરૂપ ઈન્દ્રાણી છે અને જ્ઞાનસ્વરૂપ મહાવિમાન છે - આ મુનિમહાત્માની ઈન્દ્રસમ્બન્ધી લક્ષ્મી છે.'' - અહીં સૌથી પ્રથમ ઈન્દ્રસંબન્ધી બાહ્યસમૃદ્ધિને આશ્રયીને આત્માની સમૃદ્ધિમાં મહાત્માઓ જે અનુભવે છે, તેનું વર્ણન કર્યું છે. મુનિ મહાત્મા ઈન્દ્ર જેવા છે. તેઓ ઈન્દ્રસમ્બન્ધી લક્ષ્મીનો અનુભવ કરે છે.

ઈન્દ્રની સમૃદ્ધિમાં તેમની પાસે ફરવા માટે નંદનવન છે. શત્રુનો નાશ કરવા માટે વજ્ર છે. પત્ની તરીકે ઈન્દ્રાણી છે અને રહેવા માટે મહાવિમાન છે. આવી સમૃદ્ધિને ઈન્દ્રમહારાજા ભોગવે છે. મુનિ મહાત્માઓ પણ એવી સમૃદ્ધિનો અનુભવ નિરંતર કરે છે. ધ્યાતા ધ્યેય અને ધ્યાનની એકતા સ્વરૂપ સમાધિ છે, જે ધ્યાનનું ફળ છે. આવી સમાધિમાં મુનિ મહાત્માઓ ફરતા હોય છે. નંદનવનમાં ફરીને જે આનન્દનો અનુભવ ઈન્દ્ર કરે છે તેનાથી અત્યધિક આનંદનો અનુભવ, સમાધિમાં ફરવાના કારણે મુનિ મહાત્મા કરે છે.

ઈન્દ્ર મહારાજા જેમ વજ્રથી પોતાના શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરે છે, તેમ મુનિમહાત્મા ખૂબ જ ધૈર્યથી પરિષહો ઉપસર્ગ અને રાગદ્વેષાદિ ઉપર વિજય પ્રાપ્ત કરે છે. ઈન્દ્ર મહારાજાની ઈન્દ્રાણીની જેમ મુનિ મહાત્માની સમતા સ્ત્રી છે. સમતાના સાન્નિધ્યથી મુનિમહાત્માને પર પદાર્થોમાં રાગ દ્વેષ થતા નથી. સર્વોત્કૃષ્ટ પરિણતિની વિદ્યમાનતામાં અપકૃષ્ટ પરિણતિનો સંભવ નથી. સર્વોત્કૃષ્ટ પાત્ર આપણી પાસે હોય તો બીજાં બધાં પાત્રો અકિંચિત્કર છે, તે બધાં ઉપેક્ષણીય જ બને છે.

ઈન્દ્ર મહારાજાને રહેવા માટે જેમ મોટું વિમાન છે, તેમ મુનિમહાત્મા યથાર્થાવબોધસ્વરૂપ જ્ઞાનમાં નિરન્તર રમતા હોય છે. આત્મજ્ઞાનમાં લીન રહેનારાને ભય શોક કે ઉપદ્રવાદિનો સંભવ નથી. સર્વથા અને સર્વદા સુરક્ષિત મહાત્માઓ, મહા વિમાનમાં રહેનારા ઈન્દ્રાદિ કરતાં અત્યધિક આનંદને અનુભવે છે. જ્ઞાનસ્વરૂપ મહાવિમાનનું સામર્થ્ય અદ્ભુત છે. આ રીતે ઈન્દ્રસંબન્ધી લક્ષ્મીનો અનુભવ કરતા મુનિ મહાત્માઓ વસ્તુતઃ ઈન્દ્ર છે. હવે આ લોકસમ્બન્ધી ચક્રવર્તીની ચક્રવર્તીપણાની

સમૃદ્ધિનો અનુભવ કરવાથી મુનિ મહાત્માઓ જ સાક્ષાત્ ચક્રવર્તી જેવા છે તે જણાવાય છે -

**विस्तारितक्रियाज्ञानचर्मच्छत्रो निवारयन् ।**
**मोहम्लेच्छमहावृष्टिं, चक्रवर्ती न किं मुनिः? ।।२०-३।।**

''ક્રિયા અને જ્ઞાન સ્વરૂપ ચર્મરત્ન અને છત્રરત્ન જેમણે વિસ્તૃત (ફેલાવેલ) કર્યું છે એવા, મોહસ્વરૂપ મ્લેચ્છે કરેલી મહાવૃષ્ટિનું નિવારણ કરનારા મુનિ મહાત્મા શું ચક્રવર્તી નથી ?'' - આશય એ છે કે ચક્રવર્તીનાં ચૌદ રત્નોમાં 'ચર્મરત્ન' અને 'છત્રરત્ન' : એ બે રત્નો છે. એ રત્નોના પ્રભાવે ચક્રવર્તી દૈત્યો દ્વારા કરાયેલી મહાવૃષ્ટિથી પોતાની સેનાની રક્ષા કરે છે. નીચેથી કે ઉપરથી કોઈ પણ રીતે પાણી વગેરેનો ઉપદ્રવ થતો નથી. પોતાના એ બંન્ને રત્નોને વિસ્તૃત (પહોળા) કરીને ચક્રવર્તી પોતાના પરિવારાદિની રક્ષા કરે છે.

આવી રીતે જ મુનિભગવન્તો પાસે ક્રિયા અને જ્ઞાન સ્વરૂપ ચર્મરત્ન અને છત્રરત્ન છે. તેને વિસ્તારીને મુનિમહાત્મા, મોહસ્વરૂપ મ્લેચ્છે કરેલી દુષ્ટ વાસનાઓની મહાવૃષ્ટિને નિવારે છે. જ્ઞાન અને ક્રિયાનો સુયોગ થવાથી દુષ્ટ વાસનાઓ નાશ પામે છે. નવી પેદા થતી નથી. મોહના કારણે દુષ્ટ સંસ્કારો ઉત્પન્ન થતા હોય છે. એના નિવારણ માટે જ્ઞાન અને ક્રિયા અપ્રતિમ સાધન છે. ચક્રવર્તીના ચર્મરત્ન અને છત્રરત્નના પ્રભાવનો જેને ખ્યાલ છે તેઓ જ્ઞાન અને ક્રિયાનું અપ્રતિમ સામર્થ્ય સારી રીતે સમજી શકે છે. મોહસ્વરૂપ મ્લેચ્છે કરેલી કુવાસના સ્વરૂપ મહાવૃષ્ટિ ભયંકર લાગે અને તેનાથી આત્માની રક્ષા કરવાની ભાવના જાગે તો જ્ઞાન અને ક્રિયાનું મહત્ત્વ સમજાશે. મુનિ મહાત્મા જ્ઞાન અને ક્રિયાને લઈને ચક્રવર્તી છે. જ્ઞાન અને ક્રિયામાં તત્પર રહેનારા મુનિ મહાત્માઓને મોહ નડતો નથી. પૂર્ણ શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્રની ક્રિયામાં અપ્રમત્ત રહેનારા તેઓશ્રી મોહનો નાશ કરી દુષ્ટ વાસનાઓથી મુક્ત બની રહે છે અને બીજા લોકોને પણ મુક્ત બનાવે છે. જ્ઞાન અને ક્રિયાનું અસ્તિત્વ મોહની મહાવૃષ્ટિને નિવારે છે. મહામુનિઓ 'શેષનાગ' જેવા છે - તે જણાવાય છે :

**नवब्रह्मसुधाकुण्डनिष्ठाधिष्ठायको मुनिः ।**
**नागलोकेशवद् भाति, क्षमां रक्षन् प्रयत्नतः ।।२०-४।।**

"નવ બ્રહ્મચર્યની વાડો સ્વરૂપ અમૃતના કુંડમાં રહેલા સ્વામી એવા મુનિ મહાત્મા નાગલોકના સ્વામીની જેમ ક્ષમાને પ્રયત્નપૂર્વક ધારણ કરતા જણાય છે." - આશય એ છે કે લોકમાં પ્રસિદ્ધ છે કે આ 'ક્ષમા' ને અર્થાત્ પૃથ્વીને શેષનાગ ધારણ કરે છે. તે નવ અમૃતના કુંડોનો સ્વામી છે અને ત્યાં જ રહે છે. નાગલોકનો તે સ્વામી છે. તેની જેમ જ મુનિમહાત્મા પણ 'ક્ષમા' એટલે કે ક્ષમાધર્મને સારી રીતે રક્ષે છે - ધારણ કરે છે. નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડોમાં (મર્યાદામાં) સારી રીતે રહેલા હોવાથી તેઓશ્રી નવવાડો સ્વરૂપ અમૃતકુંડના સ્વામી છે. આ રીતે મુનિ મહાત્મામાં શેષ નાગનું સામ્ય જણાવ્યું છે. શેષનાગની જેમ પૂ. મુનિભગવન્તો પ્રાણ જાય તોપણ ક્ષમાધર્મનું પાલન કરે છે. સામર્થ્ય હોવા છતાં પ્રતિકાર કર્યા વિના અને કોઈ પણ પ્રકારની દીનતા વિના ગમે તેવા અપરાધને સહન કરી લેવા સ્વરૂપ ક્ષમા ધર્મ છે.

'સ્ત્રીઓ[૧] પશુઓ કે નપુંસકોની જ્યાં વિશેષ આવ-જા હોય ત્યાં મુનિ મહાત્માઓએ રહેવું નહિ.' આ બ્રહ્મચર્યની પહેલી વાડ (મર્યાદા) છે. 'સ્ત્રીની[૨] સાથે વાત કરવી નહિ, 'સ્ત્રીની[૩] જગ્યાએ બે ઘડી સુધી બેસવું નહિ.', 'તેણી[૪]ના અંગોપાંગ નીરખવા નહિ,' દીવાલાદિના[૫] અંતરે જ્યાં સ્ત્રી રહેતી હોય ત્યાં પણ રહેવું નહિ,' 'પૂર્વે ભોગ[૬]વેલ વિષયોનું સ્મરણ નહિ કરવું,' 'સ્નિગ્ધ[૭] આહાર વાપરવો નહિ,' 'નીરસ આહાર[૮] પણ પ્રમાણથી અધિક વાપરવો નહિ' અને 'શરીરની[૯] વિભૂષા કરવી નહિ' - આ નવ બ્રહ્મચર્યની વાડોનું નિરંતર પાલન કરનારા મુનિમહાત્માઓ અજરામર સ્થાનને પ્રાપ્ત કરે છે. અમરણ અવસ્થાનું જે કારણ છે તે અમૃતતુલ્ય હોય-એ સમજી શકાય છે. તેથી બ્રહ્મચર્યની નવ વાડોને અહીં અમૃતના કુંડની ઉપમા આપી છે. અમૃતના નવ નવ કુંડોના જેઓ સ્વામી છે, તેમને મરણનો ભય કઈ રીતે હોય ? જેમનું મરણ ટળ્યું હોય તેમને બધી જ સમૃદ્ધિઓ મળી છે. અમરણાવસ્થા કરતાં બીજી કોઈ સમૃદ્ધિ મોટી નથી જ-એનો જેમણે ખ્યાલ રાખ્યો છે એ મહાત્માઓ અપ્રમત્તપણે ક્ષમાધર્મની રક્ષા કરતા હોય છે. પ્રમાદથી પણ ક્રોધ થઈ ન જાય : એનું સતત ધ્યાન રાખે છે. ચોવીશે કલાક જેણે પૃથ્વીને ધારણ કરવાની છે; તે પ્રમાદ કરે તો શું થાય : એ આપણે સારી રીતે સમજી શકીએ છીએ. આવી જ શેષનાગ જેવી અવસ્થા પૂ. મુનિમહાત્માઓની છે. ચોવીશે કલાક જેમને ક્ષમાધર્મની રક્ષા કરવી છે, તેમને પ્રમાદ કઈ રીતે પાલવે ? શ્લોકમાંનું છેલ્લું 'પ્રયત્નતઃ' આ પદ છે. તેની ઉપર ખૂબ જ ધ્યાન આપવું જોઈએ. ક્ષમાને ધારણ કરવા માટે ખૂબ જ અપ્રમત્ત રહેવું

જોઈએ... ઇત્યાદિ અર્થને સૂચવનારું એ પદ છે. હવે મહાદેવને આશ્રયીને મુનિમહાત્માની સમૃદ્ધિ જણાવાય છે :

**मुनिरध्यात्मकैलासे, विवेकवृषभस्थितः ।**
**शोभते विरतिज्ञप्तिगङ्गागौरीयुतः शिवः ।।२०-५।।**

''અધ્યાત્મસ્વરૂપ કૈલાસપર્વતમાં વિવેકસ્વરૂપ વૃષભ ઉપર બેસેલા, વિરતિ અને જ્ઞપ્તિરૂપ ગઙ્ગા અને પાર્વતીથી સહિત મહાદેવ સ્વરૂપ મુનિમહાત્મા શોભે છે.'' આ શ્લોકથી પૂ. મુનિભગવન્તોની સમૃદ્ધિ મહાદેવ(શંકર શિવ)ની સમૃદ્ધિ જેવી વર્ણવી છે. મહાદેવનું નિવાસસ્થાન કૈલાસપર્વત છે. તેમનું વાહન વૃષભ છે. અને તેમને ગંગા અને ગૌરી (પાર્વતી) બે સ્ત્રીઓ હતી. તેમ અહીં પણ મુનિ મહાત્માઓ અધ્યાત્મ-સ્વરૂપ કૈલાસપર્વતમાં નિવાસ કરે છે. વિવેકસ્વરૂપ વૃષભ ઉપર બેસે છે અને તેમને વિરતિ સ્વરૂપ ગંગા અને જ્ઞપ્તિ સ્વરૂપ ગૌરી : એ બે સ્ત્રીઓ છે. તેથી તે મુનિ મહાત્માઓ મહાદેવની જેમ શોભે છે.

જેમની ઉપરથી મોહનો અધિકાર જતો રહ્યો છે, એવા આત્માઓની આત્માને ઉદ્દેશીને કરાતી જે શુદ્ધ ક્રિયા છે તેને અધ્યાત્મ કહેવાય છે. જ્યાં સુધી જીવને એક પુદ્ગલપરાવર્ત્તકાળથી અધિકકાળ સુધી સંસારમાં રહેવાનું હોય એવા જીવો અચરમાવર્ત્તવર્ત્તી જીવો છે અને તેનાથી બીજા જીવો ચરમાવર્ત્તવર્તી જીવો છે. અચરમાવર્ત્તવર્તી જીવો જે કોઈ પણ ધર્મક્રિયા કરે તે બધી જ ક્રિયા મોહના અધિકાર નીચેની હોય છે. મોહને પરવશ જીવો બધો જ ધર્મ મોહના કહ્યા મુજબ જ કર્યા કરે. એ બધો ધર્મ મોહાધિકારવાળો કહેવાય છે. એવા ધર્મને અધ્યાત્મ કહેવાતું નથી.

ચરમાવર્ત્તમાં આવ્યા પછી જ આ અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે. અનન્તો કાળ હોવા છતાં વીતેલા કાળની અપેક્ષાએ ચરમાવર્તકાળ નહીંજેવો છે. અનન્તા પુદ્ગલ પરાવર્તો આજ સુધી આપણા વીત્યા છે. હવે એક જ પુદ્ગલપરાવર્ત્તકાળ બાકી હોય તો તે કાંઈ જ નથી. આ ચરમાવર્ત્તકાળમાં જ થોડી થોડી પણ મોહની ઉપેક્ષા કરી શકાય છે. જેથી અંશતઃ પણ મોહનો અધિકાર જતો રહે છે - નાશ પામે છે. આ રીતે અધ્યાત્મપ્રાપ્તિનો શુભારંભ થાય છે. સામાન્ય રીતે અનુકૂળતા મુજબ ધર્મ કરવાથી મોહનો અધિકાર ચાલુ રહે છે અને ધર્મને (પરમતારક શ્રી અરિહન્તપરમાત્માના વચનને) અનુકૂળ બનીને ધર્મ કરવાથી મોહનો અધિકાર જતો રહે છે. વર્ત્તમાનમાં

લગભગ આપણો ધર્મ મોહના અધિકારતળે છે. ધર્મ કરતી વખતે દુ:ખ પડે નહિ: એનો વિચાર મોહના અધિકારનો છે. ધર્મ કરતી વખતે દુ:ખ પડશે તો વેઠી લઈશું – આવો વિચાર મોહાધિકારનો નાશ થયા પછીનો છે. જેમ જેમ ગુણસ્થાનકોની ઉત્તરોત્તર પ્રાપ્તિ થતી જાય, તેમ તેમ મોહનો અધિકાર ઓછો થતો જાય છે. તે તે ગુણસ્થાનકે પણ વિશુદ્ધિ વધવાથી મોહાધિકારની નિવૃત્તિ થતી જાય છે.

જેમના આત્મા ઉપરથી મોહનો અધિકાર નાશ પામ્યો છે, એવા આત્માઓ; આત્માને ઉદ્દેશીને જે કોઈ ક્રિયા કરે છે – તે અધ્યાત્મ કહેવાય છે. મોહાધિકાર નાશ પામવામાત્રથી કે થોડો ઓછો થવા માત્રથી દરેક વખતે આત્માને ઉદ્દેશીને જ ક્રિયા થઈ જાય –એવું સદા બનતું નથી. શરીરાદિ પરપદાર્થોનું મમત્વ ખૂબ જ ભયંકર છે. આત્માનો નિસ્તાર કરવા માટે નીકળેલા આત્માઓ શરીરાદિ પરપદાર્થોની ચિન્તામાં ને ચિન્તામાં આત્માના અસ્તિત્વનું ભાન જ વીસરી જતા હોય છે. ત્યારે તેમની ક્રિયા, આત્માને ઉદ્દેશીને રહેતી નથી. બ્રહ્મદત્તચક્રવર્તીના જીવે પૂર્વભવમાં ચારિત્રની ક્રિયાઓને પણ નિયાણાના કારણે આત્મલક્ષી રાખી ન હતી. મોહના અધિકારથી રહિત અને આત્માને ઉદ્દેશીને થતી પણ ક્રિયા પ્રમાદાદિને લઈને અશુદ્ધ થતી હોય છે. તેથી તેવી ક્રિયાને અધ્યાત્મસ્વરૂપ માનતા ન હોવાથી મોહના અધિકારથી રહિત, આત્માને ઉદ્દેશીને કરાતી શુદ્ધક્રિયાને અધ્યાત્મ કહેવાય છે. પૂ. મુનિભગવન્તોને આ અધ્યાત્મભાવ ખૂબ જ સારા પ્રમાણમાં હોય છે. નિરન્તર તેમાં જ રમણતા કરતા હોવાથી મુનિમહાત્માઓ આ અધ્યાત્મસ્વરૂપ કૈલાસપર્વતમાં મહાદેવની જેમ રહે છે.

પૂ. મુનિમહાત્માઓને સ્વ-પરના ભેદનું જ્ઞાન થયેલું હોવાથી તે જ્ઞાનસ્વરૂપ વિવેકવાળા તેઓ છે. સદૈવ તે પાસે હોવાથી વિવેકારૂઢ થઈને પૂ. મુનિમહાત્માઓ અધ્યાત્મમાં વિચરે છે. મહાદેવની જેમ જ વિવેકવૃષભારૂઢ બનીને અધ્યાત્મકૈલાસ પર્વતમાં મુનિમહાત્મા શોભે છે. સાથે મહાદેવની જેમ ગંગા અને ગૌરી જેવી વિરતિ અને જ્ઞપ્તિ સ્વરૂપ સ્ત્રીઓ છે. સર્વથા સર્વ પાપથી વિરામ પામવાસ્વરૂપ વિરતિ છે અને યથાર્થ-વસ્તુતત્ત્વાવબોધ સ્વરૂપ જ્ઞપ્તિ છે. પૂ. મુનિભગવન્તોના પરમાનંદના એ બે મુખ્ય સાધન છે. જ્ઞાન અને ચારિત્ર એ બે જેને મળ્યા છે, એને બીજું કાંઈ જ જોઈતું નથી. અનુત્તર વિમાનના દેવતાઓના આનંદથી પણ અત્યધિક આનંદ વિરતિ અને જ્ઞપ્તિને લઈને છે.... હવે કૃષ્ણની અપેક્ષાએ મુનિ મહાત્માની સમૃદ્ધિ ઓછી નથી – તે જણાવાય છે :

**ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य नरकच्छिदः ।**
**सुखसागरमग्नस्य, किं न्यूनं योगिनो हरेः ।।२०-६ ।।**

"જ્ઞાન દર્શન સ્વરૂપ ચન્દ્ર અને સૂર્ય જેમની આંખ છે એવા અને નરકનો નાશ કરનારા તેમ જ સુખસાગરમાં મગ્ન યોગીજનોને કૃષ્ણ કરતાં શું ઓછું છે ?" - લોકમાં પ્રસિદ્ધ છે કે કૃષ્ણભગવાનને ચન્દ્ર અને સૂર્ય આંખ છે. નરકાસુરનો તેમણે ઉચ્છેદ કર્યો છે અને તેઓ ચાતુર્માસમાં સમુદ્રમાં શયન કરે છે-મગ્ન રહે છે. એ અપેક્ષાએ વિચારીએ તો કૃષ્ણભગવાન કરતાં મુનિમહાત્માને કશું જ ઓછું નથી. કારણ કે જ્ઞાનસ્વરૂપ ચન્દ્ર અને દર્શનસ્વરૂપ સૂર્ય મહામુનિઓની આંખો છે. મહામુનિઓ નરકગતિનો ઉચ્છેદ-નાશ કરે છે અને તેઓશ્રી સુખસાગરમાં મગ્ન છે.

વિશેષ અવબોધને જ્ઞાન કહેવાય છે અને સામાન્ય અવબોધને દર્શન કહેવાય છે. પૂ. મુનિ ભગવન્તોના સંયમજીવનમાં જ્ઞાન અને દર્શનનું ખૂબ જ મહત્ત્વ છે. પોતાની આંખે જોયેલી વસ્તુને પણ જ્ઞાનથી વિચારીને પછી જ તેને વિશે તેઓશ્રી પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરતા હોય છે. દેખીતી રીતે વસ્તુ હેય કે ઉપાદેય જણાતી હોવા છતાં જ્ઞાનથી વિચારતાં એવું ન પણ હોય - એવું બને. આથી જ પારમાર્થિક રીતે મોક્ષની પ્રાપ્તિ માટે કરાતી સાધનામાં પૂ. મુનિભગવન્તો જ્ઞાનને જ પ્રમાણ માને છે. ચક્ષુ વગેરેને પ્રમાણ માનીને તેઓ ચાલતા નથી. આથી જ મહામુનિઓનાં વાસ્તવિક નેત્રો જ્ઞાન અને દર્શન છે. આ લોકમાં સર્વશ્રેષ્ઠ પ્રકાશવાળા ચન્દ્ર અને સૂર્ય છે. એના પ્રકાશ કરતાં પણ સર્વશ્રેષ્ઠતમ પ્રકાશ જ્ઞાન અને દર્શનનો છે. ચન્દ્ર અને સૂર્ય અતીન્દ્રિય પદાર્થોને પ્રકાશિત કરી શકતા નથી. જ્ઞાન અને દર્શનમાં અતીન્દ્રિય પદાર્થોને પ્રકાશિત કરવાનું સામર્થ્ય રહેલું છે. તેથી જ અહીં જ્ઞાન અને દર્શનને અનુક્રમે ચન્દ્ર અને સૂર્યની ઉપમા આપી છે. એના કરતાં બીજી કોઈ ઉપમા આપી શકાય એવું શક્ય ન હતું.

પૂ. મુનિમહાત્માઓ સંયમની સાધનાના પ્રભાવે નરકાદિગતિનો ઉચ્છેદ કરે છે. તેથી કૃષ્ણની જેમ તેમને નરકનો નાશ કરનારા વર્ણવ્યા છે. આ જગતમાંની કોઈ પણ વસ્તુની અપેક્ષા ન હોવાથી તેઓશ્રી સુખસાગરમાં મગ્ન છે. પારમાર્થિક સુખ જ એ છે કે 'કશું જ જોઈતું નથી'. મુનિમહાત્મા એવા સુખસાગરમાં સદાને માટે મગ્ન છે. તેથી લોક-પ્રસિદ્ધ કૃષ્ણભગવાન કરતાં પૂ. મુનિભગવન્તોને કશું જ ઓછું નથી.... એ સમજી શકાય છે. આ રીતે હર અને હરિની અપેક્ષાએ મુનિમહાત્માની સમૃદ્ધિની અનલ્પતાનું વર્ણન કરીને હવે બ્રહ્માની અપેક્ષાએ તેનું વર્ણન કરાય છે :

**या सृष्टि र्ब्रह्मणो बाह्या, बाह्यापेक्षावलम्बिनी ।**
**मुनेः परानपेक्षाऽन्तर्गुणसृष्टिस्ततोऽधिका ।।२०-७।।**

"બ્રહ્માની જે સૃષ્ટિ છે તે બાહ્યવસ્તુઓની અપેક્ષાના અવલમ્બનવાળી બાહ્ય છે. પરવસ્તુઓની અપેક્ષાથી રહિત અભ્યન્તર ગુણોની સૃષ્ટિ જે મુનિભગવન્તોને છે તે બાહ્યસૃષ્ટિ કરતાં અધિક-ચઢિયાતી છે." - આશય એ છે કે આ વિશ્વનું સર્જન બ્રહ્માએ કર્યું છે : એ લોકમાં પ્રસિદ્ધ છે. બ્રહ્માએ કરેલી આ બાહ્ય સૃષ્ટિ (વિશ્વની રચના), બાહ્ય તે તે કારણોની અપેક્ષાને અવલંબે છે. અર્થાદ્ બાહ્યકારણોને લઈને બ્રહ્માની બાહ્યસૃષ્ટિ રચાયેલી છે.

એની અપેક્ષાએ પૂ. મુનિભગવન્તોની આત્માના અનન્તગુણોની સૃષ્ટિ ઘણી જ ચઢિયાતી છે. એની રચના માટે પરપદાર્થની અપેક્ષા નથી. માત્ર આત્માના વિવેકપૂર્ણ પુરુષાર્થથી એ સૃષ્ટિની રચના છે. એ સ્વાભાવિક છે, ઔપાધિક નથી. બાહ્ય સૃષ્ટિ પરોપાધિથી જન્ય હોવાથી ઔપાધિક-અતાત્ત્વિક છે. બાહ્ય સૃષ્ટિ ગમે તેટલી સુંદર જણાય તોપણ તે ક્ષણિક છે, વિકૃતિસ્વભાવવાળી છે. તેથી બ્રહ્માની સૃષ્ટિની અપેક્ષાએ મુનિમહાત્માની અન્તર્ગુણસૃષ્ટિ ચઢિયાતી છે. પૂ. મુનિભગવન્તોની સમૃદ્ધિ લૌકિક સમૃદ્ધિ કરતાં ચઢિયાતી છે - તે જણાવીને હવે લોકોત્તર સમૃદ્ધિની પ્રાપ્તિ પણ તેમના માટે સુલભ છે - તે જણાવાય છે :

**रत्नैस्त्रिभिः पवित्रा या, स्रोतोभिरिव जाह्नवी ।**
**सिद्धयोगस्य साऽप्यर्हत्पदवी न दवीयसी ।।२०-८।।**

"સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાલ લોકમાં વહેતી હોવાથી ત્રણ પ્રવાહ વડે પવિત્ર એવી ગઙ્ગાનદીની જેમ ત્રણ રત્નો વડે પવિત્ર એવી અરિહન્ત પદવી પણ; સિદ્ધયોગીને દૂર નથી. અર્થાદ્ એવા યોગીને અરિહંતપદવી સુલભ છે." - આશય સ્પષ્ટ છે કે જ્ઞાન દર્શન અને ચારિત્ર : એ ત્રણેયની જેમને સિદ્ધિ થઈ છે એ મહાત્માઓને સિદ્ધયોગી કહેવાય છે. આવા સિદ્ધયોગીઓને શ્રીતીર્થંકરપણાની પ્રાપ્તિ થતી હોય છે.

ગંગાનદી ત્રણ લોકમાં વહેતી હોવાથી પવિત્ર મનાય છે તેમ જ ક્ષાયિકભાવના જ્ઞાન દર્શન અને ચારિત્રથી શ્રી અરિહન્તપદ પણ પવિત્ર મનાય છે. ક્ષાયિકભાવના જ્ઞાનાદિની પ્રાપ્તિ પછી જ શ્રીતીર્થંકરપદની પ્રાપ્તિ તેરમા ગુણસ્થાનકે થતી હોય છે.

સમ્યગ્દર્શનને પામ્યા પછી રત્નત્રયીની વિશુદ્ધ આરાધનાને અપ્રમત્તપણે કરવાથી વિશિષ્ટ કોટિના તથાભવ્યત્વની સહાયથી શ્રીતીર્થંકરનામકર્મનો બંધ થાય છે. કાલાન્તરે એ કર્મના ઉદયે શ્રી અરિહન્તપદની પ્રાપ્તિ થાય છે. ખૂબ જ સુપ્રસિદ્ધ એ પદને પામવા માટેની યોગ્યતા દરેક આત્મામાં હોતી નથી. અનાદિકાળની સહજસિદ્ધ એ યોગ્યતાને લઈને રત્નત્રયીની વિશુદ્ધ સાધનામાં તત્પર રહેનારા સિદ્ધયોગીઓને શ્રી અરિહંતપદવી દૂર નથી, નજીક છે. અન્તે લૌકિક-લોકોત્તર સમૃદ્ધિઓનું વાસ્તવિક સ્વરૂપ સમજીને આત્માની અભ્યન્તર સમૃદ્ધિને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા.....

**।। इति श्रीज्ञानसारप्रकरणे विंशतितमं सर्वसमृद्ध्यष्टकम् ।।**

# अथ प्रारभ्यते कर्मविपाकचिन्तनाष्टकमेकविंशतितमम् ।

## २१

આ પૂર્વે મુનિમહાત્માને સર્વસમૃદ્ધિઓ પ્રાપ્ત થાય છે : તે જણાવ્યું. પરન્તુ આ બધી સમૃદ્ધિઓમાં તેઓશ્રી કોઈ પણ રીતે મમત્વ કરતા નથી. સમભાવને જાળવી રાખે છે. કોઈ વાર પુણ્ય અને ક્ષયોપશમની અલ્પતાને કારણે આવી સમૃદ્ધિ ન મળે તોય તેઓશ્રી કર્મના વિપાકોનું ચિન્તન કરીને સમભાવમાં સ્થિર રહે છે. તેથી મુનિ મહાત્માઓના સમભાવની સ્થિરતાના કારણભૂત કર્મવિપાકના ચિન્તનનું સ્વરૂપ વર્ણવાય છે :

**दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः ।**
**मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ।।२१-१।।**

''કર્મના શુભાશુભ પરિણામને પરવશ બનેલા જગતને જાણતા મુનિમહાત્મા દુઃખને પામી દીન બનતા નથી અને સુખને પામી આશ્ચર્યવાળા બનતા નથી.'' આ અનાદિ અનન્ત સંસારમાં અનન્તાનન્ત જીવો કર્મના યોગે પરિભ્રમણ કરી રહ્યા છે. આ સંસારમાં પરિભ્રમણના કારણ તરીકે કર્મનું વર્ણન પોતપોતાની રીતે દરેક દર્શનકારોએ કર્યું છે. કર્મના યોગે સંસાર છે. સંસારમાંથી મુક્ત થવાની ઈચ્છા હોય તોપણ કર્મથી રહિત બન્યા વિના સંસારથી મુક્ત થવાશે નહિ જ. સંસારમાં જીવો શુભાશુભ કર્મોના વિપાકને પરવશ છે. 'ઈચ્છા મુજબ મળતું નથી અને અનિષ્ટ મળ્યા વિના રહેતું નથી.'' - આ શુભાશુભકર્મની પરવશતા છે.

આવી સ્થિતિમાં સુખ કે દુઃખ જે કાંઈ પણ મળે છે તે આપણા પોતાના જ શુભાશુભ કર્મનું ફળ છે - એમ માનીને મુનિમહાત્મા સુખ પામીને આનંદ પામતા નથી અને દુઃખ પામીને દીન બનતા નથી. આત્માથી ભિન્ન એવા પરપદાર્થથી પ્રાપ્ત એવા પર પદાર્થને લઈને હર્ષ કે વિષાદ કરવાનું વસ્તુતઃ કોઈ જ કારણ નથી. પરન્તુ અજ્ઞાનને આધીન બની અવિવેકી આત્માઓ પરપદાર્થોને સ્વપદાર્થો માનીને તે તે પદાર્થોમાં હર્ષ કે વિષાદ કરતા હોય છે.

પૂ. મુનિ ભગવન્તો તો પરમજ્ઞાની અને વિવેકી હોવાથી સમસ્ત જગતને કર્મથી પરવશ જાણતા હોવાથી તે તે નિમિત્તે પ્રાપ્ત થયેલા સુખ કે દુઃખથી હર્ષ કે

વિષાદ પામતા નથી. બીજાના સુખ કે દુઃખથી કોઈ હર્ષ કે વિષાદ પામતું નથી. તેથી પૂ. મુનિ ભગવન્તોને હર્ષથી ઉત્પન્ન થનારો વિસ્મય અને વિષાદથી ઉત્પન્ન થનારી દીનતા પણ થતી નથી. તેઓશ્રી સમજે છે કે સુખ અને દુઃખ, શુભ અને અશુભ કર્મનું ફળ છે. શુદ્ધ બુદ્ધ અને અવિનાશી એવા આત્માને એની સાથે કોઈ સંબન્ધ નથી. ઔપાધિક એ સુખદુઃખાદિથી, આશ્ચર્યથી યુક્ત થવાનું કે દીન બનવાનું કાર્ય અજ્ઞાનમૂલક છે. કર્મજન્ય અવસ્થાને પરવશ બનવાથી આત્માની જે દશા થાય છે, તે જણાવાય છે :

**येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।**
**तैरहो कर्मवैषम्ये भूपैर्भिक्षाऽपि नाप्यते ।।२१-२।।**

"જેઓની ભ્રૂકુટીના ભંગમાત્રથી પર્વતો પણ ભાંગી જાય છે એવા રાજાઓને કર્મની વિષમસ્થિતિ આવી પડે ત્યારે ભિક્ષા પણ પ્રાપ્ત થતી નથી." - આશય એ છે કે પૂ. મુનિભગવન્તો કર્મના તે તે વિપાકોને પરવશ બનતા નથી. તેથી સુખ દુઃખને પામીને તેઓશ્રી વિસ્મય અને દીનતાને પ્રાપ્ત કરતા નથી. પરન્તુ જગત, કર્મના વિપાકોને આધીન બની વિસ્મય અને દીનતાને પામે છે. આવી સ્થિતિમાં પૂ. મુનિભગવન્તો જે કારણથી કર્મના વિપાકોને પરવશ બનતા નથી તે કારણને આ શ્લોકથી જણાવ્યું છે.

એનું તાત્પર્ય સ્પષ્ટ છે કે જેમની ભ્રૂકુટી(ભમર)ના ચઢવા માત્રથી પહાડ પણ ભેદાઈ જતા હતા, એવા બલવાન રાજાઓને પણ કર્મની વિષમ અવસ્થામાં ભિક્ષા પણ પ્રાપ્ત થતી નથી. કર્મના બળથી પ્રાપ્ત થયેલું બળ, કર્મ પૂર્ણ થયા પછી કોઈ પણ રીતે ટકતું નથી. તેનો પણ નાશ થતો હોય છે. જ્યાં સુધી કર્મનો ઉદય હતો ત્યાં સુધી એ બળ હતું, પરન્તુ કર્મનો ઉદય પૂર્ણ થયા પછી એ બળ પણ નાશ પામે છે અને પછી જે વિષમ પરિસ્થિતિ સર્જાય છે તે ખૂબ જ ભયંકર હોય છે. તેથી જ પૂ. મુનિભગવન્તો કર્મપરવશ બનતા નથી. આપત્તિમાં મૂકે એ સમ્પત્તિ શા કામની ? કર્મના વિપાકને જાણ્યા પછી કર્મને પરવશ બનવાનું પાલવે એવું નથી. આત્માને જેની સાથે કોઈ સંબન્ધ નથી એવાં કર્મોના વિપાકને પરવશ બની ખૂબ જ વિષમસ્થિતિમાં આપણે મુકાયા છીએ. એનું આપણને ભાન થાય તો આપણે વિસ્મય અને દીનતાથી દૂર થઈ શકીએ. ક્યાં સુધી આપણે પરવસ્તુના આધારે જીવવાનું ચાલુ રાખીશું ? કર્મને પરવશ બની આપણી શક્તિ વગેરેનું અસ્તિત્વ જ આપણે ભૂલી

ગયા છીએ. કર્મની શક્તિને જ આપણી પોતાની શક્તિ માનીને વિસ્મય અને દીનતામાં આપણે જીવીએ છીએ. બલવાનને બલહીન બનાવવાના કર્મના સામર્થ્યનું વર્ણન કરીને હવે તેનાથી વિપરીતપણે બલહીનને બલવાન બનાવવાના તેના સામર્થ્યનું વર્ણન કરાય છે :

**जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।**
**क्षणाद् रङ्कोऽपि राजा स्यात्, छत्रछन्नदिगन्तरः ।।२१-३।।**

''શુભકર્મનો ઉદય થયે છતે, જાતિ અને ચાતુર્યથી હીન હોય તોપણ પોતાના છત્રથી દિશાઓને ઢાંકી દેનાર એવો રાજા ક્ષણવારમાં થાય છે.'' કહેવાનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે ભૂતકાળના કોઈ અશુભકર્મના ઉદયથી, જન્મથી જ એવી કોઈ હીન જાતિ મળી હોય અને સાથે નિપુણતા(આવડત)નો પણ અભાવ હોય-એવા પણ માણસો શુભકર્મોનો ઉદય થયે છતે ક્ષણવારમાં ચારે ય દિશાઓના છેડાઓ સુધીનું સામ્રાજ્ય પ્રાપ્ત કરનારા બને છે. 'રઙ્ક પણ રાજા થઈ જાય છે.' - આ ભૂતકાળમાં ઉપાર્જન કરેલા શુભ કર્મોના ઉદયનું ફળ છે અને 'રાજા ભિખારી થાય છે' - આ ભૂતકાળમાં ઉપાર્જન કરેલાં અશુભ કર્મોનું ફળ છે.

પૂર્વકૃત શુભાશુભકર્મોના ઉદયથી જે ફળ મળે છે, તેનાથી આત્માને વસ્તુતઃ કોઈ લાભ નથી. પરન્તુ તેવા પ્રસંગે કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા તે તે શુભાશુભફળને આશ્રયીને વિસ્મય કે દીનતા કરીને આત્મા પાછાં નવાં કર્મોનો બન્ધ કર્યા કરે છે. આવી અવસ્થામાં વિચારવું જોઈએ કે ગમે તેવી કર્મની વિષમ અવસ્થામાં પણ આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ગુણોને કોઈ અસર પહોંચતી નથી. શુભ કર્મોના ઉદયમાં ગમે તેટલી અનુકૂળતા મળે તોપણ જ્ઞાનાદિ ગુણો મળતા નથી અને અશુભકર્મોના ઉદયમાં ગમે તેટલી પ્રતિકૂળતા મળે તોપણ જ્ઞાનાદિ ગુણો નષ્ટ થતા નથી. આપણા ગુણો આપણી પાસે જ છે. નથી એમાં વૃદ્ધિ થતી કે નથી એની હાનિ થતી. જે કાંઈ વૃદ્ધિ કે હાનિ થાય છે, તે પૌદ્ગલિક પર પદાર્થોની. પરના ઉત્કર્ષમાં કે અપકર્ષમાં આપણે ક્યાં વિસ્મય કે દીનતા કરીએ છીએ ? તો પછી કર્મના ઉદયથી પ્રાપ્ત થનારા શુભાશુભભાવોને લઈને વિસ્મય કે દીનતાને કઈ રીતે કરે ? આવો વિસ્મય કે આવી દીનતા ભયંકર અજ્ઞાનમૂલક છે. પૂ. મુનિભગવન્તો કર્મજન્યભાવોને યથાર્થ રીતે જાણતા હોવાથી તે ભાવોમાં રતિ કરતા નથી, તે જણાવાય છે :

**विषमा: कर्मण: सृष्टि, र्दृष्टा करभपृष्ठवत् ।**
**जात्यादिभूतिवैषम्यात्, का रतिस्तत्र योगिन: ? ।।२१-४।।**

''ઊંટની પીઠ જેવી, જાતિ વગેરેની પ્રાપ્તિની વિષમતાને કારણે કર્મની રચના વિષમ છે. તેથી યોગીજનને તેમાં રતિ કેમ હોય ?''... જાતિ (માતૃપક્ષ) કુળ (પિતૃપક્ષ) શરીર જ્ઞાન આયુષ્ય બળ શબ્દાદિવિષયો અને સમ્પત્તિ કર્મના યોગે જીવોને પ્રાપ્ત થાય છે. એમાં ચિકાર વિષમતા છે. એક ઘરમાં રહેનારા પણ તે તે જીવોને એ બધી વસ્તુઓ એકસરખી મળતી નથી. એક જ ઊંટની પીઠ જેમ સરખી હોતી નથી, પણ ઊંચીનીચી હોય છે; તેમ જીવોને કર્મના યોગે પ્રાપ્ત થનારી જાતિ વગેરેમાં પણ ભારે વિષમ અવસ્થા હોય છે. સારી-નરસી, ગમતી-અણગમતી, ઓછી-વધતી અને ઊંચી-નીચી.... વગેરેની અપેક્ષાએ તે તે વસ્તુઓની પ્રાપ્તિમાં ભારે વિષમતાનો આપણને અનુભવ કરવો પડે છે.

આપણી ઈચ્છા મુજબનું આપણને આજ સુધી મળ્યું નથી. જે આપણી પાસે છે તે અનુકૂળ નથી અને જે અનુકૂળ લાગે છે તે આપણી પાસે નથી. જે મળ્યું છે તેનાથી નભાવી લઈએ તે જુદી વાત છે. આવી વિષમસ્થિતિમાં આપણે અનન્તો કાળ વિતાવ્યો છે. કર્મજન્ય ભાવોની આ વિષમસ્થિતિને ધ્યાનમાં લઈએ તો તે ભાવોની પ્રાપ્તિથી વિસ્મય નહિ થાય અને અપ્રાપ્તિથી દીનતા નહિ આવે. આથી જ યોગી જનને કર્મના ઉદયથી પ્રાપ્ત થનારા તે તે ભાવોમાં રતિ કે અરતિ થતી નથી.

તેઓ સમજે છે કે શુભ કર્મનો યોગ રતિનું કારણ છે અને અશુભ કર્મનો યોગ અરતિનું કારણ છે. શુભકર્મના યોગે રાગ વધે છે અને અશુભકર્મના યોગે દ્વેષ વધે છે. શુભાશુભકર્મના વિપાકો આ રીતે મોક્ષની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ બને છે અને ચારિત્રનો બાધ કરે છે. તેથી ધીર પુરુષોને ત્યાગના પરિણામથી સમતાની પ્રાપ્તિ થાય છે.... કર્મની ભયંકરતાને વર્ણવાય છે. કર્મની ઉપર જણાવ્યા મુજબ વિષમતા તો છે જ, પરન્તુ તેના જાણકારોને પણ કેવી ભયંકર અવસ્થામાં તે મૂકી દે છે - તે જણાવાય છે :

**आरूढा: प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।**
**भ्राम्यन्तेऽनन्तसंसारमहो दुष्टेन कर्मणा ।।२१-५।।**

''ઉપશમશ્રેણી ઉપર આરૂઢ થયેલા શ્રુતકેવલી-ચૌદપૂર્વધર મહાત્માઓને પણ દુષ્ટ કર્મ અનન્તો કાળ સંસારમાં ભમાડે છે.'' ચારિત્રમોહનીયકર્મના તીવ્ર ક્ષયોપશમને લઈને શ્રી શ્રુતકેવલી એવા ચૌદપૂર્વના જ્ઞાતા મહાત્માઓ ઉપશમશ્રેણીનો પ્રારંભ કરે છે. આઠ કર્મમાં માત્ર મોહનીયકર્મનો જ ઉપશમ થાય છે. મોહનીયકર્મની અઠ્ઠાવીશ પ્રકૃતિમાંથી કોઈ પણ પ્રકૃતિનો કોઈ પણ પ્રકારે જે ઉદયનો અભાવ-અનુદય છે, તેને ઉપશમ કહેવાય છે. આવા મોહનીયકર્મનો ઉપશમ કરવા માટેના આત્માના અધ્યવસાય-વિશેષને ઉપશમશ્રેણી કહેવાય છે.

આખા ભવચક્રમાં ચારથી વધારે વાર ઉપશમશ્રેણી પ્રાપ્ત થતી નથી. આઠમા ગુણસ્થાનકથી શરૂ થયેલી એ શ્રેણી અગિયારમા ગુણસ્થાનકે પૂર્ણ થાય છે. એક અન્તર્મુહૂર્ત માટે સર્વથા મોહનીયની અનુદય અવસ્થામાં વીતરાગતાનો અનુભવ કરી સૂક્ષ્મ લોભના ઉદયને તેઓશ્રી શ્રેણીથી પડીને અનુભવવા લાગે છે. પછી તો અધ્યવસાયની પરિવર્તનાવસ્થાને કારણે તેઓશ્રી પ્રથમ ગુણસ્થાનકે પણ જતા રહે છે. ખૂબ જ વિષમ સ્થિતિ છે કર્મના વિપાકોની. કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી આ સંસારમાં આ દુષ્ટ કર્મો આપણને ભમાડયા જ કરશે.

ચૌદ પૂર્વધર-શ્રુતકેવલી મહાત્માઓને પણ દુષ્ટ કર્મો અનન્તકાળ સુધી સંસારમાં ભમાડતા હોય તો આપણાજેવાને તો એ શું ના કરે ? અહીં યાદ રાખવું જોઈએ કે કર્મોનો બંધ જેમ બન્ધનાં કારણોને લઈને છે, તેમ કર્મોનો ઉદય પણ તેનાં કારણોને લઈને થતો હોય છે. એ કારણોને આધીન ના થઈએ તો કર્મ કાંઈ ના કરે. પરન્તુ અનાદિકાળના તીવ્ર રાગાદિ દોષોને આધીન બનવાથી જીવને અનન્તો કાળ સંસારમાં ભટકવું પડે છે. સમ્યગ્દર્શનાદિ ગુણો જો મજબૂત બને તો રાગાદિનો નાશ થવાથી આત્માના અધ્યવસાય અત્યન્ત વિશુદ્ધ બને. જેથી કર્મનો ઉપશમ થવાના બદલે કર્મોનો ક્ષય જ થઈ જાય છે. પછી તો સંસારમાં પરિભ્રમણ માટે કોઈ કારણ જ રહેતું નથી. કર્મની ઉપશમ અવસ્થા માત્ર અન્તર્મુહૂર્ત સુધી જ રહે છે. ત્યાર પછી તો તે કર્મોનો ઉદય થાય છે. બાહ્ય નિમિત્તોને લઈને કર્મનો ઉદય થતો હોવાથી બાહ્ય નિમિત્તો પણ સંસારમાં પરિભ્રમણનાં કારણ બને છે. તેથી માત્ર કર્મના ઉદયથી જીવને સંસારમાં ભટકવું પડે છેઃ એમ કહેવા પાછળનો જે આશય છે, તે સ્પષ્ટ કરાય છે :

**अर्वाक् सर्वाऽपि सामग्री, श्रान्तेव परितिष्ठति ।**
**विपाकः कर्मणः कार्यपर्यन्तमनुधावति ।।२१-६ ।।**

''કર્મના ઉદય પૂર્વેની બીજી બધી સામગ્રી (તે તે દ્રવ્યાદિ નિમિત્તો), પોતાનું કાર્ય કર્યા વિના થાકી ગયેલાની જેમ પડી રહે છે. પરન્તુ કર્મનો વિપાક કાર્યના અન્ત સુધી કાર્યરત રહે છે.'' - કહેવાનો આશય એ છે કે આ જગતમાં તે તે દ્રવ્યક્ષેત્રકાલાદિ વિદ્યમાન જ છે. નિમિત્ત પામીને જે કર્મનો વિપાક આપણને અનુભવવો પડે છે, એ વિપાકનો અનુભવ કરતાં પૂર્વે પણ તે તે નિમિત્તભૂત કારણની સામગ્રી વિદ્યમાન હોવા છતાં કર્મોનો ઉદય થયો નહિ ત્યાં સુધી તે સામગ્રીએ કશું જ કર્યું નહિ. પોતાનું કાર્ય કરવાથી જાણે થાકી ગઈ હોય તેમ કાર્ય કર્યા વિના એમ જ પડી રહી. કાર્ય કરવા માટે તત્પર બની નહિ. પણ જેવો કર્મોનો ઉદય શરૂ થયો કે તુરત જ તે બધી સામગ્રી કાર્યરત બની ગઈ. આથી સમજી શકાશે કે શુભાશુભ ફળ(કાર્ય)ની સિદ્ધિમાં કર્મના ઉદયની જ મુખ્યતા છે. કારણ કે એના વિના એની નજીકમાં રહેલી સામગ્રી કશું જ કરતી નથી.

આથી સ્પષ્ટ છે કે તે તે નિમિત્તોની ઉપેક્ષા કરી મુખ્યપણે કર્મના ક્ષય માટે જ મુમુક્ષુ જનોએ પ્રયત્ન કરવો જોઈએ. કર્મને આધીન ના બનીએ તો ચોક્કસ જ બાહ્ય નિમિત્તો આપણને કાંઈ કરી શકે એમ નથી. કર્મના વિપાકને આધીન બનેલા આત્માઓને અનન્તો કાળ સંસારમાં ભટકાવવાનું કામ કર્મનો વિપાક જે રીતે કરે છે - તે જણાવાય છે :

**असावचरमावर्ते, धर्मं हरति पश्यतः ।**
**चरमावर्तिसाधोस्तु, छलमन्विष्य हृष्यति ।।२१-७।।**

''આ કર્મવિપાક અચરમાવર્ત્તકાળમાં આપણા ધર્મને આપણા જોતાં લઈ જાય છે. ચરમાવર્તકાળમાં રહેલા સાધુના તો છળને શોધીને હર્ષ પામે છે. અર્થાદ્ છલ-દોષને શોધીને સાધુના ધર્મને લઈ જાય છે.'' - અનન્તી ઉત્સર્પિણી અવસર્પિણી કાલપ્રમાણ કાળનો એક પુદ્ગલપરાવર્ત થાય છે. એક પુદ્ગલપરાવર્ત્તકાળથી અધિક કાળ સુધી જેમને સંસારમાં રહેવાનું નથી - એવા આત્માઓને ચરમાવર્ત્તવર્તી (ચરમાવર્તી) કહેવાય છે અને તેનાથી જેઓ ભિન્ન છે એવા જીવોને 'અચરમાવર્ત્તવર્તી જીવો' કહેવાય છે.

અચરમાવર્ત્તકાળમાં કર્મનું પ્રાબલ્ય (જોર-સામર્થ્ય) ઘણું જ હોય છે. આત્મા તે કાળ દરમ્યાન ગમે તેટલો પણ ધર્મ કરે તોપણ તેનું વાસ્તવિક ફળ આત્મા મેળવી

શકતો નથી. ધર્મના બળને, કર્મનો વિપાક આપણી નજર સામે જ હરી લે છે. તેથી ક્ષીણ થયેલા બળવાળા ધર્મથી વિવક્ષિત ફળની પ્રાપ્તિ થતી નથી. જેની શક્તિ ક્ષીણ થઈ છે તે પોતાનું કાર્ય કઈ રીતે કરે ? અચરમાવર્ત્તકાળમાં આ રીતે કર્મનો વિપાક ધર્મને આપણા દેખતા જ પ્રગટ રીતે હરી લે છે.

પરન્તુ ચરમાવર્ત્તકાળમાં રહેલા પૂ. સાધુમહાત્માઓનો કર્મવિપાક સામાન્યથી બહુ સમર્થ હોતો નથી. તેથી તેઓશ્રીના પરમતારક ધર્મને પ્રગટ રીતે તે હરી લેતો નથી. જોકે એવા અસામર્થ્યમાં પણ કર્મવિપાક પોતાની એ પ્રવૃત્તિને છોડતો નથી. પૂ. સાધુ મહાત્માઓના પ્રમાદાદિ છલ(દૂષણ, છિદ્ર)ને તે શોધ્યા જ કરે છે અને કોઈ પણ એવું છિદ્ર જોઈને તેને આનંદ થાય છે. જેથી તે છલને પામીને પૂ. સાધુમહાત્માના ધર્મને પણ તે હરી જાય છે. આથી જ તેઓશ્રી ખૂબ જ અપ્રમત્તપણે સંયમજીવનની આરાધના કરતા હોય છે. કોઈ પણ પ્રકારે કર્મના ઉદયને છલ પ્રાપ્ત ન થાય-એનો પૂરતો ખ્યાલ રાખે છે. ગમે તેવા શુભાશુભ કર્મના ઉદયમાં પણ તેઓશ્રી સમતાને સારી રીતે ધારણ કરી લે છે - તે જણાવાય છે :

**साम्यं बिभर्त्ति यः कर्मविपाकं हृदि चिन्तयन् ।**
**स एव स्याच्चिदानन्दमकरन्दमधुव्रतः ।।२१-८।।**

''જેઓ કર્મના શુભાશુભ વિપાકનું ચિન્તન કરતાં હૃદયમાં સમતાને ધારણ કરે છે, તેઓ ચિદાનંદસ્વરૂપ પુષ્પના પરાગના ભોગી ભ્રમર બને છે.'' - આશય એ છે કે જે મુમુક્ષુ આત્મા કર્મોના શુભ કે અશુભ વિપાકનો વિચાર કરે છે તે ખૂબ જ સારી રીતે હૃદયમાં સમતાને ધારણ કરી શકે છે. આત્મા અને તેને લાગેલાં કર્મો : એ બંન્ને તદ્દન ભિન્ન છે - એનો પૂર્ણપણે ખ્યાલ હોવાથી પૂ. સાધુ મહાત્માઓ કર્મના શુભાશુભ વિપાકને આધીન બન્યા વિના આત્માના જ્ઞાનાદિ ગુણોમાં રમે છે. તદ્દન જ ભિન્ન સ્વરૂપ જેનું છે એવા આત્મદ્રવ્યને અને કર્મદ્રવ્યને એવો કોઈ સંબન્ધ નથી કે જેને લઈને તે તે દ્રવ્યના સ્વરૂપમાં કોઈ ફરક પડે. આત્મા આત્મા જ છે અને કર્મ કર્મ જ છે. કોઈ કશું આપી જતું નથી અને કોઈ કશું લઈ જતું નથી. પોતાનું પોતાની પાસે જ છે. ક્ષણવાર થઈ જાય કે આપણું કર્મે હરી લીધું. પરન્તુ એ વસ્તુતઃ એક પ્રકારની અજ્ઞાન દશા છે. કર્મના વિપાકથી જે મળે છે તેની સાથે આત્માને કાંઈ લાગતું-વળગતું નથી. અને આત્માને જેની સાથે લાગે-વળગે છે એવી કોઈ પણ ચીજ કર્મથી મળતી નથી.

આ રીતે પરમાર્થનો વિચાર કરવાથી પૂ. સાધુમહાત્માઓને કર્મના શુભાશુભવિપાકોની વચ્ચે પણ સમતા જળવાઈ રહે છે. પરપદાર્થોની ઈચ્છા-અપેક્ષા જ સામાન્યથી રાગાદિને ઉત્પન્ન કરે છે. કર્મના વિપાકથી પ્રાપ્ત થનારા પરપદાર્થોની સહેજ પણ અપેક્ષા નહિ હોવાથી સમતા પ્રાપ્ત થાય છે. એવી સમતાને વરેલા મહાત્માઓ જ્ઞાનના આનંદ સ્વરૂપ મકરંદ-પુષ્પપરાગનો આસ્વાદ ભમરાની જેમ લે છે. પુષ્પપરાગમાં ભમરાઓ ગાઢ આસક્ત હોય છે - એ લોકમાં પ્રસિદ્ધ છે. એની જેમ જ સચ્ચિદાનંદ સ્વરૂપ મકરન્દમાં આસક્ત ભમરા સ્વરૂપ મહાત્માઓ છે. અન્તે કર્મના શુભાશુભવિપાકોનું ચિન્તન કરી સચ્ચિદાનંદના ભોક્તા બનવા માટે આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક શુભભિલાષા....

**।। इति श्रीज्ञानसारप्रकरणे कर्मविपाकचिन्तनाख्यमेकविंशतितममष्टकम् ।।**

# अथ प्रारभ्यते द्वाविंशतितमं भवोद्वेगाष्टकम् ।

## २२

આ પૂર્વે કર્મના વિપાકોનું વર્ણન કર્યું. શુભાશુભ કર્મના વિપાક સ્વરૂપે આ સંસારમાં જીવોને ઈષ્ટ અને અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. અનાદિના કુસંસ્કારોને લઈને, જ્યારે પણ આ સંસારમાં જીવોને ગમે તેવા પણ અનિષ્ટની પ્રાપ્તિ થાય છે; ત્યારે પ્રાપ્ત થયેલા થોડા ઇષ્ટને કારણે અથવા તો ભવિષ્યમાં ઈષ્ટની પ્રાપ્તિ થશે : એવી આશાને કારણે વર્તમાન અનિષ્ટને તેઓ નભાવી લે છે. આવા સંયોગોમાં કર્મ પ્રત્યે ઉદ્વેગ તો આવતો જ નથી. 'શુભ કર્મો જાય અને અશુભ કર્મો નભી જાય' - આવી સ્થિતિમાં  કર્મો પ્રત્યે ઉદ્વેગ થાય : એનો ઉપાય જણાવવા માટે આ અષ્ટકથી ભવોદ્વેગનું વર્ણન કરાય છે :

**यस्य गम्भीरमध्यस्याज्ञानवज्रमयं तलम् ।**
**रुद्धा व्यसनशैलौघैः, पन्थानो यत्र दुर्गमाः ॥२२-१॥**

**पातालकलशा यत्र, भृतास्तृष्णामहानिलैः ।**
**कषायाश्चित्तसङ्कल्पवेलावृद्धिं वितन्वते ॥२२-२॥**

**स्मरौर्वाग्निर्ज्वलत्यन्तर्यत्र स्नेहेन्धनः सदा ।**
**यो घोररोगशोकादिमत्स्यकच्छपसङ्कुलः ॥२२-३॥**

**दुर्बुद्धिमत्सरद्रोहैर्विद्युद्दुर्वातगर्जितैः ।**
**यत्र सांयात्रिका लोकाः पतन्त्युत्पातसङ्कटे ॥२२-४॥**

**ज्ञानी तस्माद् भवाम्भोधेर्नित्योद्विग्नोऽतिदारुणात् ।**
**तस्य सन्तरणोपायं सर्वयत्नेन काङ्क्षति ॥२२-५॥**

''જેનો મધ્યભાગ અગાધ છે, અજ્ઞાનસ્વરૂપ વજ્રમય જેનું તળિયું છે, જ્યાં સંકટસ્વરૂપ પર્વતોની શ્રેણીઓ વડે રૂંધાયેલા અને દુઃખે કરીને જઈ શકાય એવા માર્ગો છે.''

''જ્યાં તૃષ્ણાસ્વરૂપ મહાવાયુથી ભરેલા ક્રોધાદિ ચાર કષાયો રૂપ પાતાલકલશો મનના સંકલ્પોની ભરતી કરે છે.''

"જ્યાં મધ્યભાગમાં સ્નેહરાગ સ્વરૂપ જલના બળતણવાળો કામસ્વરૂપ વડવાગ્નિ હંમેશા બળે છે, જે ભયંકર રોગ શોક વગેરે સ્વરૂપ માછલાં અને કાચબાઓથી વ્યાપ્ત - પૂર્ણ છે;"

"જ્યાં દુષ્ટબુદ્ધિ માત્સર્ય અને દ્રોહ સ્વરૂપ વીજળી, વાવાઝોડા અને ગર્જારવના કારણે યાત્રિક-(વાહન ચલાવનારા) લોકો સંકટમાં પડે છે."

"એવા અત્યન્ત ભયંકર ભવસમુદ્રથી નિત્ય ભયભીત થયેલા જ્ઞાની મહાત્માઓ તે સંસારસમુદ્રથી તરવા માટે સકલ પ્રયત્ન વડે ઉપાયને ઈચ્છે છે." - આ પ્રમાણે આ અષ્ટકના પ્રથમ પાંચ શ્લોકોનો અર્થ છે. આ પાંચ શ્લોકોને ભેગા રાખીને અર્થ સમજવાનો છે.

અહીં સંસારને સમુદ્રની ઉપમા આપીને તેની ભયંકરતા વર્ણવી છે. સમુદ્રની ભયંકરતા આપણે સમજી શકીએ છીએ. સંસારની ભયંકરતા સમજવાની વાત થોડી અઘરી છે. સમુદ્રમાં પડ્યા વગર તેની ભયંકરતાનો આપણને પૂરતો અનુભવ છે. સંસારમાં પડેલા હોવા છતાં તેની ભયંકરતાનો ખ્યાલ હજી સુધી આવ્યો નથી.

સમુદ્રનો મધ્યભાગ, સમુદ્રનું તળિયું, ત્યાં જવા માટેના દુર્ગમ માર્ગ, પર્વતોનો અવરોધ, પાતાલકળશોના કારણે આવતી ભરતી, સમુદ્રમાં બળતો વડવાનલ, ત્યાં રહેનારાં માછલાં અને કાચબા વગેરે જલચર જીવો, વાવાઝોડા, વીજળીના કડાકાથી ત્રાસ પામતા લોકો.... ઇત્યાદિનો વિચાર કરવાથી સમુદ્રની ભયંકરતા સ્પષ્ટ જણાય છે.

સમુદ્રની જેમ સંસાર પણ ભયંકર છે. ઉપર જણાવેલા શ્લોકોમાં સંસારની ભયંકરતાનું વર્ણન, તે તે સમુદ્રસંબન્ધી ભાગોની ઉપમા આપવા દ્વારા કરાયું છે. સમુદ્રનો મધ્યભાગ જેમ અગાધ ઊંડો (ન માપી શકાય-એવો) હોય છે, તેમ આ ભવસમુદ્રનો મધ્યભાગ પણ અગાધ હોય છે. ચારગતિમય આ સંસાર અગાધ છે. તેના પારને પામવાનું ખૂબ જ અઘરું છે. સમુદ્રનું તળિયું જેમ અભેદ્ય હોય છે તેમ આ ભવસમુદ્રનું તળિયું અજ્ઞાનસ્વરૂપ વજ્રજેવું અભેદ્ય હોય છે. અજ્ઞાનનો નાશ કરવાનું ધારીએ છીએ એટલું સરળ નથી.

પર્વતોના કારણે જેમ સમુદ્રમાં જવા-આવવાના માર્ગો અવરુદ્ધ હોય છે, તેમ આ સંસારમાં અનેકાનેક સંકટો સ્વરૂપ પર્વતોના સમુદાયો વડે સકલ માર્ગો અવરુદ્ધ હોવાથી ત્યાં દુ:ખે કરીને જઈ શકાય છે.

લવણસમુદ્રના મધ્યભાગના તળિયે મોટા ઘડાના આકારના ચાર દિશામાં ચાર પાતાળ કળશો છે. તેમાં નીચેના ભાગમાં માત્ર વાયુ ભરેલો છે. મધ્યભાગમાં વાયુ અને જળ હોય છે અને ઉપરના ભાગમાં જળ હોય છે. તેમાંનો વાયુ બહાર નીકળવા માટે પ્રયત્ન કરતો હોય તેમ ઊછળે છે, ત્યારે સમુદ્રમાં ભરતી આવે છે.... ઇત્યાદિ ક્ષેત્રસમાસાદિમાં જણાવ્યું છે. આ રીતે સમુદ્રમાં જેમ પાતાલકલશાદિને કારણે ભરતી (વેલાવૃદ્ધિ) આવે છે, તેમ અહીં સંસારમાં તૃષ્ણા સ્વરૂપ મહાવાયુથી ભરેલા ક્રોધાદિ ચાર કષાય સ્વરૂપ પાતાલકળશો ચિત્તના સંકલ્પવિકલ્પોની વૃદ્ધિ (વેલાવૃદ્ધિ) - ભરતી કરે છે.

સમુદ્રમાં જળથી ઉત્પન્ન થયેલો વડવાનલ જેમ બળ્યા કરે છે, તેમ આ સંસારમાં સ્નેહસ્વરૂપ જળથી ઉત્પન્ન થયેલો કામાગ્નિ સ્વરૂપ વડવાનલ બળ્યા કરે છે. માછલા અને કાચબાઓ વગેરે જલચર જીવોથી ભરેલો જેમ સમુદ્ર છે, તેમ આ સંસારસમુદ્ર ભયંકર એવા રોગ અને શોક વગેરેથી ભરેલો છે.

વાવાઝોડા અને વીજળીઓના કડાકાથી સમુદ્રમાં મુસાફરી કરનારા લોકો જેમ સંકટમાં પડે છે, તેમ દુષ્ટ બુદ્ધિ સ્વરૂપ અને માત્સર્ય તેમ જ દ્રોહ સ્વરૂપ વીજળીઓ અને વાવાઝોડા તેમ જ ગર્જનાઓથી આ સંસારસમુદ્રમાં પ્રવાસ કરનારા (ચારિત્ર-વાહનમાં બેસેલા) યાત્રિકો ઉત્પાતસ્વરૂપ અનેકાનેક સંકટોમાં પડે છે.

આવા ભયંકર સંસારસમુદ્રમાં પડેલા પ્રાણીઓ ખૂબ જ યાતનાઓ ભોગવી રહ્યા છે. પરન્તુ ભાન ગુમાવેલા લોકોની જેમ જ પોતાની યાતનાઓનો ખ્યાલ આપણને આવતો નથી. પૂ. ભવનિસ્તારક ગુરુદેવાદિની પુણ્યકૃપાથી આપણને થોડું ભાન આવે એટલે આપણી યાતનાઓનો થોડો ખ્યાલ આવે ખરો, પણ તે; ક્ષણવારમાં તો થોડી અનુકૂળતા મળતાંની સાથે જતો રહે છે. પૂ. ગુરુદેવશ્રીનું સતત સાન્નિધ્ય અને શાસ્ત્રનું પરિશીલન જ આપણને ભાનમાં લાવી શકે અને રાખી શકે. જ્યાં સુધી સંસારસમુદ્રની ઉપર વર્ણવ્યા મુજબની ભયંકરતાની પ્રતીતિ નહિ થાય ત્યાં સુધી વાસ્તવિક રીતે ધર્મની શરૂઆત પણ નહિ થાય. ઉપર જણાવ્યા મુજબ સંસારની

ભયંકરતા મોહનીયકર્મના ઉદયને લઈને છે. તૃષ્ણા કષાયો વિષયો અને મિથ્યાત્વાદિને લઈને આ સંસારસમુદ્ર ભયંકર છે. આપણે જે રીતે સંસારને ભયંકર માનીએ છીએ, તે રીતે સંસારને ભયંકર અહીં વર્ણવ્યો નથી. વિષય અને કષાય સંસારનું મૂળ છે. તેની ભયંકરતાનો જ્યાં સુધી ખ્યાલ નહિ આવે ત્યાં સુધી સંસારની ભયંકરતાનો પણ ખ્યાલ નહિ આવે.

આ ભયંકર સંસારસાગરથી નિત્ય ઉદ્વેગને પામેલા જ્ઞાનીભગવન્તો કોઈ પણ રીતે અર્થાદ્ સઘળાય પ્રયત્ને તે સંસારસાગરથી તરી જવા માટેના ઉપાયને ઈચ્છે છે. તેઓ જાણે છે કે આ ભવને તરી જવા માટે સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્ર : આ એક જ ઉપાય છે. તેથી સંસારથી ઉદ્વેગ પામેલા જ્ઞાની ભગવન્તો સદાને માટે સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રને ઈચ્છે છે. તાત્ત્વિક રીતે સંસારથી ઉદ્વેગ પામેલા જ્ઞાની ભગવન્તોની, એ રત્નત્રયી પ્રાપ્ત કરવાની ઈચ્છાને આપણે સમજી શકીએ છીએ. એક વખત ભય અને અસુરક્ષાની લાગણી પેદા થઈ જાય તો એને દૂર કરવાના સાધનને છોડીને બીજી કોઈ પણ ઈચ્છાને અવકાશ જ રહેતો નથી. સમુદ્રમાં પડેલા આત્માને શાની ઈચ્છા હોય - એની કલ્પના આપણે કરી શકીએ છીએ. એવી જ રીતે ભવસાગરથી ભયભીત બનેલા જ્ઞાનીને ભવતરણના ઉપાયની જ એક ઈચ્છા હોય - એ સ્પષ્ટ છે. પૂર્વે કરેલા અશુભ કર્મના તીવ્ર ઉદયના કારણે કોઈ વાર એ ઉપાય ન પણ મળે તોપણ તેની ઈચ્છા ઉત્તરોત્તર વધતી જતી હોય છે.

ભવસમુદ્રથી ભય પામેલા જ્ઞાનીભગવન્તોને પાર ઉતારનાર ચારિત્ર સ્વરૂપ યાન-વાહન છે. આત્મસ્વરૂપનું જ્ઞાન અને આત્મસ્વરૂપમાં રમણતા : એ બેથી ચારિત્રસ્વરૂપ વહાણ અત્યન્ત મનોહર છે. એનું સુકાન સમ્યગ્દર્શન છે. દશ પ્રકારનો ક્ષમાદિ યતિધર્મ અને અઢાર હજાર શીલના ભાંગા (પ્રકાર) સ્વરૂપ પાટિયાથી એ વહાણ મજબૂત છે. સમ્યગ્જ્ઞાન સ્વરૂપ નિર્યામકથી સહિત આ ચારિત્રયાન સુસાધુજનોના સંસર્ગ સ્વરૂપ દોરડાઓથી બંધાયેલું છે. સંવરસ્વરૂપ ખીલાઓથી એના આશ્રવ સ્વરૂપ છિદ્રો બંધ કરાયા છે. સામાયિક અને છેદોપસ્થાપનીય સ્વરૂપ બે માળની રચનાવાળું તે વહાણ સાધુસામાચારી સ્વરૂપ કરણમંડપથી સુશોભિત છે. ત્રણ ગુપ્તિથી સુરક્ષિત તે વહાણ અસંખ્યાત શુભ અધ્યવસાય સ્વરૂપ યોદ્ધાઓ વડે સુસજ્જ હોવાથી શત્રુઓથી અજેય છે..... ઇત્યાદિ જેનું સ્વરૂપ છે - એવા ચારિત્ર સ્વરૂપ વહાણને જ્ઞાની ભગવન્તો ઈચ્છે છે.

પુણ્યથી મળેલાં સંસારનાં સુખોને છોડીને ચારિત્રવાહનમાં જ્ઞાનીભગવન્તો કઈ રીતે જાય-તે દૃષ્ટાન્તથી જણાવાય છે. આશય એ છે કે પુણ્યથી મળેલાં સુખોનો ત્યાગ કઈ રીતે શક્ય બને ? દુઃખથી ભય પામેલાને પણ સુખની પ્રાપ્તિ વિશ્રામનું સ્થાન બનતું જોવાય છે. તેથી જ્ઞાનીભગવન્તો સંસારથી ભય પામીને ચારિત્રને કઈ રીતે ઈચ્છે છે - તે દૃષ્ટાન્તથી જણાવાય છે :

**तैलपात्रधरो यद्वद्, राधावेधोद्यतो यथा ।**
**क्रियास्वनन्यचित्तः स्याद्, भवभीतस्तथा मुनिः ।।२२-६।।**

''તેલથી ભરેલા પાત્રને ધરનારાની જેમ તેમ જ રાધાવેધને સાધવામાં તત્પર એવા માણસની જેમ ભવથી ભય પામેલા મુનિ ક્રિયાઓને વિશે એકાગ્ર ચિત્તવાળા બને છે.'' આશય એ છે કે કોઈ એક રાજાએ ગમે તે કારણે કોઈ એક સારા માણસને તેના વધની શિક્ષા ફરમાવી હતી. સભાજનોની વિનંતિને માન આપી રાજાએ એક શરતે તે સજામાંથી તેને મુક્ત કર્યો. શરત એ હતી કે તેલથી ભરેલું વાસણ હાથમાં લઈને સમગ્ર નગરમાં ફરી આવવાનું. એમાં જો તેલનું એકાદ ટીપું પણ નીચે પડે તો તરત જ તેનું માથું, સાથેના અંગરક્ષકો શરીરથી જુદું કરી નાંખશે. આ શરતે પેલા માણસે તેલનું ભાજન લઈને નગરમાં ફરવાની શરૂઆત કરી. તેની સાથે ખુલ્લી તલવાર હાથમાં રાખીને બે રાજપુરુષો પણ નગરમાં ફર્યા. એક પણ તેલનું ટીપું પાડ્યા વિના પેલા માણસે નગરમાં ફરીને તેલનું પાત્ર રાજાના ચરણે મૂક્યું. અને સજામાંથી મુક્ત બન્યો. નગરમાં તે તે સ્થાને અનેક પ્રકારના નાચ-ગાન ચાલતા હતા. અનેક પ્રકારના ખાન-પાન પણ ઉપલબ્ધ હતા. પરન્તુ મરણનો ડર હોવાથી પેલા માણસે જેમ પાંચેય ઈન્દ્રિયોના વિષયોની સામે પણ જોયું નહિ, તેમ મુનિભગવન્તો પણ સંસારથી ભયભીત થયેલા હોવાથી ચારિત્રની ક્રિયામાં જ ઉપયોગવાળા હોય છે. બીજી અવિરતિની ક્રિયામાં તેઓશ્રીનું ચિત્ત જતું નથી.

આ જ વાતને સમજાવતું દૃષ્ટાન્ત 'રાધાવેધ' નું છે. મંડપની વચ્ચે થાંભલો આરોપેલો હોય છે. તેની ઉપર ચાર ચકરડાં જમણેથી ડાબે અને ચાર ચકરડાં ડાબેથી જમણે અત્યન્ત વેગથી ફરતાં હોય છે. તેની ઉપર 'રાધા' નામની પૂતળી ગોઠવેલી હોય છે. નીચે તેલનું કૂંડું રાખેલું હોય છે. જેમાં ઉપરની પૂતળીનું પ્રતિબિંબ પડે છે. એ પ્રતિબિંબને જોઈને ઉપરની પૂતળીની ડાબી આંખ જે વીંધે, તેને 'રાધાવેધ' નો સાધક કહેવાય છે. પૂર્વકાળમાં સ્વયંવરમાં રાજકન્યાને પરણવા માટે રાજપુત્રો

રાધાવેધની સાધના કરતા હતા. રાધાવેધના સાધકની જેમ મહામુનિઓનું ચિત્ત સ્થિર રહેતું હોય છે. અનિષ્ટની (મરણાદિની) પ્રાપ્તિ ન થાય અને ઈષ્ટની પ્રાપ્તિ (રાજકન્યાની પ્રાપ્તિ) થાય : એ માટે તેલનું પાત્ર ધરનાર અને રાધાવેધમાં ઉદ્યમવન્ત જેમ ગમે તેવા સંયોગોમાં ચિત્ત સ્થિર રાખે છે, તેમ મહામુનિઓ પણ ચિત્તને સ્થિર રાખે છે. તેમને સંસારનો ભય છે અને મોક્ષે જવું છે. તેથી અનિષ્ટથી (સંસારથી) દૂર રહેવા અને ઈષ્ટ (મોક્ષની) પ્રાપ્તિ માટે પૂ. મહાત્માઓ ગમે તેવી પરિસ્થિતિમાં ચિત્તસ્થિરતાને પ્રાપ્ત કરી લે છે.

આ રીતે ભવનો ભય હોવાથી મુનિભગવન્તોનું ચિત્ત ક્રિયાઓમાં એકાગ્ર બને- એ સમજી શકાય છે. પરન્તુ ઉપસર્ગો વખતે તેઓશ્રીનું ચિત્ત કઈ રીતે સ્થિર રહે છે - આ શઙ્કાનું સમાધાન કરાય છે :

**विषं विषस्य वह्नेश्च, वह्निरेव यदौषधम् ।**
**तत्सत्यं भवभीतानामुपसर्गेऽपि यन्न भीः ।।२२-७।।**

''વિષનું ઔષધ વિષ છે; અગ્નિનું ઔષધ અગ્નિ જ છે - એમ કહેવાય છે તે સત્ય છે. જેથી સંસારથી ભય પામેલા મહાત્માઓને ઉપસર્ગમાં પણ ભય નથી હોતો.'' - આશય એ છે કે સંસાર દુઃખમય છે, દુઃખના ફળવાળો છે અને દુઃખાનુબન્ધી છે. એનાથી ભયભીત બનેલા મહાત્માઓ તાત્ત્વિક રીતે તો સંસારસ્વરૂપ દુઃખથી જ ભય પામ્યા છે.

આ સંસાર જન્મ મરણ જરા શોક અને રોગાદિનાં દુઃખો સ્વરૂપ છે. ભવાન્તરમાં એ દુઃખોને આપનારો અને તેની પરંપરાને વધારનારો છે. ભૂતકાળના પ્રબળ પુણ્યોદયે ગમે તેટલો સારો લાગતો પણ આ સંસાર જન્મમરણાદિનાં દુઃખોથી મુક્ત નથી. આ દુઃખથી ભયભીત બની તેના ઉચ્છેદ માટે અપ્રમત્તપણે સાધનામાં તત્પર બનેલા મહાત્માઓને જ્યારે પણ ઉપસર્ગો આવે છે, ત્યારે તેઓશ્રી સહેજ પણ ભય પામતા નથી. કારણ કે તેઓશ્રી સારી રીતે સમજે છે કે ભવના ભયને દૂર કરવાનું ઔષધ જ આ ઉપસર્ગો છે. ઉપસર્ગોનું દુઃખ, કોઈ પણ પ્રકારની દીનતા વિના સહન કરી લેવાથી કર્મોનો સર્વથા ક્ષય થાય છે અને તેથી ભવનો ઉચ્છેદ થવાથી ભવનો ભય દૂર થાય છે. આથી સમજી શકાય છે કે દુઃખને દૂર કરવા માટે ઔષધ દુઃખ છે. સંસારના કારણભૂત શુભાશુભકર્મોની નિર્જરા માટે ખૂબ જ અસરકારક ઔષધ ઉપસર્ગોનું દુઃખ

છે. તેને સમતાપૂર્વક સહન કરી લેવાથી ચિકાર કર્મોની નિર્જરા થાય છે, જે ભવક્ષયનું એકમાત્ર સાધન છે. કાયમ માટે દુઃખ જતું હોય તો તે માટે ગમે તેટલું દુઃખ વેઠી લેવામાં કોઈ જ તકલીફ નથી. આથી જ મહાત્માઓ ઉપસર્ગ આવે ત્યારે ભય પામતા નથી. આ વાતનું સમર્થન આ શ્લોકમાં બે દૃષ્ટાન્તો દ્વારા કરાયું છે.

વિષની બાધાને દૂર કરવા માટે જેમ વિષનો પ્રયોગ કરાય છે અને અગ્નિથી બળેલાની પીડાને દૂર કરવા માટે અગ્નિ વગેરેનો શેક કરાય છે. તેમ અહીં પણ ભવના દુઃખને દૂર કરવાનું ઔષધ ઉપસર્ગનું દુઃખ છે. ઉપસર્ગોની પ્રાપ્તિમાં આ રીતે મુનિ મહાત્માઓને ભય હોતો નથી-એ સમજાય છે. પરન્તુ વર્ષો સુધી ચારિત્રની આરાધના કરવા છતાં ભવનો અન્ત જણાય નહિ તો તેઓશ્રી સ્થિર કઈ રીતે રહે : આ શંકાનું સમાધાન કરાય છે :

**स्थैर्यं भवभयादेव, व्यवहारे मुनि र्व्रजेत्।**
**स्वात्मारामसमाधौ तु, तदप्यन्तर्निमज्जति ।।२२-८।।**

''ભવના ભયથી જ મુનિભગવન્તો વ્યવહારમાં (પ્રારંભિક અવસ્થામાં) સ્થિરતાને પ્રાપ્ત કરે છે. પોતાના આત્માની રતિ સ્વરૂપ સમાધિની પ્રાપ્તિ થયે છતે તો ભવનો ભય પણ સમાધિમાં જ લીન થાય છે.'' કહેવાનો આશય એ છે કે વ્યવહારદશામાં (નયમાં) પ્રવૃત્તિ-નિવૃત્તિ સ્વરૂપ ચારિત્ર હોય છે. ત્યાર પછી તો પોતાના (આત્માના) ગુણો(જ્ઞાનાદિ) વિશેની સ્થિરતા સ્વરૂપ ચારિત્ર હોય છે.

પ્રવૃત્તિ-નિવૃત્તિ સ્વરૂપ ચારિત્રથી નિજગુણની સ્થિરતા સ્વરૂપ ચારિત્ર પ્રાપ્ત થાય છે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નવકલ્પી વિહાર, સ્વાધ્યાય, નિર્દોષભિક્ષા, ગુરુપારતન્ત્ર્ય અને પરીસહસહન... ઇત્યાદિ સાધુધર્મની પ્રવૃત્તિ તેમ જ સર્વસાવદ્ય પ્રવૃત્તિની નિવૃત્તિ સ્વરૂપ ચારિત્રની આરાધના ખરેખર જ દુષ્કર છે. શરૂઆતની કક્ષામાં એમાં સ્થિરતા પામવાનું ખૂબ જ કઠિન છે. પરન્તુ ભવનો ભય હોવાથી જ પૂજ્ય મુનિભગવન્તો પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વરૂપ ચારિત્રમાં સ્થિરતાને પ્રાપ્ત કરે છે. તેઓશ્રી સારી રીતે જાણે છે કે આ સર્વવિરતિધર્મની વિશુદ્ધ આરાધનાથી જ ભવનો ભય દૂર થશે. અન્યથા એ દૂર થશે નહિ. ચારિત્રધર્મની આરાધના ગમે તેટલી કષ્ટકારક હોય તોપણ તે, ભવના ભયની અપેક્ષાએ કોઈ પણ રીતે કષ્ટકારક નથી. વાસ્તવિક રીતે ભવનો ભય લાગ્યા પછી ચારિત્રમાં અસ્થિર થવાનું કોઈ કારણ નથી. ભવનો ભય

જતો રહે એટલે સંસાર તરફ જ દૃષ્ટિ જતી હોય છે અને તેથી ચારિત્રમાં અસ્થિરતા પેદા થાય-એ સમજી શકાય છે. પૂ. મુનિભગવન્તોને ભવના ભયને લઈને જ સ્થિરતા પ્રાપ્ત થતી હોય છે.

આ રીતે વ્યવહારમાં (પ્રવૃત્તિ-નિવૃત્તિસ્વરૂપ વ્યવહારાભિમત ચારિત્રમાં) સ્થિરતાને પ્રાપ્ત કરવાથી અનુક્રમે આત્મરમણતા કરવા સ્વરૂપ સમાધિમાં મગ્ન બને છે. ત્યારે તો પૂર્વનો ભવભય એ સમાધિમાં જ વિલીન થાય છે. અર્થાદ્ ભવનો ભય જ રહેતો નથી. કારણ કે ભવનો અન્ત જ થયા જેવો હોય છે. જેમને સંસાર ગમે છે એમને ભવનો ભય હોતો નથી. એવા જીવો ભવાભિનન્દી હોય છે. અને જેમના સંસારનો અન્ત નજીકમાં છે, એવા જીવોને પણ ભવનો ભય હોતો નથી. એ મુનિ ભગવન્તો આત્મસ્વભાવમાં લીન હોય છે. સુખમાં કે દુઃખમાં અને ભવમાં કે મોક્ષમાં.... ઇત્યાદિ દ્વન્દ્વોમાં સર્વત્ર તેઓશ્રી સર્વથા નિસ્પૃહ હોય છે. અન્તે તાત્ત્વિક રીતે ભવભયને પ્રાપ્ત કરી આપણા આત્માને ભવના ભયથી રહિત બનાવવા માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા....

**।। इति श्रीज्ञानसारप्रकरणे द्वाविंशतितमं भवोद्वेगाष्टकम् ।।**

## अथ प्रारभ्यते त्रयोविंशतितमं लोकसंज्ञात्यागाष्टकम् ।

## २३

આ પૂર્વે ભવના ઉદ્વેગનું નિરૂપણ કર્યું. સંસારથી ઉદ્વેગ પામીને મોક્ષની સાધનાને અપ્રમત્તપણે કરનારા મુનિમહાત્માઓની સાધનામાં વિઘ્ન કરનારી લોકસંજ્ઞા છે. લોકસંજ્ઞાનો ત્યાગ ન કરે તો મહાત્માઓની સાધનામાં અનેક અવરોધો ઊભા થતા હોય છે. કાલાન્તરે તો સમગ્રપણે આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ જ બદલાય છે. તેથી ભવોદ્વેગના નિરૂપણ પછી તરત જ લોકસંજ્ઞાના ત્યાગનું વર્ણન કરાય છે -

**प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलङ्घनम् ।**
**लोकसंज्ञारतो न स्यान् मुनिर्लोकोत्तरस्थितिः ।।२३-१।।**

''સંસારસ્વરૂપ વિકટ પર્વતને ઓળંગી જવા સ્વરૂપ છઠ્ઠું ગુણસ્થાનક જેમણે પ્રાપ્ત કર્યું છે, એવા લોકોત્તર મર્યાદામાં રહેલા મુનિમહાત્મા લોકસંજ્ઞામાં રક્ત ન બને.'' અનન્તોપકારી શ્રી વીતરાગપરમાત્માએ આ સંસારને દાવાનલ રાક્ષસ અટવી કારાગૃહ અને શ્મશાન વગેરે ઉપમાઓ દ્વારા ખૂબ જ ભયંકર વર્ણવ્યો છે. અહીં દુઃખે કરીને ઓળંગી શકાય (પાર કરી શકાય) એવા પર્વતની ઉપમા આપીને ભવની ભયંકરતા વર્ણવી છે.

દુઃખે કરી ઓળંગી શકાય એવા પર્વત જેવા સંસારથી પાર ઊતરવા માટે સર્વવિરતિધર્મ વિના બીજું કોઈ સાધન નથી, જેની પ્રાપ્તિ છઠ્ઠા ગુણસ્થાનકે થાય છે. દુઃખે કરી પાર પામી શકાય એવા પહાડ જેવા આ સંસારનો પાર પામવા માટેના સાધનભૂત છઠ્ઠા ગુણસ્થાનકની જેને પ્રાપ્તિ થઈ છે, એવા મહાત્માઓએ લોકસંજ્ઞાને આધીન બનવું જોઈએ નહિ. લોકો જે કરે છે અથવા જે કહે છે, તેમ કરવું કહેવું અથવા માનવું... તેને સામાન્યથી લોકસંજ્ઞા કહેવાય છે. શ્રી તીર્થંકરપરમાત્માની પરમતારક આજ્ઞાની આરાધનામાં નિરન્તર ઉદ્યમવન્ત મહાત્માઓ છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા છે. ભવથી પાર ઊતરવા માટેના અમોઘ સાધનને પામ્યા પછી લોકોની સામે જોવાનું કોઈ જ કારણ નથી. લોકોત્તર પરમતારક શાસનની મર્યાદામાં રહેલા મહાત્માઓને લોકને આધીન બની કોઈ પણ પ્રવૃત્તિ કરવાનું પાલવે નહિ. સર્વજ્ઞભગવન્તો દ્વારા પ્રતિપાદન કરાયેલી લોકોત્તર મર્યાદામાં રહેલા મહાત્માઓ લોકનું અનુસરણ ના કરે. લોક અજ્ઞાની છે, વિવેકહીન છે અને અપરમાર્થદર્શી છે. તેમની

દૃષ્ટિથી ચલાય નહિ. લોકો વિષયના અભિલાષી હોય છે તેમ જ પૌદ્‌ગલિક સમ્પત્તિથી જ મહત્ત્વને માનનારા હોય છે. મુનિભગવન્તો તો મોક્ષના અભિલાષી અને જ્ઞાનદર્શનાદિ આત્માના ગુણોથી મહત્ત્વને માનનારા છે. લોકની માન્યતા અને લોકોત્તર માન્યતા : એ બેમાં ઘણું જ અન્તર છે. તેથી મુનિ ભગવન્તો લોકસંજ્ઞાનો ત્યાગ કરે છે, તેમાં તણાતા નથી. તેઓશ્રી સારી રીતે સમજે છે કે - લોકસંજ્ઞાને આધીન બનવાથી શું થાય છે. લોકસંજ્ઞાને આધીન થવાથી આપણને કોઈ લાભ તો થતો જ નથી. પરન્તુ ઉપરથી આપણને આ પૂર્વે પ્રાપ્ત થયેલા ગુણો નાશ પામે છે : એ દૃષ્ટાન્તથી જણાવાય છે :

**यथा चिन्तामणिं दत्ते, बठरो बदरीफलैः ।**
**हहा जहाति सद्धर्मं, तथैव जनरञ्जनैः ।।२३-२।।**

''મૂર્ખ માણસ બોરના બદલે જેમ ચિન્તામણિરત્ન આપી દે છે, તેમ અનેક પ્રકારે લોકોનું રંજન કરવા વડે સદ્‌ધર્મનો ત્યાગ કરે છે - તે દુઃખની વાત છે.'' દૃષ્ટાન્તમાં જણાવેલી મૂર્ખતા તો ખૂબ જ સ્પષ્ટ છે. આવી મૂર્ખતા તો કોઈ ના કરે. મૂર્ખતાની પરાકાષ્ઠા આવે ત્યારે જ કોઈ વાર એવું કો'ક કરે. પરન્તુ જનરંજન કરવા દ્વારા સદ્‌ધર્મનો ત્યાગ કરનારાની સંખ્યા ઘણી મોટી છે અને એમાં દિવસે દિવસે વધારો થતો જ જાય છે. જોકે એની સાથે આપણને વ્યક્તિપરત્વે કોઈ સંબન્ધ નથી. આપણા પોતાના જ આત્માપૂરતી ચિંતા કરવાની છે. પ્રાપ્ત થયેલા સદ્‌ધર્મને લોકરંજનને કારણે આપણે ત્યજી ના બેસીએ એટલા માટેનો અહીં પ્રયાસ છે.

લોકોને રાજી કરવાની વૃત્તિ-પ્રવૃત્તિને જનરંજન કહેવાય છે. જનરંજનના અનેક પ્રકારો છે અને એનાં પ્રયોજનો પણ અનેક છે. આપણી આ લોક સંબન્ધી એવી કોઈ પણ ઈચ્છાને પૂર્ણ કરવા માટે લોકની આવશ્યકતા ઊભી થાય એટલે લોકને રાજી કરવા માટે પ્રવૃત્તિ કરવી પડે છે. તેને અહીં લોકરંજન તરીકે વર્ણવી છે. નહિજેવી અત્યન્ત તુચ્છ એવી આ લોક સંબન્ધી વસ્તુની પ્રાપ્તિ માટે લોકને રાજી કરી સદ્‌ધર્મનો ત્યાગ કરવાનું કૃત્ય ખૂબ જ ભયંકર છે. લોક કદાચ રાજી થઈ પણ જાય, પરન્તુ તેથી તેમાં નથી તો લોકનું હિત થતું કે નથી આપણું પોતાનું હિત થતું.

છઠ્ઠા ગુણસ્થાનકે સર્વવિરતિસ્વરૂપ સદ્‌ધર્મની પ્રાપ્તિ થયા પછી, આ લોક સંબન્ધી કોઈ પણ ચીજની અપેક્ષા રાખવાની આવશ્યકતા નથી કે જેને પૂર્ણ કરવા

માટે લોકની આપણને જરૂર પડે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનની સુંદર રીતે આરાધના કરવાની સર્વોત્કૃષ્ટ તક મળ્યા પછી શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનનું અનુસરણ કરવાના બદલે લોકનું અનુસરણ કરવાનું ખરેખર તો કોઈ જ કારણ નથી. આ સંસારનાં સુખોનો ત્યાગ કર્યા પછી લોકો પાસેથી મેળવવાજેવું ખરેખર તો કાંઈ જ નથી. પરન્તુ પૂજા ખ્યાતિ માન સન્માન અને કીર્તિ આદિની તીવ્ર ઈચ્છાને લઈને લોકોને રાજી કરવા માટે અનેક તરકીબો રચવી પડે છે. લોકને ગમે એવું બોલવું પડે. સંપૂર્ણ રીતે સાચી વાત હોવા છતાં લોકને ન ગમવામાત્રથી એ વાત કરવાનું માંડી વાળવું પડે અને આપણને ગમતી વાત ન હોય તોપણ તેમની વાતનો સ્વીકાર કરવો પડતો હોય છે. ભારે વિટંબણા છે લોકરંજનની. આત્માના હિતને જે અનુકૂળ હોય તે કરવાના બદલે મનને જે અનુકૂળ લાગે તે કરવાથી લોકસંજ્ઞાને આધીન થવાનો જ પ્રસઙ્ગ આવે છે. તેથી અનુકૂળતાની અર્થિતાનો ત્યાગ કર્યા વિના ચાલે એવું નથી. છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા મુનિભગવન્તો અનુકૂળતાના અર્થી ન હોવાથી જ લોકસંજ્ઞાના પ્રવાહથી દૂર હોય છે - તે જણાવાય છે. અર્થાદ્ લોકસંજ્ઞાનો ત્યાગ કરવાનો ઉપાય જણાવાય છે :

**लोकसंज्ञामहानद्यामनुस्रोतोऽनुगा न के ? ।**
**प्रतिस्रोतोऽनुगस्त्वेको, राजहंसो महामुनिः ।।२३-३ ।।**

''લોકસંજ્ઞાસ્વરૂપ મહાનદીમાં પ્રવાહને અનુસરી જનારા કોણ નથી ? પરન્તુ લોકસંજ્ઞારૂપ મહાનદીના સામા પ્રવાહે ચાલનાર રાજહંસ જેવા મહામુનિ એક જ છે.'' - આશય એ છે કે સામાન્યથી મોક્ષના અર્થી જીવો પણ જ્યારે જ્યારે ધર્મની આરાધના કરે છે ત્યારે ત્યારે તેમની નજર લોકની સામે હોય છે. પ્રાયે કરી લોકો જે પ્રમાણે કરે તે પ્રમાણે તેઓ ધર્મ કર્યા કરે. લોકનો સ્વભાવ છે કે જેમ અનુકૂળ પડે તેમ જ કરવું. શાસ્ત્ર કે શાસ્ત્રકાર પરમર્ષિઓ વગેરેની વાતનો વિચાર કરવાનું લોકો માનતા નથી. આવી સ્થિતિ હોવા છતાં છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા મહામુનિ લોકનું અનુસરણ કરતા નથી, પરમતારક શ્રી વીતરાગપરમાત્માના વચનનું જ અનુસરણ કરે છે; જે, લોકોને મન પ્રતિકૂળ હોય છે. લોકોની દષ્ટિએ જે વિરુદ્ધ દિશા છે, તે દિશામાં મહામુનિનું અનુગમન છે. તેથી મહામુનિ મહાત્માને પ્રતિસ્રોતગામી કહેવાય છે. નદીના પ્રવાહની દિશામાં ઘાસ વગેરે પણ જતા રહે છે. પરન્તુ નદીના પ્રવાહની વિરુદ્ધ દિશામાં સામા પ્રવાહે તરવાદિનું કામ ઘણું જ કપરું છે. ખૂબ જ પ્રયત્ન માંગી

લે એવું એ કામ છે. બધા લોકો એ કરી શકતા નથી. પૂ. મુનિમહાત્મા જેવા જ કોઈ વિરલ મહાત્મા, એ કરી શકે છે. અનુકૂળતાના અર્થી લોકો લોકોનું જ અનુસરણ કરે છે. પૂ. મુનિભગવન્તો અનુકૂળતાના અર્થી ન હોવાથી તેઓશ્રી સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રનું અનુસરણ કરે છે. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણોને છોડીને અન્ય શરીરાદિ બાહ્યપદાર્થોની કોઈ જ અપેક્ષા ન હોવાથી મુનિમહાત્માઓ લોકને અનુસરતા નથી.

જોકે મુનિ ભગવન્તોની અપેક્ષાએ લોકોની સંખ્યા ઘણી મોટી છે. ઘણા લોકોનું અનુસરણ મહાત્માઓએ કરવું જોઈએ. પરન્તુ એ પ્રમાણે કહેવું બરાબર નથી-તે જણાવાય છે :

**लोकमालम्ब्य कर्त्तव्यं, कृतं बहुभिरेव चेत् ।**
**तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात् कदाचन ।।२३-४।।**

''લોકનું આલંબન લઈને ઘણાએ કર્યું હોય તે જ કરવાનું હોય તો મિથ્યાદષ્ટિ-ઓનો ધર્મ ક્યારે પણ છોડી શકાશે નહિ.'' આજના લોકોના માનસનું પ્રતિબિંબ વર્ષો પૂર્વે પૂ. મહામહોપાધ્યાયજી મહારાજાએ આ શ્લોકમાં દેખાડ્યું છે. દરેકે દરેક ક્ષેત્રમાં સઙ્ખ્યાનું મહત્ત્વ ખૂબ જ વધ્યું છે. આશ્ચર્ય તો એ છે કે પોતાના ઘરમાં ઓફિસમાં કે સંસ્થામાં પોતાનું જ મહત્ત્વ વધારવા માટે પ્રયત્નશીલ લોકો ધર્મમાં બહુમતીની વાતો કરી રહ્યા છે.

સારા માણસોની બહુમતી ક્યારે પણ હતી નહિ અને છે પણ નહિ. આનો અર્થ એ નથી કે જેમની બહુમતી નથી-એ બધા સારા જ છે અને સાચા જ છે. કહેવાનો આશય એટલો જ છે કે સારા અને સાચા માણસોની સંખ્યા; ખરાબ અને ખોટા માણસોની સંખ્યાની અપેક્ષાએ ઓછી જ રહેવાની. જનસંખ્યાના આધારે જ સાચા-ખોટાનો નિર્ણય કરવાનો હોય તો કાયમને માટે ખોટા માણસોને સાચા અને સારા માનવાનો પ્રસંગ આવશે, જે કોઈને ય ક્યારે પણ ઈષ્ટ નથી. આમ છતાં લોક-રંજન દ્વારા બહુમતીના જોરે ધર્મની પ્રવૃત્તિ ચાલી જ રહી છે. એટલું જ નહિ, શાસ્ત્રીય રીતે સાચી પ્રવૃત્તિને રોકવાનો ખૂબ જ ઉગ્ર પ્રયત્ન પણ ચાલી રહ્યો છે. સત્યનો વિરોધ અને અસત્યનો પ્રચાર કરવા માટે ખૂબ જ મહત્ત્વનું લોકનું આલંબન છે. એવા આલંબને ચાલનારા લોકોને પૂ. મહામહોપાધ્યાયજી મહારાજાએ ખૂબ જ માર્મિક વાત કરી છે.

ઘણા લોકોએ કરેલું જ કરવાનું હોય તો મિથ્યાદષ્ટિઓનો ધર્મ ક્યારે પણ છોડવો ના જોઈએ. કારણ કે મિથ્યાદષ્ટિઓની સંખ્યા કાયમ માટે મોટી હોય છે. હિંસા અસત્ય ચોરી અનાચાર અને પરિગ્રહ.... વગેરે પાપ કરનારાની સંખ્યા, પાપ નહિ કરનારાની સંખ્યાની અપેક્ષાએ ચિકાર મોટી છે; છતાં લોકમાં હિંસાદિની પ્રવૃત્તિને કરવાજેવી કોઈ માનતું નથી. સત્યાસત્યનો વિવેકપૂર્વક નિર્ણય કર્યા વિના માત્ર બહુમતીના આલંબને કરાતી સઘળી ય ધર્મપ્રવૃત્તિઓ લોકસંજ્ઞામૂલક છે. 'મિથ્યાદષ્ટિઓનો ધર્મ ક્યારે પણ છોડવો ના જોઈએ' - આ પ્રમાણે લોકના આલંબને ચાલનારાઓને જે જણાવ્યું છે - તેનું કારણ હવે જણાવાય છે :

**श्रेयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे न च ।**
**स्तोका हि रत्नवणिजः, स्तोकाश्चात्मसाधकाः ।।२३-५।।**

''ખરેખર જ મોક્ષના અર્થી લોકો લોકમાં કે લોકોત્તરમાર્ગમાં ઘણા નથી હોતા. રત્નોનો વ્યાપાર કરનારા જેમ થોડા હોય છે, તેમ આત્માની સાધના કરનારા પણ થોડા હોય છે.'' - આ પૂર્વેના શ્લોકથી જણાવ્યું છે કે લોકનું આલંબન લઈને, ઘણા લોકોએ કરેલું જ કરવાનું હોય તો મિથ્યાદષ્ટિ આત્માઓના ધર્મનો ક્યારે પણ ત્યાગ કરવાનો પ્રસઙ્ગ નહિ આવે. કારણ કે મિથ્યાદષ્ટિઓ ઘણા છે. તે મિથ્યાદષ્ટિઓ ઘણા કેમ છે - તે જણાવાય છે :

આ લોકમાં અને લોકોત્તરમાર્ગમાં મોક્ષના અર્થી જીવો ઘણા હોતા નથી. મોક્ષનું અર્થિપણું પ્રાપ્ત થયું ન હોય તો સમ્યગ્દર્શન પણ પ્રાપ્ત થતું નથી. સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરેલા જીવો ઘણા ઓછા છે. તેઓથી ભિન્ન જીવોની સંખ્યા ઘણી જ મોટી છે - એ સમજી શકાય છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનને છોડીને અન્ય જૈનેતર લોકોને અહીં લોક તરીકે જણાવ્યા છે અને તેમની માન્યતા મુજબના મોક્ષમાર્ગને લૌકિકમાર્ગ કહેવાય છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક મોક્ષમાર્ગને લોકોત્તરમાર્ગ કહેવાય છે. બંન્ને માર્ગમાં સામાન્યથી ધર્મ કરનારા જીવોમાં મોક્ષના અર્થી જીવોની સંખ્યા ખૂબ જ ઓછી હોય છે. જેઓ ધર્મ કરતા નથી એવા જીવોની વાત ન પણ કરીએ તો ય ધર્મ કરનારાઓમાં પણ મોક્ષના અર્થી જીવો ઘણા ઓછા મળવાના. પ્રાયઃ જીવો સુખના અર્થી અને દુઃખના દ્વેષી હોવાથી સુખ મેળવવા અને દુઃખ ટાળવા માટે જ ધર્મ કરતા રહેવાના. આવી સ્થિતિમાં મોક્ષના અર્થી જીવો કાયમ માટે ઓછા જ રહેવાના. આ વાતને દૃષ્ટાન્તથી સ્પષ્ટ રીતે સમજાવી છે.

રત્નોનો વ્યાપાર કરનારાની સંખ્યા સદાને માટે ઓછી જ રહેવાની છે. લગભગ બધા જ લોકો પોતપોતાની શક્તિ મુજબ વ્યાપાર-ધંધો કરતા હોય છે. પરન્તુ રત્નોનો વ્યાપાર કરનારા ઘણા જ ઓછા હોય છે. તેમ આત્માની સાધના કરનારા થોડા હોય છે. કર્મની લઘુતાને પામ્યા વિના આત્મસાધના શક્ય નથી.

આથી સમજી શકાશે કે સારા લોકોની સંખ્યા ઓછી હોય છે અને ખોટા લોકોની સંખ્યા તેના પ્રમાણમાં ઘણી હોય છે. તેથી ઘણી મોટી સંખ્યા જોઈને ખોટા લોકોની સાથે મળી જવાની આવશ્યકતા નથી. સત્ય સ્વયંસિદ્ધ છે, તેને સિદ્ધ કરવાની જરૂર નથી. તેને સમજી લેવાની જરૂર છે. અનન્તજ્ઞાનીઓએ તે જણાવ્યું છે. તેને સમજીને સ્વીકારી લેવામાં આપણું કલ્યાણ છે. લોકોની સંખ્યા જોઈને સત્ય સમજાશે પણ નહિ અને પ્રાપ્ત થશે પણ નહિ. આમ પણ લોકોની મોટી સંખ્યાને જોઈને તેમાં મળી ગયેલાને સત્ય સમજાયેલું તો હોય છે. પરન્તુ એકતાદિના કારણે તેઓ સાચું છોડીને ખોટું લઈને ફરતા હોય છે. મનમાં ડંખતું હોવા છતાં જ્યારે પણ લોકની ખાતર તેઓ ખોટું કરતા હોય છે, તે વખતે તેમની સ્થિતિ ઘણી જ વિષમ બનતી હોય છે. એ વિષમ સ્થિતિનું વર્ણન કરાય છે :

**लोकसञ्ज्ञाहता हन्त, नीचैर्गमनदर्शनैः ।**
**शंसयन्ति स्वसत्याङ्ग-मर्मघातमहाव्यथाम् ।।२३-६ ।।**

''ખેદની વાત છે કે લોકસંજ્ઞાથી હણાયેલા લોકો નીચું જોવા વડે અને ધીમે ચાલવા વડે, પોતાના સત્ય સ્વરૂપ અઙ્ગમાં થયેલા મર્મપ્રહારની મહાવ્યથાને જણાવે છે.'' - આશય એ છે કે લોકસંજ્ઞાને આધીન બનેલા માણસો સાચું શું છે - તે સમજતા હોતા નથી એવું નથી. તેથી પોતાની લોકને અનુસારે કરાતી પ્રવૃત્તિથી તેઓ અન્તરથી વ્યથિત હોય છે. આથી જ તેઓ લજ્જિત થઈને ધીમે ધીમે નીચું જોઈને ચાલતા હોય છે. સત્યનો ત્યાગ કરીને લોકનું અનુસરણ કરવાથી મનમાં શલ્યનો અનુભવ થતો હોય છે. સાચા માણસોની સામે જોવાનું સામર્થ્ય તેવા લોકોમાં રહેતું નથી. તેથી તેઓ નીચું જોઈને ચાલતા હોય છે.

સામાન્યથી નિયમ છે કે આપણા શરીરમાં કોઈ સ્થાને વેદના થતી હોય તો આપણું ધ્યાન શરીરના તે ભાગમાં જ જતું હોય છે. મન એ સ્થાને એવું તો કેન્દ્રિત થતું હોય છે કે જેથી બીજે ક્યાંય ધ્યાન રહેતું ન હોવાથી આપણી દૃષ્ટિ નીચી જ

રહે છે. લોકસંજ્ઞાથી હણાયેલા જીવોની આવી જ સ્થિતિ હોય છે. પોતાના સત્ય સ્વરૂપ અંગના મર્મસ્થાનમાં આઘાત પહોંચવાથી તેઓ નીચી નજરે ચાલે છે અને પોતાની એ નીચી ચાલથી પોતાની મહાવ્યથાને તેઓ જણાવે છે.

આમ છતાં લોકસંજ્ઞાનો તેઓ ત્યાગ કરતા નથી. લોકોને અનુકૂળ થઈને ના વર્તીએ તો લોકો નિન્દા કરશે - એવા ભયથી તેઓ લોકોને અનુકૂળ થઈને લોકસંજ્ઞાનો ત્યાગ જ કરી શકતા નથી. ખૂબ જ વિચિત્ર છે લોકનિંદાનો ભય. લોકનિન્દાના ભયથી સત્યનો ત્યાગ થઈ શકે છે. પરન્તુ સત્યના નાશના ભયથી લોકસંજ્ઞાનો ત્યાગ થઈ શકતો નથી. સાચું જતું રહે તો વાંધો નહિ, પણ લોકમાં ખરાબ લાગવું ના જોઈએ: એવી વૃત્તિ ખૂબ જ વિચિત્ર છે. આવી વૃત્તિ લોકોત્તરમાર્ગમાં પણ હવે ખૂબ જ ઝડપથી આવતી હોય - એમ લાગ્યા કરે છે.

લોકની નિન્દાના ભયને દૂર કરી મુમુક્ષુ જનોએ લોકસંજ્ઞાનો ત્યાગ કરવો જોઈએ. લોકની નિન્દાના ભયથી જેઓ સત્યનો ત્યાગ કરે છે, તેઓ આત્મસ્વરૂપનો ઘાત કરનારા બને છે. મુમુક્ષુ જનો આત્મસ્વરૂપને પ્રગટ કરવા પ્રયત્નશીલ બનેલા હોય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પામવા માટે લોકસંજ્ઞાનો ત્યાગ કર્યા વિના ચાલે એવું નથી. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થતું હોય તો લોકની નિન્દાના ભયે લોકને અનુસરવાનું કોઈ જ પ્રયોજન નથી - એ જણાવાય છે :

**आत्मसाक्षिकसद्धर्मसिद्धौ किं लोकयात्रया ।**
**तत्र प्रसन्नचन्द्रश्च, भरतश्च निदर्शने ।।२३-७।।**

''આત્માની સાક્ષીએ સદ્ધર્મની સિદ્ધિ થયે છતે લોકયાત્રાનું કોઈ જ પ્રયોજન નથી. એ વિષયમાં પ્રસન્નચન્દ્રરાજર્ષિ અને ભરતમહારાજા દષ્ટાન્તસ્વરૂપ છે.'' - આશય એ છે કે જ્યારે પણ મુમુક્ષુ જનો લોકનું અનુસરણ કરે છે ત્યારે તેની પાછળનો આશય લોકના અનુસરણથી ધર્મની સિદ્ધિ પ્રાપ્ત કરવાનો હોય છે. તેમની એવી દઢ માન્યતા હોય છે કે જ્યાં લોકોની પ્રવૃત્તિ હોય છે ત્યાં ધર્મ હોય છે. આજે એ માન્યતા તો એટલી વ્યાપક બનતી જાય છે કે જેને લઈને ધર્મના વાસ્તવિક સ્વરૂપનો વિચાર જ પડતો મૂકવામાં આવતો હોય છે. ભગવાન શ્રી અરિહન્તપરમાત્માએ પ્રરૂપેલા પરમતારક ધર્મની સિદ્ધિ લોકયાત્રા(અનુસરણ)થી થતી નથી. પરન્તુ તેઓશ્રીના પરમતારક વચનની આરાધનાથી થાય છે. લોકોત્તર ધર્મની સિદ્ધિ લોકયાત્રાથી શક્ય નથી-એ સમજી ના શકાય એવી વાત નથી.

ધર્મનો શુભારંભ આપણે કઈ રીતે કર્યો, એનું બહુ મહત્ત્વ નથી. પરન્તુ ધર્મથી આપણને શું પ્રાપ્ત થયું એનું મહત્ત્વ છે. અનન્તજ્ઞાનાદિમય સહજ સિદ્ધ સ્વરૂપના આવિર્ભાવમાં જ ધર્મની ઈતિશ્રી છે. 'ધર્મબિન્દુ' ગ્રન્થમાં જણાવ્યા મુજબ સૂત્ર (દોરા) જેમ વસ્ત્ર સ્વરૂપે પરિણમે છે તેમ ધર્મ, આત્મસ્વરૂપમાં પરિણમે છે. પ્રથમ ગુણસ્થાનકે પણ અંશતઃ પણ આત્મસ્વરૂપનો અવિર્ભાવ થતો હોય છે. પૂર્વ પૂર્વ વિશુદ્ધ આત્મ-પરિણામ જ ઉત્તરોત્તર વિશુદ્ધતર પરિણામને પ્રાપ્ત કરાવતા હોય છે. આ વિશુદ્ધતર આત્મપરિણામ સ્વરૂપ ધર્મને જ આત્મસાક્ષિક ધર્મ કહેવાય છે. આ ધર્મની સિદ્ધિ થયે છતે લોકયાત્રાનું કોઈ પ્રયોજન નથી. કારણ કે એ ધર્મની સિદ્ધિ ક્ષયોપશમભાવવિશેષથી થાય છે, લોકના અનુસરણથી એ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

આ વિષયમાં શ્રી પ્રસન્નચન્દ્રરાજર્ષિ અને શ્રી ભરતમહારાજાના દષ્ટાન્તનો વિચાર કરવો જોઈએ. અનુક્રમે બાહ્યદષ્ટિએ અનુપમકોટિનું ચારિત્ર અને તેનો અભાવ હોવા છતાં આત્મસાક્ષિક ધર્મની સિદ્ધિ, માત્ર આત્માનુસરણથી પ્રાપ્ત થઈ હતી, લોકયાત્રાના કારણે થઈ ન હતી. દુર્મુખ દૂતના વચનને અનુસરવાથી તો શ્રી પ્રસન્નચન્દ્રરાજર્ષિને સાતમી નરકપ્રાયોગ્ય કર્મબન્ધ થયો હતો. આથી સ્પષ્ટ છે કે આત્મસાક્ષિક સદ્ધર્મની સિદ્ધિમાં લોકયાત્રાનું કોઈ પ્રયોજન નથી. લોકસંજ્ઞાનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થનાર ફળનું વર્ણન કરાય છે :

**लोकसञ्ज्ञोज्झितः साधुः परब्रह्मसमाधिमान् ।**
**सुखमास्ते गतद्रोहममतामत्सरज्वरः ।।२३-८।।**

"લોકસંજ્ઞાથી રહિત પરમબ્રહ્મમાં લીન અને દ્રોહ મમતા તેમ જ મત્સર સ્વરૂપ જ્વર જેમનો ચાલ્યો ગયો છે એવા સાધુમહાત્મા સુખે રહે છે." - પૂ. સાધુમહાત્માઓના સુખની સ્થિતિનું મુખ્ય કારણ આ શ્લોકથી વર્ણવતી વખતે ગ્રન્થકારશ્રીએ લોકસંજ્ઞાનો ત્યાગ વર્ણવ્યો છે. લોકને અનુસરવાથી સુખનો વાસ્તવિક અનુભવ થતો નથી.

વાસ્તવિક સુખ આત્માના જ્ઞાનાદિ ગુણોના અનુભવમાં છે. અલ્પાંશે પણ જ્યારે એ ગુણોનો અનુભવ થાય છે, ત્યારે અનહદ સુખનો અનુભવ થતો હોય છે. શરીરાદિના દુઃખની વેદનામાં પણ એ અનુભવ અવસ્થિત હોય છે. ભૌતિક વિષયજન્ય

સુખનો અનુભવ જ્યારે પણ થાય છે ત્યારે તે દુઃખના અનુભવથી સંબદ્ધ હોય છે. આત્મિક અને ભૌતિક સુખના અનુભવોનો સ્વભાવ, તદ્દન જ વિરુદ્ધ છે. પૂ. સાધુમહાત્માઓ આત્મિક સુખોનો અનુભવ કરે છે, જેમાં આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણોને છોડીને અન્ય કોઈની જ અપેક્ષા રહેતી નથી.

લોકસંજ્ઞાને આધીન બનેલા પરપદાર્થમાં રમતા હોવાથી તેઓ વાસ્તવિક સુખને ભોગવી શકતા નથી. પરની અપેક્ષા જ મોટામાં મોટું દુઃખ છે. સર્વ સાવદ્યયોગથી વિરામ પામેલા મહાત્માઓને વાસ્તવિક રીતે પરની અપેક્ષા રાખવાનું કોઈ જ કારણ નથી. આત્માના જ્ઞાનાદિ ગુણોમાં રમણ કરનારા મહાત્મા પણ જ્યારે લોકસંજ્ઞાને આધીન બને છે, ત્યારે તેઓ પોતાના આત્મિક સુખને ગુમાવી દે છે. લોકોની વૃત્તિ પરપદાર્થમાં રમણ કરવાની હોય છે. તેને આધીન બનવાથી પૂ. મુનિભગવન્તો પણ પરપદાર્થમાં રમનારા બની જતા હોય છે. તેથી તેઓ લોકસંજ્ઞાનો ત્યાગ કરી પરમબ્રહ્મસ્વરૂપ શુદ્ધ આત્મતત્ત્વમાં લીન બને છે. તેથી તેઓશ્રીના દ્રોહ મમતા અને મત્સર સ્વરૂપ જ્વર નાશ પામે છે. અપકાર કરવાની બુદ્ધિને દ્રોહ કહેવાય છે, શરીરાદિ પરપદાર્થોને વિશે મારાપણાની બુદ્ધિને મમત્વ કહેવાય છે અને અહંકારને મત્સર કહેવાય છે. પરબ્રહ્મમાં લીન બનવાથી દ્રોહ મમત્વ કે મત્સર સ્વરૂપ જ્વર નાશ પામે છે. પર પદાર્થોને સ્વ કે સ્વકીય માનવાથી દ્રોહ મમત્વ અને મત્સર વગેરે દોષોનો પ્રાદુર્ભાવ થતો હોય છે. જેને ખરેખર જ આપણે પર માનીએ છીએ, એને લઈને દ્રોહ કે મમત્વ વગેરે આપણે કરતા નથી. જેની સાથે થોડો પણ સંબન્ધ છે – એમ આપણને લાગે ત્યારે તેને આશ્રયીને આપણે દ્રોહ વગેરે કરીએ છીએ. પૂ. મુનિમહાત્માઓ શુદ્ધ આત્મસ્વરૂપમાં લીન હોવાથી સર્વ પરભાવોને આશ્રયીને પરમ ઉપેક્ષા સેવતા હોય છે. તેથી સર્વ પ્રકારની અવસ્થામાં તેઓશ્રી સુખે કરીને રહેતા હોય છે. લોકની વચ્ચે રહેવા છતાં લોકસંજ્ઞાનો ત્યાગ કરવાના કારણે દ્રોહાદિથી રહિત એવા પૂ. સાધુભગવન્તો સદા સુખે રહે – એમાં આશ્ચર્ય નથી. અન્તે આવા પરમસુખને પામવા માટે આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.....

**।। इति श्रीज्ञानसारप्रकरणे त्रयोविंशतितमं लोकसञ्ज्ञात्यागाष्टकम् ।।**

# अथ प्रारभ्यते चतुर्विंशतितमं शास्त्राष्टकम् ।

## २४

આ પૂર્વે પૂ. સાધુભગવન્તોએ લોકસંજ્ઞાનો ત્યાગ કરવો જોઈએ-તે જણાવ્યું. એ મુજબ લોકસંજ્ઞાનો ત્યાગ કર્યા પછી ધર્મની આરાધના માટે શાસ્ત્રોને અનુસરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. તેથી હવે શાસ્ત્રનું સ્વરૂપ વગેરે વર્ણવાય છે. કહેવાનો આશય એ છે કે ધર્મની આરાધના માટે શાસ્ત્રના અનુસરણ સિવાય બીજો કોઈ ઉપાય નથી. લોકને અનુસરી કરાતી આરાધના વાસ્તવિકપણે ધર્મના ફળને આપતી નથી. શાસ્ત્રાનુસાર કરાતી આરાધના જ મોક્ષનું કારણ બને છે. તેથી આ અષ્ટકમાં શાસ્ત્રનું નિરૂપણ કરાય છે :

**चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ।**
**सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ।।२४-१ ।।**

આમ તો શાસ્ત્રનું સ્વરૂપ સૌ કોઈ જાણે છે. પરન્તુ બધા પોતપોતાની રીતે શાસ્ત્રનું સ્વરૂપ વર્ણવતા હોય છે. શાસ્ત્રનું વાસ્તવિક જે સ્વરૂપ છે તે અહીં વર્ણવ્યું છે. શ્રી વીતરાગપરમાત્માએ પ્રરૂપેલા અર્થને જણાવનારાં પરમતારક વચનો શાસ્ત્રસ્વરૂપ છે. તેનાથી વિપરીત એવાં વચનો શાસ્ત્રસ્વરૂપ નથી. સામાન્ય રીતે અર્થને (પદાર્થને) ગ્રહણ કરવાનું કાર્ય ચક્ષુ ઈન્દ્રિય કરે છે. તેની અપેક્ષાએ શ્રવણેન્દ્રિયાદિ ઈન્દ્રિયો ખૂબ જ અલ્પતમ વિષયોનું ગ્રહણ કરે છે. ચક્ષુ ઈન્દ્રિયથી ઘણાં દ્રવ્યનું ગ્રહણ થતું હોવા છતાં રૂપી-અરૂપી બધા પદાર્થોનું ગ્રહણ થતું નથી. શાસ્ત્રથી રૂપી-અરૂપી, જડ-ચેતન, સ્થૂલ-સૂક્ષ્મ અને હેય-ઉપાદેય સકલ પદાર્થોનું સામાન્યથી ગ્રહણ (જ્ઞાન) થતું હોય છે.

અહીં જ્ઞાનના સાધન તરીકે ચક્ષુને વર્ણવીને શાસ્ત્રને ચક્ષુની ઉપમા આપીને તેનું વર્ણન કર્યું છે. અર્થને ગ્રહણ કરવા સ્વરૂપે ચક્ષુ અને શાસ્ત્ર : બંન્નેમાં સામ્ય છે. ''બધા પ્રાણીઓ ચર્મચક્ષુને ધારણ કરે છે. દેવો અવધિજ્ઞાન સ્વરૂપ ચક્ષુવાળા છે. સિદ્ધભગવન્તો સર્વ પ્રદેશે કેવલજ્ઞાન સ્વરૂપ ચક્ષુવાળા છે અને સાધુ મહાત્માઓ શાસ્ત્રસ્વરૂપ ચક્ષુવાળા છે.''

કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે તિર્યંચો અને મનુષ્યો વગેરે બધા જ પ્રાણીઓ ચર્મ(ચામડા)ની ચક્ષુને ધારણ કરે છે. તેના વડે જોઈને તેઓ અર્થનું જ્ઞાન

પ્રાપ્ત કરે છે. દેવતાઓને ચક્ષુ ઇન્દ્રિયની સાથે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલું હોવાથી તેઓ અવધિજ્ઞાનના ઉપયોગથી અર્થનું ગ્રહણ કરે છે. શ્રીસિદ્ધપરમાત્માઓ તો અશરીરી હોવાથી તેઓશ્રીને ચક્ષુ વગેરે ઈન્દ્રિયો હોતી નથી. તેમ જ આઠે ય કર્મોથી તેઓશ્રી રહિત હોવાથી અવધિજ્ઞાનાદિથી રહિત છે. તેઓશ્રીના અસંખ્ય આત્મપ્રદેશોમાં દરેક આત્મપ્રદેશે કેવલજ્ઞાન અને કેવલદર્શન હોવાથી તેના ઉપયોગ વડે સર્વ દ્રવ્ય ગુણ પર્યાયને ગ્રહણ કરે છે. તેથી તેઓશ્રી બધી બાજુથી ચક્ષુવાળા છે અને સાધુમહાત્માઓને ચક્ષુ વગેરે ઈન્દ્રિયાદિ હોવા છતાં તેઓશ્રી શાસ્ત્રથી જ પદાર્થોને ગ્રહણ કરે છે. બધા જ પદાર્થોને ઈન્દ્રિયો ગ્રહણ કરતી નથી. જેનું પ્રત્યક્ષ ઈન્દ્રિયોથી થતું નથી એવા પણ અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન શાસ્ત્રથી થાય છે - તે જણાવાય છે :

**पुरःस्थितानिवोर्ध्वाधस्तिर्यग्लोकविवर्त्तिनः ।**
**सर्वान्भावानवेक्षन्ते, ज्ञानिनः शास्त्रचक्षुषा ।।२४-२ ।।**

''ઊર્ધ્વલોક અધોલોક અને તિર્યગ્લોકમાં વર્ત્તતા જાણે સાક્ષાદ્ આગળ રહેલા હોય એવા વિવિધ ભાવોને જ્ઞાનીઓ શાસ્ત્રસ્વરૂપ ચક્ષુ વડે દેખે છે.'' સૌધર્માદિ દેવલોક સ્વરૂપ ઊર્ધ્વલોક; નરક વગેરે સ્વરૂપ અધોલોક અને જંબૂદ્વીપાદિ જ્યાં છે તે તિર્યગ્લોક : આ ત્રણે ય લોકમાં, વિવિધ પરિણામને પ્રાપ્ત કરનારા જે જે ભાવો છે તે બધાને પોતાની આગળ જ સાક્ષાદ્ રહેલા હોય તે રીતે જ્ઞાનીભગવન્તો શાસ્ત્રસ્વરૂપ ચક્ષુ વડે દેખે છે.

અસંખ્યાત યોજન પ્રમાણ આ ત્રણ લોકમાં અનન્તાનન્ત પદાર્થો છે. પ્રત્યેક સમયે વિવિધ પરિણામને તે પામે છે. તે બધા જ પદાર્થોને દેખવાનું સામર્થ્ય છદ્મસ્થ જીવોને હોતું નથી. પરન્તુ સામાન્યથી એ બધા ભાવોને શાસ્ત્રના શ્રવણાદિથી જાણી શકાય છે. શ્રી અરિહન્તપરમાત્માએ પ્રરૂપેલા તે તે ભાવોને શ્રી ગણધરપરમાત્માએ સૂત્રોમાં નિબદ્ધ કર્યા. એ પરમતારક શાસ્ત્રની અગાધ શ્રદ્ધાથી કરેલા શાસ્ત્રશ્રવણાદિથી જ્ઞાનીભગવન્તો ત્રણ લોકમાં રહેલા તે તે ભાવોને જાણે છે. પોતાની આગળ જ જાણે તે ભાવો સાક્ષાદ્ વર્ત્તમાન હોય એ રીતે તે ભાવોને જ્ઞાની મહાત્માઓ સ્પષ્ટપણે ગ્રહણ કરે છે. ચર્મચક્ષુથી જે પણ પદાર્થો આપણે દેખીએ છીએ તેનું પણ વિવેકપૂર્વકનું વાસ્તવિક સ્વરૂપ, શાસ્ત્રથી જ સમજવા મળે છે. નય-નિક્ષેપાથી જણાતા પદાર્થના સ્વરૂપની હેયોપાદેયતાનો વિવેક શાસ્ત્ર વિના શક્ય નથી. આથી જ જ્ઞાનીભગવન્તો

સ્વાધ્યાયમાં તત્પર બને છે. જેથી ક્રમે કરી શાસ્ત્રના પરમાર્થને પામીને તેઓશ્રી શાસ્ત્રથી જ તે તે પદાર્થોનો નિર્ણય કર્યા પછી તે તે વિષયમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરે છે. આથી જ પોતાની આંખે ન જોતાં શાસ્ત્રની આંખે જ્ઞાની મહાત્માઓ જુએ છે. દરેક ધર્મમાં શાસ્ત્રો પ્રસિદ્ધ હોવાથી શાસ્ત્રનું વાસ્તવિક સ્વરૂપ વર્ણવાય છે :

**शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ।**
**वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ।।२४-३।।**

"શિખામણ આપવાથી અને આત્માનું રક્ષણ કરવાની શક્તિથી શાસ્ત્રને શાસ્ત્ર કહેવાય છે - આ પ્રમાણે પંડિતો વડે શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિ કરાય છે. શ્રી વીતરાગ પરમાત્માનું વચન જ શાસ્ત્ર છે. પરંતુ બીજા કોઈનું વચન શાસ્ત્રસ્વરૂપ નથી." - અનાદિકાળથી જીવ અજ્ઞાનવશ પોતાના હિતને વિશે અનભિજ્ઞ હોય છે. જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમને પામીને હિતાહિતના વિવેકને પ્રાપ્ત કરવાની જે જીવોને યોગ્યતા પ્રાપ્ત થતી હોય છે તેવા જીવોને હિતશિક્ષા આપવાનું સામર્થ્ય શાસ્ત્રમાં રહેલું છે. યોગ્ય જીવોનું શાસન શાસ્ત્ર કરે છે. માર્ગે પ્રવર્તાવવાનું અને ઉન્માર્ગથી પાછા વાળવાનું કાર્ય શાસ્ત્ર કરે છે. જે શાસન કરે છે તેને પંડિતજનો શાસ્ત્ર કહે છે.

સામાન્ય રીતે જેઓ અજ્ઞાની છે પરન્તુ તેમને સમજાવીએ તો સમજવાની યોગ્યતા ધરાવે છે, તેમનું શાસન શાસ્ત્ર કરે છે. તેમ જ જેઓ સંસારથી ભય પામ્યા છે, કર્મોથી ત્રસ્ત છે અને વિભાવથી દુ:ખી છે, એવા જીવોને બચાવવાનું કાર્ય પણ શાસ્ત્ર કરે છે. સંસારના ભયથી મુક્ત બનવા માટે અને કર્મોથી છૂટવા માટેના ઉપાયો શાસ્ત્ર જણાવે છે અને આત્માના સ્વભાવની સાથે વિભાવનું વર્ણન શાસ્ત્ર કરે છે. વાસ્તવિક રીતે સંસારનો ભય અને કર્મોનો ત્રાસ હજુ સુધી લાગ્યો નથી. ભયભીત અને ત્રસ્ત જનોને આપણે જોયા છે. તેમ જ ઓછા-વધતા પ્રમાણમાં એવી ભયભીત કે ત્રસ્ત અવસ્થાનો અનુભવ આપણે પણ કર્યો છે. ત્યારે તેમાંથી મુક્ત થવા માટે આપણે જે પ્રયત્ન કર્યો છે એવો પ્રયત્ન સંસારથી કે કર્મથી છૂટવા માટે લગભગ કર્યો નથી. એનું ખરું કારણ એ છે કે હજુ સંસારનો કે કર્મનો એવો ભય કે ત્રાસ જ પેદા થયો નથી. આવી સ્થિતિમાં એ શક્ય જ નથી કે શાસ્ત્રના રક્ષણસામર્થ્યનો આપણને ખ્યાલ આવે. પંડિતજનોને એનો ખ્યાલ હોવાથી શાસન કરવાના કારણે અને રક્ષણ કરવાના કારણે શાસ્ત્રને શાસ્ત્ર તરીકે તેઓ વર્ણવે છે.

આવું પરમતારક શાસ્ત્ર શ્રી વીતરાગપરમાત્માના વચન સ્વરૂપ છે. શ્રી વીતરાગ પરમાત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી તેઓશ્રીના વચનમાં અસત્યાંશ હોવાનું કોઈ કારણ જ નથી. રાગ દ્વેષ અને અજ્ઞાન : આ ત્રણ દોષોને લઈને વચનમાં અસત્યાંશનો સંભવ છે. શ્રી વીતરાગપરમાત્મા એ ત્રણેય દોષથી સર્વથા રહિત હોવાથી તેઓશ્રીના પરમતારક વચનમાં વિતથનો લેશ પણ નથી. તેથી તે સ્વરૂપ જ શાસ્ત્ર છે. શ્રી વીતરાગ પરમાત્માને છોડીને બીજા કોઈનું પણ વચન શાસ્ત્રસ્વરૂપ નથી. કારણ કે શ્રી વીતરાગ પરમાત્માને છોડીને બીજા સર્વજ્ઞ નથી. અસર્વજ્ઞનાં વચનો સાચાં ન હોવાથી તે શાસ્ત્ર સ્વરૂપ નથી. એ વચનો શાસન કરવા માટે કે રક્ષણ કરવા માટે સમર્થ નથી. આથી જ મુમુક્ષુ આત્માઓ શ્રીવીતરાગપરમાત્માના પરમતારક વચન સ્વરૂપ શાસ્ત્રાનુસાર જ આરાધના માટે પ્રયત્નશીલ હોય છે. શાસ્ત્રાનુસાર આરાધના કરવાથી પ્રાપ્ત થનારા ફળનું વર્ણન કરાય છે :

**शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ।।२४-४।।**

''તેથી શાસ્ત્રને આગળ (મુખ્ય) કરાયે છતે શ્રી વીતરાગપરમાત્મા મુખ્ય (પ્રધાન) થઈ જ જાય છે. શ્રી વીતરાગપરમાત્મા મુખ્ય થયે છતે અવશ્ય સર્વ અર્થની સિદ્ધિ થાય છે.'' - કહેવાનો આશય એ છે કે - પૂ. સાધુભગવન્તો દરેક અર્થનો નિર્ણય શાસ્ત્રીય રીતે જ કરતા હોવાથી દરેક કાર્યમાં તેઓ શાસ્ત્રનો આદર કરે છે અને શાસ્ત્રને આગળ કરે છે - મુખ્ય કરે છે. તેથી દરેક કાર્યમાં શાસ્ત્રના પ્રણેતા-ઉપદેશક તરીકે શ્રી વીતરાગપરમાત્માનું અનુસ્મરણ થવાથી શ્રી વીતરાગપરમાત્મા મુખ્ય બને છે.

આ રીતે શ્રી વીતરાગ-સર્વજ્ઞ પરમાત્મા મુખ્ય થયે છતે ચોક્કસપણે સર્વસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. કારણ કે પરમાત્માના ધ્યાનથી પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત થાય છે. પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિથી કોઈ પણ સિદ્ધિ મેળવવાજેવી રહેતી નથી. સર્વસિદ્ધિઓ તેમાં અન્તર્ગત છે. જે પોતાનું છે તે બધું જ મળી જાય છે અને જે પર કે પરકીય છે તેની અપેક્ષા જ નષ્ટ થઈ જાય છે. સર્વથા કૃતકૃત્ય એવા મહાત્માઓ સર્વ સિદ્ધિઓના સ્વામી હોય-એ સમજી શકાય છે.

આ વસ્તુનું વર્ણન કરતાં શ્રી ષોડશક પ્રકરણમાં પણ ફરમાવ્યું છે કે ''આગમ (શાસ્ત્ર) હૃદયમાં હોતે છતે વાસ્તવિક રીતે શ્રી તીર્થંકરપરમાત્મા જ હૃદયમાં હોય છે અને પરમાત્મા હૃદયસ્થ હોતે છતે સર્વ અર્થની ચોક્કસ સિદ્ધિ થાય છે.'' - આ વસ્તુને જણાવતાં અન્યત્ર પણ ફરમાવ્યું છે કે ''આગમ-શાસ્ત્રનો આદર કરનારા જ વસ્તુતઃ શ્રી અરિહન્તપરમાત્મા મુનિભગવન્તો અને સંઘનો આદર કરે છે.'' જે લોકો આગમનો આદર કરતા નથી, તેઓ શ્રી અરિહન્તપરમાત્માદિનો પણ આદર કરતા નથી. આગમ મુજબ આરાધના કોઈ વાર ન થાય તોપણ આગમનો અનાદર તો કોઈ પણ રીતે કરવો ના જોઈએ. પ્રવૃત્તિના અભાવમાં પણ પ્રવૃત્તિ પ્રત્યેનો આદર આપણે રાખતા જ હોઈએ છીએ. લોકોત્તર તે તે પ્રવૃત્તિના વિષયમાં એવું કેમ બનતું નથી- એ સમજી ન શકાય એવું નથી. ખૂબ જ દયનીય પરિસ્થિતિ છે ! આગમના અનાદર જેવું એકે ય પાપ નથી - એ ભૂલવું ના જોઈએ. આગમનો અનાદર કરનારની જે દશા છે તે વર્ણવાય છે :

**अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ।।२४-५।।**

''અદષ્ટ - નહિ જોયેલા પદાર્થની પાછળ દોડતા અને દરેક પગલે પગલે સ્ખલનાને પામતા જડ-અજ્ઞાની માણસો શાસ્ત્રસ્વરૂપ દીપક વિના ઘણો ખેદ પામે છે.'' - મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોવા છતાં અને તે માટેનો પ્રયત્ન હોવા છતાં અજ્ઞાની અને અવિવેકી એવા જડ માણસો અદષ્ટ એવા મોક્ષમાર્ગની પાછળ પોતાની ઈચ્છા મુજબ દોડ્યા કરે છે. સંવર નિર્જરા અને મોક્ષ સ્વરૂપ અદષ્ટ પદાર્થનું સ્વરૂપ જાણ્યા કે જોયા વિના પોતાની સમજણ મુજબ સંવરાદિ અદષ્ટાર્થનું તેઓ અનુસરણ કરતા હોય છે. પરન્તુ તેઓ ડગલે ને પગલે સ્ખલના પામતા હોય છે. માર્ગ સ્પષ્ટ હોય, ઈષ્ટને પામવાની પૂર્ણ તાલાવેલી હોય અને એ મુજબ તેને અનુકૂળ પ્રયત્ન પણ હોય, પરન્તુ અંધારામાં અથડાતા માણસો જેમ પગલે પગલે સ્ખલના પામે છે, તેમ શાસ્ત્રદીપકના અભાવમાં અજ્ઞાનસ્વરૂપ અંધકારમાં અથડાતા જીવો ડગલે ને પગલે સ્ખલના પામે છે અને મોક્ષ સ્વરૂપ ઈષ્ટને પામી શકતા નથી.

આવી સ્થિતિમાં પ્રયત્ન ચાલ્યા કરે અને તેનું ફળ ના મળે તેથી મુમુક્ષુ જનોને ચિકાર પ્રમાણમાં ખેદ થાય એ સમજી શકાય છે. ઉત્કટ સાધનામાં પણ સિદ્ધિ ના મળે, એના જેવો બીજો કોઈ ખેદ નથી. જેમણે સાધનાનો આરંભ કર્યો નથી અને

જેમને સિદ્ધિની ઈચ્છા જ નથી, તેવા લોકોની અહીં વાત નથી. પરન્તુ જેઓ ફળના અર્થી છે અને ફળને માટે પ્રયત્નશીલ છે - એવા લોકો માટેની આ વાત છે. અદષ્ટ એવા સંવરાદિ પદાર્થોનું સ્વરૂપ શાસ્ત્ર વિના જાણી શકાય એવું નથી. એ અદષ્ટ અર્થને જણાવવા માટે શાસ્ત્ર દીપકસમાન છે. આ દીપકનો જેઓ ઉપયોગ કરતા નથી અને અદષ્ટ અર્થની પાછળ દોડે છે, તેઓ પગલે પગલે સ્ખલનાને પામે છે. જેથી ખેદ સિવાય તેમને કાંઈ જ મળતું નથી. પોતાની ઈચ્છા મુજબ અને કલ્પના મુજબ ઉત્કટ આચારનું પાલન કરવા છતાં તેના પારમાર્થિક ફળને તેઓ પામી શકતા નથી. શાસ્ત્રની કોઈ અપેક્ષા રાખ્યા વિના સ્વતન્ત્રપણે કરાતી કોઈ પણ પ્રવૃત્તિ હિતને કરનારી નથી - એ જણાવાય છે :

**शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम् ।**
**भौतहन्तु र्यथा तस्य, पदस्पर्शनिवारणम् ।।२४-६ ।।**

''શાસ્ત્રની આજ્ઞાની અપેક્ષાથી રહિત એવા સ્વેચ્છાચારીની શુદ્ધ ભિક્ષાદિની ગવેષણા વગેરેની પ્રવૃત્તિ હિતકારિણી નથી. જેમ ભૌતવ્રતી સાધુને હણનાર ભિલ્લની તે ભૌતવ્રતીને પગનો સ્પર્શ ન થવા દેવાની પ્રવૃત્તિ હિતકારિણી નથી.'' - કહેવાનો આશય એ છે કે કેટલાક સ્વેચ્છાચારી સાધુઓ પોતાના ગુર્વાદિકની સાથે રહેતા નથી અને પોતાની એ પ્રવૃત્તિને યોગ્ય ગણાવવા માટે તેઓ જણાવતા હોય છે કે ગુરુકુળવાસમાં ગુરુની સાથે રહેવાથી શુદ્ધ ગોચરીપાણી વગેરે શક્ય નથી. તેમ જ સંક્લેશના પ્રસંગો વારંવાર ઊભા થતા હોય છે અને ગોચરીપાણીમાં સમય જતો રહેવાથી સ્વાધ્યાયનો વ્યાઘાત થાય છે... ઇત્યાદિ દોષોના ભાજન બનવા કરતા એકલા વિચરવું સારું છે.... એમ માનીને શુદ્ધ ગોચરીની ગવેષણાદિ કરવા દ્વારા પોતાની ઈચ્છા પ્રમાણે તેઓ સંયમની ક્રિયા કરતા હોય છે. પરન્તુ તેમની એ શુદ્ધગવેષણાદિની ક્રિયા પણ હિતકારિણી નથી. કારણ કે ગુરુકુળવાસમાં રહેવાની શાસ્ત્રાજ્ઞાથી નિરપેક્ષ એ ક્રિયા છે. એ વાતને સ્પષ્ટ કરવા માટે શ્લોકના ઉત્તરાર્દ્ધથી દૃષ્ટાન્ત જણાવ્યું છે.

કહેવાનો આશય એ છે કે - એક ભિલ્લજાતિનો રાજા હતો. તેણે કોઈ સાધુ પાસેથી સાંભળેલું કે 'સાધુને પગ લગાડવાથી મોટું પાપ લાગે છે.' શરીરે ભસ્મ લગાડવાનું જેને વ્રત છે એવો એક ભૌતવ્રતી સાધુ હતો. તેની પાસે મોરનાં ઘણાં પીંછાં હતાં. એક વખત કોઈ કારણસર ભિલ્લરાજાને મોરના પીંછાનું કામ પડ્યું. ઘણા

સ્થાને તેની તપાસ કરતાં કરતાં તે ભૌતસાધુ પાસે દેખાયું. એટલે તે ભિલ્લરાજાએ તેની પાસે તે માંગ્યું, પણ તેણે તે ન આપ્યું. તેથી તે રાજાએ તે સાધુને મારીને તે પીંછાં લીધાં. પરન્તુ સાધુને હણતી વખતે સાધુને પગનો સ્પર્શ થઈ ન જાય એનું બરાબર ધ્યાન રાખ્યું હતું. ભિલ્લરાજાની સાધુને પગ ન લગાડવાની પ્રવૃત્તિ જેમ હિતકારિણી નથી, તેમ શુદ્ધ આહારાદિની ગવેષણા વગેરેની શાસ્ત્રનિરપેક્ષ પ્રવૃત્તિ પણ હિતકારિણી નથી. આપણી પ્રવૃત્તિ કરતાં શાસ્ત્રની આજ્ઞા અનન્તગુણ ચઢિયાતી છે. શાસ્ત્રની આજ્ઞાની ઉપેક્ષા કરીને કરવામાં આવતી પ્રવૃત્તિ, સાધુને પગ લગાડ્યા વિના મારી નાંખવા જેવી છે. એ બેમાં ફરક એટલો જ છે કે સાધુને પગ લગાડ્યા વિના તેને મારી નાંખવાની પ્રવૃત્તિને દુષ્ટ તરીકે આપણે માનીએ છીએ, પણ શાસ્ત્ર-નિરપેક્ષ એવી શુદ્ધ આહારાદિની ગ્રહણ કરવા વગેરેની પ્રવૃત્તિને દુષ્ટ માનવા માટે આપણું મન માનતું નથી. ભારે કરુણદશા છે આપણા મનની ! ખાળે ડૂચા અને દરવાજા ઉઘાડા જેવો ઘાટ છે. આજે નહિ તો કાલે ગમે ત્યારે પણ શાસ્ત્રનું મહત્ત્વ માન્યા વિના ચાલે એવું નથી. જેટલી વહેલા શાસ્ત્રની મુખ્યતાને આપણે અન્તરથી માનશું તેટલું વહેલું આપણું કલ્યાણ થશે. શાસ્ત્રનું પ્રાધાન્ય જણાવાય છે :

**अज्ञानाहिमहामन्त्रं, स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।**
**धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ।।२४-७।।**

"અજ્ઞાનસ્વરૂપ સર્પના ઝેરને દૂર કરવા માટે મન્ત્ર સમાન, સ્વચ્છન્દતારૂપ તાવને દૂર કરવા માટે લંઘન સમાન અને ધર્મ સ્વરૂપ બગીચાને વિકસાવવા માટે અમૃતની નીક સમાન શાસ્ત્ર છે - એમ મહર્ષિઓ ફરમાવે છે." અનન્તજ્ઞાનમય એવો પણ આત્મા અનાદિકાળથી ગાઢ અજ્ઞાનદશાનો અનુભવ કરે છે. મિથ્યાત્વમોહનીયાદિ કર્મના કારણે પોતાના સ્વરૂપનો સહેજ પણ ખ્યાલ ન આવવા દેવાવાળી અજ્ઞાનદશા છે. એવા અજ્ઞાનને અહીં સર્પસ્વરૂપે વર્ણવ્યું છે. સર્પ કરડવાથી તેના ઝેરના વિપાકે ગમે તેવો માણસ જેમ પોતાનું ભાન ગુમાવે છે, તેમ અહીં અજ્ઞાનના પરિણામથી આત્મા પોતાનું ભાન ગુમાવે છે, તેથી અજ્ઞાનને સર્પ સ્વરૂપે વર્ણવ્યું છે. સર્પનું ઝેર એક જ ભવમાં મરણનું નિમિત્ત બને છે. પરન્તુ અજ્ઞાનને લઈને ભવોભવના મરણની પરંપરા સર્જાય છે. અનન્તકાળથી આ સંસારમાં જન્મ-મરણાદિને આપણે અજ્ઞાનને કારણે અનુભવ્યા છે. આ અજ્ઞાનને દૂર કરવા માટે શાસ્ત્ર મંત્રસમાન છે. વિષહરમન્ત્ર જેમ સર્પના ઝેરને દૂર કરે છે, તેમ અજ્ઞાનસ્વરૂપ સર્પના ઝેરને શાસ્ત્ર દૂર કરે છે.

આ રીતે શાસ્ત્રથી અજ્ઞાન દૂર થાય તો સ્વચ્છંદપણું પણ દૂર થાય છે. અહીં સ્વચ્છન્દપણાને તાવની ઉપમા આપી છે. વિષની અસર જેટલી જલદી થાય છે, એટલી જલદી તાવની અસર થતી નથી. અજ્ઞાની લોકોની અપેક્ષાએ સ્વચ્છન્દી લોકો ખૂબ જ સિફતથી પોતાને જ્ઞાની તરીકે ઓળખાવતા હોય છે. તાવના દર્દી લાંબા સમય સુધી જીવતા હોય છે. તાવને દૂર કરવા માટે લંઘન સ્વરૂપ ઉપાય ચિકિત્સા શાસ્ત્રમાં વર્ણવ્યો છે. તાવની અસર શરૂઆતમાં જણાતી ન હોવા છતાં ધીમે ધીમે અન્તમાં મરણ સુધી પહોંચાડતી હોય છે. સ્વચ્છન્દતા પણ શરૂઆતમાં તેની અસર દેખાડતી નથી, પણ અન્તે તેની અસરનો અનુભવ કરાવ્યા વિના રહેતી નથી. તેને દૂર કરવા માટે અહીં લંઘન (આહારનો ત્યાગ) સ્વરૂપ શાસ્ત્ર છે. વાસ્તવિક રીતે શાસ્ત્રનો જાણકાર સ્વચ્છન્દી હોતો નથી. જેમ જેમ શાસ્ત્રનું જ્ઞાન વધે તેમ તેમ શ્રદ્ધા વધતી જાય છે. પરિણામે તેથી સ્વચ્છન્દતા નાશ પામે છે અને શાસ્ત્રની આધીનતા પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રને આધીન બની ધર્મ કરવાથી અલૌકિક આનંદનો અનુભવ થતો હોય છે. પોતાની ઈચ્છા મુજબ ધર્મ કરવાથી જે આનંદ થાય છે તે ખરી રીતે પોતાની ઈચ્છા પૂરી થયાનો આનંદ છે, જે લૌકિક છે લોકોત્તર નથી. શાસ્ત્રાનુસાર ધર્મ કરવાથી જે આનંદનો અનુભવ થાય છે, તે વાસ્તવિક રીતે ધર્મ કર્યાનો આનંદ છે. તેથી અહીં ધર્મને 'બગીચા' ની ઉપમા આપવામાં આવી છે. બગીચો આરામદાયક હોય છે અને મનને ઉચાટથી શાન્ત કરે છે. બહારની દુનિયાથી ક્ષુબ્ધ બનેલા ચિત્તને શાન્ત બનાવવા લોકો બે ઘડી માટે બગીચામાં જતા હોય છે. થોડી વાર માટે મનની શાન્તિને તેઓ પ્રાપ્ત કરતા હોય છે. આવી જ રીતે સંસારમાં ત્રિવિધ (આધિ, વ્યાધિ અને ઉપાધિ) તાપથી સન્તપ્ત થયેલા આત્માઓ ધર્મને આરાધી ત્રિવિધ તાપથી શાન્ત બનતા હોય છે. તેથી ધર્મને બગીચાની ઉપમા આપવામાં આવી છે. બગીચામાં અને ધર્મમાં એટલાંશે સામ્ય છે. બગીચો જેમ ઉજ્જડ ન હોવો જોઈએ અને લીલોછમ હોવો જોઈએ તેમ ધર્મ પણ શુદ્ધ હોવો જોઈએ, અશુદ્ધ ન હોવો જોઈએ. બગીચાને પાણીની નીકો લીલો રાખે છે અને ધર્મને અમૃતની નીક સમાન શાસ્ત્ર શુદ્ધ બનાવે છે. બગીચાને પાણી ન મળે તો શું થાય-એ સમજી શકે એવા લોકોને ધર્મ, શાસ્ત્રસાપેક્ષ ન હોય તો શું થાય-એ સમજાવવાની આવશ્યકતા નથી. આ રીતે શાસ્ત્રને, ધર્મને શુદ્ધ બનાવવાના એકમાત્ર કારણ તરીકે મહર્ષિઓ વર્ણવે છે. તેઓશ્રીનું સ્વરૂપ વર્ણવાય છે :

**शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः ।**
**शास्त्रैकदृग् महायोगी, प्राप्नोति परमं पदम् ।।२४-८।।**

"શાસ્ત્રમાં જણાવેલા આચારોનું પાલન કરનારા, શાસ્ત્રના જ્ઞાતા, શાસ્ત્રનું નિરૂપણ કરનારા અને શાસ્ત્ર એકને જ જોનારા એવા મહાયોગી પરમપદને પ્રાપ્ત કરે છે." શાસ્ત્ર-આગમમાં વિહિત આચારોનું પાલન કરનારા અને આગમમાં નિષેધ કરાયેલા અનાચારોને દૂર કરનારા મહર્ષિઓ, ક્રમે કરીને શાસ્ત્રના જ્ઞાતા બને છે. સામાન્ય રીતે શાસ્ત્રવિહિત આચારોનું પાલન નહિ કરનારા અને શાસ્ત્રમાં વર્ણવેલા અનાચારોનું વર્જન નહિ કરનારા જીવોને શાસ્ત્રનું અધ્યયન કરાવાતું નથી. જ્ઞાનનું ફળ વિરતિ છે. જેમને વિરતિ પ્રત્યે આદર-બહુમાન છે, તેઓ પોતાની શક્તિ મુજબ શાસ્ત્ર-વિહિત આચારોનું પાલન કરે-એ સમજી શકાય છે. એવા મહાત્માઓને પૂ. ગુરુભગવન્તો શાસ્ત્રનું અધ્યયન કરાવે છે, જેથી ક્રમે કરીને તેઓ શાસ્ત્રના જાણકાર બને છે. ભવનિસ્તારક પૂ. ગુરુભગવન્તોની અસીમ કૃપાનું એ એકમાત્ર ફળ છે.

શાસ્ત્રના જ્ઞાતા એવા મહર્ષિઓ યોગ્ય જીવોને શાસ્ત્રની દેશના આપતા હોય છે. વાસ્તવિક રીતે શાસ્ત્રના જ્ઞાતાઓની દેશના શાસ્ત્રાનુસારિણી જ હોય છે. શાસ્ત્રનો જ્ઞાતા શાસ્ત્રબાહ્યદેશના આપી શકે જ નહિ. શાસ્ત્રનિરપેક્ષ દેશનાને કરનારા વાસ્તવિક રીતે શાસ્ત્રના જાણકાર નથી. આથી જ દેશના આપવાનો અધિકાર શાસ્ત્રના જ્ઞાતાઓને છે. અધિકાર વિનાની પ્રવૃત્તિને મહત્ત્વ આપવાથી જે પરિણામ આવે છે તે વર્તમાનમાં આપણે જોઈ રહ્યા છીએ. અનધિકૃત પ્રવૃત્તિ જેવી બીજી કોઈ વિટંબણા નથી.

શાસ્ત્રમાં જણાવેલા આચારનું પાલન કરનારા હોય, શાસ્ત્રના જ્ઞાતા હોય અને શાસ્ત્રના દેશક હોય એવા મહાત્માઓની દૃષ્ટિ એકમાત્ર શાસ્ત્ર તરફ હોવાથી તેમને શાસ્ત્રૈકદગ્-શાસ્ત્રદ્રષ્ટા કહેવાય છે. આવા શાસ્ત્રદ્રષ્ટા મહર્ષિઓ વચનયોગને આરાધીને સામર્થ્યયોગના સ્વામી બને છે. વચનાનુષ્ઠાનને આરાધીને મહર્ષિઓ અસંગાનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે. જેના યોગે ક્ષપકશ્રેણીમાં આરૂઢ બની શ્રીકેવલજ્ઞાનને પ્રાપ્ત કરી અનુક્રમે પરમપદને પ્રાપ્ત કરે છે. આથી સ્પષ્ટ છે કે શાસ્ત્ર પ્રત્યેનો આદર પરંપરાએ પરમપદનું કારણ બને છે. પરમપદની પ્રાપ્તિનું મૂળ શાસ્ત્ર પ્રત્યેનો આદર છે.

'યોગબિન્દુ' માં ફરમાવ્યું છે કે 'જેને શાસ્ત્ર પ્રત્યે આદર નથી તેના શ્રદ્ધા વગેરે ગુણો ઉન્મત્તના ગુણ જેવા હોવાથી પ્રશંસાને યોગ્ય નથી.' ઉન્મત્ત માણસો

વિવેક વગરના હોવાથી તેમના શૌર્ય વગેરે જે ગુણો છે તે જેમ પ્રશંસાને પાત્ર નથી તેમ શાસ્ત્ર પ્રત્યે જેને આદર નથી એવા હેય-ઉપાદેયના વિવેકથી રહિત લોકોના શ્રદ્ધાદિ ગુણો વખાણવાલાયક નથી. કારણ કે તે ગુણો વાસ્તવિક નથી, ગુણાભાસ સ્વરૂપ છે. આવા લોકોની ધર્મક્રિયા પણ અનિષ્ટ ફળને આપનારી છે, ઈષ્ટ-મોક્ષને આપનારી નથી. આંધળા લોકો જોવાની જે ક્રિયા કરે, તેથી તેમને જેમ કશું જ દેખાતું નથી તેમ શાસ્ત્ર પ્રત્યે આદરથી રહિત એવા લોકોની જે ધર્મક્રિયા છે તે વસ્તુતઃ નિષ્ફળ છે.... ઇત્યાદિ નિરન્તર યાદ રાખવું જોઈએ. અન્તે આ અષ્ટકના પરિભાવનથી શાસ્ત્ર પ્રત્યે આદરને પ્રાપ્ત કરી શ્રદ્ધાદિ ગુણોના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા.....

**।। इति श्रीज्ञानसारप्रकरणे चतुर्विंशतितमं शास्त्राष्टकम् ।।**

# अथ प्रारभ्यते पञ्चविंशतितमं परिग्रहाष्टकम् ।

## ૨૫

ચોવીશમા અષ્ટકથી શાસ્ત્ર પ્રત્યે આદર કરવાનું વર્ણવ્યું, જે શાસ્ત્રના અધ્યયન વિના શક્ય નથી. શાસ્ત્રનું અધ્યયન પરિગ્રહના ત્યાગથી શક્ય છે. પરિગ્રહમાં આસક્ત જીવોને શાસ્ત્રનું અધ્યયન કરવા માટે સમય જ રહેતો નથી. તેથી પરિગ્રહનો ત્યાગ કરવાનું આ અષ્ટકથી વર્ણવાય છે.

**न परावर्तते राशेर्वक्रतां जातु नोज्झति ।**
**परिग्रहग्रहः कोऽयं, विडम्बितजगत्त्रयः ।।२५-१।।**

''ક્યારે પણ રાશિથી પરાવર્તન પામતો નથી અને વક્રતાનો ત્યાગ કરતો નથી, એવો ત્રણેય જગતના જીવોની વિડંબના કરનારો પરિગ્રહ નામનો કયો આ ગ્રહ છે.'' પરિગ્રહનું સ્વરૂપ સુપ્રસિદ્ધ છે. ધન ધાન્ય ક્ષેત્ર વાસ્તુ રૂપ્ય કુપ્ય સુવર્ણ દ્વિપદ અને ચતુષ્પદ સ્વરૂપ નવ પ્રકારનો બાહ્ય (દ્રવ્ય) પરિગ્રહ છે. ત્રણ વેદ (પુરુષવેદાદિ), હાસ્યાદિ છ (હાસ્ય રતિ અરતિ ભય શોક જુગુપ્સા) મિથ્યાત્વ અને ક્રોધાદિ ચાર કષાય : આ ચૌદ અભ્યન્તર (ભાવ) પરિગ્રહ છે. આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયને છોડીને પરદ્રવ્ય-ગુણ-પર્યાયના ગ્રહણને પરિગ્રહ કહેવાય છે. પરદ્રવ્યાદિના ગ્રહણથી આત્મદ્રવ્યાદિના સ્વરૂપના જ્ઞાનાદિનો પ્રતિબન્ધ થાય છે. તેથી પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ. સ્વપરિણતિની વિરોધિની પરપરિણતિ છે - એ સમજી શકાય એવી વાત છે.

પરવસ્તુના ઉપાદાનથી ત્રણે ય જગતના જીવો અનેકાનેક વિડંબનાને પામ્યા છે. આત્માના શુદ્ધ સ્વરૂપને જાણવા સમજવા કે ભોગવવા પણ ન દે એવું પરવસ્તુનું ગ્રહણ છે. સ્વ અને સ્વકીયનું ભાન ભુલાવી દેનારું પરવસ્તુનું ગ્રહણ છે. પરવસ્તુના ગ્રહણ સ્વરૂપ આ પરિગ્રહનો ત્યાગ કરવાનું ખૂબ જ આવશ્યક છે. અનાદિકાળથી પરિગ્રહનું મમત્વ આપણને પરિગ્રહનો ત્યાગ કરવા દેતું નથી. અનાદિકાળથી આ પરિગ્રહ નામનો ગ્રહ જીવમાત્રને વળગ્યો છે. શનિ વગેરે ગ્રહનો વળગાડ તો બે ચાર વરસમાં દૂર થાય છે. મેષ વૃષભ વગેરે રાશિમાં થનારા તે તે ગ્રહોનું ભ્રમણ બે ચાર વર્ષમાં બદલાય છે. તેમ જ ગ્રહો વક્રી થઈને પૂર્વરાશિમાં પણ જાય છે, પાછા વક્રતાનો ત્યાગ કરી માર્ગી પણ થાય છે. પરન્તુ પરિગ્રહ નામનો આ ગ્રહ ક્યારે ય રાશિનું

(જીવરાશિનું) પરિવર્તન કરતો નથી. તેમ જ પોતાની વક્રતાનો ત્યાગ કરતો નથી. સતત જીવોને પીડા પહોંચાડયા જ કરે છે. ત્રણે ય જગતે આ પરિગ્રહની આસક્તિને લઈને અનેક પ્રકારની વિડંબનાને પ્રાપ્ત કરી છે. પરિગ્રહગ્રહથી ગ્રસ્ત એવા જગતની જે અવસ્થા છે તેનું વર્ણન કરાય છે :

**परिग्रहग्रहावेशाद्, दुर्भाषितरज:किराम् ।**
**श्रूयन्ते विकृता: किं न, प्रलापा लिङ्गिनामपि ? ।।२५-२।।**

''પરિગ્રહ નામના ગ્રહના આવેશ(વળગાડ)થી દુષ્ટ વચન સ્વરૂપ ધૂળને ઉડાડનારા એવા વેષધારી સાધુઓના પણ વિકૃત બકવાદો શું સંભળાતા નથી ?'' - પરિગ્રહને અહીં એક ગ્રહ સ્વરૂપે વર્ણવ્યો છે. એ ગ્રહનો આત્મામાં પ્રવેશ થવાથી ભૂતાવિષ્ટ પ્રાણીની જેમ આત્મા જેમ તેમ વર્ત્તવા માંડે છે. મન વચન અને કાયાની તે તે દુષ્ટ પ્રવૃત્તિ પરિગ્રહગ્રહના આવેશને લઈને થતી હોય છે. પર પદાર્થોના ગ્રહણને પરિગ્રહ કહેવાય છે. એને અનુકૂળ ચિંતન વચન કે વર્ત્તન દુષ્ટ હોય છે. પરિગ્રહગ્રહનો જેનામાં પ્રવેશ થયો નથી એવા આત્માઓને દુષ્ટ ચિન્તન કે ભાષણાદિનો પ્રસંગ જ નથી.

સામાન્ય રીતે ગૃહસ્થો પરિગ્રહી હોય છે. પૂ. સાધુ મહાત્માઓ અપરિગ્રહી હોય છે. પરન્તુ તેઓ જ્યારે પરિગ્રહધારી બને છે, ત્યારે પોતાની એ અનુચિત પ્રવૃત્તિનો બચાવ કરવા માટે તેઓ જેમતેમ બોલવાનું શરૂ કરે છે. આવી દુર્ભાષણસ્વરૂપ ધૂળને ઉડાડનારા એ સાધુઓ માત્ર લિંગ-વેષને ધારણ કરે છે, કોઈ ગુણને ધારણ કરતા નથી. આવા પરિગ્રહગ્રહાવિષ્ટ લિઙ્ગધારી મહાત્માઓના અસંબદ્ધ પ્રલાપો આજે આપણે સાંભળીએ છીએ. સંયમની અનુકૂળતાના નામે અસંયમનાં સાધનોનો પરિગ્રહ ભેગો કરવાની પ્રવૃત્તિ રોકટોક વિના ચાલે છે. આવા પરિગ્રહધારી આજે પ્રભાવક તરીકે પણ મનાય છે. ખૂબ વિષમ પરિસ્થિતિ છે વર્ત્તમાનની ! પરિગ્રહમાં આસક્ત એવા ગૃહસ્થો તો અનેક જાતના પ્રલાપો કરે અને અસંબદ્ધ પણ બોલે- એ સમજી શકાય એવી વાત છે. પરન્તુ ચારિત્ર લીધા પછી જ્ઞાનદર્શનાદિનાં ઉપકરણોને ગ્રહણ કરી તેનું મમત્વ કરવા દ્વારા પરિગ્રહમાં લીન બને છે અને જેમતેમ બકવાદ કરે - એ વિચિત્ર છે તે જણાવવા માટે '**लिङ्गिनामपि**' અહીં '**अपि**' પદ છે, જે, 'એવા વેષધારી મહાત્માઓ પણ (માત્ર ગૃહસ્થો જ નહિ) પરિગ્રહમાં આસક્ત બની ઉત્સૂત્ર ભાષણ કરે છે.' - આ પ્રમાણે સમજાવે છે.

જરૂરિયાતના નામે પરિગ્રહની આસક્તિને પુષ્ટ બનાવવાનું કાર્ય લિંગી મહાત્માઓ સતત કરતા રહે છે. એમની ઉન્માર્ગદેશનાનું કેન્દ્રબિન્દુ એ એક જ હોય છે. જેમણે પોતાની પાસે ફૂટી કોડી પણ રાખી ન હતી એવા મહાત્માઓ આજે કરોડોના માલિક-પ્રભાવક છે. આથી મોટી વિડંબના કઈ છે ? જેના વિના ચલાવી લેવાની વાત હતી, એના વિના ચાલે નહીં એવી પરિસ્થિતિ નિર્માણ પામી છે, જે મનનો વિકાર છે. આવા વિકૃત મનને લઈને વેષધારી મહાત્માઓની વિકૃત વાતો આજે આપણને સાંભળવા મળે છે. જેઓએ પરિગ્રહનો ત્યાગ કર્યો છે તેમને જે ફળ પ્રાપ્ત થાય છે - તે જણાવાય છે :

**यस्त्यक्त्वा तृणवद् बाह्यमान्तरं च परिग्रहम् ।**
**उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत्त्रयी ।।२५-३।।**

"જેઓ તૃણની જેમ બાહ્ય અને અન્તરંગ પરિગ્રહનો ત્યાગ કરીને ઉદાસીનપણે રહે છે તેના ચરણકમલની ઉપાસના ત્રણ જગત કરે છે." - પૂર્વે જણાવ્યા મુજબ ધન, ધાન્ય, ક્ષેત્ર તેમ જ વાસ્તુ વગેરે નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે અને મિથ્યાત્વ, ત્રણ વેદ, ચાર કષાય તેમ જ હાસ્ય વગેરે છ - એમ ચૌદ પ્રકારનો આન્તર પરિગ્રહ છે. એને તણખલાની જેમ તજી દઈને જેઓ સાવ ઉદાસીનપણે રહે છે - એવા મહાત્માઓની ઉપાસના ત્રણે ય જગતના જીવો કરે છે.

પરિગ્રહ મોહનું મૂળ છે, આસક્તિનું કારણ છે અને આત્માને લાગેલો કાદવ છે. એવા નિઃસાર પરિગ્રહનું મારે શું કામ છે ?-એમ માનીને તૃણના ત્યાગની જેમ મહાત્માઓ પરિગ્રહનો ત્યાગ કરે છે. આવશ્યકતા મુજબ તેનો ઉપયોગ કરતી વખતે પણ રાગ-દ્વેષને કર્યા વિના તેઓ સર્વથા ઉદાસીનતાને ધારણ કરે છે. અનન્તજ્ઞાનાદિ ગુણોના સ્વામી એવા આત્માને પુદ્ગલસ્વરૂપ પરિગ્રહનું વાસ્તવિક રીતે કશું જ કામ નથી. એનો વાસ્તવિક ખ્યાલ હોવાથી મહાત્માઓ પરિગ્રહને વિશે સાવ ઔદાસીન્ય ધારણ કરે છે, જેથી તેઓ ત્રણે ય જગતના લોકોને વંદનીય બને છે.

ધનાદિ સ્વરૂપ બાહ્ય પરિગ્રહનો ત્યાગ કર્યા પછી પણ મિથ્યાત્વાદિ સ્વરૂપ આન્તર પરિગ્રહનો ત્યાગ કરવાનું કામ ઘણું જ કપરું છે. આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપનું સ્પષ્ટ ભાન ન થાય ત્યાં સુધી પરપદાર્થની અપેક્ષાદિનો અન્ત નહિ આવે. મહાત્માઓને આત્મા અને આત્માને છોડીને બીજા શરીરાદિ પરપદાર્થોના ભેદનું જ્ઞાન

હોવાથી તેઓ સર્વથા ઉદાસીન રહે છે. માત્ર બાહ્ય પરિગ્રહોનો ત્યાગ કરવા છતાં મિથ્યાત્વાદિ આન્તર પરિગ્રહનો ત્યાગ કરવામાં ન આવે તો તેઓ અપરિગ્રહી મનાતા નથી-તે જણાવાય છે :

**चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।**
**त्यागात्कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ।।२५-४।।**

''અભ્યન્તર પરિગ્રહથી વ્યાકુળ એવું ચિત્ત હોતે છતે બાહ્યદષ્ટિએ નિર્ગ્રન્થપણું વ્યર્થ છે. કાંચળીમાત્રનો ત્યાગ કરવાથી સર્પ વિષરહિત થતો નથી.'' - કહેવાનું તાત્પર્ય એ છે કે બાહ્ય ધન વગેરે પરિગ્રહનો ત્યાગ કર્યા પછી પણ સ્ત્રીવેદાદિ ત્રણ વેદ, હાસ્યાદિ છ, મિથ્યાત્વ અને ક્રોધાદિ ચાર કષાય સ્વરૂપ જે ચૌદ પ્રકારનો અભ્યન્તર પરિગ્રહ છે તેનાથી ચિત્ત પરિણત હોય તો બાહ્ય પરિગ્રહના ત્યાગમાત્રથી સાધુઓને પરિગ્રહના ત્યાગી મનાતા નથી. કારણ કે તેવા સાધુઓને નિર્ગ્રન્થ-(નિષ્પરિગ્રહ)પણાનું કોઈ ફળ પ્રાપ્ત થતું નથી. જેનું ફળ ના મળે તે નિષ્ફળ (વ્યર્થ) છે - એ સમજી શકાય છે.

તદ્દન શાન્તચિત્તે સ્થિરતાપૂર્વક વિચારવાથી સમજાશે કે મિથ્યાત્વ અને ચાર કષાયાદિને લઈને ધનધાન્યાદિ પરિગ્રહને રાખવાનું બનતું હોય છે. ધનધાન્યાદિ બાહ્ય વસ્તુઓનો ઉપયોગ કરવો પડે અને તે માટે થોડીઘણી વસ્તુઓ રાખવી પડે-એટલા માત્રથી તે પરિગ્રહમાં ગણાતી નથી. પરન્તુ સામાન્યથી 'રાખી મૂકો ભવિષ્યમાં કામ લાગશે'... એવી ભાવનાથી જે રાખી લેવામાં આવે છે, તે 'પરિગ્રહ' છે. જોઈએ કેટલું ? અને જોઈએ છે કેટલું ? આ બંન્ને પ્રશ્નોના ઉત્તરમાં જે ફરક છે એ ફરક જ અપરિગ્રહ અને પરિગ્રહ વચ્ચે છે. એકમાં ખરી રીતે આવશ્યકતા છે અને બીજામાં ઈચ્છા છે. આવશ્યકતા પૂરી કરી શકાય છે, ઈચ્છા પૂરી કરી શકાતી નથી. આવશ્યક એવી વસ્તુઓ ઉપર પણ મમત્વ રાખવાથી તે પણ પરિગ્રહ બને છે. આથી સમજી શકાશે કે મિથ્યાત્વાદિને કારણે બાહ્ય પરિગ્રહ ઉપાદેય બને છે. બાહ્ય પરિગ્રહનો ત્યાગ કર્યા પછી પણ અંદર ચિત્તમાં મિથ્યાત્વાદિનો પરિણામ વિદ્યમાન હોય તો બાહ્ય પરિગ્રહનો ત્યાગ નિરર્થક છે. બહારની કાંચળીનો ત્યાગ કરવા માત્રથી જેમ સર્પ વિષરહિત બનતો નથી તેમ અહીં પણ માત્ર બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરવાથી મુનિભગવન્તો પરિગ્રહસ્વરૂપ વિષથી રહિત થતા નથી. કારણ કે ચિત્તમાં મિથ્યાત્વાદિ પરિગ્રહ વિદ્યમાન જ છે. કારણ વિદ્યમાન હોય તો ગમે ત્યારે પણ તેનું કાર્ય દેખાયા

વિના નહીં રહે. બાહ્ય પરિગ્રહના કારણભૂત મિથ્યાત્વાદિ અભ્યન્તર પરિગ્રહનો ત્યાગ કર્યા વિના નિર્ગ્રન્થતા નિરર્થક છે. અન્તર પરિગ્રહના ત્યાગથી નિર્ગ્રન્થતા સાર્થક છે. તેવી નિર્ગ્રન્થતાનું ફળ જણાવાય છે :

**त्यक्ते परिग्रहे साधोः, प्रयाति सकलं रजः ।**
**पालित्यागे क्षणादेव, सरसः सलिलं यथा ।।२५-५।।**

''પાળી કાઢી નાંખવાથી ક્ષણવારમાં સરોવરનું પાણી જેમ વહી જાય છે, તેમ પરિગ્રહનો ત્યાગ કરવાથી સાધુની કર્મ સ્વરૂપ રજ જતી રહે છે.'' - કહેવાનો આશય સમજી શકાય છે. ગમે તેટલું મોટું સરોવર હોય, તેનું પાણી તેની પાળના આધારે સુરક્ષિત છે. એકવાર જો એ પાળનો નાશ થઈ જાય તો સરોવરના ચિકાર પાણીનો પણ ક્ષણવારમાં નાશ થઈ જતો હોય છે. પાણીનું અસ્તિત્વ તેની પાળ સુધી જ છે.

*આવી જ રીતે પૂ. સાધુભગવન્તોની કર્મરૂપ રજ (ધૂળ) પણ પરિગ્રહનો ત્યાગ* કર્યા પછી સદાને માટે જતી રહે છે. ફરી પાછી આવતી નથી. મિથ્યાત્વ અવિરતિ કષાય અને પ્રમાદઃ આ કર્મબન્ધનાં કારણો છે. તે જ્યાં સુધી વિદ્યમાન છે ત્યાં સુધી અભ્યન્તર પરિગ્રહ પણ હોય છે. તેનો સર્વથા ત્યાગ-નાશ કરવાથી કર્મનો નાશ પણ થાય છે. તે તે ગુણસ્થાનકે જેટલા અંશે અભ્યન્તર પરિગ્રહનો નાશ થાય છે, એટલા અંશે કર્મોનો પણ નાશ થાય છે. સર્વથા પરિગ્રહનો ત્યાગ સાધુ મહાત્માઓ જ કરી શકે છે. ગૃહસ્થોને એ શક્ય નથી-આ વાતને શ્લોકમાંનું साधोः આ પદ સમજાવે છે. કષાય કે પ્રમાદનું અસ્તિત્વ હોવા છતાં મહાત્માઓ તેને આધીન બનતા નથી. તેથી તેઓશ્રી તેના ત્યાગી કહેવાય છે. ગુણસ્થાનકપ્રત્યયિક બંધ હોવા છતાં પણ નિર્જરા પુષ્કળ પ્રમાણમાં હોવાથી તેઓશ્રીની કર્મરૂપી રજ સર્વથા નાશ પામે છે.

પરિગ્રહ એ સર્વ પાપનું મૂળ છે. એના ત્યાગથી પાપનો (કર્મનો) નાશ થાય-એ સમજી શકાય છે. પરન્તુ પરિગ્રહની આસક્તિ જ એટલી બધી હોય છે કે જેથી પરિગ્રહનો ત્યાગ જ શક્ય બનતો નથી. જે પણ થોડોઘણો પરિગ્રહનો ત્યાગ થાય છે, તે પણ બાહ્ય પરિગ્રહનો. અભ્યન્તર પરિગ્રહ તો પડ્યો હોય છે. 'વસ્તુ પણ ગમે અને વસ્તુનો ત્યાગ પણ ગમે' ખૂબ જ વિચિત્ર છે આ સ્થિતિ ! ત્યાગ અને રાગની વચ્ચે આપણી દુર્દશા છે. નથી ત્યાગ કામ લાગતો અને નથી રાગ નાશ પામતો. કર્મના નાશ માટે પરિગ્રહનો ત્યાગ કર્યા વિના ચાલે એવું નથી. જોકે અનાદિના

પુદ્ગલસંગના કારણે પૌદ્ગલિક સુખના ઉપભોગથી એમ જ લાગ્યા કરે છે કે જે કોઈ પણ સુખનો અનુભવ થાય છે તે પુદ્ગલને લઈને છે. આવા સંયોગોમાં પુદ્ગલનો ત્યાગ કરવાનું કઈ રીતે શકય બને-એ શંકા સહજ છે. પરન્તુ એના સમાધાન માટે જણાવાય છે :

**त्यक्तपुत्रकलत्रस्य, मूर्च्छामुक्तस्य योगिनः ।**
**चिन्मात्रप्रतिबद्धस्य, का पुद्गलनियन्त्रणा ।।२५-६।।**

''પુત્ર અને સ્ત્રીનો જેણે ત્યાગ કર્યો છે એવા મૂર્ચ્છા(મમતા-આસક્તિ)થી રહિત યોગી, માત્ર જ્ઞાનમાં પ્રતિબદ્ધ (આસક્ત, રક્ત, મગ્ન) હોવાથી તેને પુદ્ગલનું બન્ધન કયું હોય ?''- યોગીજનોએ પોતાની પત્ની અને પુત્રનો તેમ જ ધન વગેરે સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કર્યો હોય છે. સાથે સાથે તેઓશ્રીએ તે તે વસ્તુઓ ઉપરની મૂર્ચ્છાનો પણ ત્યાગ કર્યો છે. આ સંસારમાં આત્માને છોડીને એવી કોઈ બીજી વસ્તુ નથી, કે જે આત્માના શુદ્ધ સ્વરૂપનો આવિર્ભાવ કરી શકે. સ્વસ્વરૂપનો આવિર્ભાવ કરવામાં તદ્દન જ નકામા એવા તમામ પદાર્થોનો વાસ્તવિક રીતે ત્યાગ કરી યોગી મહાત્માઓ જ્ઞાનમાં જ મગ્ન હોય છે. પોતાના શુદ્ધ સ્વરૂપનો વાસ્તવિક બોધ ન થવાથી અજ્ઞાની જીવો પોતાના સ્વભાવથી તદ્દન વિલક્ષણ એવા તુચ્છ વિનાશી અને જડ-અચેતન એવાં પુદ્ગલોને વિષે લીન બને છે. પરન્તુ યોગીજનોને પોતાના શુદ્ધ સ્વરૂપનો ચોક્કસ યથાર્થ ખ્યાલ હોવાથી તેઓ આત્મજ્ઞાનમાં જ ચિત્તથી પ્રતિબદ્ધ હોય છે. તેથી અનાદિકાળથી અજ્ઞાનમૂલક પૌદ્ગલિક સુખની જે આસક્તિ હતી, તે તેમને થતી નથી. અજ્ઞાનજન્ય પરિણતિનો જ્ઞાનથી પ્રતિબન્ધ થાય-એ સ્પષ્ટ છે. આ રીતે જ્ઞાનમાત્રમાં પ્રતિબદ્ધ અપ્રમત્તયોગી મહાત્માઓએ વસ્ત્ર પાત્ર વગેરે ઉપકરણો ગ્રહણ કરવાં ના જોઈએ, કારણ કે એ પરિગ્રહ છે, જે યોગીજનો માટે ઉચિત નથી... ઇત્યાદિ શંકાનું સમાધાન કરવા માટે જણાવાય છે :

**चिन्मात्रदीपको गच्छेद्, निर्वातस्थानसन्निभैः ।**
**निष्परिग्रहतास्थैर्यं, धर्मोपकरणैरपि ।।२५-७।।**

''જ્ઞાનમાત્ર દીપકવાળા યોગી મહાત્મા, પવનરહિત સ્થાન જેવાં ધર્મોપકરણોને લઈને નિષ્પરિગ્રહપણાની સ્થિરતાને પ્રાપ્ત કરે છે.'' - આશય એ છે કે દીપક ગમે તેટલો પ્રજ્વલિત-દેદીપ્યમાન હોય પરન્તુ તેને પવનવાળી જગ્યામાં મૂકવામાં આવે

તો તે બુઝાઈ જાય છે અર્થાદ્ દીપકની સ્થિરતા માટે; જેમ પવનરહિત જગ્યાની આવશ્યકતા હોય છે, તેમ જ્ઞાનમાત્ર સ્વરૂપ દીપક જેવા યોગી મહાત્માને તેઓશ્રીની નિષ્પરિગ્રહતારૂપ સ્થિરતા માટે ધર્મોપકરણભૂત વસ્ત્ર-પાત્રાદિની આવશ્યકતા છે.

દિગંબરો ધર્મના ઉપકરણભૂત વસ્ત્ર-પાત્રાદિને પરિગ્રહ માનીને તેનો ત્યાગ કરવાનું જણાવે છે. વસ્ત્રાદિના અભાવમાં ગોચરી લાવવી, ગોચરી વાપરવી **અને** જીવની રક્ષા કરવી... વગેરે સંયમની આરાધના શક્ય બનતી નથી. પરન્તુ સંયમની વિરાધના થાય છે - એનો ખ્યાલ રાખ્યા વિના મહાત્માઓને ધર્મોપકરણના ગ્રહણનો નિષેધ કરે છે. સંયમની આરાધના માટે શ્રી વીતરાગ પરમાત્માએ આવશ્યક એવાં વસ્ત્ર-પાત્રાદિ ધર્મોપકરણોને ગ્રહણ કરવાનો ઉપદેશ કર્યો છે. તે ધર્મોપકરણોને ગ્રહણ કરવાથી શીતાદિ પરીસહ અને જીવની વિરાધનાના પ્રસંગે સારી રીતે અસંયમથી અને અસમાધિથી આત્માને બચાવી શકાય છે. શીત પરીસહ પ્રસંગે વસ્ત્ર ન હોય તો અત્યન્ત ઠંડી લાગવાથી અસમાધિનો સંભવ છે અને ક્ષુધા પરીસહ પ્રસંગે અસહ્ય ક્ષુધાના નિવારણ માટે જ્યારે આહાર લેવો પડે ત્યારે પાત્ર ન હોય તો હાથમાં વાપરવું પડે અને તેથી હાથમાંથી આહાર-પાણી નીચે પડવાના કારણે જીવવિરાધનાનો સંભવ છે. તેનાથી બચવા માટે વસ્ત્ર-પાત્રાદિ ધર્મોપકરણો ગ્રહણ કરવાની શ્રીવીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા છે. પરન્તુ દિગંબરો એ માનતા નથી. વસ્તુમાત્રના ગ્રહણને તેઓ પરિગ્રહ માને છે, તે તેમનો કદાગ્રહ છે.

અસંયમનાં ઉપકરણોનો સર્વથા ત્યાગ કરી સંયમનાં ઉપકરણોનો સ્વીકાર કરી તેની પ્રત્યે મમત્વ ન રાખવું-એ નિષ્પરિગ્રહતા છે. આવા પ્રકારની નિષ્પરિગ્રહતાની સ્થિરતા ધર્મોપકરણના ગ્રહણથી જ શક્ય છે. અસંયમ અને અસમાધિના નિવારણ માટે ગ્રહણ કરાતાં વસ્ત્ર-પાત્રાદિ પરિગ્રહ નથી. પરન્તુ તેની ઉપરની મૂર્ચ્છા એ પરિગ્રહ છે. જ્ઞાનમાત્રમાં આનન્દનો અનુભવ કરનારા યોગીજનોને પોતાના શરીર પ્રત્યે પણ મમત્વ હોતું નથી તો પછી વસ્ત્ર-પાત્રાદિ સ્વરૂપ ધર્મોપકરણને વિશે મૂર્ચ્છાનો સંભવ જ ક્યાં છે ? પોતાની નિષ્પરિગ્રહતાની સ્થિરતા માટે શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ પવનરહિત જગ્યાની જેમ ધર્મોપકરણને મહાત્માઓ ગ્રહણ કરે છે અને જ્ઞાનદીપકને પ્રજ્વલિત રાખી નિષ્પરિગ્રહતાની સ્થિરતાને પ્રાપ્ત કરે છે. પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં પરિગ્રહ અને અપરિગ્રહનું સ્વરૂપ જણાવાય છે :

**मूर्च्छाछन्नधियां सर्वं, जगदेव परिग्रहः ।**
**मूर्च्छया रहितानां तु, जगदेवापरिग्रहः ।।२५-८।।**

''મૂર્ચ્છાના કારણે જેમની બુદ્ધિ ઢંકાયેલી છે તેમના માટે સર્વ જગત પરિગ્રહ છે અને જેઓ મૂર્ચ્છાથી રહિત છે તેમના માટે તો સર્વ જગત અપરિગ્રહ છે.''- કહેવાનો આશય સ્પષ્ટ છે કે સામાન્યથી મૂર્ચ્છાના કારણે બુદ્ધિશાળી લોકોની બુદ્ધિ ઉપર આવરણ આવતું હોય છે. આસક્તિના કારણે બુદ્ધિમાન જનો પણ મૂર્ખની જેમ વર્ત્તતા હોય છે. જે વસ્તુ પોતાની નથી એને પોતાની માની તેને મેળવવા માટે અને સાચવવા માટે તેઓ સખત પુરુષાર્થ કરતા હોય છે. તેથી સમસ્ત જગતનું સ્વામિત્વ પ્રાપ્ત થાય એવી અભિલાષાને મનથી તેઓ રાખે છે. પોતાની પાસે વસ્તુ ન હોય તોપણ મનમાં તેની આસક્તિ હોવાથી ઈચ્છાના વિષયરૂપે સમગ્ર જગતનો પરિગ્રહ તેમને હોય છે. વસ્તુના અસ્તિત્વમાં પણ તેની આસક્તિ ન હોવાથી મહાત્માઓને સમગ્ર જગતનો અપરિગ્રહ છે. આથી સ્પષ્ટ છે કે મૂર્ચ્છા પરિગ્રહ છે અને તેનો અભાવ અપરિગ્રહ છે.

અહીં એ યાદ રાખવું જોઈએ કે ગમે તેટલી વસ્તુઓ રાખવા છતાં મૂર્ચ્છા ન હોય એટલે તે અપરિગ્રહ છે - એ જણાવવાનું અહીં તાત્પર્ય નથી. સંયમની સાધનામાં જે બાધક નથી પણ સાધનભૂત છે, એવી વસ્તુઓ રાખવી જ પડે ત્યારે તેની ઉપર મૂર્ચ્છા ન કરવાથી અપરિગ્રહ હોય છે - એ જણાવવાનું અહીં તાત્પર્ય છે. સંયમનો ઉપઘાત કરનારો પરિગ્રહ છે અને તેનો ઉપઘાત ન કરનારો અપરિગ્રહ છે. શ્રીવીતરાગ પરમાત્માએ સંયમની સાધના માટે જેનું વિધાન કર્યું છે, તે ઉપકરણોને છોડીને અન્ય ઉપકરણોને રાખવા તે પરિગ્રહ છે.... ઇત્યાદિ સમજાવવાનું અહીં તાત્પર્ય છે. રાગદ્વેષરહિતને સંયમના સાધનભૂત વસ્ત્રાદિ અપરિગ્રહરૂપ છે. અન્તે એવી અપરિગ્રહતાને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાલિલાષા......

**।। इति श्रीज्ञानसारप्रकरणे पञ्चविंशतितमं परिग्रहत्यागाष्टकम् ।।**

# अथ प्रारभ्यते षड्विंशतितममनुभवाष्टकम् ।

## २६

આ પૂર્વે પરિગ્રહ અને અપરિગ્રહનું સ્વરૂપ વર્ણવીને સર્વથા તેનો ત્યાગ કરવા જણાવ્યું. એ મુજબ સર્વથા પરિગ્રહનો ત્યાગ કરનારા મહાત્માઓને પણ અનુભવજ્ઞાન વિના મુક્તિ મળતી નથી. અનુભવજ્ઞાન દ્વારા જ નિષ્પરિગ્રહી મહાત્માઓને મુક્તિની પ્રાપ્તિ થાય છે. તેથી અનુભવજ્ઞાનનું સ્વરૂપ વર્ણવાય છે :

**सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ।**
**बुधैरनुभवो दृष्टः, केवलार्कारुणोदयः ।।२६-१ ।।**

''દિવસ અને રાત્રિથી જેમ સન્ધ્યા જુદી છે, તેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જુદો કેવલજ્ઞાનસ્વરૂપ સૂર્યના અરુણોદય જેવો અનુભવ પંડિત પુરુષોએ જોયો છે.''- આશય એ છે કે જ્યારે સૂર્યોદય થાય છે, ત્યારે રાત્રિના નાશ પછી અને દિવસની પૂર્વે અરુણોદય થાય છે. તેમ કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે અને શ્રુતજ્ઞાનના વિગમ વખતે અનુભવજ્ઞાન થાય છે, જેને પ્રાતિભજ્ઞાન તરીકે વર્ણવવામાં આવ્યું છે.

શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલા મોક્ષસાધક સકલ યોગો આ અનુભવજ્ઞાન દ્વારા જ મોક્ષના સાધક બને છે. અનુભવજ્ઞાન વિના એ યોગો મોક્ષસાધક બનતા નથી. અનુભવથી રહિત જ્ઞાન, પાણી અને દૂધ જેવું છે અને અનુભવજ્ઞાન અમૃતજેવું છે. સામાન્યથી સમ્યગ્જ્ઞાન ત્રણ પ્રકારનું છે. શ્રુતજ્ઞાન ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન, જે અનુક્રમે વિધિમાં પ્રયત્નવાળું, વિષયની તૃષ્ણાને હરનારું અને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરાવનારું છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના પછીના (ઉત્તર) કાળમાં તેમ જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વેના છેલ્લા અન્તર્મુહૂર્તના કાળમાં અનુભવજ્ઞાન પ્રાપ્ત થાય છે.

રાત્રિ પછી અને સૂર્યોદયની પૂર્વે થનાર અરુણોદયની જેવું આ પ્રાતિભજ્ઞાન સન્ધ્યાની જેમ જ શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનથી ભિન્ન છે. સંધ્યા,રાત પણ નથી અને દિવસ પણ નથી તેમ પ્રાતિભજ્ઞાન, શ્રુતજ્ઞાન પણ નથી અને કેવળજ્ઞાન પણ નથી. કથંચિદ્ એનો સમાવેશ શ્રુતજ્ઞાનમાં કરી શકાય છે. કારણ કે વિશિષ્ટ ક્ષયોપશમથી સામર્થ્યયોગમાં એ પ્રાપ્ત થતું હોય છે. તેની પ્રાપ્તિ પછી તો અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શ્રુતજ્ઞાનની આ સર્વોત્કૃષ્ટ અવસ્થા છે. જેની પછી તુરત જ શ્રી

કૈવલ્ય અવસ્થાની પ્રાપ્તિ થતી હોય છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ઉત્તરકાળમાં અને શ્રીકેવળજ્ઞાનના અવ્યવહિત પૂર્વકાળમાં પ્રાપ્ત થનારું આ અનુભવજ્ઞાન જ શ્રીકેવળજ્ઞાનનું કારણ છે. શાસ્ત્રયોગના સમર્થ આરાધકો પણ આ અનુભવજ્ઞાન દ્વારા જ મોક્ષને પ્રાપ્ત કરે છે. એમાં શાસ્ત્ર જે રીતે ઉપયોગી બને છે તે જણાવવાપૂર્વક અનુભવજ્ઞાનનું ફળ વર્ણવાય છે :

**व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शन एव हि ।**
**पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ।।२६-२।।**

"સર્વ શાસ્ત્રોનો વ્યાપાર (પ્રયોજન-તાત્પર્ય) દિશાસૂચન કરવાનો જ હોય છે. સંસારસાગરના પારને પ્રાપ્ત કરાવવાનું કાર્ય તો એક અનુભવ જ કરે છે." દ્રવ્યાનુયોગ ગણિતાનુયોગ કથાનુયોગ અને ચરણકરણાનુયોગ : આ ચારે ય પ્રકારના અનુયોગ(વ્યાખ્યાન)ને કરનારાં સકલ શાસ્ત્રોનો વ્યાપાર-પ્રયાસ, સામાન્ય રીતે દિશાસૂચન-માર્ગ દર્શાવવા પૂરતો છે. ઈષ્ટ સ્થાને પહોંચવા માટે પથિકો માટે માર્ગમાં તે તે સ્થાને માર્ગદર્શક પાટિયાં મૂકેલાં હોય છે. તે પાટિયાં માત્ર માર્ગની સૂચના આપે છે. પરન્તુ પથિકોને ઈષ્ટ સ્થાને પહોંચાડતાં નથી. ઈષ્ટ સ્થાને પહોંચવા માટે સૂચિત માર્ગે પથિકોએ પોતે ચાલવું પડે છે. આવી જ રીતે મોક્ષે જવા માટે પ્રસ્થિત મુમુક્ષુઓને પણ સકલ શાસ્ત્રો દિશાસૂચન માત્ર કરે છે પરન્તુ મોક્ષે પહોંચાડતાં નથી. અનુભવજ્ઞાન : એ એક જ મુમુક્ષુને આ સંસારસાગરથી પાર ઉતારે છે, મોક્ષે પહોંચાડે છે.

અહીં સમજી લેવું જોઈએ કે આ અનુભવજ્ઞાન સામર્થ્યયોગમાં થતું હોય છે. એનો ઉપાય શાસ્ત્રમાં સામાન્યથી વર્ણવ્યો છે. પરન્તુ એનું વિશેષ સ્વરૂપ વગેરે શાસ્ત્રમાં વર્ણવેલું નથી. કારણ કે આત્માની અચિન્ત્ય પ્રબળ શક્તિથી એની ઉત્પત્તિ થાય છે, જે શાસ્ત્રથી જાણી શકાય એમ નથી. સામાન્યથી જ શાસ્ત્રે તેનું વર્ણન કર્યું છે, સર્વથા શાસ્ત્રે તેનું વર્ણન કર્યું નથી. જો શાસ્ત્રમાં સર્વથા તેનું વર્ણન કરાયું હોત તો તે જાણીને બધા જ આત્માઓ સર્વજ્ઞ થઈ ગયા હોત. પરન્તુ એવું થયું નથી. તેથી સ્પષ્ટ છે કે સામર્થ્યયોગનો વિષય શાસ્ત્રાતીત છે. જે સ્થાને પહોંચવું હોય, તે જણાતું હોય તો તેનો કોઈ સંપૂર્ણ માર્ગ પણ જણાવી શકે. પરમાત્મસ્વરૂપ શબ્દાતીત હોવાથી તેને પામવાનો સમગ્ર માર્ગ પણ શબ્દોથી સર્વથા વર્ણવવાનું શક્ય નથી. નજરે જોયેલી વસ્તુનું પણ વર્ણન સર્વથા કરી શકાતું નથી. કોઈ એ અંગે વાસ્તવિક જિજ્ઞાસાથી પૂછે તો અન્તે આપણને એ કહેવું પડે કે, તમે જોઈ લો ! નજરે જોયેલા

પદાર્થોના વિષયમાં પણ શબ્દોથી વર્ણન થઈ શકતું નથી. તો પછી અતીન્દ્રિય પરમતત્ત્વના વિષયમાં વિશેષસ્વરૂપે સર્વથા નિરૂપણ કઈ રીતે શક્ય બને ? અર્થાદ્ ન જ બને-એ જણાવાય છે :

**अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना ।**
**शास्त्रयुक्तिशतेनाऽपि, न गम्यं यद् बुधा जगुः ।।२६-३।।**

''ઈન્દ્રિયોથી થનારા જ્ઞાનનો જે વિષય નથી તે અતીન્દ્રિય પરમાત્મસ્વરૂપ પરબ્રહ્મ, વિશુદ્ધ-અનુભવ જ્ઞાન વિના, શાસ્ત્રોની સેંકડો યુક્તિઓથી પણ જાણી શકાય એવું નથી. જેથી પંડિતજનોએ કહ્યું છે (શ્લોક નં. ૪ માં જણાવ્યું છે) કે-''

આશય એ છે કે આત્માનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યાત્મક અરૂપી છે. કર્મના યોગે એ શુદ્ધ સ્વરૂપ આવૃત-તિરોહિત છે. કેવલજ્ઞાન વિના એ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ જોઈ શકાય એવું નથી. ચક્ષુરાદિ ઈન્દ્રિયોનો એ વિષય નથી. આથી સમજી શકાશે કે પરમબ્રહ્મ (પરમાત્મસ્વરૂપ) અતીન્દ્રિય છે. એને સમજાવવા અને ઓળખાવવા માટે શાસ્ત્ર સેંકડો યુક્તિઓ આપે તોપણ પરમબ્રહ્મને સમજાવી શકે કે ઓળખાવી શકે એમ નથી. શબ્દાતીત બ્રહ્મ છે. એનો સર્વથા પરિચય કરાવવાનું શબ્દની શક્તિ બહારનું છે. પરમ બ્રહ્મના પરિચય માટે એકમાત્ર સાધન વિશુદ્ધ અનુભવ છે, જે શાસ્ત્રયોગની સમાપ્તિ પછી સામર્થ્યયોગમાં પ્રાપ્ત થાય છે. આ વાતમાં પંડિત પુરુષોની સંમતિ છે : એ यद् बुधा जगुः - આ પદથી જણાવ્યું છે. હવે પછીના શ્લોકથી પંડિત પુરુષોએ જે જણાવ્યું છે - તે જ જણાવાય છે :

**ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।**
**कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात् तेषु निश्चयः ।।२६-४।।**

''પરમબ્રહ્માદિસ્વરૂપ અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય જો હેતુવાદથી થઈ શકતો હોત તો આટલા બધા કાળમાં બુદ્ધિમાન લોકોએ તે અંગે નિશ્ચય કરી લીધો હોત.''- કહેવાનો આશય એ છે કે આજ સુધી અનન્તાનન્ત કાળ વીત્યો છે અને પ્રાજ્ઞ એવા શાસ્ત્રકાર પરમર્ષિઓ પણ અનન્તાનન્ત થઈ ગયા છે પરન્તુ હજુ સુધી ધર્માસ્તિકાયાદિ અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય થયો નથી. ષટ્દર્શનોના વિદ્વાનોમાં મતમતાન્તરો ચાલ્યા જ કરે છે.

અનેકાનેક હેતુ-યુક્તિ-પ્રયુક્તિઓના ઉપન્યાસો અનવરત ચાલતા હોવા છતાં વિદ્વાનો અતીન્દ્રિય પરમબ્રહ્માદિ સ્વરૂપ પદાર્થોના વિષયમાં મતાન્તરો નિવારી શક્યા નથી કે પોતાના મતમાં બીજાને લાવીને સ્વમતનું વ્યવસ્થાપન કરી શક્યા નથી. આજ સુધી જે પણ પરમબ્રહ્મને પામ્યા છે તે બધા જ અનુભવજ્ઞાનને લઈને. શાસ્ત્ર પ્રત્યેની અગાધ શ્રદ્ધાએ શાસ્ત્રયોગીને અનુભવજ્ઞાન સુધી ચોક્કસ પહોંચાડ્યા છે. પરન્તુ એકલા શાસ્ત્રયોગથી કોઈ જ પરમબ્રહ્મસ્વરૂપને પામ્યું નથી, પામતું નથી અને પામવાનું પણ નથી.

પ્રચંડ પ્રતિભાના સ્વામી, અદ્ભુત ક્ષયોપશમને વરેલા અને તત્ત્વના પરમ અર્થી હોવા છતાં પરમતત્ત્વનો નિર્ણય કરવા માટે તેઓ સમર્થ બન્યા નથી. આ નક્કર હકીકતનું એકમાત્ર કારણ એ છે કે હેતુવાદ(પ્રમાણ નય નિક્ષેપા યુક્તિ પ્રયુક્તિ અને તર્ક વગેરેના પ્રયોગથી)થી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરી શકાતો નથી. અન્યથા પ્રાજ્ઞ હોય, તત્ત્વના અર્થી હોય અને શાસ્ત્રોનું સતત પરિશીલન હોય છતાં અતીન્દ્રિય પરમબ્રહ્માદિ સ્વરૂપ પદાર્થોનો નિશ્ચય કેમ ના થાય ? શાસ્ત્રના અવગાહનમાં અને અનુભવજ્ઞાનમાં જે ફરક છે તે માન્યા વિના ચાલે એવું નથી. એ બેમાં જે વિશેષ છે - તે જણાવાય છે :

**केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।**
**विरलास्तद्रसास्वादविदोऽनुभवजिह्वया ।।२६-५।।**

"કોની કલ્પનાસ્વરૂપ કડછી, શાસ્ત્રસ્વરૂપ દૂધપાકમાં પ્રવેશ કરતી નથી ? પરન્તુ અનુભવ સ્વરૂપ જીભ વડે શાસ્ત્રક્ષીરાન્નના રસના આસ્વાદને જાણનારા થોડા છે." - શાસ્ત્રને અહીં ક્ષીરાન્નસ્વરૂપે વર્ણવ્યું છે. શાસ્ત્રનું પરિશીલન કરનારાને શાસ્ત્રમાં જે રસ પડે છે તે ક્ષીરાન્ન(દૂધપાકાદિ)ના રસાસ્વાદ કરતાં કંઈક ગુણો અધિક છે. આવા વિદ્વાનો એકવાર ખાવા-પીવાનું ભૂલી જાય એ બને પણ તેઓ શાસ્ત્ર ના ભૂલે.

આવા શાસ્ત્રસ્વરૂપ ક્ષીરાન્નનું અવગાહન, પોતાની કલ્પનાસ્વરૂપ કડછીથી કોણ કરતું નથી ? લગભગ બધા જ કરે છે. પરન્તુ કડછીને જેમ દૂધપાકનો સ્વાદ નથી આવતો તેમ પોતાની મતિકલ્પનાથી શાસ્ત્રનું સતત અવગાહન કરવા છતાં તેઓ શાસ્ત્રના રહસ્યને પામી શકતા નથી. પોતાની જીભ વડે જેઓ દૂધપાકને વાપરે

છે, તેમને જેમ દૂધપાકનો રસાસ્વાદ જણાય છે તેમ અહીં પણ અનુભવજ્ઞાન સ્વરૂપ જીભ વડે જેઓ શાસ્ત્રક્ષીરાન્નને વાપરે છે, તેમને તેનો રસાસ્વાદ અનુભવવા મળે છે. પરન્તુ આવા આત્માઓ ખૂબ જ વિરલ છે.

કડછીની જેમ પોતાની મતિકલ્પનાથી શાસ્ત્રસ્વરૂપ ક્ષીરાન્નને હલાવવાનું (ડોળવાનું) કાર્ય લગભગ બધા જ કરે છે. પરન્તુ તેથી તેના પરમાર્થને પામવાનું શક્ય બનતું નથી. પરમાર્થને પામવા માટે અનુભવજ્ઞાનની આવશ્યકતા છે. મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનની શક્તિની અપેક્ષાએ આ અનુભવજ્ઞાનની શક્તિ ખૂબ જ પ્રબળ છે. જે પરમબ્રહ્મ મતિ વગેરે ચાર જ્ઞાનથી જણાતું નથી, તે આ અનુભવજ્ઞાનથી જણાય છે. કાર્યને અનુરૂપ જ કારણ હોય છે. કાર્ય જ વિશિષ્ટ છે તેથી તેનું કારણ પણ વિશિષ્ટ હોય તે સમજી શકાય છે. આથી જ પરમબ્રહ્મને જોવા માટે સામાન્ય દૃષ્ટિ કામ લાગતી નથી - એ જણાવાય છે :

**पश्यतु ब्रह्म निर्द्वन्द्वं निर्द्वन्द्वानुभवं विना।**
**कथं लिपिमयी दृष्टिर्वाङ्मयी वा मनोमयी ।।२६-६।।**

''દ્વન્દ્વરહિત એવા પરમબ્રહ્મને દ્વન્દ્વરહિત એવા અનુભવ વિના, લિપિમયી વાઙ્મયી અથવા મનોમયી દૃષ્ટિ કઈ રીતે દેખે ?'' - આશય એ છે કે રાગ-દ્વેષાદિથી રહિત એવું સહજસિદ્ધ પરમ આત્મતત્ત્વ છે. સર્વથા કર્મથી રહિત શુદ્ધ સ્ફટિકની જેમ નિર્મળ એવું આત્માનું સ્વરૂપ કોઈ પણ ઔપાધિક ધર્મથી રહિત હોવાથી તે નિર્દ્વન્દ્વ છે. અનાદિકાળના કર્મના યોગે આત્માનું શુદ્ધસ્વરૂપ આચ્છાદિત છે. ઔપાધિક એ બધા ધર્મોને લઈને આત્માનું નિર્દ્વન્દ્વ સ્વરૂપ આપણે જોઈ શકતા નથી. કર્મનાં આવરણોથી આવૃત એ આત્માનું શુદ્ધ સ્વરૂપ જોવા માટે કર્મોનાં આવરણો દૂર કર્યા વિના ચાલે એવું નથી. જેમ જેમ કર્મનાં આવરણોનો વિગમ થવા માંડે તેમ તેમ આત્માનું શુદ્ધસ્વરૂપ પ્રતીત થવા માંડે છે.

આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ અનુભવાત્મક જ્ઞાન વિના શક્ય નથી. કારણ કે સામાન્યથી શ્રુતજ્ઞાનથી જીવાદિ તત્ત્વોની પ્રતીતિ થતી હોય છે. એ શ્રુતજ્ઞાન લિપિમય દૃષ્ટિ સ્વરૂપ, વાઙ્મયદૃષ્ટિ સ્વરૂપ અને મનોમય દૃષ્ટિ સ્વરૂપ છે. બ્રાહ્મી દેવનાગરી ગુજરાતી વગેરે લિપિમાં નિબદ્ધ ગ્રન્થોના વાંચનાદિથી જે જ્ઞાન થાય છે, તે લિપિમય દૃષ્ટિ સ્વરૂપ જ્ઞાન છે. બોલાતા શબ્દોના શ્રવણથી જે જ્ઞાન થાય છે, તે

વાઙ્મયદૃષ્ટિ સ્વરૂપ જ્ઞાન છે અને ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરાયેલા ઘટાદિ પદાર્થોમાં 'આ ઘટ છે' .... ઇત્યાદિ સ્વરૂપે શબ્દના સંબન્ધવાળું જે જ્ઞાન થાય છે, તે મનોમયદૃષ્ટિ સ્વરૂપ છે. આ જ્ઞાન શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. આત્માનું નિરાવરણ શુદ્ધસ્વરૂપ કર્મક્ષયથી પ્રાપ્ત થતું હોય છે. તેથી એ શુદ્ધસ્વરૂપને જોવાનું કાર્ય, ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી લિપિમયી વાઙ્મયી કે મનોમયી દૃષ્ટિથી શક્ય બનતું નથી. નિર્દ્વન્દ્વ-શુદ્ધ અનુભવથી જ એ કાર્ય શક્ય છે - એ સમજી શકાય છે. યદ્યપિ આ રીતે આત્માનું શુદ્ધસ્વરૂપ જોવાનું કાર્ય તો શ્રીકેવલજ્ઞાનની પ્રાપ્તિથી જ શક્ય બનશે. કારણ કે તે જ્ઞાન જ ક્ષાયિકભાવે પ્રાપ્ત થાય છે. મત્યાદિ જ્ઞાનો ક્ષાયિકભાવે પ્રાપ્ત થતાં નથી. અનુભવજ્ઞાન પણ ક્ષાયિકભાવે હોતું નથી. પરન્તુ ક્ષાયિકભાવની અવ્યવહિત (અત્યન્ત નજીક) પૂર્વ અવસ્થામાં અનુભવજ્ઞાન થતું હોવાથી કેવલજ્ઞાનના કાર્ય જેવું કાર્ય શક્ય બને છે - આ આશયથી અનુભવાત્મક જ્ઞાનની દશા વર્ણવાય છે :

**न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ ।**
**कल्पनाशिल्पविश्रान्ते, स्तुर्यैवानुभवो दशा ।।२६-७ ।।**

''મોહરહિત હોવાથી અનુભવ, સુષુપ્તિ (ગાઢનિદ્રા) દશા સ્વરૂપ નથી. તેમ જ કલ્પનાશિલ્પનો વિરામ થયો હોવાથી અનુભવ, અનુક્રમે બીજી અને ત્રીજી સ્વાપ (સ્વપ્ન-અર્ધનિદ્રા) અને જાગ્રદ્દશા સ્વરૂપ નથી. તેથી અનુભવ ચોથી દશા સ્વરૂપ છે.'' કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે જીવોની ચાર દશાઓ વર્ણવાઈ છે. સુષુપ્તિ સ્વાપ જાગ્રદ્ અને ઉજ્જાગર : આ ચાર દશાઓમાંથી પ્રથમ સુષુપ્તિદશા મિથ્યાદૃષ્ટિ આત્માઓને હોય છે.

પ્રગાઢ નિદ્રામાં પડેલા જીવોને જેમ સદ્-અસદ્નું ભાન રહેતું નથી, તેમ મહામોહની અસર નીચે રહેલા મિથ્યાત્વી જીવોને સદ્ અસદ્, હેય ઉપાદેય, કે હિત અહિતાદિનું વાસ્તવિક ભાન હોતું નથી. તેથી તે જીવોની દશાને સુષુપ્તિ દશાસ્વરૂપે વર્ણવાય છે. સામર્થ્યયોગમાં પ્રાપ્ત થયેલા અનુભવજ્ઞાન વખતે આત્મા મોહથી વાસિત ન હોવાથી તેને સુષુપ્તિદશા હોતી નથી. મોહથી સહિતને તે દશા હોય છે. મોહથી રહિતને તે દશા નથી હોતી.

મિથ્યાત્વમોહના ઉદયથી જેઓ રહિત છે, તેવા સમ્યગ્દૃષ્ટિ જીવોને સ્વાપાવસ્થા હોય છે. સ્વપ્નાવસ્થામાં અર્ધનિદ્રા હોવાથી અનેક પ્રકારની કલ્પનાઓનું શિલ્પ (રચના) ચાલતું હોય છે. એવી અવસ્થામાં આપણને પોતાને પણ એમ લાગે છે કે આવી બધી કલ્પનાઓ ક્યાંથી ઉદ્ભવે છે ? આવું જ કલ્પનાશિલ્પ મિથ્યાત્વના અભાવમાં ચાલતું હોય છે. જ્યારે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય છે ત્યારે છઠ્ઠા સાતમા ગુણસ્થાનકે કલ્પનાઓ વિરામ પામે છે અને આત્મગુણોમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે - એ જીવોની જાગ્રદ્દશા છે. જાગ્રદ્દશામાં સ્વપ્નાવસ્થાની તે તે કલ્પનાઓનો અન્ત આવે છે અને જીવો પોતાની તે તે પ્રવૃત્તિઓમાં સ્થિરતા પ્રાપ્ત કરતા હોય છે. તેમ અહીં પણ પૂ. મુનિભગવન્તોને જાગ્રદ્દશા હોય છે અને ચોથી ઉજ્જાગરદશા આઠમા ગુણસ્થાનકથી શરૂ થાય છે. અપ્રમત્તતા અને સ્થિરતાદિ ગુણોનો અહીં પરમપ્રકર્ષ હોય છે. અનુભવજ્ઞાનીને આ દશા હોય છે. જોકે શ્રી કેવલી પરમાત્માને આ દશા હોય છે, પરન્તુ તે દશાને પ્રાપ્ત કરવા માટેની કારણ સ્વરૂપ ઉજ્જાગર દશા ઉપચારથી અનુભવજ્ઞાનીને માની છે... ઇત્યાદિ યાદ રાખવું. પ્રકરણના અન્તે અનુભવજ્ઞાનને પ્રાપ્ત કરવાનો ઉપાય જણાવવા પૂર્વક તેનું ફળ જણાવાય છે :

**अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः ।**
**स्वसंवेद्यं परं ब्रह्मानुभवेनाधिगच्छति ।।२६-८।।**

''શાસ્ત્રદૃષ્ટિથી સકલ શબ્દબ્રહ્મને જાણીને સ્વપ્રકાશ એવા પરમ બ્રહ્મને અનુભવ વડે મુનિ જાણે છે.'' આશય એ છે કે અહીં 'બ્રહ્મ' શબ્દનો અર્થ 'આત્મતત્ત્વ' છે. અનાદિકાળથી કર્મના યોગે ચારગતિસ્વરૂપ અનાદ્યનન્ત આ સંસારમાં ભ્રમણ કરનાર આત્મા અશુદ્ધ છે અને કર્મથી સર્વથા મુક્ત એવો સિદ્ધસ્વરૂપ આત્મા શુદ્ધ છે. શુદ્ધ આત્મતત્ત્વને પરમ બ્રહ્મ તરીકે વર્ણવાય છે અને અશુદ્ધ આત્મતત્ત્વને સામાન્યથી બ્રહ્મ અને અપરબ્રહ્મરૂપે વર્ણવાય છે. જોકે ચાલુ વ્યવહારમાં આ રીતે નિરૂપણ પ્રસિદ્ધ નથી. દાર્શનિક પરિભાષામાં આત્મતત્ત્વનું નિરૂપણ આ રીતે કરાય છે.

પૂર્વે જણાવ્યા મુજબ શુદ્ધાત્માનું સ્વરૂપ શ્રુતજ્ઞાનથી સામાન્યપણે વર્ણવી શકાય છે. સર્વથા તેનું વર્ણન શક્ય નથી. અનુભવજ્ઞાનથી જ તે અનુભવાય છે. પરન્તુ અનુભવજ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી જે પણ થોડોઘણો અનુભવ થાય છે, તે અશુદ્ધ આત્મતત્ત્વનો થાય છે. તેના સ્વરૂપનું વર્ણન શાસ્ત્રો દ્વારા કરાય પણ

છે. આથી જ તે અશુદ્ધ આત્મતત્ત્વને (અપરબ્રહ્મને) શબ્દબ્રહ્મ કહેવાય છે. શબ્દોથી વર્ણવી શકાય તે શબ્દબ્રહ્મ છે. પરમબહ્મ શબ્દાતીત (વચનાતીત) છે. તેનું વર્ણન કરવાનું સામર્થ્ય શબ્દોમાં નથી.

આ પૂર્વે જણાવ્યા મુજબ સામર્થ્યયોગમાં જ અનુભવજ્ઞાનની-પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને સામર્થ્યયોગ શાસ્ત્રયોગની પૂર્ણતા પછી પ્રાપ્ત થાય છે. તેથી અહીં જણાવ્યું છે કે શાસ્ત્રદષ્ટિથી સકલ શબ્દબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરીને મુનિભગવન્તો (સામર્થ્યયોગના યોગી મહાત્માઓ) અનુભવ વડે પરમબ્રહ્મને પ્રાપ્ત કરે છે. અર્થાદ્ સાક્ષાદ્ દેખે છે. આ પરમબ્રહ્મ સ્વયં સંવેદ્ય છે. કારણ કે તેને જોવા માટે અન્ય કોઈની આવશ્યકતા નથી. તે સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી પોતાની મેળે જ પ્રકાશિત થાય છે. દીવાને જોવા માટે જેમ અન્ય દીવાની અપેક્ષા નથી રહેતી તેમ પરમબ્રહ્મને જોવા માટે અન્ય કોઈની અપેક્ષા નથી. સ્વસંવેદ્ય અનન્તજ્ઞાનમય પરમબ્રહ્મ અનુભવથી જ અધિગમ્ય છે. પરમબ્રહ્મ અને અનુભવ કથંચિદ્ અભિન્ન છે. તેથી 'અનુભવ વડે સ્વસંવેદ્ય પરમબ્રહ્મને મુનિ ભગવન્તો જાણે છે.' .... આ પ્રમાણે જણાવવામાં કોઈ દોષ નથી.. વગેરે જાણકાર પાસેથી સમજી લેવું જોઈએ. અન્તે શાસ્ત્રયોગની પ્રકૃષ્ટ સાધના વડે સામર્થ્યયોગને પ્રાપ્ત કરી પરમબ્રહ્મને પામવા માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

।। इति श्रीज्ञानसारप्रकरणे षड्विंशतितममनुभवाष्टकम् ।।

# अथ प्रारभ्यते सप्तविंशतितमं योगाष्टकम् ।

## ૨૭

હવે યોગના સ્વરૂપાદિનું નિરૂપણ કરાય છે. આ પૂર્વે અનુભવનું નિરૂપણ કર્યું. પરન્તુ યોગની પ્રાપ્તિ વિના એ અનુભવજ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી. તેથી આ અષ્ટકથી યોગનું નિરૂપણ કરાય છે :

**मोक्षेण योजनाद् योग:, सर्वोऽप्याचार इष्यते ।**
**विशिष्य स्थानवर्णार्थालम्बनैकाग्र्यगोचर: ।।२७-१।।**

''મોક્ષની સાથે આપણા આત્માને જોડી આપતો હોવાથી સઘળો ય આચાર યોગ સ્વરૂપ મનાય છે. વિશેષે કરી સ્થાન વર્ણ અર્થ આલંબન અને એકાગ્રતાના વિષયવાળા આચારને યોગસ્વરૂપ મનાય છે.'' આશય એ છે કે શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને અને લોકપ્રસિદ્ધ વ્યવહારને આશ્રયીને શબ્દનો અર્થ જુદો જુદો પણ થાય છે. **योजनाद् योग:-** (અર્થાદ્ જોડી આપવાથી યોગ કહેવાય છે) આ **योग** શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને 'જે મોક્ષની સાથે આત્માને જોડી આપે તેને યોગ કહેવાય છે.'- આ પ્રમાણે 'योग' શબ્દનો અર્થ છે. એ મુજબ પૂ. સાધુભગવન્તોનો; નિર્દોષ ઉપાશ્રયાદિમાં રહેવું, નવકલ્પી વિહાર, શુદ્ધગવેષણા અને સ્વાધ્યાયાદિ સ્વરૂપ સઘળોય પરિશુદ્ધ આચાર યોગસ્વરૂપ છે. કારણ કે એ પરિશુદ્ધ આચાર મોક્ષના કારણ સ્વરૂપ છે. પ્રણિધાન પ્રવૃત્તિ વિઘ્નજય સિદ્ધિ અને વિનિયોગ : આ પાંચ આશયથી યુક્ત ધર્મ જ પરિશુદ્ધ છે. પ્રણિધાનાદિ આશયથી રહિત ધર્મક્રિયા તુચ્છ અને અસાર છે. એ મોક્ષની કારણભૂત નથી.

પ્રણિધાનાદિ પાંચ આશયોનું વર્ણન 'યોગવિંશિકા-એકપરિશીલન' માં મેં કર્યું છે. અહીં એ વિષય ન હોવાથી તેની વિચારણા કરવી નથી. શ્લોકાર્થના નિરૂપણ માટે થોડી વિચારણા કરીશ. આમ પણ આ અષ્ટકમાં વર્ણવેલા વિષયોની વિચારણાને વિસ્તારથી સમજવા માટે 'યોગવિંશિકા-એકપરિશીલન' નું પરિશીલન કરવું પડશે. અહીં તો શ્લોકને અનુસરી સંક્ષેપથી વર્ણન કર્યું છે.

પોતાની અપેક્ષાએ હીન ગુણવાળા જીવો પ્રત્યે દ્વેષ રાખ્યા વિના બીજા જીવોની પ્રત્યે ઉપકારની ભાવનાથી યુક્ત એવો; કરવા ધારેલા ધર્મકૃત્યમાં જે ઉપયોગ છે -

તેને પ્રણિધાન કહેવાય છે. કરવા ધારેલા એ ધર્મકૃત્યને વિશે, તેના ઉપાયોમાં વિધિથી શુદ્ધ અને જલદી ક્રિયા પૂર્ણ થાય એવી ઈચ્છાથી રહિત ઉત્સુકતા વિનાનો જે તીવ્ર-પ્રયત્ન છે-તેને પ્રવૃત્તિ કહેવાય છે. તે તે ક્રિયામાં અન્તરાયભૂત થનારા હીન મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નને દૂર કરવાના પરિણામને વિઘ્નજય કહેવાય છે. તાત્ત્વિક તે તે ધર્મની પ્રાપ્તિને સિદ્ધિ કહેવાય છે, જે વખતે અધિક ગુણવાન આત્માઓની પ્રત્યે બહુમાન હોય છે. મધ્યમગુણવાળા જીવો પ્રત્યે ઉપકારની બુદ્ધિ હોય છે. અને હીન ગુણવાળા જીવો પ્રત્યે દયાનો પરિણામ હોય છે. પોતાને પ્રાપ્ત થયેલી ધર્મસિદ્ધિને તેના ઉપાય દ્વારા બીજાને પ્રાપ્ત કરાવવાના પરિણામને વિનિયોગ કહેવાય છે. આ પાંચ આશયોનું વર્ણન 'ષોડશક એક પરિશીલન'માં પણ વિસ્તારથી કર્યું છે.

આ રીતે પ્રણિધાન પ્રવૃત્તિ વગેરે પાંચ આશયથી પરિશુદ્ધ સકલ ધર્મવ્યાપાર-આચાર યોગ છે. કારણ કે તે આત્માને મોક્ષની સાથે જોડી આપે છે. આથી સમજી શકાશે કે, 'મોક્ષના કારણભૂત પરિશુદ્ધ સઘળો ય ધર્મવ્યાપાર યોગ છે.' - આ વાત સામાન્યથી योजनाद् योगः - આ પ્રમાણેની 'योग' શબ્દની વ્યુત્પત્તિની અપેક્ષાએ છે. લોકપ્રસિદ્ધ વ્યવહારને આશ્રયીને योग શબ્દનો જે અર્થ થાય છે અર્થાદ્ 'योग' પદની પ્રવૃત્તિનું જે નિમિત્ત છે, તેને આશ્રયીને 'योग' શબ્દનો અર્થ શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવ્યો છે.

સામાન્યથી મોક્ષના કારણભૂત પરિશુદ્ધ ધર્મમાત્ર યોગ છે, પરન્તુ વિશેષે કરી એટલે કે યોગતન્ત્રના જાણકારોની પરિભાષા મુજબ 'સ્થાન વર્ણ અર્થ આલંબન અને એકાગ્રતા (અનાલંબન)' ને જ યોગ તરીકે વર્ણવાય છે. પદ્માસન કાયોત્સર્ગ અને પર્યંકાસન વગેરે યોગાસનો પ્રસિદ્ધ છે. મન વચન કાયાની યોગમાર્ગે સ્થિરતા પ્રાપ્ત કરવા માટે તે તે આસનો વિહિત છે. તેને સ્થાનસ્વરૂપ યોગ કહેવાય છે. યોગની સાધનાના કાળમાં સૂત્રો બોલતી વખતે શુદ્ધ રીતે ઉચ્ચારાતા વર્ણોને વર્ણસ્વરૂપ યોગ કહેવાય છે. જે વર્ણો બોલવાથી સાંભળનારને તેના અર્થનો બોધ થાય છે, ત્યારે તે રીતે બોલાતા શબ્દો વર્ણયોગ કહેવાય છે. સૂત્રો એવી રીતે બોલવાં જોઈએ કે જેને સાંભળનારને પૂછવું ના પડે કે તમે શું બોલ્યા ? સૂત્ર સાંભળતાંની સાથે તેના જાણકારને અર્થનો બોધ સ્પષ્ટપણે થઈ જવો જોઈએ. શ્રોતાને અર્થના બોધ માટે સૂત્રયોગ-વર્ણયોગ (ઊર્ણયોગ) ખૂબ જ મહત્ત્વનું સાધન છે.

શબ્દના અર્થનો નિશ્ચય : એ અર્થયોગ છે, જેથી શબ્દના અર્થમાં સંશય વિપર્યય કે અસ્પષ્ટ બોધ (અનધ્યવસાય) થતો નથી. બાહ્ય-પ્રતિમાજી વગેરેના ધ્યાનને આલંબનયોગ કહેવાય છે, જેથી ચિત્તની સ્થિરતા ટકી રહે છે. રૂપીદ્રવ્ય-(પ્રતિમાજી વગેરે)ના આલંબનથી રહિત આત્માના શુદ્ધ સ્વરૂપના ધ્યાનને અનાલંબન યોગ (એકાગ્રતા) કહેવાય છે, જેથી પરમાત્મસ્વરૂપ ધ્યેયની સાથે અભેદ પ્રાપ્ત થાય છે. અર્થાત્ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આથી સમજી શકાશે કે સ્થાનાદિ પાંચમાંથી કોઈ એકમાં 'યોગ' પદની પ્રવૃત્તિનું નિમિત્તત્વ છે... ઇત્યાદિ યોગવિંશિકાદિથી સમજી લેવું જોઈએ... સ્થાનાદિ પાંચ યોગોનો પ્રકારાન્તરે વિભાગ કરી તે કોને હોય છે - એ જણાવાય છે :

**कर्मयोगद्वयं तत्र, ज्ञानयोगत्रयं विदुः ।**
**विरतेष्वेव नियमाद्, बीजमात्रं परेष्वपि ।।२७-२ ।।**

''સ્થાન વર્ણ અર્થ આલંબન અને અનાલંબન સ્વરૂપ ઐકાગ્ર્ય : આ પાંચ યોગમાંના પ્રથમ બે યોગ કર્મયોગ સ્વરૂપ છે અને છેલ્લા ત્રણ યોગ જ્ઞાનયોગ સ્વરૂપ છે - એમ જાણકારો જાણે છે. નિયમે કરી વિરતિધર આત્માઓને જ આ યોગ હોય છે. બીજાઓમાં યોગનું બીજમાત્ર હોય છે.'' આશય એ છે કે કર્મયોગ અને જ્ઞાનયોગ : એમ બે ભેદથી યોગના બે પ્રકાર છે. એમાં સ્થાનયોગ અને વર્ણયોગઃ એ બે પ્રકારે કર્મયોગ બે પ્રકારનો છે. અને અર્થયોગ આલંબનયોગ અને અનાલંબનયોગઃ એ ત્રણ પ્રકારે જ્ઞાનયોગ ત્રણ પ્રકારનો છે.

પદ્માસનાદિ આસનો બાહ્યક્રિયા સ્વરૂપ છે અને સૂત્રના ઉચ્ચારણ પણ બાહ્યક્રિયા સ્વરૂપ છે, તેથી સ્થાનયોગ અને વર્ણયોગ કર્મયોગ છે. અર્થયોગ નિશ્ચયાત્મકજ્ઞાન સ્વરૂપ હોવાથી તેમ જ આલંબન અને અનાલંબનયોગ અભ્યન્તર ધ્યાનવિશેષસ્વરૂપ હોવાથી સ્પષ્ટરૂપે જ્ઞાનસ્વરૂપ છે. તેથી એ ત્રણનો સમાવેશ જ્ઞાન-યોગમાં થાય છે.

નિયમે કરીને આ પાંચેય પ્રકારનો યોગ વિરતિધરને અર્થાદ્ દેશવિરતિવાળા અને સર્વવિરતિવાળા એવા ચારિત્રવન્તને જ હોય છે. કારણ કે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ પામ્યા વિના યોગનો સંભવ નથી. ચારિત્રવન્ત આત્માઓને છોડીને બીજા અપુનર્બન્ધકાદિ જીવોને ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થયો ન હોવાથી યોગની

પ્રાપ્તિ થતી નથી. એ જીવોને યોગનું બીજમાત્ર હોય છે, જે ભવિષ્યમાં યોગના કાર્યરૂપે પરિણમે છે–આ વાત નિશ્ચયનયને અનુસરીને કરી છે. અન્યથા વ્યવહારનયની અપેક્ષાએ કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી યોગના બીજને યોગ તરીકે વર્ણવવાથી અપુનર્બન્ધકાદિ દશાને પામેલા જીવોને પણ યોગ માનવામાં કોઈ દોષ નથી. 'ઉપચારથી યોગની પ્રાપ્તિ, અપુનર્બન્ધકાદિ દશાને પામેલા જીવોને પણ હોય છે'–આ પ્રમાણે 'યોગબિન્દુ' માં ફરમાવ્યું છે – તે વ્યવહારનયને આશ્રયીને છે અને 'યોગવિંશિકા' વગેરેમાં વિરતિધરને જ યોગની પ્રાપ્તિ થાય છે, અન્યને નહિ – આ નિયમની જે વાત કરી છે તે નિશ્ચયનયની અપેક્ષાએ કરી છે ... ઇત્યાદિ યાદ રાખવું. અહીં પણ ગ્રન્થકારશ્રીએ યોગવિંશિકાને આશ્રયીને નિશ્ચયનયને અભિમત એવી વાત જણાવી છે, જેથી કોઈ દોષ નથી. સ્થાનાદિ યોગના દરેકના જે પ્રકાર છે તેના કાર્યને જણાવવા પૂર્વક તે પ્રકારો જણાવાય છે -

**कृपानिर्वेदसंवेगप्रशमोत्पत्तिकारिण: ।**
**भेदा: प्रत्येकमत्रेच्छाप्रवृत्तिस्थिरसिद्धय: ।।२७–३ ।।**

''કૃપા નિર્વેદ સંવેગ અને પ્રશમની ઉત્પત્તિને (અનુક્રમે) કરનારા ઈચ્છા પ્રવૃત્તિ સ્થિરતા અને સિદ્‌ધિ : આ ચાર પ્રકાર (ભેદ), પ્રત્યેક સ્થાનાદિ યોગના છે.''–આ રીતે સ્થાનાદિ પાંચ યોગોના દરેકના ઈચ્છાદિ ચાર ભેદ ગણતા વીશ ભેદ (પ્રકાર) થાય છે.

દ્રવ્યથી કે ભાવથી દુ:ખી જનોના દુ:ખને દૂર કરવાના આત્માના પરિણામને કૃપા–અનુકંપા કહેવાય છે. સંસારની નિર્ગુણતાનું ભાન થવાથી તેનાથી મુક્ત થવાના આત્માના પરિણામને નિર્વેદ કહેવાય છે. મોક્ષપ્રાપ્તિના તીવ્ર અભિલાષને સંવેગ કહેવાય છે અને વિષય–કષાયના પરિણામની ઉપશાન્ત અવસ્થાને પ્રશમ કહેવાય છે. ઈચ્છાયોગનું કાર્ય અનુકંપા છે. પ્રવૃત્તિયોગનું કાર્ય નિર્વેદ છે. સ્થિરતાયોગનું કાર્ય સંવેગ છે અને સિદ્‌ધિયોગનું કાર્ય પ્રશમ છે. ઈચ્છાયોગાદિનું વર્ણન હવે પછીના શ્લોકથી કરાશે.

સામાન્ય રીતે આ સંસારને દુ:ખમય અને નિર્ગુણ જાણ્યા પછી મુમુક્ષુજનોને તેનો ઉચ્છેદ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતી હોય છે. આપણા પોતાના સુખ માટે અને આપણું પોતાનું દુ:ખ દૂર કરવા માટે આપણે કંઈકિટલાય જીવોને દુ:ખ આપ્યું છે, જે

આપણા આજ સુધીના સંસારપરિભ્રમણનું એકમાત્ર કારણ છે. એ કારણનો ઉચ્છેદ કર્યા વિના સંસારનો ઉચ્છેદ થાય એવો નથી-આનો ખ્યાલ હોવાથી મુમુક્ષુજનોને અનુકંપાનો પરિણામ ઉત્પન્ન થાય છે. શક્તિસંપન્ન આત્માઓ, પોતાની શક્તિ પ્રમાણે બીજાના દુઃખને દૂર કરવાની ભાવના સાથે બીજાને દુઃખ નહિ આપવાની ભાવનાથી ભાવિત બનતા હોય છે. આ રીતે ઈચ્છાયોગનું કાર્ય અનુકંપા બને છે.

ઉપર જણાવ્યા મુજબ અનુકંપાનો પરિણામ જાગ્યા પછી તે મુજબ મુમુક્ષુઓ પ્રવૃત્તિ કરવા માંડે છે. સંસારમાં કોઈ પણ જીવને દુઃખ આપ્યા વિના જિવાતું નથી એની પ્રતીતિ જ્યારે થાય છે ત્યારે સંસારથી મુક્ત બનવાનો પરિણામ તીવ્ર બને છે અને એ માટે સંયમજીવન જીવવાની ભાવના ઉત્કટ બને છે. આ રીતે પ્રવૃત્તિયોગનું કાર્ય નિર્વેદ બને છે.

ત્યારપછી સંસારથી છૂટવાની તે પ્રવૃત્તિમાં જ્યારે સ્થિરતા પ્રાપ્ત થાય છે ત્યારે મોક્ષપ્રાપ્તિનો અભિલાષ (સંવેગ) તીવ્ર બને છે. સાધન પરિશુદ્ધ હોય અને સિદ્ધિમાં વિલંબ થાય ત્યારે સિદ્ધિનો અભિલાષ તીવ્ર બને : એ સમજી શકાય છે. આ રીતે સ્થિરતાનું કાર્ય સંવેગ થાય છે. અન્તે ચારિત્રધર્મ વગેરેની સિદ્ધિ થવાથી વિષય-કષાયની પરિણતિ શાન્ત થાય છે. આમ પણ અપેક્ષા મુજબનું મળી જવાથી વિષયકષાયની પરિણતિ શમી જતી હોય છે - એ આપણા અનુભવની વાત છે. લોકોત્તર યોગમાર્ગમાં પણ એવી જ રીત છે. વિષયકષાયનું નિમિત્ત જ એ છે. જોઈતું ન મળે તો વિષય-કષાયની પરિણતિ થયા જ કરે છે. એને દૂર કરવાનો એકમાત્ર ઉપાય એ છે કે અપેક્ષાનો જ ત્યાગ કરી દેવો. ધર્મસિદ્ધિનું એ એક જ ફળ છે. જેમ જેમ ધર્મની સિદ્ધિ થતી જાય છે, તેમ તેમ વિષયકષાયની પરિણતિ ઓછી થતી જાય છે. આ રીતે સિદ્ધિનું કાર્ય પ્રશમ છે - એ સ્પષ્ટ છે. હવે ઈચ્છાયોગ વગેરે ચાર યોગનું નિરૂપણ કરાય છે. એને લઈને યોગના વીશ પ્રકાર થાય છે :

**इच्छा तद्वत्कथाप्रीतिः, प्रवृत्तिः पालनं परम् ।**
**स्थैर्यं बाधकभीहानिः, सिद्धिरन्यार्थसाधनम् ।।२७-४।।**

''યોગીજનોની કથામાં પ્રીતિ-એ ઈચ્છાયોગ છે. પ્રયત્નાતિશયથી ધર્મનું પાલન કરવું તે પ્રવૃત્તિયોગ છે. તેમાં અતિચારાદિના ભયની હાનિ થવી-એ સ્થિરતાયોગ છે અને બીજાને યોગની પ્રાપ્તિ કરાવવી-તે સિદ્ધિ નામનો યોગ છે'' - ખૂબ જ

સંક્ષેપથી ઈચ્છાદિ યોગોનું સ્વરૂપ અહીં વર્ણવ્યું છે. વિસ્તારથી એ યોગોનું વર્ણન 'યોગવિંશિકા' વગેરેમાં કર્યું છે.

સામાન્ય રીતે ઈચ્છાદિ યોગોના નામનો અર્થ વિચારીએ તો ઈચ્છાદિ યોગોના પરમાર્થ સુધી પહોંચી શકાય છે. ઈચ્છાસ્વરૂપ યોગને ઈચ્છાયોગ કહેવાય છે. સ્થાનાદિયોગને પ્રાપ્ત કરવાની પારમાર્થિક ઈચ્છા થયા પછી તેને પામવા માટે મુમુક્ષુ જનો શક્ય પ્રયત્ન કરતા જ હોય છે. સાધનસામગ્રીના અભાવમાં પણ ઉત્કટ ઈચ્છાના કારણે જેવી-તેવી પણ પ્રવૃત્તિ થતી હોય છે. આવી ઈચ્છાની પ્રતીતિ અપ્રશસ્ત માર્ગમાં આપણને પૂરતા પ્રમાણમાં અનુભવવા મળે છે. સ્થાનાદિ યોગસંબંધી એવી ઈચ્છાને યોગીજનોની કથામાં જાગેલી પ્રીતિના કારણે આપણે જાણી શકીએ. યોગીજનોની કથા તેમના સ્વરૂપાદિને લઈને અનેક પ્રકારની છે. તે બધામાં થતી પ્રીતિ યોગસમ્બન્ધી ઈચ્છાને સૂચવે છે. ઈચ્છાયોગનું વર્ણન કરતી વખતે 'યોગવિંશિકા' માં ફરમાવ્યું છે કે સ્થાનાદિ યોગવાળા યોગીજનોની કથાને વિશે, અર્થ જાણવાની ઈચ્છાથી ઉત્પન્ન થયેલ આનંદથી યુક્ત તેમ જ વિધિપૂર્વક સ્થાનાદિ યોગને આરાધનારાઓને વિશે જે બહુમાનાદિ છે તેનાથી યુક્ત એવી પોતાના ઉલ્લાસ મુજબ સામાન્ય અભ્યાસાદિને કરાવનારી જે ઈચ્છા છે તેને ઈચ્છાયોગ કહેવાય છે.

સર્વત્ર ઉપશમની પ્રધાનતાએ શાસ્ત્રાનુસાર સ્થાનાદિયોગનું પાલન કરવું તેને પ્રવૃત્તિયોગ કહેવાય છે. બાધકની ચિન્તાથી રહિત, સ્થાનાદિ યોગના પાલનને સ્થિરતાયોગ કહેવાય છે. આશય એ છે કે પ્રવૃત્તિયોગ દરમ્યાન સાધકને અતિચારાદિ દોષનો ડર હોય છે. રખે ને અતિચારાદિ દોષ લાગી ન જાય-એ માટે ખૂબ જ ઉપયોગ રાખવો પડે છે. પરન્તુ સ્થિરતા પ્રાપ્ત થયા પછી એ ડર રહેતો નથી. સ્થાનાદિયોગો આત્મસાત્ થવાથી તેમાં અતિચારાદિ દોષો લાગવાનો સંભવ જ નથી. તેથી તેને લગતો ભય રહેતો નથી. સ્થાનાદિ યોગોના ઉપશમવિશેષ ફળને પોતામાં ઉત્પન્ન કરવા સાથે, બીજામાં સ્થાનાદિયોગની શુદ્ધિનો અભાવ હોવા છતાં પોતાના જેવા જ ફળની પ્રાપ્તિ કરાવવી એ સિદ્ધિયોગ છે. સ્થાનાદિ યોગોની સિદ્ધિ પ્રાપ્ત થવાથી તે સિદ્ધયોગીને અહિંસાદિ ધર્મની પ્રકૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એના અચિન્ત્ય સામર્થ્યથી એમની પાસે જે બીજા લોકો આવે છે, તે લોકોને પણ તે સમયે ઉપશમાદિ ફળની પ્રાપ્તિ થાય છે, એમાં યોગીનો સિદ્ધિયોગ નિમિત્ત છે. જે યોગી નથી, તેને તે કાળમાં યોગીના ફળ (ઉપશમ) જેવા ફળની પ્રાપ્તિ થાય છે-તે સિદ્ધિ

યોગનો પ્રભાવ છે. સ્થાનાદિ યોગોને વિશે સ્થાનયોગ અને વર્ણયોગ : એ બે ક્રિયાયોગ છે અને બાકીના અર્થયોગાદિ ત્રણ જ્ઞાનયોગ છે. એ બંન્નેની મોક્ષોપયોગિતા જણાવાય છે. આશય એ છે કે જ્ઞાનયોગ જ મોક્ષનું કારણ છે. ક્રિયા તો જડ છે, તેથી તે ક્રિયાયોગ (કર્મયોગ) મોક્ષની પ્રત્યે ઉપયોગી નથી-આવી શંકાનું નિરાકરણ કરવા માટે જ્ઞાનયોગ અને ક્રિયાયોગ : બંન્નેની મોક્ષની પ્રત્યે ઉપયોગિતા જણાવાય છે :

**अर्थालम्बनयोश्चैत्यवन्दनादौ विभावनम् ।**
**श्रेयसे योगिनः स्थानवर्णयो र्यत्न एव च ।।२७-५।।**

''ચૈત્યવન્દનાદિ વિહિત અનુષ્ઠાનમાં અર્થ અને આલંબનનું વિભાવન અને સ્થાન તથા વર્ણનો પ્રયત્ન જ યોગીજનોને કલ્યાણ માટે થાય છે.''-આ રીતે જ્ઞાનયોગ અને કર્મયોગ મોક્ષની પ્રત્યે ઉપયોગી બને છે. કહેવાનો આશય એ છે કે શ્રીવીતરાગપરમાત્માએ ઉપદેશેલાં ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો કરતી વખતે તેમાં બોલાતાં તે તે સૂત્રના અર્થનું વિભાવન (ઉપયોગપૂર્વક ચિન્તન-વિચારણા) કરવું જોઈએ.

શાસ્ત્રમાં સામાન્ય રીતે અર્થ ત્રણ પ્રકારનો પ્રસિદ્ધ છે. વાક્યાર્થ મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ. આ ત્રણ અર્થને આશ્રયીને અર્થનું વિભાવન કરવું જોઈએ. પદોના સાંભળવામાત્રથી જે અર્થનું જ્ઞાન થાય છે, તે વાક્યાર્થજ્ઞાન છે. આગળ-પાછળનાં વાક્યોના અનુસન્ધાનથી પરસ્પર વિરોધનું ઉદ્ભાવન કરવા પૂર્વક જે જ્ઞાન થાય છે તે મહાવાક્યાર્થજ્ઞાન છે અને અન્તે શ્રીવીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાના પ્રાધાન્યથી જે જ્ઞાન થાય છે, તે ઐદંપર્યાર્થનું જ્ઞાન છે. 'હિંસા ન કરવી' આ પ્રમાણે વાક્યાર્થનું જ્ઞાન છે. જો હિંસા કરવાની ન હોય તો પૂ. સાધુ-સાધ્વી નદી વગેરે કઈ રીતે ઊતરી શકે... ઇત્યાદિ વિચારણાથી યુક્ત જે જ્ઞાન થાય છે, તે મહાવાક્યાર્થનું જ્ઞાન છે. ત્યાર પછી 'નદી વગેરે ઊતરે નહિ તો પૂ. સાધુ-સાધ્વી વિહાર જ કરી શકે નહિ, તેથી એક સ્થાને રહેવાથી મમત્વાદિ અનેક દોષોનો સંભવ થશે, તેને દૂર કરવા તેઓશ્રીને નદી ઊતરવાદિની અનુજ્ઞા છે. અન્તે તો શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાના પાલનથી જ ધર્મ છે અને તેના અભાવથી અધર્મ છે. અહિંસામાં ધર્મ નથી અને હિંસામાં અધર્મ નથી.'...ઇત્યાદિ રીતે આજ્ઞાની પ્રધાનતાનું જે જ્ઞાન થાય છે, તે ઐદંપર્યાર્થનું જ્ઞાન છે.

આ રીતે ચૈત્યવન્દનાદિ દરેક અનુષ્ઠાનમાં બોલવાનાં તે તે સૂત્રોના અર્થના અનુસ્મરણમાં ઉપયોગ રાખવો. તેમ જ તે તે અનુષ્ઠાનમાં આલંબનીયનું આલંબન લેવું. જેમ કે ચૈત્યવંદન કરતી વખતે પ્રથમ સ્તુતિ કોઈ એક શ્રીતીર્થંકરપરમાત્માને અનુલક્ષી બોલાય છે. બીજી સ્તુતિ સર્વ જિનેશ્વરદેવોને અનુલક્ષી બોલાય છે. ત્રીજી સ્તુતિ શ્રુતદેવી-પ્રવચનને અનુલક્ષી અને ચોથી સ્તુતિ સમ્યગ્દષ્ટિ એવા શાસનના અધિષ્ઠાયક દેવોને અનુલક્ષી બોલાય છે. તે તે સ્તુતિ બોલતી વખતે શ્રી અરિહન્તપરમાત્માદિનું ઉપયોગપૂર્વક અનુસ્મરણ કરવું. આ પ્રમાણે અર્થયોગ અને આલંબનયોગ જ્ઞાનસ્વરૂપ હોવાથી ઉપયોગ સ્વરૂપ છે. ઉપયોગસહિત ચૈત્યવંદન ભાવાનુષ્ઠાન સ્વરૂપ હોવાથી તે અમૃતાનુષ્ઠાન છે, જે અવશ્ય મોક્ષનું સાધક બને છે.

ઉપર જણાવ્યા મુજબ અર્થયોગ અને આલંબનયોગના અભાવમાં પણ સ્થાનયોગમાં અને વર્ણયોગમાં પ્રયત્ન કરવો જોઈએ. અર્થયોગાદિના અભાવમાં પણ ગુરુદેવશ્રીના ઉપદેશને અનુસરી સ્થાનાદિ યોગ દ્રવ્યસ્વરૂપ હોવા છતાં ભવિષ્યમાં ભાવચૈત્યવંદનાદિનું કારણ બનતું હોવાથી તદ્હેતુ અનુષ્ઠાન સ્વરૂપ છે, જે પરંપરાએ મોક્ષનું કારણ બને છે. આથી સમજી શકાશે કે બંન્ને (જ્ઞાન અને કર્મ) યોગો મોક્ષનાં કારણ છે-એ સ્પષ્ટ છે... આલંબનના પ્રકારો જણાવવા દ્વારા ઐકાગ્ર્યનું વર્ણન કરાય છે :

**आलम्बनमिह ज्ञेयं, द्विविधं रूप्यरूपि च ।**
**अरूपिगुणसायुज्ययोगोऽनालम्बनः परः ।।२७-६ ।।**

''અહીં યોગની વિચારણામાં રૂપી અને અરૂપી-એમ બે પ્રકારનું આલંબન જાણવું. અરૂપી એવા સિદ્ધપરમાત્માના ગુણોનો અભેદપણે જે યોગ છે-તે શ્રેષ્ઠકોટિનો અનાલંબન (ઐકાગ્ર્ય) યોગ છે.'' - આશય એ છે કે સ્થાનાદિ પાંચ પ્રકારના યોગોમાં ચોથો આલંબનયોગ છે. એમાં આલંબન બે પ્રકારનું છે. પરમાત્માની પ્રતિમાદિનું જે આલંબન છે, તેને રૂપી આલંબન કહેવાય છે અને પરમાત્માના શ્રીકેવલજ્ઞાનાદિ ગુણોનું જે આલંબન (ધ્યાનનો વિષય) છે, તેને અરૂપી આલંબન કહેવાય છે.

શ્લોકના ઉત્તરાદ્ર્ધથી અનાલંબનયોગનું નિરૂપણ કરાય છે. અરૂપી એવા શ્રીસિદ્ધ પરમાત્માના સ્વરૂપનું અભેદપણે જેમાં ધ્યાન છે તે અનાલંબનયોગ છે.

ક્ષપકશ્રેણીમાં દિદક્ષાને કારણે આ યોગ પ્રાપ્ત થતો હોય છે. આ સામર્થ્યયોગમાં અરૂપી શ્રીસિદ્ધપરમાત્માના ગુણોનું (સ્વરૂપનું) આલંબન હોવાથી જોકે આ યોગ પણ સાલંબન છે, પરન્તુ અત્યન્ત સૂક્ષ્મ આલંબન હોવાથી તેની વિવક્ષા (ગણતરી) અહીં કરી નથી. તેથી આ યોગને અનાલંબનયોગ કહેવાય છે. ચાલુ વ્યવહારમાં પણ વસ્તુ અલ્પ હોય તો તેની વિવક્ષા કરવામાં આવતી નથી. તેથી મીઠું ઓછું હોવાથી **'अलवणा यवागुः** – મીઠા વિનાની રાબ' – આવો પ્રયોગ થાય છે. તેવી જ રીતે અહીં પણ સૂક્ષ્મ આલંબન હોવાથી અનાલંબનયોગ કહેવાય છે. એની પ્રાપ્તિ પછી અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપને જોવાની ઈચ્છાને દિદક્ષા કહેવાય છે.

સ્થાનાદિ પાંચ યોગોના ઈચ્છાદિ ચાર પ્રકારને લઈને કુલ વીશ પ્રકારનો યોગ વર્ણવ્યો. હવે તે દરેકના પ્રીતિ વગેરે ચાર પ્રકારને લઈને કુલ એંશી પ્રકારનો યોગ છે – તે જણાવાય છે :

**प्रीति–भक्ति–वचोऽसङ्गैः, स्थानाद्यपि चतुर्विधम् ।**
**तस्मादयोगयोगाप्ते र्मोक्षयोगः क्रमाद् भवेत् ।।२७–७।।**

''પ્રીતિ ભક્તિ વચન અને અસઙ્ગ – આ ચાર અનુષ્ઠાનના ભેદથી સ્થાનાદિના દરેકના ચાર પ્રકાર છે. આ પ્રમાણે એંશી પ્રકારના યોગથી 'અયોગ' નો યોગ પ્રાપ્ત થાય છે. જેથી ક્રમે કરીને મોક્ષનો યોગ થાય છે.'' આશય એ છે કે શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલાં પરમતારક દરેક અનુષ્ઠાનના પ્રીતિ ભક્તિ વચન અને અસઙ્ગ ભેદથી ચાર પ્રકાર છે. જે કર્તવ્ય તરીકે શ્રીવીતરાગપરમાત્માએ ફરમાવ્યું છે તેને અનુષ્ઠાન કહેવાય છે. આ પ્રમાણે સ્થાનાદિયોગના પણ પ્રીતિ–અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચનાનુષ્ઠાન, અને અસઙ્ગાનુષ્ઠાન : આ ચાર ચાર ભેદ હોવાથી કુલ (૨૦×૪) એંશી ભેદ થાય છે. પ્રીતિ–અનુષ્ઠાનાદિનું સ્વરૂપ શ્રી ષોડશક વગેરેમાં વર્ણવ્યું છે. સામાન્યથી તેનું સ્વરૂપ નીચે જણાવ્યા મુજબ સમજવું.

જે અનુષ્ઠાન કરતી વખતે પૂરતો પ્રયત્ન હોય, જેનાથી અનુષ્ઠાનને કરનારાને હિતના ઉદયવાળી પ્રીતિ ઉત્પન્ન થાય અને બીજાં બધાં પ્રયોજન-કાર્યોને છોડીને જે કરાય છે, તે પ્રીત્યનુષ્ઠાન છે. સામાન્ય કોટિના પ્રયત્નથી કરાતું અનુષ્ઠાન પ્રીત્યનુષ્ઠાન નથી. 'સાધન નથી, શક્તિ નથી, ઉલ્લાસ નથી, ઘરના લોકો ના પાડે છે, શરીર

પ્રતિકૂળ છે, વાતાવરણ સારું નથી...' વગેરે કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના જેની જેની ઊણપ વર્ત્તાતી હોય તે તે ઊણપને દૂર કરી અનુષ્ઠાનને પૂર્ણ બનાવવા જે પ્રયત્ન કરાય છે તેને અહીં આદર અર્થાદ્ પ્રયત્નાતિશય ક્હેવાય છે.

એવા પ્રયત્નાતિશયથી કરાતું અનુષ્ઠાન પ્રીત્યનુષ્ઠાન છે. તેના કરનારને દિવસે દિવસે તેની પ્રત્યે અભિરુચિ વધતી જાય છે. જેના પરિણામે અનુષ્ઠાન કરનારાને હિતની પ્રાપ્તિ થાય છે. રોગીને અપથ્યની જેમ અભિરુચિ હોય છે અને તે અહિતને કરનારી હોય છે, તેમ અહીં બનતું નથી. તેથી જ હિતકારિણી એવી પ્રીતિને લઈને બધાં કામ પડતાં મૂકીને પ્રયત્નાતિશયથી જે અનુષ્ઠાન કરાય છે તે પ્રીત્યનુષ્ઠાન છે.

ગૌરવવિશેષના કારણે બુદ્ધિમાન આત્માનું વિશુદ્ધતર યોગવાળું પ્રીતિ-અનુષ્ઠાન જેવું જ જે અનુષ્ઠાન છે - તેને ભક્ત્યનુષ્ઠાન કહેવાય છે. પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનમાં જે ફરક છે તે પરિણામનો છે. બાહ્યક્રિયામાં સામ્ય હોવા છતાં અભ્યન્તર પરિણામને લઈને ફરક છે. પત્ની અને માતા બંન્નેને ચીજ વસ્તુ લાવી આપવાનું કાર્ય એકસરખું હોવા છતાં પ્રીતિ અને ગૌરવ-બહુમાનવિશેષના કારણે બંન્નેના કામમાં જેમ ફરક છે તેમ અહીં પ્રીત્યનુષ્ઠાન અને ભક્ત્યનુષ્ઠાન બંન્નેમાં પણ ફરક છે. 'આ સરસ છે' આવા પરિણામથી પ્રીત્યનુષ્ઠાન થાય છે અને 'આ પવિત્ર છે' આવા પરિણામથી ભક્ત્યનુષ્ઠાન થાય છે.

સર્વત્ર ઔચિત્યપૂર્વક આગમને અનુસરીને કરાતું જે અનુષ્ઠાન છે તે વચનાનુષ્ઠાન છે. આ અનુષ્ઠાન ચારિત્રવન્તને જ હોય છે, બીજાને એ અનુષ્ઠાન હોતું નથી. શ્રીવીતરાગ પરમાત્માએ ઉપદેશેલાં તે તે અનુષ્ઠાનો દેશ કાળ અને પુરુષાદિના ઔચિત્યપૂર્વક આગમને અનુસરીને જ કરવાનાં છે. સામાન્ય રીતે જ્યાં અપરિણત લોકો ન હોય એવી જગ્યા(દેશ)માં જ પડિલેહણા કરવી. ત્રીજા પ્રહરના અને ચોથા પ્રહરના અન્તે ઉચિત કાળે) કરવી અને મોટાના ક્રમે (ઉચિત પુરુષને આશ્રયીને ) કરવી. - આ રીતે આગમને અનુસરી દેશકાલાદિના ઔચિત્યપૂર્વક શ્રીવીતરાગપરમાત્માની આજ્ઞાની પ્રધાનતાએ કરાતાં જે પડિલેહણાદિ અનુષ્ઠાનો છે; તેને વચનાનુષ્ઠાન કહેવાય છે. 'આ સરસ છે' કે 'આ પવિત્ર છે' - એવા પરિણામથી આ અનુષ્ઠાન થતું નથી. 'આ કરવાનું શ્રી તીર્થંકરદેવોએ ફરમાવ્યું છે' એવા પરિણામથી આ અનુષ્ઠાન થાય છે, જે છઠ્ઠે સાતમે ગુણસ્થાનકે જ હોય છે. આ વાત નિશ્ચયનયની અપેક્ષાએ છે. વ્યવહારનયની અપેક્ષાએ એ પૂર્વે પહેલા ગુણસ્થાનકે પણ અંશતઃ

વચનાનુષ્ઠાન હોય છે. પ્રથમાદિ ગુણસ્થાનકે સર્વથા વચનાનુષ્ઠાનનો અભાવ હોય તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે પણ તેનો અભાવ જ રહેશે.... ઇત્યાદિ બરાબર સમજી લેવું.

અત્યન્ત અભ્યાસના કારણે ચન્દનના ગંધની જેમ સહજરૂપે કરાતું અનુષ્ઠાન અસઙ્ગાનુષ્ઠાન છે. પૂર્વના વચનાનુષ્ઠાનના સંસ્કારથી પ્રાપ્ત થનારું આ અનુષ્ઠાન શ્રી જિનકલ્પિક વગેરે મહાત્માઓને સ્વભાવથી જ હોય છે. દંડના કારણે ચક્ર ફરે છે અને ત્યાર પછી દંડના અભાવમાં ચક્ર ફરતું રહે છે - એ બેમાં જેમ ફરક છે તેમ વચનાનુષ્ઠાનમાં અને અસઙ્ગાનુષ્ઠાનમાં ફરક છે. વારંવાર કરેલા વચંનાનુષ્ઠાનના અભ્યાસથી અસઙ્ગાનુષ્ઠાન સહજ ભાવે થાય છે.

ઉપર જણાવ્યા મુજબ પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચનાનુષ્ઠાન અને અસઙ્ગાનુષ્ઠાનના ભેદથી સ્થાનાદિ યોગના દરેકના ચાર ચાર ભેદ થવાથી યોગના એંશી ભેદ થાય છે. આ યોગના અચિન્ત્ય પ્રભાવે આત્માને અયોગ-શૈલેશી અવસ્થા પ્રાપ્ત થાય છે, જેથી અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સ્થાનના ઈચ્છાયોગની પ્રીતિ, સ્થાનના ઈચ્છાયોગની ભક્તિ, સ્થાનના ઈચ્છાયોગનું વચનાનુષ્ઠાન અને સ્થાનના ઈચ્છાયોગનું અસઙ્ગાનુષ્ઠાન-આ રીતે સ્થાનયોગના ઈચ્છાયોગને આશ્રયીને પ્રીતિ-અનુષ્ઠાનાદિ ચાર અનુષ્ઠાનની અપેક્ષાએ ચાર પ્રકાર થાય છે. આવી રીતે જ સ્થાનયોગના પ્રવૃત્તિ સ્થિરતા અને સિદ્ધિ યોગને આશ્રયીને પ્રીતિ-અનુષ્ઠાનાદિ ચાર અનુષ્ઠાનની અપેક્ષાએ કુલ બાર પ્રકાર થાય છે. બધા મળીને સ્થાનયોગના સોળ ભેદ થાય છે. આ રીતે વર્ણ અર્થ આલંબન અને અનાલંબન યોગના સોળ સોળ પ્રકારો થવાથી યોગના એંશી પ્રકારો થાય છે.

પૂર્વે જણાવ્યા મુજબ આ યોગ પૂ. સાધુભગવન્તોને જ હોય છે. વ્યવહારથી પ્રથમ ગુણસ્થાનકે રહેલા અપુનર્બન્ધકાદિ દશાને પામેલા જીવોને પણ અંશતઃ યોગની પ્રાપ્તિ થતી હોય છે. પરન્તુ જેઓ અપુનર્બન્ધકાદિ દશાને સ્પર્શ્યા પણ ન હોય એવા જીવોને અરિહંત ચેઈઆણં... ઇત્યાદિ ચૈત્યવન્દનાદિનાં સૂત્રો અપાય નહિ. કારણ કે એમાં **कायं वोसिरामि (कायं व्युत्सृजामि)** - કાયાનો ત્યાગ કરું છું-આવો પાઠ છે. તે સામાન્યથી વિરતિના પરિણામને જણાવે છે. એટલો પણ વિરતિનો પરિણામ જેને ન હોય તેને ચૈત્યવન્દનાદિના સૂત્રનું પ્રદાન કરવામાં મહાદોષ છે - એ જણાવાય છે :

**स्थानाद्ययोगिनस्तीर्थोच्छेदाद्यालम्बनादपि ।**
**सूत्रदाने महादोष, इत्याचार्याः प्रचक्षते ।।२७-८।।**

"સ્થાનાદિ કોઈ પણ યોગ જેમને પ્રાપ્ત થયો નથી એવા સ્થાનાદિયોગથી રહિત લોકોને 'તીર્થનો ઉચ્છેદ થશે - એવી માન્યતાથી પણ ચૈત્યવંદનાદિનાં સૂત્રો આપવામાં મહાદોષ છે.'-એ પ્રમાણે પૂ.આ.ભ.શ્રી. હરિભદ્ર સૂ. મહારાજા કહે છે." આશય એ છે કે સહેજ પણ વિરતિનો પરિણામ જેને સ્પર્શ્યો નથી એવા જીવો સ્થાનાદિ યોગથી રહિત છે. એવા જીવોને ચૈત્યવંદનાદિનાં સૂત્રો આપવાથી મહાદોષ થાય છે. કારણ કે 'કાયાને વોસિરાવું છું'.... ઇત્યાદિ પ્રતિજ્ઞાનો તેઓ ભઙ્ગ કરે છે. જેથી માયામૃષાવાદ દોષ પ્રાપ્ત થાય છે.

"આ રીતે સૂત્રવિહિત ક્રિયા કરનારાને જ ચૈત્યવન્દનાદિનાં સૂત્રો આપવાનો આગ્રહ રાખીએ અને અવિધિપૂર્વક ચૈત્યવંદનાદિને કરનારાને તે તે સૂત્રો આપવાનો નિષેધ કરીએ તો તીર્થનો ઉચ્છેદ થશે. કારણ કે વિધિપૂર્વક ક્રિયા કરનારા માંડ બે-ચાર મળે. તેઓના ગયા પછી અવિધિપૂર્વક ચૈત્યવંદનાદિ ક્રિયા કરનારાઓના કારણે તીર્થનો પ્રવાહ ચાલ્યા કરે છે. તેઓને જો ચૈત્યવંદનાદિનાં સૂત્રો આપવામાં ન આવે તો તીર્થનો ઉચ્છેદ થઈ જશે, જે ભયંકર મોટું પાપ છે. તેના નિવારણ માટે સ્થાનાદિયોગના અભાવવાળાને પણ સૂત્રોનું પ્રદાન કરવું જોઈએ."

આ પ્રમાણે તીર્થના ઉચ્છેદનો ભય દર્શાવીને સ્થાનાદિ યોગથી રહિત આત્માઓને પણ સૂત્રપ્રદાન કરવાની વાત યોગ્ય નથી. કારણ કે સૂત્રવિહિત ક્રિયાનો નાશ થવાથી તે સ્વરૂપે તીર્થનો નાશ તો અયોગ્યને સૂત્રપ્રદાન કરનારાએ પોતે જ કર્યો છે. સૂત્ર-વિહિત ક્રિયા કરનારા એક પણ હશે ત્યાં સુધી તીર્થનો વિચ્છેદ નહિ થાય - એ સ્પષ્ટ છે. આથી અધિક વિવરણ જિજ્ઞાસુઓએ 'યોગવિંશિકા એક પરિશીલન'માં જોવું.... અન્તે સ્થાનાદિ યોગોની પ્રાપ્તિ દ્વારા અયોગી બની મોક્ષને પામવા માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા......

**।। इति श्रीज्ञानसारप्रकरणे सप्तविंशतितमं योगाष्टकम् ।।**

# अथ प्रारभ्यतेऽष्टाविंशतितमं नियागाष्टकम् ।

## २८

આ પૂર્વે યોગનું નિરૂપણ કર્યું. યોગની પ્રાપ્તિ થયા પછી અનુક્રમે કર્મની નિર્જરા થાય છે, જે નિયાગનું કાર્ય છે. ભાવયજ્ઞને નિયાગ કહેવાય છે. કર્મક્ષયનું તે અમોઘ સાધન છે. યોગની પ્રાપ્તિથી પ્રાપ્ત થનાર નિયાગનું વર્ણન કરાય છે :

**यः कर्म हुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यानधाय्यया ।**
**स निश्चितेन यागेन, नियागप્रतिपत्तिमान् ।।२८-१ ।।**

''ધ્યાનસ્વરૂપ વેદના મન્ત્ર (ઋચા)વડે પ્રજ્વલિત જ્ઞાનસ્વરૂપ અગ્નિમાં કર્મનો જેણે હોમ કર્યો છે તેણે નિશ્ચિત યજ્ઞ વડે નિયાગને પ્રાપ્ત કર્યો છે.'' - આશય એ છે કે નિયાગ એટલે મોક્ષ અને તેના કારણભૂત ભાવયજ્ઞ છે. દ્રવ્યયજ્ઞને યાગ કહેવાય છે અને ભાવયજ્ઞને નિયાગ કહેવાય છે. અગ્નિમાં સમિધ્(યજ્ઞમાં હોમવા માટેના કાષ્ઠ)નો પ્રક્ષેપ કરવા માટે બોલાતા મંત્રને ધ્યાય્યા-ઋચાવિશેષ કહેવાય છે અને નિશ્ચિતયાગ અભ્યન્તરયાગ સ્વરૂપ છે.

પૂ. સાધુભગવન્તો સતત ભાવયજ્ઞને કરતા હોય છે. પ્રજ્વલિત એવા જ્ઞાનસ્વરૂપ અગ્નિમાં ધ્યાનસ્વરૂપ ઋચા વડે જ્ઞાનાવરણીયાદિ કર્મસમિધ્નો હોમ કરીને તેઓશ્રી અભ્યન્તર યજ્ઞ વડે નિયાગને પ્રાપ્ત કરે છે. દ્રવ્યયજ્ઞ તો પાપસ્વરૂપ હોવાથી તે કરવાનું ઉચિત નથી. અભ્યન્તર-ભાવયજ્ઞ પાપનો નાશ કરે છે માટે તે જ કરવો જોઈએ-તે જણાવાય છે :

**पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव ।**
**सावद्यैः कर्मयज्ञैः किं, भूतिकामनयाऽऽविलैः ।।२८-२ ।।**

''પાપનો ધ્વંસ કરવાના સ્વભાવવાળા એવા કામનારહિત જ્ઞાનયજ્ઞમાં રક્ત બનવું જોઈએ. આ લોકાદિ સંબન્ધી ઈચ્છાથી મલિન એવા સાવદ્ય કર્મયજ્ઞોનું કોઈ પ્રયોજન નથી.'' - કહેવાનો આશય એ છે કે 'આ લોક સંબન્ધી આબાદી વગેરેની ઈચ્છાવાળાએ પશુનો હોમ કરવો જોઈએ' ઇત્યાદિ વેદની શ્રુતિનું તાત્પર્ય સમજીને લોકો ભૂતિની ઈચ્છાથી યજ્ઞ કરે છે. આ યજ્ઞ હિંસામય હોવાથી સાવદ્ય છે અને આબાદી વગેરેની ઈચ્છાથી સહિત હોવાથી સકામ છે. આવા કર્મયજ્ઞ(દ્રવ્યયજ્ઞ)નું

કોઈ પ્રયોજન નથી. અધ્યાત્મપ્રાપ્તિ માટે એ અનુપયોગી છે.

ઉપર જણાવ્યા મુજબ સર્વથા પાપથી રહિત અને ઈચ્છાથી રહિત હોવાથી નિરવદ્ય અને નિષ્કામ હોવાથી જ્ઞાનયજ્ઞ જ કરવો જોઈએ. તેનાથી પાપનો ધ્વંસ થાય છે. સાવદ્ય એવા કર્મયજ્ઞથી પાપનો બંધ થાય છે, તેથી તે કરવા યોગ્ય નથી - એ સમજી શકાય છે. આ લોક સંબન્ધી ફળની ઈચ્છાથી કરાતો કર્મયજ્ઞ પણ વેદવિહિત હોવાથી બ્રહ્મ(જ્ઞાન)યજ્ઞની જેમ જ કરવો જોઈએ-એવી શંકાનું નિરાકરણ કરાય છે :

**वेदोक्तत्वान्मन:शुद्ध्या, कर्मयज्ञोऽपि योगिन: ।**
**ब्रह्मयज्ञ इतीच्छन्त:, श्येनयागं त्यजन्ति किम् ? ।।२८-३।।**

''કર્મયજ્ઞ પણ વેદમાં વિહિત હોવાથી મનની શુદ્ધિને લઈને બ્રહ્મ (જ્ઞાન) યજ્ઞ સ્વરૂપ છે - આવી માન્યતાને ધરનારા શ્યેનયજ્ઞનો ત્યાગ કેમ કરે છે ?'' - કહેવાનો આશય એ છે કે પુત્રાદિની ઈચ્છાવાળાએ પુત્રેષ્ટિ વગેરે યજ્ઞ કરવા જોઈએ - ઇત્યાદિ વેદનાં વાક્યોથી કર્મયજ્ઞ કરવા જોઈએ : એવી માન્યતાને ધરનારા પાછી એવી માન્યતાને ધારણ કરે છે કે વેદમાં વિધાન હોવાથી જ્ઞાનયજ્ઞની જેમ તે કર્મયજ્ઞ બ્રહ્મયજ્ઞ સ્વરૂપ જ છે, પણ સાવદ્ય કે સકામ નથી. આવા લોકો શ્યેનયજ્ઞ કેમ કરતા નથી ? એ પ્રશ્ન છે.

કારણ કે વેદમાં વિહિત હોવાના કારણે જ જો પુત્રેષ્ટિ કે જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞો બ્રહ્મયજ્ઞ સ્વરૂપ થઈ જતા હોય તો 'શત્રુના વધની ઈચ્છાવાળાએ શ્યેનયજ્ઞ કરવો જોઈએ' આવા વેદના વિધાનથી તે શ્યેનયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ સ્વરૂપ થઈ જશે. તેથી તેનો ત્યાગ કરવાનું કોઈ કારણ નથી. વેદોક્તત્વ સર્વત્ર સમાન જ છે. પરન્તુ જ્યોતિષ્ટોમાદિ યજ્ઞને કરનારા પણ, ભવિષ્યમાં નરકાદિ ફળને આપનારા શ્યેનયજ્ઞને કરતા નથી. આથી સમજી શકાશે કે આ લોક સંબન્ધી ઈચ્છાથી કરાતા તે તે કર્મયજ્ઞ સાવદ્ય અને સકામ હોવાથી કરવાયોગ્ય નથી. અન્યથા વેદમાં જણાવેલું હોવાથી તે તે કર્મયજ્ઞને કરવા યોગ્ય માનવામાં આવે તો શ્યેનયજ્ઞને પણ કરવાયોગ્ય માનવાનો પ્રસંગ આવશે.

જો આ રીતે કર્મયજ્ઞ સકામ અને સાવદ્ય જ હોય અને અકરણીય જ હોય તો તેનો ઉપદેશ કેમ કર્યો છે ? કોઈ પણ રીતે તે બ્રહ્મયજ્ઞ સ્વરૂપ થઈ શકે એમ ન જ હોય તો તેનો ઉપદેશ કેમ કર્યો છે ? આ શંકાનું સમાધાન કરાય છે :

**ब्रह्मयज्ञः परं कर्म, गृहस्थस्याधिकारिणः ।**
**पूजादि वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ।।२८-४।।**

''અધિકારી એવા ગૃહસ્થનું શ્રીવીતરાગપરમાત્માની પૂજા વગેરે જે અનુષ્ઠાન (કર્મ) છે, તે બ્રહ્મયજ્ઞ છે અને યોગીનું તો જે જ્ઞાન છે તે બ્રહ્મયજ્ઞ છે.'' - આશય એ છે કે ગૃહસ્થો ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનવાળા ... વગેરે ગુણોથી સંપન્ન હોય તો એવા ગૃહસ્થોને શ્રી વીતરાગપરમાત્માની પૂજા વગેરે અનુષ્ઠાનોનો કર્ત્તવ્યરૂપે ઉપદેશ છે. સંવરના અભાવમાં અપ્રશસ્ત આશ્રવમાંથી પ્રશસ્ત આશ્રવમાં લઈ જનારી ક્રિયા કરવી ઉચિત છે.

દેશથી (અંશતઃ) વિરતિને આરાધનારા ગૃહસ્થોને દ્રવ્યસ્તવ (કર્મયજ્ઞ) કૂપના દૃષ્ટાન્તથી હિતકર (બ્રહ્મયજ્ઞ) છે. કૂવો ખોદતી વખતે તરસ લાગે, શરીર અને કપડાં કાદવ વગેરેથી મેલાં થાય, પરન્તુ કૂવામાંથી પાણી મળે એટલે તેના ઉપયોગથી તરસ મટી જાય અને શરીર તેમ જ કપડાં સાફ થઈ જાય છે. એવી જ રીતે અહીં પણ ભવિષ્યમાં પૂજા વગેરે અનુષ્ઠાનથી ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થવાથી ચારિત્રની પ્રાપ્તિ દ્વારા અવિરતિપ્રત્યયિક બંધાયેલાં કર્મોનો નાશ થાય છે. ગૃહસ્થોને પોતાની યોગ્યતા અનુસાર દ્રવ્યસ્તવ(કર્મયજ્ઞ) બ્રહ્મયજ્ઞ સ્વરૂપ બને છે. પરન્તુ યોગીજનોને (સર્વવિરતિધરોને) તો જ્ઞાનમાં જ લીન બનવાનું છે. તેમને દ્રવ્યસ્તવનો અધિકાર નથી... ઇત્યાદિ સમજી લેવું જોઈએ.

''ભૂતિ (આબાદી-સંપત્તિ) વગેરેની કામનાથી કરેલા કર્મયજ્ઞથી પણ ભવિષ્યમાં જ્ઞાનયજ્ઞ(બ્રહ્મયજ્ઞ)ની પ્રાપ્તિ થાય છે. શ્યેનયજ્ઞનું ફળ શત્રુવધ દ્વારા નરક હોવાથી તેનો ત્યાગ કરાય છે.'' - આ પ્રમાણેની માન્યતાનું નિરાકરણ કરાય છે :

**भिन्नोद्‌देशेन विहितं, कर्म कर्मक्षयाक्षमम् ।**
**क्लृप्तभिन्नाधिकारं, च पुत्रेष्ट्यादिवदिष्यताम् ।।२८-५।।**

''ભિન્નોદ્દેશથી વિહિત કરેલું કર્મ (અનુષ્ઠાન) કર્મક્ષય કરવા માટે સમર્થ બનતું નથી. કલ્પેલા (અભિમત-સ્વીકૃત) અધિકારથી જુદા અધિકારવાળા પુત્રેષ્ટિ વગેરે યજ્ઞની જેમ તે અનુષ્ઠાન કર્મક્ષય માટે સમર્થ થતાં નથી.'' કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે ધર્મમાત્ર મોક્ષની પ્રાપ્તિ માટે ઉપદેશ્યો છે. પરન્તુ આ કલૃપ્ત અધિકારથી જુદા પુત્રાદિફળની પ્રાપ્તિ માટે વિહિત કરેલા તે તે પુત્રેષ્ટિયજ્ઞાદિ જેમ

પુત્રાદિ ફળના જ કારણ બને છે, પણ મોક્ષના કારણ બનતા નથી તેમ '**भूतिकामः पशुमालभेत**' - ઇત્યાદિ રીતે ભૂતિ વગેરે આ લોક સંબન્ધી ફળની પ્રાપ્તિના ઉદ્દેશથી વિહિત કરેલાં તે તે અનુષ્ઠાનો તે તે જ ફળનાં કારણ બને છે. પણ કર્મક્ષયનાં કારણ બની શકતાં નથી. જેમ પુત્રેષ્ટિયજ્ઞથી પુત્ર સિવાય બીજું કોઈ ફળ મળતું નથી તેમ બીજા કર્મયજ્ઞોથી પણ તેના ઉદ્દિષ્ટ ફળોને છોડીને બીજા કોઈ પણ ફળની પ્રાપ્તિ થતી નથી.

ન્યાયસંપન્ન વિભવાદિ ગુણોથી સહિત એવા અધિકારી ગૃહસ્થને પૂજાદિ સ્વરૂપ જે દ્રવ્યસ્તવ (કર્મયજ્ઞ) વિહિત છે તે ભિન્ન ફળના ઉદ્દેશથી વિહિત નથી. અહીં દ્રવ્યસ્તવ કે ભાવસ્તવનું ફળ તો પૂર્વકૃતકર્મની નિર્જરા જ છે. જીવોની યોગ્યતા મુજબ તે તે અનુષ્ઠાનથી ઓછાવધતા પ્રમાણમાં નિર્જરા થાય એ બને. પણ એનો અર્થ એ નથી કે બીજા કોઈ ફળના ઉદ્દેશથી તે તે અનુષ્ઠાનો વિહિત છે. આથી શ્રીવીતરાગ પરમાત્માએ ઉપદેશેલાં તે તે અનુષ્ઠાનો અને જ્યોતિષ્ટોમાદિ અનુષ્ઠાનો : એ બંન્નેમાં જે ભેદ છે-તે સમજી શકાય છે.

ભગવદ્ગીતામાં જણાવ્યા મુજબ, 'જે કરીએ છીએ, જે યજ્ઞ વગેરેમાં હોમીએ છીએ, જે ખાઈએ છીએ, જે દાન આપીએ છીએ અને જે તપ કરીએ છીએ તે બધું જ પરમાત્માને અર્પણ કરવું જોઈએ. કારણ કે કર્મને વિશે જ આપણો અધિકાર છે. ફળ તો પરમાત્માને આધીન છે. તેથી સઘળાંય કર્મ(અનુષ્ઠાન)નું સમર્પણ બ્રહ્મમાં હોવાથી કર્મયજ્ઞ અન્તે તો બ્રહ્મયજ્ઞમાં જ પરિણમે છે.' - આવી માન્યતાનું નિરાકરણ કરાય છે :

**ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञान्तर्भावसाधनम् ।**
**ब्रह्माग्नौ कर्मणो युक्तं, स्वकृतत्वस्मये हुते ।।२८-६ ।।**

''બ્રહ્મયજ્ઞની અંદર કર્મયજ્ઞનો સમાવેશ કરવાના સાધન તરીકે બ્રહ્માર્પણની જે વાત છે તે, 'આ મેં કર્યું છે...' ઇત્યાદિ સ્વરૂપ અહંકારને બ્રહ્મસ્વરૂપ અગ્નિમાં હોમવાથી યુક્ત છે અન્યથા તે વાત યોગ્ય નથી.'' - કહેવાનું તાત્પર્ય એ છે કે જે પણ કર્મયજ્ઞ છે તે અન્તે બ્રહ્મયજ્ઞમાં પરિણમે છે - એના કારણ તરીકે બ્રહ્મસમર્પણને જણાવાય છે. પરન્તુ આ બ્રહ્મસમર્પણની વાત જ્ઞાનયજ્ઞને આશ્રયીને છે.

ભગવદ્ગીતામાં આ વિષયને અનુલક્ષીને જણાવ્યું છે કે 'અર્પણ બ્રહ્મસ્વરૂપ છે. ઘી બ્રહ્મસ્વરૂપ છે, જે બ્રહ્મસ્વરૂપ અગ્નિમાં બ્રહ્મસ્વરૂપ આત્માએ હોમ્યું છે અને બ્રહ્મસ્વરૂપ કર્મમાં સમાધિ વડે જ્યાં જવાનું છે તે પણ બ્રહ્મ છે.' આ પ્રમાણે તો જ્ઞાનયજ્ઞ જ કરવા યોગ્ય છે - એ સ્પષ્ટ થાય છે, જે; જ્ઞાનસ્વરૂપ અગ્નિમાં કર્મનો હોમ કરવાથી અને'હું કરું છું...' ઇત્યાદિ સ્વરૂપ અભિમાન(ગર્વ-અહંકાર)ની આહુતિ આપવાથી થાય છે. પશુઓને હોમીને યજ્ઞ કરવાનું કોઈ પણ રીતે ઉચિત નથી. સાવદ્ય અને સકામ કર્મ ત્યાજ્ય છે, ઉપાદેય નથી... નિરવદ્ય નિષ્કામ એવો જ્ઞાનયજ્ઞ જ ઉપાદેય છે. આવા જ્ઞાનયોગીને જે ફળ પ્રાપ્ત થાય છે તે છેલ્લા બે શ્લોકોથી વર્ણવાય છે :

**ब्रह्मण्यर्पितसर्वस्वो, ब्रह्मदृग् ब्रह्मसाधनः ।**
**ब्रह्मणा जुह्वदब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ।।२८-७।।**
**ब्रह्माध्ययननिष्ठावान्, परब्रह्म समाहितः ।**
**ब्राह्मणो लिप्यते नाघै, र्नियागप्रतिपत्तिमान् ।।२८-८।।**

''જેણે બ્રહ્મને વિશે સર્વસ્વ અર્પણ કર્યું છે, જેની બ્રહ્મમાં જ દષ્ટિ છે, જેનું સાધન બ્રહ્મ છે, જે બ્રહ્મસ્વરૂપ ઉપયોગ વડે બ્રહ્મને વિશે અબ્રહ્મ સ્વરૂપ અજ્ઞાનને હોમે છે, એવો બ્રહ્મચર્યની નવ ગુપ્તિને ધારણ કરનાર અને બ્રહ્મચર્ય શ્રુતસ્કન્ધના અધ્યયનોની મર્યાદાને અનુસરનાર પરમબ્રહ્મમાં લીન બનેલો તેમ જ જ્ઞાનયજ્ઞને પામેલો બ્રાહ્મણ પાપથી લેપાતો નથી.'' - આ પ્રમાણે શ્લોકાર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે બિરાજમાન મુનિભગવન્તો નિયાગને પામેલા છે. નિયાગનો અર્થ મોક્ષ અને તેના સાધનભૂત જ્ઞાનદર્શનચારિત્ર છે. સાધન પરિશુદ્ધ (સર્વાંગીણ શુદ્ધ) હોવાથી વિના વિલંબે સાધ્યસિદ્ધિ થવાની હોવાથી નિયાગને પામેલા-વરેલા તે મહાત્માઓ છે. સાચા અર્થમાં તેઓશ્રી બ્રહ્મ (જ્ઞાન-આત્મા)ને જાણતા હોવાથી બ્રાહ્મણ છે. વસ્તુના સ્વરૂપનો જાણકાર હોય અને તેને પામવા માટે કે દૂર કરવા પૂરતો પ્રયત્ન ના કરે તો નિશ્ચયથી તેને તેનો જાણકાર મનાય નહિ. પૂ. મુનિભગવન્તો વાસ્તવિક રીતે બ્રહ્મના જ્ઞાતા હોવાથી તેઓશ્રીને બ્રાહ્મણ નિર્ગ્રન્થ ભિક્ષુ અને શ્રમણ વગેરે નામે વર્ણવ્યા છે.

શ્રી આચારાઙ્ગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધ બ્રહ્મચર્યનાં નવ અધ્યયન છે. એમાં વર્ણવેલી સાધુપણાની મર્યાદાનું પાલન કરનારા પૂ. સાધુભગવન્તો બ્રહ્માધ્યયનની નિષ્ઠાવાળા છે. પરમબ્રહ્મ(મોક્ષ-આત્માનું શુદ્ધ સ્ફટિક જેવું નિર્મળ સ્વરૂપ)ને વિશે લીન બનેલા હોવાથી પૂ. મુનિભગવન્તો પરબ્રહ્મસમાહિત છે. આવા મહાત્માઓ પાપથી લેપાતા નથી. આત્મસ્વરૂપમાં જેઓ લીન હોય અને શાસ્ત્રવિહિત મર્યાદામાં નિષ્ઠા હોય તો પાપથી લેપાવાનું કોઈ કારણ નથી - એ સમજી શકાય છે. પૂ. મુનિ મહાત્માઓ જે કારણથી પાપથી લેપાતા નથી તેનું વર્ણન સાતમા શ્લોકથી કર્યું છે.

એનો આશય સ્પષ્ટ છે કે આત્મા-બ્રહ્મને વિષે પોતાનું સર્વસ્વ પૂ. મહાત્માઓએ અર્પ્યું છે. આત્માને શુદ્ધ બનાવવા મન વચન અને કાયાને નિરન્તર પ્રવર્તાવનારા, આત્માને છોડીને બીજી કોઈ પણ ચીજ માટે પ્રવૃત્તિ કરતા નથી. જે કાંઈ છે તે બ્રહ્મ છે અને તેના જ માટે બધું છે. આવા એકમાત્ર પરિણામથી તેઓશ્રી માત્ર બ્રહ્મ-આત્માને જ જોયા કરે છે. બીજું કાંઈ જ જોતા નથી. પોતાની એ સાધના માટે તેઓશ્રી બ્રહ્મ-જ્ઞાનને જ સાધન બનાવે છે.

બ્રહ્મ એટલે આત્મા. તેના જ્ઞાનાદિ ગુણોની અંદર રમણતા કરવા સ્વરૂપ બ્રહ્મચર્યની રક્ષાને કરનારા મહાત્માઓ બ્રહ્મગુપ્તિને ધારણ કરે છે અને સતત જ્ઞાનના ઉપયોગ વડે આત્મામાં અજ્ઞાનને હોમી દે છે. તેથી તેઓશ્રી પાપથી લેપાતા નથી. કર્મજન્ય ભાવોને પોતાના માનીને એ ઈષ્ટાનિષ્ટ ભાવોને મેળવવા અને દૂર કરવા માટે આપણે પ્રયત્ન કરવામાં કોઈ કચાશ રાખી નથી. ભયંકર એવી અજ્ઞાન દશાને કારણે આપણે પાપથી લેપાયા. જ્ઞાની મહાત્માઓ અજ્ઞાનનો જ નાશ કરતા હોવાથી તેમને પાપથી લેપાવું પડતું નથી. અન્તે એવી પાપથી નિર્લેપ અવસ્થાને પ્રાપ્ત કરવા માટે જ્ઞાનયજ્ઞને આરાધવા આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા...

**।। इति श्रीज्ञानसारप्रकरणेऽष्टाविंशतितमं नियागाष्टकम् ।।**

# अथ प्रारभ्यते पूजाख्यमेकत्रिंशमष्टकम् ।

## २९

આ પૂર્વે નિયાગ-મોક્ષની પ્રતિપત્તિનું વર્ણન કર્યું. તેને પામેલા મહાત્માઓ ભાવપૂજાના સ્વામી હોય છે. તેથી ભાવપૂજાની સામગ્રીના વર્ણન દ્વારા હવે ભાવપૂજાનું વર્ણન કરાય છે -

**दयाम्भसा कृतस्नानः, सन्तोषशुभवस्त्रभृत् ।**
**विवेकतिलकभ्राजी, भावनापावनाशयः ।।२९-१ ।।**

**भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः ।**
**नवब्रह्माङ्गतो देवं शुद्धमात्मानमर्चय ।।२९-२ ।।**

''દયાસ્વરૂપ પાણીથી જેણે સ્નાન કર્યું છે અને સન્તોષસ્વરૂપ શુદ્ધ વસ્ત્રને જેણે ધારણ કર્યું છે; એવો વિવેકસ્વરૂપ તિલકથી શોભતો અને ભાવનાથી પવિત્ર આશયવાળો તું, ભક્તિ અને શ્રદ્ધા સ્વરૂપ કેસરથી યુક્ત ચન્દનના રસથી નવ પ્રકારનાં બ્રહ્મચર્ય સ્વરૂપ અંગને આશ્રયીને શુદ્ધ આત્મા સ્વરૂપ દેવની પૂજા કર.''- કહેવાનો આશય સ્પષ્ટ છે કે દ્રવ્યપૂજા માટે જેમ સામગ્રીની અપેક્ષા છે તેમ ભાવપૂજા માટે પણ તેની અપેક્ષા છે.

દ્રવ્યપૂજાનો અધિકાર ગૃહસ્થોને છે અને ભાવપૂજાનો અધિકાર પૂ. સાધુભગવન્તોને છે. તેથી અધિકારની ભિન્નતાએ સામગ્રીનો પણ ભેદ રહેવાનો. સૌથી પ્રથમ પૂજા માટે સ્નાન કરવાનું છે. એ માટે પાણી જોઈએ. પૂ. સાધુભગવન્તો સદાને માટે દયાસ્વરૂપ પાણીથી સ્નાન કરે છે. કોઈ પણ જીવને દુઃખ ન આપવાના પરિણામને દયા કહેવાય છે. એ પરિણામ ન હોય તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞાનું પાલન કરવા સ્વરૂપ ભાવપૂજા શક્ય નહિ જ બને. સાધુપણાના આધારભૂત એ પરિણામથી આત્માની પવિત્રતા જળવાઈ રહે છે. આત્માને અપવિત્ર બનાવનારી વિષય-કષાયની પરિણતિ છે. એને લઈને દયાનો પરિણામ નાશ પામે છે. દયાના પરિણામની રક્ષા માટે વિષય-કષાયની પરિણતિથી આત્માને દૂર રાખવો જોઈએ. 'દુનિયાની કોઈ ચીજ જોઈતી નથી અને આપણી પાસેની એ ચીજ કોઈ લઈ જાય તો ચિન્તા નથી'. આવા અધ્યવસાયમાં રમતા મહાત્માઓને વિષય-કષાયની

પરિણતિનો સંભવ ન હોવાથી તેઓશ્રી દયાનો પરિણામ જાળવી લે છે. એ પડી જાય નહિ માટે તેઓશ્રી સન્તોષસ્વરૂપ વસ્ત્રને ધારણ કરે છે.

સ્નાન કર્યા પછી વસ્ત્ર ધારણ ન કરે તો શરીર પાછું ખરાબ થઈ જાય. વસ્ત્ર અશુદ્ધ ના ચાલે, શુદ્ધ-શુભ-નિર્મળ જોઈએ. સન્તોષસ્વરૂપ વસ્ત્ર અત્યન્ત શુદ્ધ છે, જેના પરિધાનથી આત્માની પવિત્રતા ટકી રહે છે. 'પુણ્યથી જે મળ્યું છે એનાથી અધિક જોઈતું નથી અને જે મળ્યું છે તે જતું રહે તો ય ચિંતા નથી...' ઇત્યાદિ પરિણામ સન્તોષના ઘરનો છે. એવા સન્તોષને ધારણ કરનારા પૂ. સાધુમહાત્માઓ વિવેકસ્વરૂપ તિલકથી શોભે છે. સદ્-અસદ્, હેય-ઉપાદેય અને ઉત્સર્ગ-અપવાદ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વિવેક ન પ્રગટે તો જ્ઞાનનું ફળ પામવાનું અશક્ય છે. વિવેક પ્રાપ્ત કર્યા પછી તે તે વિષયમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિથી આત્માને ભાવિત બનાવી પૂ. મુનિભગવન્તો પવિત્ર આશયને ધારણ કરે છે. આ રીતે દ્રવ્યપૂજાની જેમ ભાવપૂજામાં પણ અંગશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ અને મનશુદ્ધિ પ્રાપ્ત થાય છે. હવે બીજા શ્લોકથી ઉત્તમ દ્રવ્ય વડે કરાતી દેવની દ્રવ્યપૂજાની જેમ જ ભાવપૂજા વર્ણવાય છે.

ભક્તિ અને શ્રદ્ધા સ્વરૂપ કેસરથી મિશ્રિત ચન્દનના રસ વડે દેવની પૂજા કરવાની છે. 'શ્રીવીતરાગપરમાત્મા પરમતારક છે'... ઇત્યાદિ પરિણામ સ્વરૂપ ભક્તિ છે અને 'તેઓશ્રીએ પ્રરૂપેલો જ અર્થ પરમાર્થ છે'... ઇત્યાદિ પરિણામ સ્વરૂપ શ્રદ્ધા છે. આ ભક્તિ અને શ્રદ્ધા સ્વરૂપ કેસરથી મિશ્રિત એવા ચન્દનરસ વડે દેવની પૂજા કરવાની છે. આ દેવ, શુદ્ધ આત્મા સ્વરૂપ છે. પરમાત્માની દ્રવ્યપૂજા જેમ પ્રતિમાજીનાં નવ અંગે થાય છે, તેમ ભાવપૂજા પણ નવ બ્રહ્મચર્યસ્વરૂપ નવ અંગે કરાય છે. બ્રહ્મચર્યની નવ વાડોના પાલન સ્વરૂપે બ્રહ્મચર્ય નવ પ્રકારનું છે. આ રીતે કેસરથી કરાતી ભાવપૂજાનું વર્ણન કર્યું. હવે પુષ્પ-વસ્ત્રાદિ દ્રવ્યથી કરાતી ભાવપૂજાનું વર્ણન કરાય છે -

**क्षमापुष्पस्रजं धर्मयुग्मक्षौमद्वयं तथा ।**
**ध्यानाभरणसारं च तदङ्गे विनिवेशय ।।२९-३।।**

''ક્ષમાસ્વરૂપ પુષ્પોની માળાને, બે પ્રકારના ધર્મસ્વરૂપ વસ્ત્રયુગ્મને તેમ જ ધ્યાનસ્વરૂપ શ્રેષ્ઠ અલંકારને શુદ્ધ આત્મસ્વરૂપ દેવના અંગે તું ઉચિત રીતે પહેરાવ''- આશય એ છે કે પૂ. સાધુમહાત્માઓ ભાવપૂજા કરે છે, એમાં દ્રવ્યપૂજાની જેમ જ

પુષ્પપૂજા વસ્ત્રપૂજા અને અલંકારપૂજા પણ કરે છે. રત્નત્રયીની સાધના કરવાથી પ્રાપ્ત થયેલા કષાયોના ક્ષયોપશમથી તેઓશ્રીના ક્ષમાદિગુણોનો આવિર્ભાવ થાય છે.

પૂ. મુનિભગવન્તોનો મુખ્ય ગુણ ક્ષમા છે. પ્રતિકાર કરવાનું સામર્થ્ય હોવા છતાં કોઈ પણ પ્રકારની દીનતા કર્યા વિના સહન કરી લેવાનો અધ્યવસાય : એ ક્ષમા છે. આત્મામાં એને સમાવીને શુદ્ધાત્માની(દેવની) પૂજા કરાય છે. આવી જ રીતે નિશ્ચય અને વ્યવહાર અથવા શ્રુતધર્મ અને ચારિત્રધર્મ... વગેરે બે પ્રકારના ધર્મથી શુદ્ધાત્માને બે વસ્ત્ર સ્વરૂપ ધર્મથી સારી રીતે શણગારવામાં આવે છે. ત્યારબાદ ધર્મધ્યાનાદિસ્વરૂપ શ્રેષ્ઠ અલંકારથી અલંકૃત કરાય છે. શ્રીતીર્થંકરપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ આરાધના કરનારા પૂ. સાધુમહાત્માઓ આ ક્ષમા, ધર્મ અને ધ્યાનથી પોતાના શુદ્ધાત્મતત્ત્વની અવિરત આરાધના કરે છે. આ રીતે દ્રવ્યપૂજાન્તર્ગત અંગપૂજાની જેમ ભાવપૂજાસંબન્ધી અંગપૂજાને વર્ણવી. હવે અગ્રપૂજાનું વર્ણન કરાય છે :

**मदस्थानभिदात्यागैर्लिखाग्रे चाष्टमङ्गलम् ।**
**ज्ञानाग्नौ शुभसङ्कल्पकाकतुण्डं च धूपय ।।२९-४।।**

''જાતિ જ્ઞાન લાભ તપ કુલ ઐશ્વર્ય રૂપ અને બલ : આ મદના આઠ પ્રકારોના ત્યાગ વડે શુદ્ધાત્માસ્વરૂપ દેવની આગળ અષ્ટમંગલનું તું આલેખન કર અને જ્ઞાનસ્વરૂપ અગ્નિમાં શુભસંકલ્પ સ્વરૂપ કૃષ્ણાગુરુ વગેરે સ્વરૂપ ધૂપને નાખીને ધૂપ કર.''–દ્રવ્યપૂજામાં અક્ષતાદિથી સ્વસ્તિક નન્દ્યાવર્ત્ત વર્ધમાન અને કળશ વગેરે અષ્ટમંગલ આલેખાય છે. તેમ ભાવપૂજામાં ઉપર જણાવ્યા મુજબ જાતિ કુલ બલ... વગેરે મદનાં આઠ સ્થાન-પ્રકારોનો ત્યાગ કરવા દ્વારા તે સ્વરૂપ અષ્ટમંગલનું આલેખન કરવાનું ફરમાવ્યું છે. પૂ. સાધુભગવન્તોને ચોક્કસ ખ્યાલ છે કે જાતિ વગેરેનો મદ કરવાથી ભવિષ્યમાં હીનજાતિ વગેરે વિપાક અનુભવવા પડે છે. તેથી તેઓશ્રી સર્વથા મદનો ત્યાગ કરવારૂપે અષ્ટમંગલનું નિત્ય આલેખન કરે છે.

તેમ જ જ્ઞાનસ્વરૂપ અગ્નિમાં શુભ સંકલ્પોનો પ્રક્ષેપ કરી ભાવપૂજામાં ધૂપ-પૂજા કરવાનું ફરમાવ્યું છે. સર્વથા અશુભ સંકલ્પોનો ત્યાગ કરી પૂ. સાધુમહાત્મા ભાવપૂજાના અધિકારી બન્યા છે. સંકલ્પ ઈચ્છાસ્વરૂપ છે અને ઈચ્છા રાગજન્ય છે. રાગના નાશ માટે સંકલ્પમાત્રનો નાશ કર્યા વિના ચાલે એવું નથી. જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ ઈચ્છાનો અન્ત આવતો જાય છે. વસ્તુતઃ જ્ઞાનનું ફળ જ એ છે.

ક્ષયોપશમભાવના નાશ પછી જ ક્ષાયિકભાવની પ્રાપ્તિ થાય છે. તેથી શુભસંકલ્પોને જ્ઞાનાગ્નિમાં નાંખીને સર્વથા ઈચ્છારહિત બનવા માટે આ ભાવપૂજા (ધૂપપૂજા) છે. પુણ્યબન્ધના કારણભૂત રાગસ્વરૂપ શુભ અધ્યવસાય છે. તે મોક્ષની સાધનામાં તજવાયોગ્ય છે, જે જ્ઞાનના અદ્ભુત સામર્થ્યથી શક્ય છે. દ્રવ્યપૂજાની અન્તે જેમ લૂણ ઉતારીને આરતી કરાય છે, તેમ ભાવપૂજાની અન્તે લૂણ ઉતારીને આરતી કરવાનું જણાવાય છે :

**प्राग्धर्मलवणोत्तारं धर्मसन्न्यासवह्निना ।**
**कुर्वन् पूरय सामर्थ्यराजन्नीराजनाविधिम् ।।२९-५।।**

''પૂર્વે કરેલા ધર્મ સ્વરૂપ લવણ(લૂણ)ને ધર્મસન્ન્યાસયોગ સ્વરૂપ અગ્નિથી ઉતારતો તું સામર્થ્યયોગસ્વરૂપ શોભતી આરતીની વિધિને પૂર્ણ કર''-કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે દ્રવ્યપૂજા કરતી વખતે આરતી ઉતારતાં પૂર્વે લૂણ ઉતારાય છે અને ત્યાર પછી આરતી કરવામાં આવે છે. એ મુજબ અહીં ભાવપૂજા પ્રસંગે પૂ. સાધુમહાત્માઓને આરતી કરવાનું ફરમાવ્યું છે. સામર્થ્યયોગ સ્વરૂપ અહીં આરતી છે. શાસ્ત્રપ્રસિદ્ધ પરમાત્મતત્ત્વને જાણ્યા પછી અને માન્યા પછી તેને સાક્ષાદ્ જોવાની ઈચ્છા સ્વરૂપ દિદક્ષામાંથી સામર્થ્યયોગનો આવિર્ભાવ થાય છે.

સામર્થ્યયોગમાં ધર્મસન્ન્યાસયોગ સ્વરૂપ અગ્નિથી; પૂર્વે કરેલા ઔદયિકભાવના અને ક્ષાયોપશમિકભાવના ધર્મસ્વરૂપ લૂણ(લવણ)ને ઉતારાય છે, અર્થાત્ તે ધર્મોનો ત્યાગ કરાય છે. મિથ્યાત્વાદિ મોહનીયકર્મના ઉદયે જે ધર્મ કરાય છે, તે ઔદયિકભાવનો ધર્મ છે અને મિથ્યાત્વાદિ મોહનીયકર્મના ક્ષયોપશમે જે ધર્મ કરાય છે, તે ક્ષાયોપશમિકભાવનો ધર્મ છે. એ ધર્મને અહીં લવણરૂપે વર્ણવ્યો છે. કારણ કે તે મોક્ષની પ્રાપ્તિ માટે અવરોધરૂપ છે, તેથી ત્યાગ કરવા યોગ્ય છે. ભાવપૂજાના અધિકારી એવા પૂ. મુનિભગવન્તો ક્ષાયિકભાવના ધર્મની સિદ્ધિ માટે ઔદયિક કે ક્ષાયોપશમિકભાવના ધર્મ સ્વરૂપ લવણને ઉતારી સામર્થ્યયોગસ્વરૂપ આરતીને ઉતારે છે. આ બધું બોલવા માટે સહેલું છે. બાકી પામવા માટે ખૂબ જ પ્રબળ પુરુષાર્થ અપેક્ષિત છે. આત્મા અને તેના જ્ઞાનાદિને છોડીને અન્ય જોવાનું પણ જે દિવસે મન નહિ થાય તે દિવસે એ પુરુષાર્થ શક્ય બનશે. પુણ્યથી મળેલી અઢળક સામગ્રીમાં કેટલું બધું ઓછું છેઃ એનો હવે ખ્યાલ આવે તો થોડું પણ નક્કર પરિણામ આવ્યા વિના નહિ રહે.

ભાવપૂજાને આશ્રયીને આરતીનું વિધાન કરીને હવે મંગલદીવાનું અને બીજી પૂજાઓનું વર્ણન કરાય છે. જેમ દ્રવ્યપૂજાને અન્તે નૃત્ય ગીત અને વાજિંત્ર પૂજા હોય છે તેમ ભાવપૂજાને આશ્રયીને પણ એ પૂજાનું વર્ણન કરાય છે :

**स्फुरन्मङ्गलदीपं च, स्थापयानुभवं पुरः ।**
**योगनृत्यपरस्तौर्यत्रिकसंयमवान् भव ।।२९-६ ।।**

''અનુભવસ્વરૂપ તેજસ્વી એવો મંગલદીવો શુદ્ધાત્માસ્વરૂપ દેવની આગળ સ્થાપન કર અને સંયમના યોગસ્વરૂપ નૃત્યપૂજામાં તત્પર બનેલો તું ગીત નૃત્ય અને વાજિંત્રની એકતાની જેમ સંયમવાન થા.''- આરતી પછી મંગલદીવો કરાય છે. પૂર્વે જણાવ્યા મુજબ સામર્થ્યયોગમાં પ્રાપ્ત થતું જે અનુભવજ્ઞાન છે, તેને અહીં મંગલ દીપકની ઉપમા આપી છે. એ અનુભવાત્મક જ્ઞાન અત્યન્ત ઉજ્જવલ તેજસ્વી છે. કેવલજ્ઞાનની આભા જેવા અને શ્રુતજ્ઞાનની પરાકાષ્ઠા સ્વરૂપ એવા અનુભવજ્ઞાનને શુદ્ધાત્માની આગળ સ્થાપન કરવાનું ફરમાવ્યું છે. ભાવપૂજાનું એ ફળ છે.

આ રીતે મંગલદીવાની સ્થાપના કરીને સંયમયોગસ્વરૂપ નૃત્યપૂજા કરવામાં તત્પર એવા મહાત્માઓને સંયમના સ્વામી બનવાનું જણાવ્યું છે. એનો આશય એ છે કે નૃત્ય કરવામાં જે તત્પર હોય છે, તેને ગીત નૃત્ય અને વાદિત્ર (વાદ્ય-વાજિંત્ર) : એ ત્રણેયની એકતા પ્રાપ્ત થતી હોય છે. તેમ અહીં પણ સંયમના મન-વચન-કાયાના યોગોમાં જે મહાત્માઓ તત્પર (લીન) છે, તેઓશ્રીને યોગની અવસ્થા વિશેષ સ્વરૂપ ધારણા ધ્યાન અને સમાધિ (ગીત નૃત્ય અને વાદિત્રની જેમ) ની એકતા સ્વરૂપ સંયમ પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે અપ્રશસ્ત વિષયમાંથી પ્રશસ્ત વિષયમાં ચિત્તને સ્થિર કરવા સ્વરૂપ ધારણા છે. પ્રશસ્ત એક જ વિષયમાંની ચિત્તની સ્થિરતાને ધ્યાન કહેવાય છે અને વિષયના નિર્ભાસ વિના માત્ર જ્ઞાનનો જે નિર્ભાસ છે તે સમાધિ છે. ધારણા ધ્યાન અને સમાધિના ઐક્યને સંયમ કહેવાય છે, જે યોગનું કાર્ય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે રહેલા પૂ. સાધુભગવન્તોને રત્નત્રયીની પારમાર્થિક સાધનાથી તેવા પ્રકારના સંયમની પ્રાપ્તિ થાય છે. ભાવપૂજાની અન્તે; દ્રવ્યપૂજાની અન્તે કરાતા ઘંટનાદની જેમ કરાતા ઘંટનાદનું વર્ણન કરવા પૂર્વક તેનું (ભાવપૂજાનું) ફળ વર્ણવાય છે :

**उल्लसन्मनसः सत्यघण्टां वादयतस्तव ।**
**भावपूजारतस्येत्थं, करक्रोडे महोदयः ।।२९-७।।**

''ઉલ્લસિત થતું મન છે જેનું એવા તેમ જ સત્યસ્વરૂપ ઘંટાને વગાડતા એવા ભાવપૂજામાં લીન બનેલા તને હથેળીમાં મોક્ષ છે.'' - આશય એ છે કે દ્રવ્યપૂજાદિનું કાર્ય પતી ગયા પછી ગૃહસ્થો દેરાસરમાંથી નીકળતા ઘંટ વગાડે છે. તેમ મુનિભગવન્તો પણ ભાવપૂજાના અન્તે સત્ય સ્વરૂપ ઘંટનાદ કરે છે. તેઓશ્રીનું મન દરરોજ સંયમની સાધનામાં ઉલ્લસિત હોય છે. આથી જ તેઓશ્રી આ રીતે ભાવપૂજામાં લીન બનેલા હોય છે. એવા મહાત્માઓને મોક્ષ હથેળીમાં છે. અર્થાદ્ એવા મહાત્માઓને મોક્ષની પ્રાપ્તિ સુલભ છે. અર્થાદ્ ઉપર જણાવ્યા મુજબ ભાવપૂજા કરવાથી મોક્ષફળની પ્રાપ્તિ થાય છે. આ રીતે દ્રવ્યપૂજાની ઉપમા દ્વારા ભાવપૂજાનું વર્ણન કરીને તેના અધિકારીને જણાવાય છે :

**द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।**
**भावपूजा तु साधूनामभेदोपासनात्मिका ।।२९-८।।**

''ગૃહસ્થોને ભેદોપાસનાસ્વરૂપ દ્રવ્યપૂજા ઉચિત છે. સાધુભગવન્તોને તો અભેદોપાસનારૂપ ભાવપૂજા ઉચિત છે'' - પોતાના આત્માથી ભિન્ન અનન્તગુણોના નિધાન પરમાત્માનું આલંબન લઈને કરાતી આરાધના દ્રવ્યપૂજા છે. એ ગૃહસ્થો માટે ઉચિત છે. ચોથા-પાંચમા ગુણસ્થાનક સુધી ચારિત્રમોહનીયકર્મનો ઉદય હોવાથી ભાવપૂજાસ્વરૂપ અભેદોપાસના તેમના માટે ઉચિત નથી.

પૂ. સાધુભગવન્તોને ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થયો હોવાથી તેઓશ્રી પર પદાર્થની પ્રત્યે ઉદાસીન હોવાથી પરમાત્માની સાથે અભેદપણે ઉપાસના માટે અધિકારી બને છે. દ્રવ્યપૂજાને કરવા દ્વારા ચારિત્રમોહનીયકર્મની નિર્જરા થવાથી ગૃહસ્થો પણ કાલાન્તરે ભાવપૂજાના અધિકારી બની શકે, પરન્તુ ત્યારે તેઓ ગૃહસ્થતાનો ત્યાગ કરી સાધુ બનેલા હશે.... અન્તે ભાવપૂજાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**।। इति श्रीज्ञानसारप्रकरणे भावपूजाख्यमेकोनत्रिंशमष्टकम् ।।**

# अथ प्रारभ्यते त्रिंशत्तमं ध्यानाष्टकम् ।

## ३०

આ પૂર્વે ઓગણત્રીશમા અષ્ટકમાં પરમાત્માની સાથેની ભેદોપાસના અને અભેદોપાસનાને લઈને દ્રવ્યપૂજા અને ભાવપૂજાની અધિકારિતાને વર્ણવી. ભેદોપાસના અને અભેદોપાસના ધ્યાનવિશેષ સ્વરૂપ છે. તેથી તેનું વર્ણન કરવાના આશયથી ધ્યાનનું સ્વરૂપ વર્ણવાય છે -

**ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम् ।**
**मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ।।३०-१ ।।**

"ધ્યાતા ધ્યેય અને ધ્યાન : આ ત્રણ જેના એકતાને પામ્યા છે એવા તે અનન્યચિત્તવાળા મુનિમહાત્માને દુઃખ હોતું નથી." - કહેવાનો આશય એ છે કે આ પૂર્વેના અષ્ટકમાં પૂ. સાધુમહાત્માઓ પરમાત્મસ્વરૂપે પોતાને જોતા હોવાથી અભેદોપાસનાસ્વરૂપ ભાવપૂજાના અધિકારી છે - એમ જણાવ્યું છે. પરન્તુ પૂ. સાધુભગવન્તો દુઃખી હોય તો તેઓ, એ મુજબ અભેદોપાસના કઈ રીતે કરી શકે? - આવી શંકાનું નિરાકરણ કરવા માટે, તેઓશ્રીને દુઃખ હોતું નથી : એ જણાવવા પૂર્વક તેનું કારણ પણ આ શ્લોકમાં જણાવ્યું છે અને એ પ્રસઙ્ગથી અહીં ધ્યાનનું નિરૂપણ કરાય છે.

પૂ. મુનિભગવન્તો ધ્યાતા (ધ્યાન કરનારા) છે. પરમાત્મા ધ્યેય (ધ્યાનના વિષય) છે. એક જ વિષયમાં ચિત્તનું અવસ્થાન ધ્યાન છે. આ ત્રણેની એકતા સ્વરૂપ સમાપત્તિ જેમને પ્રાપ્ત થઈ છે - એવા મુનિમહાત્માને દુઃખ નથી. કારણ કે તેમનું ચિત્ત આત્માથી અન્યત્ર જતું નથી. આત્માથી અન્ય શરીરાદિ સ્વરૂપ પરપદાર્થમાં જેમનું ચિત્ત જતું નથી તેમને દુઃખનું કોઈ કારણ નથી. દુઃખ, આત્માનો ગુણ નથી. કર્માદિના નિમિત્તથી ઉત્પન્ન થયેલ વિભાવ છે. અનન્યચિત્ત એવા મહાત્માઓ સ્વભાવમાં રમતા હોવાથી તેઓશ્રીને દુઃખ નથી. અન્ય વસ્તુની અપેક્ષા જ દુઃખ છે. અન્ય વસ્તુમાં જેમનું ચિત્ત જતું જ નથી, એવા એ મહાત્માઓને અન્ય વસ્તુની અપેક્ષા હોતી નથી. તેથી જ તેઓશ્રીનું ચિત્ત અન્યત્ર જતું નથી. ધ્યાતા ધ્યેય વગેરેનું સ્વરૂપ સંક્ષેપથી જણાવાય છે :

**ध्याताऽन्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ।**
**ध्यानं चैकाग्र्यसंवित्तिः, समापत्तिस्तदेकता ।।३०-२ ।।**

''અન્તરાત્મા, ધ્યાતા છે. ધ્યેય પરમાત્મા સ્વરૂપ છે. એક જ વિષયના જ્ઞાનની ધારાને ધ્યાન કહેવાય છે અને એ ત્રણની સમાપત્તિને ત્રણની એકતા કહેવાય છે.'' - આશય એ છે કે સામાન્યથી ધ્યાનના કર્ત્તાને ધ્યાતા કહેવાય છે અને એક જ વિષયની જ્ઞાનની ધારાને ધ્યાન કહેવાય છે. જોકે ધ્યાનનો પરિચય આપવાની આવશ્યકતા નથી. અપ્રશસ્ત વિષયનું ધ્યાન આપણા અનુભવનો વિષય છે. રાત અને દિવસ એ ચાલુ જ છે. જે પણ કાંઈ વિચારવાનું છે તે પ્રશસ્ત વિષયના ધ્યાન અંગે વિચારવાનું છે.

અહીં ધ્યાનના વિષય તરીકે પરમાત્મતત્ત્વને જણાવ્યું છે. સહજસિદ્ધ અનન્તજ્ઞાનાદિમય શુદ્ધ (કર્માદિકલંકથી રહિત) બુદ્ધ (અજ્ઞાનથી રહિત) નિરંજન (રાગાદિથી રહિત) અને નિરાકાર (પરપદાર્થની પરિણતિથી રહિત) પરમાત્માનું સ્વરૂપ છે. આપણું પોતાનું પણ એ જ સ્વરૂપ છે. પરન્તુ અનાદિના કર્મસંયોગને કારણે એ આવરાયેલું છે. એને પ્રગટ કરવા માટે પરમાત્માનું ધ્યાન કરવામાં આવે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા વિના આ ધ્યાન શક્ય નથી. કારણ કે જ્યાં સુધી પોતાના શુદ્ધસ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ ન આવે તેમ જ તેને પ્રગટ કરવાની તાત્ત્વિક ઈચ્છા ન થાય ત્યાં સુધી એ રીતનું ધ્યાન ધરી શકાતું નથી. સમ્યગ્દષ્ટિ આત્માઓને પોતાના શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ હોવાથી અને તેને પામવાની તીવ્ર ઈચ્છા હોવાથી તેઓ પરમાત્માનું અભેદપણે ધ્યાન કરે છે. તેથી અહીં ધ્યાતા તરીકે સમકિતદષ્ટિ અન્તરાત્માનું ગ્રહણ કર્યું છે. ધ્યાતા સમ્યગ્દષ્ટિ અન્તરાત્મા છે. ધ્યેય પરમાત્મા છે. અને ધ્યાન પરમાત્માનું છે. અન્તરાત્માનું ઔપાધિક સ્વરૂપ આચ્છાદિત કરીને માત્ર આત્માના સ્વરૂપનો વિચાર કરીએ તો પરમાત્માના સ્વરૂપમાં અને અન્તરાત્માના સ્વરૂપમાં ભેદ નથી. ધ્યાનનો વિષય પરમાત્મા હોવાથી તદાકારમાં ધ્યાતા પરિણમે છે. આ રીતે ધ્યાતા ધ્યાન વડે ધ્યેયાકારને પામે છે. એ સમાપત્તિ છે અને તે સ્વરૂપ જ ધ્યાતા ધ્યેય અને ધ્યાનની એકતા છે.

આ બધી વાત જેટલી સરળતાથી બોલાય છે, એટલી સરળ નથી. ધ્યેય તો પરમશુદ્ધ છે. એ સ્વરૂપમાં અને આપણા સ્વરૂપમાં તાત્ત્વિક રીતે કોઈ ભેદ નથી.

કર્મનાં પ્રગાઢ આવરણોથી આચ્છાદિત (ઢંકાયેલા) એ સ્વરૂપના આવિર્ભાવ માટે ધ્યાન પ્રકૃષ્ટતમ સાધન છે. ધ્યાતાની એ માટેની જે યોગ્યતા છે તેનું વર્ણન કરતાં 'યોગશાસ્ત્ર' માં ફરમાવ્યું છે કે :

"પ્રાણનો નાશ થાય તોપણ જે સંયમનો ત્યાગ કરતો નથી; બીજાને પણ પોતાના જેવા ગણે છે અને જે પોતાના સ્વરૂપથી ક્યારે પણ પડતો નથી."- "જે શીત અને ઉષ્ણ પરીસહથી સંતાપ પામતો નથી અને અમર કરનાર યોગામૃતના રસાયનને પીવાને ઈચ્છે છે." - "જે રાગાદિ શત્રુઓને વશ નહિ બનેલા તેમ જ ક્રોધાદિ દોષોથી દુષ્ટ નહિ થયેલા મનને આત્મામાં લીન કરે છે. તેમ જ સર્વ કાર્યમાં નિર્લેપ રહે છે." - "જે કામ-ભોગોથી વિરક્ત બની પોતાના શરીરને વિશે પણ નિસ્પૃહ છે તેમ જ સંવેગસ્વરૂપ સરોવરમાં નિમગ્ન બની સર્વત્ર સમતાને ધારણ કરે છે." - "જે રાજા અને રંકને સરખી રીતે ઉપદેશાદિ દ્વારા તેમનું કલ્યાણ કરવાની ભાવનાવાળો છે. તેમ જ અપરિમિત દયાવાળો એવો જે સંસારના સુખથી પરાઙ્મુખ છે." - "જે સુમેરુ પર્વતની જેમ નિષ્પ્રકંપ ચંદ્રની જેમ આનંદ આપનાર છે અને વાયુની જેમ નિ:સંગ છે" આવો અન્તરાત્મા ધ્યાતા તરીકે પ્રશંસનીય છે. આ ધ્યાતા ધ્યેય અને ધ્યાનની સમાપત્તિ સ્વરૂપ એકતા છે. સમાપત્તિનું નિરૂપણ દૃષ્ટાન્તપૂર્વક કરાય છે -

**मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः ।**
**क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मले ।।३०-३ ।।**

"જેમ મણિને વિશે પ્રતિબિંબ પડે છે તેમ રાગાદિની વૃત્તિઓ ક્ષીણ થયે છતે નિર્મળ એવા અન્તરાત્મામાં ધ્યાનથી પરમાત્માની જે પ્રતિચ્છાયા પડે છે - તેને સમાપત્તિ કહેવાય છે." - કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી રાગાદિપરવશ આત્માની રાગાદિની વૃત્તિઓ જ્યારે ક્ષીણ થાય છે ત્યારે અંતરાત્મા થોડા ઘણા અંશે નિર્મળ થાય છે. અને ત્યારે પરમાત્માના ધ્યાનથી તેના વિષયભૂત પરમાત્માનું પ્રતિબિંબ અન્તરાત્મામાં પડે છે. મણિ અત્યન્ત નિર્મળ હોવાથી તેની પાસેના વિષયના સંસર્ગથી તેમાં તે વિષયનું જેમ પ્રતિબિંબ પડે છે, તેમ ધ્યાનના સંબન્ધથી ધ્યાનના વિષયભૂત ધ્યેય-પરમાત્માનું પ્રતિબિંબ પણ નિર્મળ એવા અન્તરાત્મામાં પડે છે.

જ્યાં સુધી રાગાદિની વૃત્તિઓ ક્ષીણ થાય નહિ ત્યાં સુધી ધ્યાનથી પણ ધ્યેયની પ્રતિચ્છાયા પડે એ શક્ય નથી. અન્તરાત્માની નિર્મળતા માટે આત્માના રાગાદિ મલની તપાસ કરી લેવી જોઈએ. અનાદિકાળથી સંચિત થયેલા રાગ-દ્વેષ અને મોહ : એ ત્રણ મલથી આત્મા મલિન છે. બાહ્ય શરીરાદિ ઉપર લાગેલા મલની જેમ જ રાગાદિ મલની પણ તરતમતા હોય છે. મુમુક્ષુએ વિચારવું જોઈએ કે પોતાને એ ત્રણ મલમાંથી કયો મલ કેટલા અંશે નડે છે. એ જાણ્યા પછી શાસ્ત્રોક્ત ઉપાય વડે તે તે મલને દૂર કરી અન્તરાત્માને અનુક્રમે નિર્મળ કરી શકાય છે. સામાન્ય રીતે રાગ જેની પ્રત્યે થતો હોય એવા વિષયોથી દૂર રહી રાગને દૂર કરવો જોઈએ. જેની પ્રત્યે દ્વેષ થાય છે, એવા દુ:ખ કે દુ:ખનાં સાધનોની નજીક જઈને કે ઉપેક્ષા કરીને દ્વેષને દૂર કરી શકાય છે. અને અજ્ઞાનાદિ સ્વરૂપ મોહને તત્ત્વના પરિશીલનથી તાત્ત્વિક પ્રતિપત્તિ દ્વારા દૂર કરી શકાય છે. સમાપત્તિની પ્રાપ્તિ માટે ક્ષીણવૃત્તિતા અનિવાર્ય છે. અન્તરાત્માની નિર્મળતા વિના ધ્યાનની વાત, માત્ર વાત જ છે - એ યાદ રાખ્યા વિના ચાલે એવું નથી. સમાપત્તિના ફલનું વર્ણન કરાય છે :

**आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबन्धतः ।**
**तद्भावाभिमुखत्वेन, सम्पत्तिश्च क्रमाद् भवेत् ।।३०-४।।**

''સમાપત્તિથી પુણ્યપ્રકૃતિસ્વરૂપ તીર્થંકરનામકર્મનો બંધ થવાથી તીર્થંકર નામકર્મની આપત્તિ અર્થાત્ પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી ક્રમે કરીને તીર્થંકરપણાની અભિમુખતાથી સંપત્તિ-પરમ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.'' - આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ ધ્યાનથી સમાપત્તિ પ્રાપ્ત થાય છે. સમાપત્તિથી શ્રીતીર્થંકરનામ-કર્મસ્વરૂપ પુણ્યપ્રકૃતિનો બન્ધ થાય છે. સમાપત્તિમાં પરમાત્માની સાથેના અભેદરૂપે ધ્યાન હોવાથી તેનાથી તત્સ્વરૂપની પ્રાપ્તિ થાય-એ સમજી શકાય છે. શ્રી તીર્થંકર-પણાની પ્રાપ્તિ માટે તીર્થંકરનામકર્મનો વિપાક-ઉદય અપેક્ષિત છે અને તે, શ્રીતીર્થંકર નામકર્મસ્વરૂપ પુણ્યપ્રકૃતિના બન્ધ વિના શક્ય નથી. સમાપત્તિથી એ પુણ્યપ્રકૃતિનો બન્ધ પ્રાપ્ત થાય છે. આ વાત અહીં 'आपत्तिश्च' આ પદથી જણાવી છે. 'આપત્તિ' નો અર્થ પ્રાપ્તિ છે. શ્રી તીર્થંકરનામકર્મસ્વરૂપ પુણ્યપ્રકૃતિની પ્રાપ્તિ સમાપત્તિથી થાય છે.

કાલાન્તરે શ્રીતીર્થંકરપણાની અભિમુખતાથી અર્થાત્ શ્રીતીર્થંકરનામકર્મ વિપાકોન્મુખ બનવાથી તેના વિપાકસ્વરૂપે શ્રીતીર્થંકરપણાની પ્રાપ્તિ થાય છે - આ

વાત '**सम्पत्तिश्च**' - આ પદથી અહીં જણાવી છે. એનો અર્થ સ્પષ્ટ છે કે શ્રીતીર્થંકરનામ- કર્મના વિપાકોદયથી શ્રીતીર્થંકરપણાની સમ્પત્તિ પ્રાપ્ત થાય છે. આ રીતે ધ્યાનનાં ત્રણ ફળ છે. એક સમાપત્તિ, બીજું આપત્તિ અને ત્રીજું સમ્પત્તિ. એ સમ્પત્તિસ્વરૂપ ફળને પ્રાપ્ત કર્યા પછી ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થવાથી આત્મા પરમાત્મા બને છે. આથી સમજી શકાશે કે ધ્યાનનાં સમાપત્તિ વગેરે ફળો અનુબન્ધરહિત છે. અન્યથા સાનુબન્ધ ફળની પ્રાપ્તિથી દીર્ઘ કાળસુધી ફળની પરંપરા જ ચાલ્યા કરે છે, જે ધ્યાનનું ફલ નથી. ધ્યાનના ફળથી શૂન્ય એવો ધર્મ વસ્તુતઃ કષ્ટસ્વરૂપ છે. એનાથી કોઈ વિશેષ લાભ નથી - એ જણાવાય છે :

**इत्थं ध्यानफलाद् युक्तं, विंशतिस्थानकाद्यपि ।**
**कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ।।३०-५ ।।**

''આ પ્રમાણે સમાપત્તિ વગેરે ધ્યાનના ફળને લઈને વીશસ્થાનક વગેરે તપ આદિ અનુષ્ઠાનો પણ યુક્ત છે. અન્યથા ધ્યાનના ફળની પ્રાપ્તિથી રહિત એવાં એ અનુષ્ઠાનો કષ્ટમાત્ર સ્વરૂપ છે. એવાં અનુષ્ઠાનો તો અભવ્યના આત્માઓને પણ દુર્લભ નથી.'' - આશય સ્પષ્ટ છે કે સમાપત્તિ, આપત્તિ અને સમ્પત્તિ સ્વરૂપ નિરનુબન્ધ ફળની પ્રાપ્તિ ન થાય તો સંસારનો અન્ત શક્ય નથી. ધર્મ કર્યા પછી પણ જો પરમપદે પહોંચવાનું ન બને અને સંસારમાં જ રહેવાનું થાય તો તે ધર્મ કષ્ટપ્રદ હોવાથી કષ્ટસ્વરૂપ છે. 'જેનું વિવક્ષિત ફળ ન મળે તો તે નિષ્ફલ છે -' એ વાત વ્યવહારમાં પણ પ્રસિદ્ધ છે. શ્રી વીશસ્થાનક તપ વગેરે ધર્માનુષ્ઠાનો સમાપત્તિ વગેરે ફળને પ્રાપ્ત કરાવવા દ્વારા જ સફળ છે, અન્યથા તો તે કષ્ટમાત્ર છે.

અનાદિકાલીન આ સંસારમાં અનન્તીવાર ધર્મ કર્યો છે. પરન્તુ ધ્યાનના અનુબન્ધરહિત તે તે ફળની પ્રાપ્તિ ન થવાથી આજ સુધી આપણે મોક્ષ ન પામ્યા. અભવ્યોને પણ આજ સુધી આવાં ધર્માનુષ્ઠાનોની પ્રાપ્તિ અનન્તીવાર થઈ છે. પરન્તુ તેના ફળની પ્રાપ્તિ થઈ નહિ. આથી સમજી શકાશે કે ધ્યાનના ફળ સ્વરૂપ સમાપત્તિ વગેરેની પ્રાપ્તિથી રહિત એવાં શ્રીવીશસ્થાનકતપ વગેરે અનુષ્ઠાનો આ સંસારમાં અભવ્ય એવા જીવોને પણ દુર્લભ નથી. કારણ કે એવા જીવોને પણ ધ્યાનના ફળથી રહિત ધર્માનુષ્ઠાનો અનન્તીવાર પ્રાપ્ત થયેલાં છે. તેથી તે ધર્માનુષ્ઠાનો કષ્ટમાત્ર છે. હવે ધ્યાતાનું સ્વરૂપ વર્ણવાય છે :

जितेन्द्रियस्य धीरस्य, प्रशान्तस्य स्थिरात्मनः ।
सुखासनस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ।।३०-६ ।।
रुद्धबाह्यमनोवृत्ते-र्धारणाधारया रयात् ।
प्रसन्नस्याप्रमत्तस्य चिन्दानन्दसुधालिहः ।।३०-७ ।।
साम्राज्यमप्रतिद्वन्द्वमन्तरेव वितन्वतः ।
ध्यानिनो नोपमा लोके सदेवमनुजेऽपि हि ।।३०-८ ।।

"જેણે ઈન્દ્રિયોને જીતી લીધી છે, જે ધીર અને પ્રશાન્ત છે, જેનો આત્મા સ્થિર છે, જે સુખાસને રહેલો છે, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિને સ્થાપન કરનાર જે યોગી છે," "વેગથી વિવક્ષિત કોઈ એક વિષયની ધારણાની ધારાથી મનની વૃત્તિઓને રૂંધનારા, પ્રસન્ન અને પ્રમાદથી રહિત એવા જે જ્ઞાનામૃતનો સ્વાદ લે છે," તેમ જ "પ્રતિપક્ષથી રહિત એવા સામ્રાજ્યને આત્મામાં જ જે વિસ્તારે છે એવા ધ્યાની મહાત્માને, દેવ અને મનુષ્ય સહિત એવા લોકમાં ખરેખર જ કોઈની ઉપમા નથી."

કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે ત્રણ લોકમાં દેવો અને મનુષ્યોમાં એવી કોઈ વ્યક્તિ નથી કે જેની ઉપમા ધ્યાની મહાત્માને આપી શકાય. તિર્યંચો કે નારકીના જીવો તો કર્મપરવશ હોવાથી કોઈ વિશિષ્ટ ગુણોના ભાજન બનતા નથી. અને જડ પદાર્થો તો નિર્ગુણ હોવાથી તેની ઉપમા દ્વારા ધ્યાની મહાત્માનું વર્ણન કરવાનું રહેતું નથી. આવા નિરુપમ ધ્યાની મહાત્માઓ 'જિતેન્દ્રિય' હોય છે. સ્વભાવથી જ એ મહાત્માઓ ઈન્દ્રિયોને આધીન થતા નથી. પોતાની ધારણા મુજબ ઈન્દ્રિયોને પ્રવર્ત્તાવે છે. ગમે તેવા પરીસહ અને ઉપસર્ગ આવે તો ય પોતાની ધીરજ ટકાવી રાખે છે. સહેજ પણ અકળાયા વિના સમતામાં લીન બને છે. વિષયકષાયની પરિણતિનો ત્યાગ કરવાથી તેઓશ્રી પ્રશાન્ત હોય છે. પોતાના સાધનામાર્ગથી વિચલિત બન્યા વિના સુખાસને સ્થિર રહે છે. યોગમાર્ગે પ્રસ્થિત થયેલા એ મહાત્માઓ યોગી (પ્રવૃત્તચક્રયોગી) હોય છે. અને સાધનામાર્ગમાં એકાગ્રતાને પામવા માટે પોતાની નાસિકાના અગ્રભાગે પોતાની દૃષ્ટિ રાખે છે.

ધ્યાનના આલંબન સ્વરૂપ એક વિષયમાં ખૂબ જ ત્વરાપૂર્વક ધારણાની ધારાને પ્રવર્ત્તાવીને, બાહ્ય વિષયોમાં પ્રવૃત્ત મનની વૃત્તિઓને રોકી લે છે. આથી જ તેઓશ્રી મનથી પ્રસન્ન, સર્વથા પ્રમાદથી રહિત અને જ્ઞાનામૃતના આસ્વાદને કરનારા હોય છે.

પરની સ્પૃહાનો અભાવ હોવાથી મનની પ્રસન્નતા હોય છે. સાધ્યની સિદ્ધિની તત્પરતા હોવાથી તેઓશ્રી અપ્રમત્ત હોય છે. જ્ઞાનાદિ ગુણોમાં મગ્ન હોવાથી તત્સ્વરૂપ અમૃતના સ્વાદમાં રક્ત હોય છે. આ રીતે ધ્યાની મહાત્માઓ આત્મગુણોમાં જ રમણતા કરતા હોવાથી ઉત્તરોત્તર પોતાના ગુણોનું સામ્રાજ્ય ફેલાવતા હોય છે. ક્ષયોપશમભાવના ગુણોના વિસ્તાર વખતે સત્તામાં કર્મ હતાં. તે જ્યારે ઉદયમાં આવે ત્યારે તે ગુણોના સામ્રાજ્યમાં વ્યાઘાત પહોંચતો હોય છે. આવા વ્યાહત સામ્રાજ્યને પ્રતિદ્વન્દ્વ સામ્રાજ્ય કહેવાય છે. જે સામ્રાજ્યને શત્રુ તરફથી કોઈ ભય ના હોય તે સામ્રાજ્યને 'અપ્રતિદ્વન્દ્વ' સામ્રાજ્ય કહેવાય છે. આત્માના ગુણોના સામ્રાજ્યને કર્મશત્રુનો સતત ભય રહેલો છે. કર્મોનો ક્ષય કરવાથી ધ્યાની મહાત્માઓને સ્વાત્મગુણોના સામ્રાજ્યને કોઈ જ ભય નથી. આ રીતે અન્તરમાં જ અપ્રતિદ્વન્દ્વ આત્મગુણોના સામ્રાજ્યને વિસ્તારતા ધ્યાની મહાત્માઓને કોઈ ઉપમા નથી. આ લોકમાં એવી કોઈ વસ્તુ નથી કે, જેની ઉપમા આપીને ધ્યાની મહાત્માઓનું વર્ણન કરી શકાય. અન્તે નિરનુબન્ધ ધ્યાનના ફળને પામવા માટે આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા....

**।। इति श्रीज्ञानसारप्रकरणे त्रिंशत्तमं ध्यानाष्टकम् ।।**

## अथ प्रारभ्यते तपोऽष्टकमेकत्रिंशम् ।

## ३१

આ પૂર્વે ધ્યાનના કારણે યોગીજનો પોતાના આત્મગુણોનું એકછત્રીય (અપ્રતિદ્વન્દ્વ) સામ્રાજ્ય વિસ્તારે છે-એ જણાવ્યું, જે ઘાતિકર્મોના ક્ષયથી જ શક્ય છે. અને ઘાતિકર્મોના ક્ષય માટે તપ શ્રેષ્ઠ સાધન છે. તેથી હવે તપનું વર્ણન કરાય છે :

**ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात् तपः ।**
**तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ।।३१-१।।**

''કર્મોને તપાવતું હોવાથી જ્ઞાનને જ પંડિત પુરુષો 'તપ' તરીકે વર્ણવે છે. એ મુજબ આભ્યન્તર જ તપ ઈષ્ટ છે. આભ્યન્તર તપને પુષ્ટ બનાવનાર - વધારનાર હોય તો તે બાહ્યતપ પણ ઈષ્ટ છે.'' - બાર પ્રકારનો તપ સુપ્રસિદ્ધ છે. આપણે જે તપનું સ્વરૂપ સમજીએ છીએ અને અનન્તજ્ઞાનીઓ જે તપનું સ્વરૂપ સમજાવે છે, એ બેમાં આમ જોઈએ તો ઘણો ફરક છે. સામાન્ય રીતે આહારનો ત્યાગ કરવો, એ તપ છે-આ વાત ખૂબ જ પ્રસિદ્ધ છે. પરંતુ અહીં જે તપનું સ્વરૂપ વર્ણવ્યું છે - તે લોકમાં બહુ પ્રસિદ્ધ નથી. કર્મની નિર્જરા માટેનું જે શ્રેષ્ઠ સાધન છે - એના સ્વરૂપના વિષયમાં ભારે અજ્ઞાન પ્રવર્તે છે. આથી પણ વિચિત્ર સ્થિતિ એ છે કે - એ વિષયના અજ્ઞાનને દૂર કરવામાં ઉપેક્ષા ઘણી છે. સાધનને પરિશુદ્ધ બનાવી સાધ્યસિદ્ધિ સુધી પહોંચાડનારા માર્ગને નિશ્ચયનયનું નામ આપીને તેની અવજ્ઞા કરવાથી કોઈ ફાયદો નથી. નુકસાન માર્ગપ્રરૂપકોને નથી, આપણને છે.

જે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોને તપાવે છે અર્થાદ્ ઓગાળે છે એવા જ્ઞાનને જ પંડિતપુરુષો તપ કહે છે. કર્મની નિર્જરા જ્ઞાનથી થાય છે. શ્વાસોશ્વાસપ્રમાણ કાળમાં જ્ઞાની મહાત્માઓ જે કર્મની નિર્જરા કરે છે, એટલી કર્મની નિર્જરા કરતાં અજ્ઞાનીને એક કરોડ પૂર્વ જેટલો કાળ જાય છે. આ વાત આપણે ત્યાં ખૂબ જ પ્રસિદ્ધ છે. એથી ખ્યાલ આવશે કે કર્મની નિર્જરા માટે જ્ઞાન ખૂબ જ પ્રબળ સાધન છે. કર્મોને તપાવીને કર્મોનો નાશ કરતું હોવાથી જ્ઞાનને જ તપ કહેવાય છે. 'તપાવે એ તપ' - આ 'तप' શબ્દનો વ્યુત્પત્ત્યર્થ છે. એ પ્રમાણે જ્ઞાનસ્વરૂપ જ તપ છે. બાર પ્રકારના તપમાં જ્ઞાનનો સમાવેશ આભ્યન્તરતપમાં હોવાથી આભ્યન્તર તપ જ ઈષ્ટ

છે. અર્થાદ્ કર્મની નિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિ માટે આભ્યન્તર તપ જ ઉપયોગી છે. બાહ્યતપ તો આભ્યન્તરતપને વધારનાર અને પુષ્ટ બનાવનાર હોવાથી ઈષ્ટ છે. અન્યથા બાહ્યતપ ઈષ્ટ નથી. આભ્યન્તર તપ સારી રીતે કરી શકાય : એ માટે બાહ્યતપ વિહિત છે. માત્ર બાહ્યતપ કરતા રહીએ અને આભ્યન્તર તપ ના કરીએ તો એનો કોઈ અર્થ નથી. આભ્યન્તરતપની આરાધના શુદ્ધ રીતે થાય એ માટે બાહ્યતપની આરાધના કરવાથી બાહ્યતપ પણ ઈષ્ટ બને છે. જ્ઞાનીને જે કારણે તપની પ્રાપ્તિ થાય છે અને અજ્ઞાનીને જે કારણે તપની પ્રાપ્તિ થતી નથી - એ જણાવાય છે :

**आनुश्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता ।**
**प्रातिश्रोतसिकी वृत्तिर्ज्ञानिनां परमं तपः ।।३१-२ ।।**

"બાલજીવોની વૃત્તિ આનુશ્રોતસિકી હોય છે, જે સુખશીલતાસ્વરૂપ છે. જ્ઞાનીઓની વૃત્તિ પ્રાતિશ્રોતસિકી હોય છે, જે પરમકોટિના તપ સ્વરૂપ છે." કહેવાનો આશય એ છે કે આ સંસારમાં ગમે તેટલું દુ:ખ પ્રાપ્ત થાય તોપણ તે દુ:ખને દૂર કરીને પરમ પુણ્યથી પ્રાપ્ત થનારા સુખને પામી લેવાની વૃત્તિ, લોકોની હોય છે. આવી વૃત્તિને આનુશ્રોતસિકી વૃત્તિ કહેવાય છે. લોકના પ્રવાહને અનુસરનારી વૃત્તિ બાલજીવોને હોય છે, જે એક પ્રકારની સુખશીલતારૂપ છે. ઈન્દ્રિયોના વિષયજન્ય સુખની આસક્તિના કારણે સુખશીલતાનો ત્યાગ કરવાનું અજ્ઞાની જીવો માટે શક્ય બનતું નથી.

સંસારની દુ:ખમયતાદિના સમ્યગ્જ્ઞાનને કારણે જ્ઞાની મહાત્માઓ લોકવૃત્તિને અનુસરતા નથી. ઈન્દ્રિયોના વિષયજન્ય સુખની આસક્તિથી વિમુખ હોવાથી પ્રાતિ-શ્રોતસિકી વૃત્તિને તેઓ ધારણ કરે છે. આ પ્રાતિશ્રોતસિકી વૃત્તિ સ્વરૂપ જ જ્ઞાનીઓનો ઉત્કૃષ્ટ તપ છે. વિષયોનો ઉપયોગ કરવા છતાં વિષની જેમ વિષયોથી દૂર રહેનારા જ્ઞાની મહાત્માઓ નિરન્તર પ્રાતિશ્રોતસિકી વૃત્તિને કારણે નિર્જરાના ભાજન બને છે. પરન્તુ કોઈ વાર વિષયોનો ઉપયોગ ન કરવા છતાં નિરન્તર વિષયોની ઈચ્છાને કારણે બાલજીવો આનુશ્રોતસિકી વૃત્તિને કારણે કર્મબન્ધ કરતા રહે છે. જ્ઞાનીને જે પણ નિર્જરા પ્રાપ્ત થાય છે તે તેમની પ્રાતિશ્રોતસિકીવૃત્તિના કારણે થાય છે, પ્રવૃત્તિના કારણે નહિ. આમ પણ પરિણામથી કર્મબન્ધ થાય છે, નિર્જરા પણ વિશુદ્ધ પરિણામથી થાય છે - એ સમજી શકાય છે. જ્ઞાની શ્વાસોશ્વાસમાં કઠિન કર્મોનો ક્ષય

કરે છે – એની પાછળનું રહસ્ય પણ આ પ્રાતિશ્રોતસિકી વૃત્તિ છે. સંસાર તરફ લઈ જનારી વૃત્તિ આનુશ્રોતસિકી છે અને સંસારથી વિમુખ બનાવીને મોક્ષ તરફ લઈ જનારી વૃત્તિ પ્રાતિશ્રોતસિકી વૃત્તિ છે.

સંસારની નિર્ગુણતાનું ભાન થયા પછી જ્ઞાની મહાત્માઓ સંસારથી જ જ્યાં વિમુખ બને છે ત્યાં લોકની વૃત્તિને અનુસરવાનો સવાલ જ ઊભો થતો નથી. સંસારમાં થોડું પણ સારું લાગે તો તે તરફ સહજ રીતે જ મન ખેંચાવાનું જ છે અને સુખશીલતાને લઈને જીવ અનુસ્રોતગામી બન્યા વિના નહિ રહે. બાલ જીવોની એવી દશા થાય છે. જ્ઞાનીઓ સંસારની નિર્ગુણતાના જ્ઞાતા હોવાથી તેઓ અનુસ્રોતગામી બનતા નથી. અનુસ્રોતગામી જે છે તે જ્ઞાની નથી. અને જ્ઞાની અનુસ્રોતગામી નથી. આ રીતે જ્ઞાની સુખશીલ ન હોવાથી અનુસ્રોતગામી હોતા નથી. પરન્તુ શીત અને તાપ વગેરેનાં દુઃખો અસહ્ય હોવાથી જ્ઞાનીઓ પ્રતિસ્રોતગામી કઈ રીતે બને – આ શંકાનું સમાધાન કરાય છે :

**धनार्थिनां यथा नास्ति, शीततापादि दुस्सहम् ।**
**तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ।।३१–३।।**

''ધનના અર્થીઓને જેમ ટાઢ અને તાપ વગેરે દુઃસહ નથી તેમ ભવથી વિરક્ત બનેલા તત્ત્વજ્ઞાનાર્થીઓને પણ શીતતાપાદિ દુઃખો દુઃસહ નથી.'' કહેવાનો આશય સ્પષ્ટ છે કે જેઓ ધનના અર્થી છે એવા લોકો, ધનને મેળવવા માટે ટાઢતડકો વગેરે અનેક પ્રકારનાં દુઃખો સારી રીતે સહન કરે છે. તેમને તે દુઃખો દુઃખરૂપ લાગતાં નથી અને દુઃસહ લાગતાં નથી. પ્રસન્નતાપૂર્વક એ દુઃખો સહન કરી લે છે.

આવી જ રીતે ભવના વિરાગી બનેલા તત્ત્વજ્ઞાનના અર્થી મહાત્માઓ કર્મનિર્જરાના અર્થી હોવાથી તપની આરાધનામાં શીતતાપાદિ દુઃખોને દુઃખ તરીકે ગણતા જ નથી. ઉપરથી ધનના લાભના કારણની જેમ કર્મનિર્જરાના લાભનું કારણ માને છે. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતી હોય અને અનિષ્ટનો નાશ થતો હોય તો દુઃખ, દુઃખ લાગતું નથી. એક વખત, ઈષ્ટ વસ્તુનો નિર્ણય થઈ જાય તો એને પામવા માટે ગમે તેવું દુઃખ સહ્ય બની જાય. કોઈ દુઃખ અસહ્ય નથી. તકલીફ દુઃખની અસહ્યતાની નથી, તકલીફ છે ઈષ્ટના નિર્ણયની. તપની આરાધના કરતી વખતે જ્ઞાનીઓને દુઃખ, અસહ્ય લાગતું નથી, એ જણાવીને હવે તેમને દુઃખ ભોગવવા છતાં આનંદની વૃદ્ધિ થાય છે – તે જણાવાય છે :

**सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः ।**
**ज्ञानिनां नित्यमानन्दवृद्धिरेव तपस्विनाम् ।।३१-४।।**

"મોક્ષના વાસ્તવિક ઉપાયોમાં પ્રવૃત્ત બનેલા જ્ઞાની એવા તપસ્વીઓને સાધ્ય (ઉપેય)-મોક્ષના માધુર્યને લઈને હંમેશા આનંદની વૃદ્ધિ જ થાય છે." - તાત્પર્ય પ્રસિદ્ધ છે કે અભીષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવા માટે, તેના જે જે વાસ્તવિક ઉપાયો છે તેમાં પ્રવૃત્તિ કરનારાને; ગમે તેટલું કષ્ટ પડે તોપણ ઉપેય - અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિની મધુરતાનો અનુભવ થવાથી નિત્ય આનંદમાં વૃદ્ધિ જ થાય છે.

કોઢ જેવા મહાવ્યાધિને દૂર કરવાનું જ્યારે અભીષ્ટ હોય છે ત્યારે રોગીને તેની ચિકિત્સા કરતી વખતે ગમે તેટલું કષ્ટ પડે તોપણ નીરોગિતાની મધુરતાના કારણે તેને ઉત્તરોત્તર આનંદની વૃદ્ધિ થાય છે. તેમ જ દેવાદાર માણસને, દેવું દૂર કરવાની પ્રવૃત્તિ વખતે પૈસા આપવા પડતા હોવાથી કષ્ટ હોવા છતાં દેવામાંથી મુક્ત થવાની અવસ્થાના માધુર્યથી આનંદની વૃદ્ધિ જ થાય છે. તેમ તપસ્વી એવા જ્ઞાની મહાત્માઓનું ઉપેય સકલકર્મના ક્ષયસ્વરૂપ શ્રીસિદ્ધપદ છે. એના ઉપાયભૂત તપ આદિમાં પ્રવૃત્ત બનેલા તપસ્વી જ્ઞાની મહાત્માઓને કષ્ટ હોવા છતાં ઉપેય-મોક્ષની સ્વભાવસિદ્ધ નિરુપાધિક મધુરતાને કારણે દિન-પ્રતિદિન આનંદની વૃદ્ધિ જ થાય છે. આ રીતે તપસ્વીઓને તપની આરાધનામાં આનન્દની વૃદ્ધિ થતી હોવાથી, "તપ દુઃખસ્વરૂપ હોવાથી નકામું છે." .... ઈત્યાદિ બૌદ્ધોની માન્યતાનું નિરાકરણ થાય છે - તે જણાવાય છે :

**इत्थं च दुःखरूपत्वात् तपो व्यर्थमितीच्छताम् ।**
**बौद्धानां निहता बुद्धि बौद्धानन्दापरिक्षयात् ।।३१-५।।**

"આ પ્રમાણે તપસ્વી જ્ઞાનીમહાત્માઓને તપમાં આનન્દની વૃદ્ધિ હોવાથી 'દુઃખસ્વરૂપ હોવાથી તપ વ્યર્થ છે' - આવી માન્યતા ધરાવનારા બૌદ્ધોની બુદ્ધિ કુંઠિત થયેલી છે. કારણ કે તપસ્વી મહાત્માઓના બૌદ્ધિક આનંદનો પરિક્ષય થયેલો નથી." આશય એ છે કે દુઃખ, અશાતાવેદનીયકર્મના ઉદયથી આવે છે. તિર્યંચોને જેમ અશાતાવેદનીયકર્મના ઉદયથી દુઃખ આવે છે. તેમ તપસ્વીઓને પણ તપમાં અશાતાવેદનીયકર્મના ઉદયથી દુઃખ આવે છે. તેથી દુઃખસ્વરૂપ તપ હોવાથી તે વ્યર્થ છે - બિનજરૂરી છે... ઇત્યાદિ બૌદ્ધોની માન્યતા છે. પરન્તુ તે ઉચિત નથી. કારણ

કે તપના કારણે શારીરિક કષ્ટ પડવા છતાં બૌદ્ધિક જ્ઞાનનો આનંદ તપસ્વીઓને પૂર્ણપણે હોય છે.

સુખ આત્માનો ગુણ છે. શાતા કે અશાતા વેદનીય કર્મના ઉદયથી પ્રાપ્ત થનારાં સુખ કે દુઃખ : એ આત્માના ગુણો નથી. તપસ્વી એવા જ્ઞાની મહાત્માને પુદ્ગલ અને આત્માનો વાસ્તવિક ખ્યાલ હોવાથી શારીરિક દુઃખાનુભવમાં પણ તપસ્વીને જ્ઞાનાનન્દનો અનુભવ અક્ષત હોય છે. તપમાં દુઃખ, અશાતાવેદનીયકર્મના ઉદયથી આવે છે અને તપ, મોહનીયકર્મના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થાય છે. ધન મેળવતી વખતે દુઃખ અશાતાવેદનીય કર્મના ઉદયથી આવે અને ધન લાભાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય. દુઃખને અને ધનને આમ જોઈએ તો કશો સંબંધ નથી. તેમ તપને અને દુઃખને પણ કશો સંબંધ નથી. તેથી તપને દુઃખસ્વરૂપ માનવાનું કોઈ પણ રીતે ઉચિત નથી. તપને દુઃખસ્વરૂપ માનનારા બૌદ્ધોની બુદ્ધિ હણાઈ ગઈ છે. કારણ કે તપસ્વીઓના બૌદ્ધિક આનંદની ધારાને તેઓ જોઈ શકતા નથી. એ આનંદની સામે શારીરિક દુઃખોની કોઈ ગણતરી જ નથી. અનન્તસુખમય આત્માને પોતાના સ્વરૂપનું ભાન થયા પછી શરીરાદિ પર પદાર્થનાં દુઃખોથી દુઃખ કઈ રીતે થાય ? સ્વાત્મરમણતા તપની મધુરતાના સ્વાદનો અનુભવ કરાવે છે. સ્વાત્મરમણતા અંશતઃ પણ ન હોય તો તપ દુઃખરૂપ જ લાગ્યા કરશે. તપને સુખમય બનાવવા માટે જો કોઈ પણ પ્રયત્ન કરવામાં આવશે તો તેથી પ્રાયઃ તપ અશુદ્ધ બનશે. કારણ કે કર્મજન્ય સુખની ઈચ્છાથી કરાતો તપ અશુદ્ધ છે. શુદ્ધતપનું સ્વરૂપ હવે વર્ણવાય છે.

**यत्र ब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ।**
**सानुबन्धा जिनाज्ञा च, तत्तपः शुद्धमिष्यते ।।३१-६ ।।**

"જે તપમાં બ્રહ્મચર્યનું પાલન હોય, શ્રી જિનેશ્વરદેવોની પૂજા હોય, કષાયોનો નાશ હોય અને શ્રીવીતરાગપરમાત્માની અનુબન્ધસહિત આજ્ઞાનું પાલન હોય તે તપ શુદ્ધ મનાય છે." - આશય એ છે કે વિષયોના ત્યાગરૂપ બ્રહ્મચર્ય છે. શ્રી જિનેશ્વરદેવોની દ્રવ્યપૂજા અને ભાવપૂજા પ્રસિદ્ધ છે. ક્રોધાદિ ચાર કષાય અને હાસ્યાદિ નવ નોકષાયો પણ પ્રસિદ્ધ છે. ઉત્તરોત્તર શ્રેષ્ઠ શ્રી જિનાજ્ઞાને સાનુબન્ધ જિનાજ્ઞા કહેવાય છે, જેનું પરિપાલન ઉત્તરોત્તર ગુણસ્થાનકની પ્રાપ્તિનું પરમ પ્રધાન કારણ છે.

બાર પ્રકારના તપની સાધનામાં વિષયોના ત્યાગ સ્વરૂપ બ્રહ્મચર્યનું પાલન હોવું જોઈએ. પોતાની ભૂમિકા મુજબ દ્રવ્યપૂજા અને ભાવપૂજા સાથે તપની આરાધના હોવી જોઈએ. બ્રહ્મ અને જિનાર્ચાઃ બંન્ને અવશ્ય હોવાં જોઈએ- એવો આગ્રહ વર્ત્તમાનમાં લગભગ જોવા ન મળે. પાંચ ઈન્દ્રિયોના ત્રેવીશ વિષયોનો ત્યાગ કરીને તપની આરાધના કરવાનું અને સાથે અષ્ટ પ્રકારીપૂજા સ્વરૂપ દ્રવ્યપૂજા કરવાની તેમ જ શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલાં તત્ત્વો પ્રત્યે આદર-બહુમાન રાખવા સ્વરૂપ ભાવપૂજાથી ભાવિત બનવાનું ઘણું જ અઘરું છે. વર્ત્તમાનમાં આપણે બ્રહ્મ અને શ્રી જિનાર્ચા તપની આરાધનામાં ફરજિયાત માનતા નથી, માટે તપની આરાધના ચાલે છે. અન્યથા જે પરિણામ આવે તે આપણે જાણીએ છીએ.

આવી જ સ્થિતિ કષાયોના નાશના વિષયમાં છે. તપ કરનારના કષાયોનો નાશ થવો જોઈએ. કષાય સાથેના ઉત્કટ તપનાં પરિણામ કેવાં ખરાબ આવ્યાં છે અને કષાયરહિત નાના તપનાં જે સુંદર પરિણામ આવ્યાં છે - એનો આપણને પૂરતો ખ્યાલ છે. તપમાં ખવાય નહિ એનો આપણને ખ્યાલ છે પરન્તુ તપમાં કષાય ન કરાય : એનો આપણને વાસ્તવિક ખ્યાલ નથી. જ્યાં કષાયોના નાશ અંગે ઉપેક્ષા હોય ત્યાં હાસ્યાદિ નોકષાયોના નાશનો વિચાર પણ ક્યાંથી આવે ?

ઉપર જણાવ્યા મુજબ બ્રહ્મચર્યનું પાલન શ્રી જિનાર્ચા અને કષાયોના નાશથી સહિત જે તપસ્વી જ્ઞાની મહાત્માઓ તપ કરે છે, તેઓશ્રી પોતાની શક્તિ અનુસાર શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનું પાલન કરે છે. ઉત્તરોત્તર ક્રમે કરીને શ્રી જિનાજ્ઞાનું વિશુદ્ધ વિશુદ્ધતર અને વિશુદ્ધતમ રીતે પાલન કરવાથી એ તપસ્વી જ્ઞાનીઓનો તપ શુદ્ધ બને છે. એવા શુદ્ધતપની પ્રાપ્તિ માટે તપ કઈ રીતે કરવો : તે જણાવાય છે :

**तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।**
**येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ।।३१-७।।**

"ખરેખર તે જ તપ કરવો જોઈએ કે જે કરવામાં દુર્ધ્યાન થાય નહિ, મન વચન કાયાના યોગો સિદાય નહિ અને ઈન્દ્રિયો ક્ષીણ ન બને." - આશય એ છે કે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ન થાય એ રીતે તપ કરવો જોઈએ. ઈષ્ટપુદ્ગલોની આશંસા અને અનિષ્ટ પુદ્ગલોનો વિયોગ-એનું ધ્યાન ન થાય-એ રીતે તપ કરવો જોઈએ.

ઈષ્ટના સંયોગની પ્રાર્થના અને અનિષ્ટના વિયોગની પ્રાર્થના : એ આર્ત્તધ્યાન છે. ગમે તે રીતે ઈષ્ટાનિષ્ટના પ્રાપ્તિપરિહાર માટેની વિચારણા-એ રૌદ્રધ્યાન છે. આ બંન્ને દુર્ધ્યાનનું વર્જન કરીને જ તપ કરવો જોઈએ.

તપ કરતી વખતે એનો ખ્યાલ રાખવો જોઈએ કે મન વચન કાયાના યોગો પરભાવની રમણતામાં લાગી ન જાય. શ્રી તીર્થંકરપરમાત્માએ તે તે કાળે વિહિત કરેલા યોગો (આવશ્યકાદિ યોગો) તપના કારણે સિદાતા હોય તો એવો તપ કરવો ના જોઈએ. તપ કરીને તે તે કાળમાં વિહિત દરેક યોગો સાચવી લેવા જોઈએ. 'તપ કરતા ન હતા ત્યારે પણ આવશ્યકાદિ યોગો આરાધતા ન હતા તો, આવશ્યકાદિ યોગો ન થાય તોપણ તપ તો કરી લેવામાં કયો દોષ છે...? વગેરે દલીલો કરવાનો કોઈ અર્થ નથી. કાર્યના અભાવમાં જે રીતે વર્ત્તતા હોઈએ તે રીતે કાર્ય કરતી વખતે ન વર્ત્તાય એ આપણે સમજી શકીએ છીએ. તપ કરવા પૂર્વે આવશ્યકાદિ ક્રિયાઓ ન કરતા હોઈએ પણ તપની આરાધના કરતી વખતે તો આવશ્યકાદિ યોગોની આરાધના અવશ્ય કરવી જોઈએ - એ ઉચિત માર્ગ છે. દલીલો કરવાથી માર્ગની પ્રાપ્તિ થતી નથી. શાસ્ત્રે દર્શાવેલી દિશાએ ચાલવાથી માર્ગની પ્રાપ્તિ થાય છે.

આવી જ રીતે ઈન્દ્રિયો તદ્દન નકામી થઈ જાય-એ રીતે પણ તપ કરવાની આવશ્યકતા નથી. જે સાધનથી કામ લેવાનું છે, એ સાધન જ ક્ષય પામે એવું કાર્ય કોઈ ના કરે. કાર્ય સિદ્ધ થયા પછી સાધન ભલે નકામું બને પરન્તુ કાર્યની અસિદ્ધિમાં એનો ક્ષય ન થાય-એ જોવું જોઈએ. શ્રીતીર્થંકરપરમાત્માની આજ્ઞા મુજબ તપ કરીએ તો ચોક્કસ જ શુદ્ધ તપની પ્રાપ્તિ થઈ શકે. શુદ્ધતપના ફળનું નિરૂપણ કરાય છે :

**मूलोत्तरगुणश्रेणिप्राज्यसाम्राज्यसिद्धये ।**
**बाह्यमाभ्यन्तरं चेत्थं, तपः कुर्यान्महामुनिः ।।३१-८।।**

"મૂળ ગુણ અને ઉત્તરગુણોના વિશાળ સામ્રાજ્યની સિદ્ધિ માટે મહામુનિ બાહ્ય અને આભ્યન્તર તપ કરે." - જ્ઞાન દર્શન અને ચારિત્ર વગેરે આત્માના મૂળગુણો છે. મૂળગુણના આવિર્ભાવ માટે કારણભૂત પાંચ સમિતિ અને ત્રણગુપ્તિ વગેરે કથંચિત્ આત્માના ઉત્તરગુણો છે. મૂળ અને ઉત્તરગુણના સામ્રાજ્યને સિદ્ધ-આત્મસાત્ કરવા માટે મહામુનિઓને બાહ્ય અને આભ્યન્તર તપ કરવાનું અહીં ફરમાવ્યું છે.

એનો આશય સ્પષ્ટ છે કે અનન્તગુણોથી પૂર્ણ એવો પણ આત્મા કર્મના વિપાકાદિને લઈને વર્ત્તમાનમાં તદ્દન ગુણહીનજેવો છે. ભવનિસ્તારક ગુરુદેવશ્રીના પાવન પરિચયથી સ્વસ્વરૂપનું જ્ઞાન થયા પછી તેનો આવિર્ભાવ કરવા માટે ચારિત્ર સિવાય બીજો કોઈ ઉપાય નથી - એમ સમજીને મુનિભગવન્તો ચારિત્રની આરાધના કરતા હોય છે. સંયમજીવનમાં અપ્રમત્તપણે સર્વથા અતિચારરહિત આરાધના કરનારા મહામુનિઓને જ બાહ્ય અને આભ્યન્તર તપની આરાધનાથી મૂલોત્તર ગુણોનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.

અનશન(બિયાસણાદિ), ઊણોદરી, વૃત્તિસંક્ષેપ(દ્રવ્યત્યાગ), રસત્યાગ (દૂધ વગેરે વિગઈનો ત્યાગ) કાયક્લેશ અને સંલીનતા સ્વરૂપ છ પ્રકારનો બાહ્યતપ તેમ જ પ્રાયશ્ચિત્ત વિનય વૈયાવચ્ચ સ્વાધ્યાય ધ્યાન અને કાયોત્સર્ગ (કાયાના મમત્વનો ત્યાગ) સ્વરૂપ છ પ્રકારનો આભ્યન્તર તપ છે. એની આરાધનાથી મહામુનિઓ મૂલોત્તર ગુણના સામ્રાજ્યને પ્રાપ્ત કરે છે. નવા કર્મને ગ્રહણ કરવાની પ્રવૃત્તિને અટકાવનાર તપ સંવર સ્વરૂપ છે અને સત્તામાં રહેલા કર્મનો ક્ષય કરનાર તપ નિર્જરા સ્વરૂપ છે. આવા પ્રકારના તપની આરાધનાથી જ મૂળ અને ઉત્તરગુણોનું વિશાળ સામ્રાજ્ય મહામુનિઓને જ પ્રાપ્ત થાય છે - એ પરમાર્થ છે. અન્તે વિશુદ્ધ તપધર્મની આરાધના કરી મૂલોત્તરગુણોના વિશાળ સામ્રાજ્યને પામવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**।। इति श्रीज्ञानसारप्रकरणे तपोऽष्टकमेकत्रिंशम् ।।**

# अथ प्रारभ्यते द्वात्रिंशं सर्वनयाश्रयणाष्टकम्।

## ३२

આ પૂર્વે 'મહામુનિઓને બાહ્ય-આભ્યન્તર તપ કરવાથી મૂલોત્તર ગુણોના વિશાળ સામ્રાજ્યની સિદ્ધિ થાય છે.' - એ જણાવ્યું. એ મહાત્માઓ જો કોઈ એક નયને આશ્રયીને એકાન્તવાદ(મિથ્યાવાદ)નો સ્વીકાર કરે તો તેને લઈને તેઓશ્રી મિથ્યાત્વના કારણે મૂલોત્તરગુણના સામ્રાજ્યને પામી શકે નહિ, તેથી મહામુનિઓ મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યગ્દર્શન સ્વરૂપ સર્વનયોનો આશ્રય કરે છે - તે જણાવાય છે :

**धावन्तोऽपि नयाः सर्वे, स्युर्भावे कृतविश्रमाः।**
**चारित्रगुणलीनः स्यादिति सर्वनयाश्रितः ।।३२-१ ।।**

''પોતપોતાના અભિપ્રાયે દોડતા હોવા છતાં બધા નયોએ વસ્તુના સ્વભાવમાં વિરામ કર્યો છે તેથી ચારિત્ર સ્વરૂપ આત્મગુણમાં લીન બનેલા મહાત્મા સર્વનયને આશ્રયીને રહે છે.'' - કહેવાનો આશય એ છે કે અનન્તધર્મોથી યુક્ત વસ્તુતત્ત્વ છે. ક્ષાયિકભાવે પ્રગટ થયેલા કેવલજ્ઞાનથી એક જ સમયમાં એ વસ્તુતત્ત્વનો સાક્ષાત્કાર થવાથી તેમાં કોઈ ગૌણ કે મુખ્ય ભાવ પ્રતીત થતો નથી. પરન્તુ ક્ષયોપશમભાવે પ્રગટ થયેલા મતિજ્ઞાનાદિથી અસંખ્યાત સમયે તે તે વસ્તુના અંશો પ્રતીત થવાથી ગૌણ-મુખ્યભાવ પ્રતીત થાય છે.

આ રીતે વસ્તુના અંશને ગ્રહણ કરવાનું કાર્ય નયનું છે. દરેક નયો પોતાની અપેક્ષાએ જે અંશને મુખ્યપણે જણાવવાનું કે ગ્રહણ કરવાનું કાર્ય કરે છે ત્યારે તેનું સમર્થન કરવા પૂરતો પ્રયત્ન કરે છે અને ત્યારબાદ બીજા નયની અપેક્ષાના મુખ્ય વિષયને ગૌણપણે સ્વીકારે છે. તેથી દરેક નયો આ રીતે પોતપોતાની અપેક્ષાએ અર્થના સમર્થન માટે દોડતા (પૂરતો પ્રયત્ન કરતા) હોવા છતાં વસ્તુના અંશમાં વિશ્રાન્ત છે. અર્થાદ્ વસ્તુના તે તે અંશને ગ્રહણ કરી અટકી જાય છે. વસ્તુના વાસ્તવિક અંશને ગ્રહણ કરતા હોવાથી તે નય છે. અન્યથા તો તે દુર્નય છે. નયાન્તરની અપેક્ષાનો ગૌણસ્વરૂપે સ્વીકાર કરી દરેક નય સ્વાભિપ્રાયનો મુખ્ય સ્વરૂપે સ્વીકાર કરતા હોવાથી બધા જ નયો વસ્તુના સ્વરૂપમાં વિશ્રાન્ત છે. દુર્નયો (દુષ્ટ નયો) નયોથી વિપરીત સ્વભાવવાળા હોવાથી અવાસ્તવિક છે. દરેક નયની અપેક્ષા

(અભિપ્રાય) જુદી જુદી હોવા છતાં બધા જ નયો વસ્તુગત અંશમાં વિશ્રાન્ત હોવાથી ચારિત્રગુણમાં લીન બનેલા મહાત્માઓએ બધા જ નયોનો આશ્રય કરવો જોઈએ. વ્યવહારનય કે નિશ્ચયનય; દ્રવ્યાર્થિકનય કે પર્યાયાર્થિકનય અને જ્ઞાનનય કે ક્રિયાનય... ઇત્યાદિ સર્વ નયોની અપેક્ષાને સમજીને ચારિત્રસ્વરૂપ આત્મગુણમાં લીન થવું જોઈએ. અન્યથા કોઈ એક નયને આશ્રયીને એકાન્તવાદનો સ્વીકાર થવાથી મિથ્યાત્વનો પ્રસંગ આવશે. વ્યવહારાદિ નયોનું સ્વરૂપ સામાન્યથી પ્રસિદ્ધ છે. વિશેષથી એ જાણવાની ઈચ્છાવાળાએ તેના જાણકારો પાસેથી જાણી લેવું જોઈએ. એક નયને આશ્રયીને મિથ્યાત્વનો પ્રસંગ આવે છે તેથી બધા નયને આશ્રયીને મુનિ ભગવન્તો રહે છે - તે જણાવાય છે :

**पृथग्नया मिथः पक्षप्रतिपक्षकदर्थिताः ।**
**समवृत्तिसुखास्वादी, ज्ञानी सर्वनयाश्रितः ।।३२-२ ।।**

''પરસ્પર નિરપેક્ષ નયો વાદ અને પ્રતિવાદથી કદર્થનાને પામેલા છે, પરન્તુ મધ્યસ્થપણાના સુખના સ્વાદનો અનુભવ કરનારા જ્ઞાની સર્વનયોનો આશ્રય કરે છે. અર્થાત્ સર્વનયોનો આશ્રય કરનારા જ્ઞાની મધ્યસ્થપણાના સુખના આસ્વાદનો અનુભવ કરે છે.'' - આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ નૈગમાદિ દરેક નયો અનન્તધર્માત્મક વસ્તુના કોઈ ધર્મની પ્રધાનતાએ અને બાકીના ધર્મોની ગૌણતાએ વસ્તુના સ્વરૂપને ગ્રહણ કરે છે. આવી અવસ્થામાં નયો પરસ્પર સાપેક્ષ હોય છે. પરન્તુ પોતાની અપેક્ષાએ માનેલા અર્થને જ સાચો અર્થ મનાવવા માટે નયો પરસ્પર વાદ-પ્રતિવાદ કરતા હોય છે. છતાં ધારણા મુજબનું પરિણામ ન આવવાથી માત્ર વિડંબના જ પ્રાપ્ત કરે છે. પૃથગ્-પરસ્પર નિરપેક્ષ એવા આ દુર્નયો છે. પરસ્પર સાપેક્ષ નયો જ સુનયો છે.

સાપેક્ષ કોઈ પણ નયનો સ્વીકાર કરવામાં આવે તો એની સાથે બીજા બધા જ નયોનો સ્વીકાર થઈ જ જતો હોય છે. તેથી જ્ઞાનીમહાત્મા સર્વનયોને આશ્રયીને રહે છે. દુર્નયોની કદર્થના જોઈને જ્ઞાનીઓ તેને આશ્રયીને રહેતા નથી. એકબીજાનો પ્રતિકાર કરનારા દુર્નયો ઈષ્ટ અને અનિષ્ટની કલ્પનાદિના કારણે સમતાનું સુખ પામી શકતા નથી. ઈષ્ટાનિષ્ટની કલ્પનામાં વ્યગ્ર હોવાથી રાગ-દ્વેષના પરિણામને આધીન બનવાના કારણે માધ્યસ્થ્યના સુખની કલ્પનાથી પણ તેઓ ઘણા જ દૂર છે. સર્વનયોનો આશ્રય કરવાથી સમગ્ર વસ્તુતત્ત્વનો પૂર્ણ ખ્યાલ આવે છે. જેથી જ્ઞાનીઓને

ઈષ્ટાનિષ્ટત્વથી રહિત એવા વસ્તુતત્ત્વનો બોધ થવાથી માધ્યસ્થ્યના સુખનો આસ્વાદ સહજ રીતે બની રહે છે. જ્ઞાની એવા મહામુનિ સર્વનયને આશ્રયીને રહે છે - એ જણાવ્યું. ત્યાં સર્વનયોની આશ્રયણતા સર્વનયજ્ઞતા સ્વરૂપ છે. તેથી સર્વનયજ્ઞતાનું સ્વરૂપ જણાવાય છે :

**नाप्रमाणं प्रमाणं वा, सर्वमप्यविशेषितम् ।**
**विशेषितं प्रमाणं स्यादिति सर्वनयज्ञता ।।३२-३।।**

''દરેક વચનો વિશેષથી રહિત હોય તો એકાન્તે અપ્રમાણ નથી અને એકાન્તે પ્રમાણ પણ નથી. વિશેષથી યુક્ત હોય તો પ્રમાણ છે - એ રીતે સર્વનયોનું જ્ઞાન હોય છે.'' - આ પ્રમાણે શ્લોકનો શબ્દાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે 'અન્ય સિદ્ધાન્તનું વચન છે માટે અપ્રમાણ છે અને સ્વસિદ્ધાન્તનું વચન છે માટે પ્રમાણ છે.' - આવી વાત પ્રસિદ્ધ છે. પરન્તુ એ વાત બરાબર નથી.

અન્યસિદ્ધાન્તનું વચન, વિશેષને સારી રીતે જણાવનારા કોઈ પણ નય-વિશેષથી વિચારતા સર્વથા અપ્રમાણભૂત જણાય તો તે અપ્રમાણ છે. પરન્તુ કોઈ નયવિશેષથી પ્રમાણભૂત જણાય તો તે કથંચિત્પ્રમાણ છે. આવી જ રીતે સ્વસિદ્ધાન્તનું વચન પણ નયવિશેષની અપેક્ષાએ પ્રમાણ છે. નયનિરપેક્ષ રીતે એ વચનો પ્રમાણભૂત નથી. સ્વપર સિદ્ધાન્તને જણાવનારાં વચનોનું પ્રામાણ્ય નયસાપેક્ષ છે અને નયનિરપેક્ષતામાં તેનું અપ્રામાણ્ય છે. આથી જ કોઈ પણ વચનના પ્રામાણ્ય કે અપ્રામાણ્યના નિશ્ચય માટે સર્વનયોના જ્ઞાનની આવશ્યકતા છે. સર્વનયોનું જ્ઞાન ન હોય તો અપ્રમાણને પ્રમાણ અને પ્રમાણને અપ્રમાણ માનવાનો પ્રસઙ્ગ આવવાનો પૂરતો સંભવ છે. તેના નિવારણ માટે સર્વનયજ્ઞતા આવશ્યક છે. દરેક નયને જાણતા હોવાથી તેઓ વસ્તુતત્ત્વના પ્રામાણ્યાપ્રામાણ્યનો નિર્ણય યથાર્થ રીતે કરી શકે છે.

શુદ્ધપર્યાયાર્થિક નયની અપેક્ષાએ વિચારીએ તો બૌદ્ધદર્શનનો ક્ષણિકવાદ સંગત કરી શકાય છે. શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વિચારીએ તો વેદાન્તાદિ દર્શનને સંગત કરી શકાય છે. પરન્તુ તે તે દર્શનોએ નયાન્તર નિરપેક્ષ તે તે એકનયની માન્યતાને ગ્રહણ કરી હોવાથી તે તે દર્શનોનાં વચનો પ્રમાણ નથી. પરન્તુ જૈનદર્શનના સ્યાદ્વાદમુદ્રાથી અંકિત સિદ્ધાન્તો, નયાન્તરસાપેક્ષ તે તે નયોની અપેક્ષાએ સુસંગત હોવાથી પ્રમાણભૂત છે... ઇત્યાદિ જાણકારો પાસેથી સમજી લેવું જોઈએ. નયોનું સ્વરૂપ સમજી લીધા વિના તે તે દર્શનોના સિદ્ધાન્તો અંગે લખવા કે બોલવાની

ઉતાવળ કરવાની જરૂર નથી. કારણ કે એવી ઉતાવળ અર્થહીન છે. વિપરીત ફળને આપનારી છે. સર્વનયના જાણકારને અને તેનાથી વિપરીત મૂઢ લોકોને જે ફળ મળે છે, તે જણાવાય છે :

**लोके सर्वनयज्ञानां, ताटस्थ्यं वाप्यनुग्रहः ।**
**स्यात् पृथग्नयमूढानां, स्मयार्तिर्वाऽतिविग्रहः ।।३२-४।।**

''આ લોકમાં સર્વનયને જાણનારને તટસ્થપણું અથવા અનુગ્રહની બુદ્ધિ પ્રાપ્ત થાય છે. પરન્તુ જુદા જુદા નયોને વિશે મૂઢ થયેલાને અહંકારની પીડા અથવા ઘણો ક્લેશ પ્રાપ્ત થાય છે.'' - સર્વ નયોના જ્ઞાતા એવા મહામુનિને માધ્યસ્થ્ય પ્રાપ્ત થાય છે. પોતે વસ્તુતત્ત્વના જ્ઞાતા હોવાથી મહામુનિઓને રાગ કે દ્વેષ કરવાનું કોઈ જ કારણ રહેતું નથી. અજ્ઞાનીને રાગ-દ્વેષ નડ્યા કરે છે. જ્ઞાનીને રાગ-દ્વેષનો પ્રસંગ જ નથી. રાગ-દ્વેષના અભાવમાં તેઓશ્રીને મધ્યસ્થપણું પ્રાપ્ત થાય છે. તેમાં સમતાનું પરમસુખ સમાયેલું છે. રાગ-દ્વેષને આધીન બનેલાને દુઃખનો પાર નથી. જ્ઞાની મહાત્માને દુઃખમાં પણ દુઃખ નથી. મધ્યસ્થપણાનો એ પ્રભાવ છે. એના સામર્થ્યથી ઉપકાર કરવાનું પણ સામર્થ્ય પ્રાપ્ત થાય છે. પરમાર્થદર્શી પરમાર્થ બતાવીને અદ્દ્ભુત કોટિનો ઉપકાર કરે - એ સમજી શકાય છે.

પરન્તુ જુદા જુદા નયોની માન્યતાના પરમાર્થને સમજવામાં મૂઢ બનેલા, કોઈ એક નયની માન્યતાને પરમાર્થ સમજીને જ્ઞાનના ગર્વની પીડાને અનુભવે છે. અહંકારીને જે પીડા છે તેનો આપણને ઓછાવધતા પ્રમાણમાં અનુભવ છે. તેઓ સર્વત્ર તિરસ્કાર પામતા હોય છે. પ્રત્યક્ષ કે પરોક્ષપણે અનાદરના પાત્ર તેઓ બનતા હોય છે. અને સર્વત્ર વિવાદાદિ કરવા દ્વારા ક્લેશના ભાજન બને છે. હેયોપાદેયનો વિવેક ન હોવાથી કદાગ્રહને લઈને કદર્થના પામે છે. સર્વનયોના જાણકારો વિવાદમાં પડતા નથી. તેઓ પ્રસંગથી ધર્મવાદને કરે છે. જુદા જુદા નયોને વિશે મૂઢ બનેલા ધર્મવાદને છોડીને શુષ્કવાદ અને વિવાદને કરે છે - એ જણાવીને તેનું ફળ વર્ણવાય છે :

**श्रेयः सर्वनयज्ञानां, विपुलं धर्मवादतः ।**
**शुष्कवादाद् विवादाच्च, परेषां तु विपर्ययः ।।३२-५।।**

'સર્વ નયોને જાણનારાના ધર્મવાદથી ઘણું કલ્યાણ થાય છે. પરન્તુ બીજા એકાન્ત દષ્ટિ(દર્શન)વાળાના શુષ્કવાદથી કે વિવાદથી અકલ્યાણ થાય છે.'' તત્ત્વના

જ્ઞાતા, તત્ત્વના જિજ્ઞાસુને તત્ત્વનો બોધ થાય - એ માટે જે કહે તે ધર્મવાદ છે. સર્વ નયોના જાણકાર તત્ત્વજિજ્ઞાસુઓને તત્ત્વનો બોધ થાય-એ માટે તત્ત્વનો ઉપદેશ કરે છે, તે ધર્મવાદ છે. ધર્મવાદ માટે વક્તા તત્ત્વના જ્ઞાતા હોવા જોઈએ. શ્રોતા, તત્ત્વના જિજ્ઞાસુ હોવા જોઈએ. પ્રવૃત્તિ, તત્ત્વને સંભળાવવાની હોવી જોઈએ. અને આશય, તત્ત્વના બોધનો હોવો જોઈએ.

સત્યના અંશથી રહિત કંઠ અને તાલુને સૂકવી નાખનાર અને નીરસ એવો શુષ્કવાદ છે. તત્ત્વના જ્ઞાતાઓ એવો શુષ્કવાદ કરતા નથી. જેનું કોઈ ફળ નથી એવી પ્રવૃત્તિ ધર્મ પામેલા ન કરે અને ધર્મના અર્થી પણ ના કરે. મૂઢ લોકો જ આવો શુષ્કવાદ કરતા હોય છે. આવા લોકોની સંખ્યા નાની નથી. કષાયનું કારણ હોવાથી શુષ્કવાદ ત્યાગ કરવા યોગ્ય છે. બીજાને પરાસ્ત કરવા માટે કરાતો વાદ વિવાદ છે. તે પણ આશયની દુષ્ટતાદિને લઈને ત્યાજ્ય છે. ધર્મવાદ સ્વપરના ઘણા કલ્યાણનું કારણ છે અને શુષ્કવાદ કે વિવાદ સ્વપરના અકલ્યાણનું કારણ છે. સ્વપરકલ્યાણને કરનારા સર્વનયોના જાણકારની સ્તવના કરાય છે :

**प्रकाशितं जनानां यै, र्मतं सर्वनयाश्रितम् ।**
**चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमो नमः ।।३२-६।।**

''જે મહાત્માઓએ લોકોને વિશે સર્વનયને આશ્રયીને સ્યાદ્વાદગર્ભિત પ્રવચન પ્રકાશિત કર્યું છે અને આ પ્રવચન જેમના ચિત્તમાં પરિણામ પામ્યું છે, તે મહાત્માઓને વારંવાર નમસ્કાર થાઓ.'' શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલો પરમતારક મોક્ષમાર્ગ સર્વનયના આશ્રયે વ્યવસ્થિત છે. અનેકાન્તવાદમૂલક એ પ્રવચનને લોકોની આગળ પ્રકાશિત કરનારા મહાત્માઓ ખરેખર જ પરમવંદનીય છે. ખૂબ જ અલ્પ પ્રમાણમાં એવા પ્રવચનને પ્રકાશિત કરનારા મહાત્માઓ હોય છે. લોકોને જે ગમે છે તે આપવાના બદલે લોકોનું હિત જેમાં સમાયેલું છે, તેવો મોક્ષમાર્ગ પ્રકાશિત કરવાનું સામર્થ્ય ખૂબ જ ઓછા મહાત્માઓમાં હોય છે.

કેટલીક વખતે સર્વનયોને આશ્રયીને વ્યવસ્થિત થયેલા પ્રવચનને પ્રકાશિત કરનારા મહાત્માઓના ચિત્તમાં એ પરિણમેલું હોતું નથી. તેથી શ્લોકના ઉત્તરાર્દ્ધથી સર્વનયાશ્રિત પ્રવચનથી પરિણત થયેલા ચિત્તવાળા મહાત્માઓને નમસ્કાર કર્યો છે. પ્રવચનથી પરિણત ન હોય એવા મહાત્માઓ પણ અવસરે સર્વનયાશ્રિત પ્રવચનને

પ્રકાશિત કરતા હોય છે - એ અર્થને સૂચવનારું શ્લોકનું ત્રીજું પદ છે. આ રીતે સર્વનયાશ્રિત પુણ્ય પ્રવચનથી પરિણત થયેલા ચિત્તવાળા અને એવા પ્રવચનને પ્રકાશિત કરનારા મહામુનિ ભગવન્તોને વારંવાર નમસ્કાર આ શ્લોકથી કરાય છે. ભવભાવના ઉપદેશમાલાદિ ગ્રન્થોમાં પણ આ પ્રમાણે પ્રવચનપ્રકાશક મહાત્માઓની સ્તવના કરવામાં આવી છે.

શ્રી વીતરાગપરમાત્માના શાસનમાં પ્રવચનની પરમતારકતા સુપ્રસિદ્ધ છે. એ પ્રવચનના પરમાર્થને જિજ્ઞાસુજનોની આગળ પ્રકાશિત કરનારા અને એ પરમાર્થથી પોતાના ચિત્તને ભાવિત કરનારા મહાત્માઓના પરમ અચિન્ત્ય સામર્થ્યથી આ પ્રવચન આપણને પ્રાપ્ત થયું છે. એમને આપણે વારંવાર નમસ્કાર કરવો જોઈએ. એ નમસ્કરણીય છે, વંદનીય છે અને એમનો જ સર્વત્ર જય થાય છે: તે જણાવાય છે :

**निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ।**
**एकपाक्षिकविश्लेषमारूढाः शुद्धभूमिकाम् ।।३२-७।।**

**अमूढलक्ष्याः सर्वत्र, पक्षपातविवर्जिताः ।**
**जयन्ति परमानन्दमयाः सर्वनयाश्रयाः ।।३२-८।।**

''નિશ્ચયનય અને વ્યવહારનય તેમ જ જ્ઞાનનય અને ક્રિયાનયને વિશે એકપક્ષસંબંધી વિશ્લેષ(ભ્રાન્તિસ્થાન)ને છોડીને શુદ્ધ ભૂમિકાએ આરૂઢ થયેલા, ચોક્કસ લક્ષ્યવાળા, પક્ષપાતથી રહિત, પરમાનંદમય એવા સર્વનયોના આશ્રયે રહેલા જ્ઞાની ભગવન્તો જય પામે છે.'' કહેવાનું તાત્પર્ય એ છે કે જે જ્ઞાની ભગવન્તો સર્વ નયોની માન્યતાનો આશ્રય કરે છે તેઓશ્રીને કોઈ એક પક્ષ-નય સંબન્ધી માન્યતાનો આગ્રહ બંધાવે એવું એક પણ ભ્રમજનક સ્થાન રહેતું નથી. નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા શુદ્ધ અને બુદ્ધ જ્ઞાનાદિમય છે, એ જાણ્યા પછી એમાં આગ્રહ બંધાઈ જાય તો વ્યવહારનયપ્રસિદ્ધ આત્માનું કર્માવૃત અશુદ્ધાદિ સ્વરૂપ માનવાનું શક્ય નહિ બને, એમાં ભ્રમ જ જણાશે. પરન્તુ નિશ્ચયનયની સાથે વ્યવહારનયનો પણ આશ્રય કરવાથી આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપને માનવામાં કોઈ જ અવરોધ નહિ નડે. આવી જ રીતે માત્ર જ્ઞાનની જ પ્રધાનતાએ જ્ઞાનનયની માન્યતામાં આગ્રહી બને તો ક્રિયાનયની માન્યતા મુજબ ક્રિયાનું પ્રાધાન્ય માનવામાં ભ્રમ જણાશે. પરન્તુ બંન્ને નયનો આશ્રય કરવાથી જ્ઞાન અને ક્રિયાનું પ્રાધાન્ય માનવામાં કોઈ અવરોધ નહિ આવે. આ પ્રમાણે

એક પાક્ષિક ભ્રમના સ્થાનને છોડીને જ્ઞાની મહાત્માઓ શુદ્ધ ભૂમિકાને પ્રાપ્ત કરે છે. સર્વ નયોનો આશ્રય કર્યા વિના શુદ્ધભૂમિકા પ્રાપ્ત થતી નથી.

સામર્થ્યયોગની યોગ્યતા સ્વરૂપ શુદ્ધ ભૂમિકા છે. શુદ્ધભૂમિકાને પ્રાપ્ત કરેલા મહાત્માઓ 'અમૂઢલક્ષ્ય' હોય છે. અર્થાદ્ તેઓશ્રી ક્યારે પણ લક્ષ્ય ચૂકતા નથી. પોતાની ધારણા મુજબ લક્ષ્યને સિદ્ધ કરી જ લે છે. કોઈ પણ વસ્તુને વિશે તેઓશ્રીને આગ્રહ ન હોવાથી તેઓશ્રી સર્વત્ર પક્ષપાતથી રહિત છે. સર્વનયોના આશ્રયે રહેલા એવા જ્ઞાની મહાત્માઓ સદાને માટે આત્મગુણોમાં રમણતા કરતા હોવાથી પરમાનંદમય છે. જગતની કોઈ પણ ચીજની તેઓશ્રીને અપેક્ષા ન હોવાથી જગતના જીવો કરતાં સર્વોત્કૃષ્ટ અવસ્થાને તેઓશ્રી અનુભવે છે. તેથી જ તેઓશ્રી જયવન્તા વર્ત્તે છે. સર્વોત્કૃષ્ટ અવસ્થાનો અનુભવ જ અહીં જય છે. અન્તે ઉપર જણાવ્યા મુજબ સર્વનયોનો આશ્રય લઈ આપણે સૌ સર્વોત્કૃષ્ટ અવસ્થાને અનુભવવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા....

**।। इति श्रीज्ञानसारप्रकरणे द्वात्रिंशं सर्वनयाश्रयणाष्टकम् ।।**

## अथोपसंहारः ।

હવે પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે -

**पूर्णो मग्नः स्थिरोऽमोहो, ज्ञानी शान्तो जितेन्द्रियः ।**
**त्यागी क्रियापरस्तृप्तो, निर्लेपो निःस्पृहो मुनिः ।।१ ।।**

**विद्याविवेकसम्पन्नो, मध्यस्थो भयवर्जितः ।**
**अनात्मशंसकस्तत्त्वदृष्टिः सर्व समृद्धिमान् ।।२ ।।**

**ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः ।**
**लोकसंज्ञाविनिर्मुक्तः, शास्त्रदृग् निष्परिग्रहः ।।३ ।।**

**शुद्धानुभववान् योगी, नियागप्रतिपत्तिमान् ।**
**भावार्चाध्यानतपसां, भूमिः सर्वनयाश्रितः ।।४ ।।**

શ્રીજ્ઞાનસાર પ્રકરણનાં બત્રીશ અષ્ટકોના નામના વર્ણન સાથે આ ચાર શ્લોકોથી મુનિભગવન્તોનું વર્ણન કરવામાં આવ્યું છે. એ જોવાથી આપણે સમજી શકીએ છે કે આ જ્ઞાનસારમાં જણાવેલો સાર મુનિભગવન્તો જ મેળવી શકે છે. બત્રીશ અષ્ટકોમાં વર્ણવેલી અનેકાનેક વિશેષતાઓથી વિશિષ્ટ પૂ. મુનિભગવન્તોના વિશિષ્ટ સ્વરૂપને તે તે અષ્ટકોના નામ સાથે સાંકળીને તે તે અષ્ટકથી મુનિભગવન્તનું સ્વરૂપ અહીં વર્ણવ્યું છે. દરેક અષ્ટક જ્ઞાનની પ્રધાનતાને વર્ણવે છે.

[૧]જ્ઞાનાદિગુણોથી પૂર્ણ, [૨]જ્ઞાનાદિગુણોમાં મગ્ન, [૩]યોગમાં સ્થિર, [૪]મોહથી રહિત, [૫]જ્ઞાની, [૬]શાન્ત, [૭]ઈન્દ્રિયોને જીતનાર, [૮]ત્યાગી, [૯]ક્રિયામાં તત્પર, [૧૦]આત્મામાં તૃપ્ત (સંતુષ્ટ), [૧૧]કર્મથી નિર્લેપ, [૧૨]સ્પૃહારહિત, [૧૩]ભાવને આશ્રયીને મૌનવાળા, [૧૪]તત્ત્વબુદ્ધિસ્વરૂપ વિદ્યાથી સહિત, [૧૫]કર્મ અને જીવને જુદા કરવાસ્વરૂપ વિવેકથી યુક્ત, [૧૬]પક્ષપાતથી રહિત, [૧૭]નિર્ભય, [૧૮]સ્વપ્રશંસાને નહિ કરનાર, [૧૯]પરમાર્થને જોનાર, [૨૦]આત્મિક સમ્પત્તિવાળો, [૨૧]કર્મના ફળને વિચારનારા, [૨૨]ભવસમુદ્રથી ઉદ્વેગ પામેલ, [૨૩]લોકસંજ્ઞાથી રહિત, [૨૪]શાસ્ત્રને જ જોનારા, [૨૫]પરિગ્રહથી રહિત, [૨૬]શુદ્ધાનુભવવાળા, [૨૭]યોગી, [૨૮]મોક્ષને પ્રાપ્ત કરનાર, [૨૯]ભાવપૂજાના આશ્રય, [૩૦]ધ્યાનના આશ્રય, [૩૧]તપના આશ્રય અને [૩૨]સર્વનયોના આશ્રયે રહેલા એવા મહાત્મા હોય છે. તે તે અષ્ટકમાં તે

તે વિશેષતાનું વર્ણન છે, જે મુનિભગવન્તોમાં જોવા મળે છે. પૂજ્ય મુનિભગવન્તોની પૂર્ણતા-મગ્નતાદિ વિશેષતાનું વર્ણન તે તે અષ્ટકમાં કર્યું છે - તે જણાવાય છે :

**स्पष्टं निष्टङ्कितं तत्त्वमष्टकैः प्रतिपन्नवान् ।**
**मुनि र्महोदयं ज्ञानसारं समधिगच्छति ।।५।।**

''બત્રીશ અષ્ટકો દ્વારા સ્પષ્ટ રીતે જણાવેલાં પૂર્ણતાદિ તત્ત્વોને પામેલા મુનિ ભગવન્ત મહાન ઉદયવાળા જ્ઞાનના સારભૂતચારિત્રને સારી રીતે પ્રાપ્ત કરે છે.'' આશય સ્પષ્ટ છે કે આ પ્રકરણમાં નિરૂપણ કરાયેલા તત્ત્વની પ્રાપ્તિ મુનિભગવન્તોને થાય છે. જેના ફળ સ્વરૂપે શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને એ ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનનો સાર જ એ છે. જ્ઞાન વિરતિ માટે છે અને વિરતિ મોક્ષ માટે છે. અન્યત્ર પણ એ પ્રમાણે જણાવ્યું છે કે - સામાયિકથી માંડીને ચૌદમા પૂર્વ લોકબિન્દુસાર સુધી શ્રુતજ્ઞાન છે, તેનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ છે. જ્ઞાનના સારભૂત ચારિત્રની પ્રાપ્તિથી મહાત્માઓને ભવિષ્યમાં ચારિત્રના સારભૂત નિર્વાણની પ્રાપ્તિ થાય છે - એ જણાવીને હવે વર્ત્તમાનમાં પણ ચારિત્રના સારભૂત મોક્ષસદશ ફળની પ્રાપ્તિ થાય છે - એ જણાવાય છે :

**निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषाम् ।**
**विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनाम् ।।६।।**

''વિકારથી રહિત અને પીડાથી રહિત એવા જ્ઞાનસારને પામેલા અને પરની આશાથી જેઓ રહિત છે એવા મહાત્માઓને અહીં જ મોક્ષ છે.'' કહેવાનો આશય એ છે કે જ્ઞાની મહાત્માઓને આત્માના શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ હોવાથી તેઓ સમજે છે કે આત્માને જે કોઈ પણ વિકારો પ્રાપ્ત થાય છે તે કર્મના વિપાકાદિને લઈને છે. અને જે પણ બાધા-પીડા થાય છે, તે પણ અશાતાવેદનીય કર્મના ઉદયને લઈને છે. તેથી સ્વસ્વરૂપમાં રમતા મહાત્માઓને કોઈ વિકાર કે બાધા થતી નથી. મોક્ષમાં ગયા પછી તો તેવા પ્રકારના વિકાર કે બાધા, કર્મના ઉદયના અભાવે હોતા નથી અને અહીં કર્મના ઉદયમાં પણ તેને આધીન ન થવાના કારણે મહાત્માઓ વિકાર અને બાધાથી રહિત છે. તેથી જ તેઓશ્રી પરપદાર્થની આશાથી પણ નિવૃત્ત છે. પરપદાર્થની આશા, વિકારને અને પીડાને ઉત્પન્ન કરે છે. પૂ. મુનિભગવન્તો સ્વસ્વરૂપમાં લીન હોવાથી પરપદાર્થની આશાથી નિવૃત્ત છે. જેથી નિર્વિકાર અને નિરાબાધ અવસ્થાનો

તેઓ અનુભવ કરે છે. મોક્ષની એ અવસ્થાનો આંશિક અનુભવ કરતા હોવાથી મહાત્માઓને અહીં જ મોક્ષ છે - એમ કહ્યું છે.

કર્મના ઉદયને આધીન ન થવાના કારણે નિર્વિકાર અને નિરાબાધ અવસ્થાનો અનુભવ કરવા છતાં કર્મનો ઉદય હોવાથી તેની પીડાનો અનુભવ તો થાય ને? આ શંકાનું નિરાકરણ કરાય છે :

**चित्तमार्द्रीकृतं ज्ञानसारसारस्वतोर्मिभिः ।**
**नाप्नोति तीव्रमोहाग्नि-प्लोषशोषकदर्थनाम् ।।७।।**

''જ્ઞાનના સારભૂત સરસ્વતીના કલ્લોલોથી ભીંજાયેલા ચિત્તને તીવ્ર મોહસ્વરૂપ અગ્નિના દાહથી શોષની પીડા થતી નથી.'' - કહેવાનું તાત્પર્ય એ છે કે, આ જ્ઞાનસાર નામના ગ્રન્થની વાણીના તરંગોથી જેમનું ચિત્ત ભીંજાયેલું છે, તેમને મોહસ્વરૂપ અગ્નિના આકરા દાહથી શોષ(મુખ વગેરે સુકાવું)ની પીડા પ્રાપ્ત થતી નથી.

જ્ઞાની મુનિમહાત્માઓનું ચિત્ત જ્ઞાનના સારભૂત શ્રી તીર્થંકરપરમાત્માનાં પરમતારક વચનોના તરંગોથી ભીંજાયેલું હોવાથી મોહનીયકર્મના ઉદયમાં પણ તેના વિપાક સ્વરૂપે કોઈ પણ પીડા અનુભવવી પડતી નથી. તેમનું ચિત્ત ભીંજાયેલું જ રહે છે, સુકાતું નથી. મોહાગ્નિને વચનરસ ઠારી દે છે. મોહનો નાશ કરવાનું અપ્રતિમ સામર્થ્ય શ્રી તીર્થંકરપરમાત્માનાં પરમતારક વચનોમાં રહેલું છે. ગમે તેવા મોહનો વિનાશ કરવાનું સામર્થ્ય આ જ્ઞાનસારમાં છે. મોહનો વિનાશ કરવાનું આપણને મન હોય તો તેના સાધનભૂત જ્ઞાનનો ઉપયોગ કરી શકીએ. પરન્તુ આજ સુધી આપણે એ મુજબ કર્યું નથી. પરિણામે મોહનાશક સામગ્રી મોહસાધક જ બની રહી... જ્ઞાનસારનું માહાત્મ્ય જ વર્ણવાય છે :

**अचिन्त्या काऽपि साधूनां, ज्ञानसारगरिष्ठता ।**
**गतिर्ययोर्ध्वमेव स्याद्, अधःपातः कदाऽपि न ।।८।।**

''પૂ. સાધુભગવન્તોની 'જ્ઞાનસાર' ની ગરિષ્ઠતા કોઈ અચિન્ત્ય છે. જે ગરિષ્ઠતા(ગૌરવ)ને લઈને ઊંચી ગતિ જ થાય છે. નીચે પડવાનું ક્યારે પણ થતું નથી.'' - કહેવાનો આશય સ્પષ્ટ છે કે જ્ઞાનસારને પામવાના કારણે મહત્ત્વ સાધુઓને

જ પ્રાપ્ત થાય છે. એ ગરિષ્ઠતા – ગૌરવને લઈને મહાત્માઓની ઊર્ધ્વ જ ગતિ થાય છે. ક્યારે ય અધોગતિ થતી નથી. ચમત્કાર એ છે કે સામાન્ય રીતે જેમાં ગુરુત્વ હોય છે તે નીચે પડે છે. તેની ઊર્ધ્વગતિ ક્યારે પણ થતી નથી. પરન્તુ અહીં મહાત્માઓ જ્ઞાનસારથી ગુરુ (ગૌરવથી યુક્ત) હોવા છતાં નીચે પડતા નથી. પણ ઊંચે જ જાય છે. પ્રસિદ્ધ વાતના વિરોધને દૂર કરવા માટે એ યાદ રાખવું જોઈએ કે પુદ્ગલસંબન્ધી ગુરુત્વ જ્યાં હોય છે, ત્યાં તે પતનનું કારણ બને છે. પરન્તુ અપૌદ્ગલિક (આત્મિક ગુણપ્રત્યયિક) ગુરુત્વ પતનનું કારણ બનતું નથી.

મોક્ષની સાધના માટે જ્ઞાન અને ક્રિયા બંન્ને કારણ છે. તો જ્ઞાનનું જ મહત્ત્વ કેમ વર્ણવાય છે ? ક્રિયાનું કેમ નહિ ? – આ શંકાનું સમાધાન કરાય છે :

**क्लेशक्षयो हि मण्डूकचूर्णतुल्यः क्रियाकृतः ।**
**दग्धतच्चूर्णसदृशो, ज्ञानसारकृतः पुनः ।।९।।**

''ક્રિયાથી કરેલો રાગાદિ ક્લેશોનો ક્ષય દેડકાના ચૂર્ણ જેવો છે. જ્ઞાનના સારથી કરેલો કર્મક્ષય બાળેલા દેડકાના ચૂર્ણ જેવો છે.'' – રાગાદિ ક્લેશોનો ક્ષય, ક્રિયાથી થાય છે તેમ જ્ઞાનના સારભૂત એવા પરિણામથી પણ થાય છે. એ બેમાંથી ક્રિયાના કારણે થયેલો જે ક્લેશનો ક્ષય છે, તે દેડકાના ચૂર્ણ જેવો છે. દેડકાના ચૂર્ણથી વરસાદ વગેરે થવાના કારણે જેમ ફરી પાછા દેડકા થાય છે, તેમ ક્રિયાના કારણે થયેલા કર્મક્લેશક્ષય પછી ફરીથી કર્મનો બન્ધ થાય છે.

પણ દેડકાનું બાળેલું જે ચૂર્ણ અર્થાદ્ ભસ્મ છે; એમાંથી, ગમે તેટલો વરસાદ વગેરે થાય તોપણ જેમ દેડકા ઉત્પન્ન થતા નથી, તેમ જ્ઞાનસારથી થયેલા કર્મક્ષય પછી ફરીથી કર્મોનો બન્ધ થતો નથી. આ પ્રમાણે ક્રિયા કરતાં જ્ઞાનસારનું સામર્થ્ય અધિક છે – એ સમજી શકાય છે. અન્યદર્શનકારોએ પણ આ વાતનું સમર્થન કર્યું છે – તે જણાવાય છે :

**ज्ञानपूतां परेऽप्याहुः, क्रियां हेमघटोपमाम् ।**
**युक्तं तदपि तद्भावं, न यद् भग्नाऽपि सोज्झति ।।१०।।**

''જ્ઞાનથી પવિત્ર થયેલી, ક્રિયાને બૌદ્ધો વગેરે પણ સુવર્ણના ઘટ જેવી કહે છે; તે પણ યોગ્ય છે, કારણ કે તે ક્રિયા નાશ પામે તોપણ ક્રિયાના ભાવનો ત્યાગ

થતો નથી.'' આશય એ છે કે બૌદ્ધાદિ અન્યદર્શનીઓએ જ્ઞાનથી પવિત્ર થયેલી ક્રિયાને સુવર્ણના ઘડા જેવી વર્ણવી છે, તે યોગ્ય છે. કારણ કે સુવર્ણનો ઘડો કોઈ વાર ભાંગી જાય તોપણ સોનું પાસે રહે છે. તેમ જ્ઞાનપૂર્વકની ક્રિયા કોઈ વાર ન પણ હોય તોપણ જ્ઞાનના પ્રભાવે ક્રિયાનો ભાવ, પાસે જ હોય છે.

સમ્યગ્દર્શન પામ્યા પછી જ્ઞાનપૂર્વકની ક્રિયા થતી હોય છે. એકવાર અન્તર્મુહૂર્ત માટે પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય તો કદાચ સમ્યગ્દર્શનનો પરિણામ જતો પણ રહે તો ય જીવને અન્તઃકોટાકોટી સાગરોપમ કાલથી અધિક કાળનો બંધ થતો નથી. આ પ્રભાવ જ્ઞાનપૂર્વકની ક્રિયાનો છે. એકવાર રાગદ્વેષના તીવ્રપરિણામ સ્વરૂપ ગ્રંથિનો ભેદ થયા પછી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પામ્યા પછી એવી યોગ્યતા પ્રાપ્ત થતી હોય છે. એનો વિચાર કરવાથી સમજાશે કે-ક્રિયાના અભાવમાં પણ જ્ઞાનનું મહત્ત્વ કેટલું છે અને જ્ઞાનના અભાવમાં ક્રિયાનું મહત્ત્વ કેટલું છે. પ્રથમ ગુણસ્થાનકે ધર્મક્રિયા હોવા છતાં જ્ઞાન નથી, અને ચોથા ગુણસ્થાનકે કોઈ વાર ક્રિયા ન હોવા છતાં જ્ઞાન છે - આવી અવસ્થામાં ફળની જે વિષમતા છે તે જ્ઞાનને લઈને છે - એ સ્પષ્ટ છે. કારણના ભેદ વિના કાર્યનો ભેદ સંગત નહિ બને... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. આથી સમજી શકાશે કે જ્ઞાનરહિત ક્રિયા અને ક્રિયાથી રહિત જ્ઞાન એ બેમાં ઘણો ફરક છે. એ ફરક દૃષ્ટાન્તથી જણાવાય છે :

**क्रियाशून्यं च यज्ज्ञानं, ज्ञानशून्या च या क्रिया ।**
**अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ।।११।।**

''ક્રિયાથી રહિત જે જ્ઞાન છે અને જ્ઞાનથી રહિત જે ક્રિયા છે : એ બંન્નેનું અન્તર સૂર્ય અને ખજુઆની જેમ જાણવું.'' કહેવાનું તાત્પર્ય ઘણું જ સ્પષ્ટ છે. ક્રિયાથી રહિત જ્ઞાન સૂર્યના પ્રકાશ જેવું છે અને જ્ઞાનશૂન્ય ક્રિયા ખજુઆના પ્રકાશ જેવી છે. તેથી જ્ઞાનની પ્રધાનતાને જાણીને જ્ઞાનના અર્થી બનવું જોઈએ - તે જણાવાય છે :

**चारित्रं विरतिः पूर्णा, ज्ञानस्योत्कर्ष एव हि ।**
**ज्ञानाद्वैतनये दृष्टि, र्देया तद्योगसिद्धये ।।१२।।**

સામાન્યથી આચરણસ્વરૂપ ચારિત્ર છે, જે પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ ક્રિયા સ્વરૂપે પ્રસિદ્ધ છે. સાથે સાથે એ પણ પ્રસિદ્ધ છે કે જ્ઞાનનું ફળ ચારિત્ર છે. તેથી ક્રિયા,

જ્ઞાન કરતાં પણ અધિક શ્રેષ્ઠ હોવાથી પૂર્વ શ્લોક(૧૧)નો આશય સ્પષ્ટ કરવા માટે આ શ્લોક છે.

''પૂર્ણ વિરતિ સ્વરૂપ ચારિત્ર છે અને પૂર્ણ વિરતિ જ્ઞાનના ઉત્કર્ષ સ્વરૂપ જ છે. તેથી યોગની સિદ્ધિ માટે કેવલ જ્ઞાનનયની સામે નજર રાખવી જોઈએ.'' આશય એ છે કે આત્મા જ્ઞાનદર્શનસ્વરૂપ ઉપયોગવાળો છે. એમાં સ્થિરતા (નિજગુણસ્થિરતા સ્વરૂપ) એ ચારિત્ર છે, જે જ્ઞાનના ઉત્કર્ષ (કેવલજ્ઞાન) સ્વરૂપ છે. તેથી આ ચારિત્રની સિદ્ધિ માટે (યોગની સિદ્ધિ માટે) જ્ઞાનનયને જ પ્રાધાન્ય આપવું જોઈએ. જ્ઞાન જ પ્રધાન છે એવી માન્યતાવાળો 'જ્ઞાનાદ્વૈતનય-જ્ઞાનનય' છે. જ્ઞાનનયની દષ્ટિએ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જે સાધક છે. સાધ્ય પણ કેવલજ્ઞાન સ્વરૂપ જ્ઞાન છે અને સિદ્ધિ પણ નિરાવરણ ક્ષાયિકજ્ઞાન છે. તેથી જ્ઞાનના અર્થી બની જ્ઞાનને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ. ગ્રન્થકારશ્રીએ આ ગ્રન્થની રચના ક્યાં અને ક્યારે કરી તે જણાવે છે :

**सिद्धिं सिद्धपुरे पुरन्दरपुरस्पर्द्धावहे लब्धवां-**
**श्चिद्दीपोऽयमुदारसारमहसा, दीपोत्सवे पर्वणि ।**
**एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणां,**
**तैस्तैर्दीपशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः ।।१३।।**

''ઈન્દ્રના નગરની સાથે સ્પર્દ્ધા કરનાર સિદ્ધપુર નગરમાં અતિશય મનોહર તેજ વડે સહિત આ ગ્રન્થસ્વરૂપ જ્ઞાનનો દીવો દીવાળીના પર્વમાં પૂર્ણ થયો. આની ભાવનાથી ભાવિત થયેલા પવિત્ર થયેલા મનમાં ચમત્કારને અનુભવતા જીવોને, સારા નિશ્ચયનયમતસ્વરૂપ સેંકડો દીવાઓ વડે સદાને માટે દીવાળીનો મહોત્સવ થાય...'

આ પ્રકરણના અર્થના શ્રવણાદિથી થોડા જીવોને જ લાભ થાય છે તેનું કારણ જણાવવા સાથે વર્ણન કરાય છે :

**केषाञ्चिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा-**
**वेगोदर्ककुतर्कमूर्च्छितमथान्येषां कुवैराग्यतः ।**
**लग्नालर्कमबोधकूपपतितं, चास्ते परेषामपि;**
**स्तोकानान्तु विकारभाररहितं, तज्ज्ञानसाराश्रितम् ।।१४।।**

"આશ્ચર્ય છે કે કેટલાકનું મન વિષયસ્વરૂપ તાવથી પીડા પામેલું છે. બીજાઓનું મન વિષના વેગ જેવું તત્કાળ જેનું ફળ છે એવા કુતર્કો વડે મૂર્છાને પામેલું છે. અન્ય કેટલાકનું મન દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યથી, જેને હડકવા થયો હોય એના જેવું કાલાન્તરે ખરાબ ફલ-વિપાકવાળું છે. તદુપરાન્ત બીજા કેટલાકનું મન અજ્ઞાન સ્વરૂપ કૂવામાં પડેલું છે. પરન્તુ થોડાઓનું મન, વિકારના ભારથી રહિત જ્ઞાનસારથી આશ્રિત છે." કહેવાનો ભાવ એ છે કે વિષયની આસક્તિ, વિષસ્વરૂપ વિષયોનો આવેગ, કુતર્ક કરવાની કુટેવ, અને ભયંકર અજ્ઞાનને પરવશ બનેલા આ જ્ઞાનસારને પામી શકતા નથી. વિષયો કે ઈન્દ્રિયોના વિકારથી રહિત બનેલા જીવોને જ આ જ્ઞાનસાર પ્રાપ્ત થાય છે. એવા આત્માઓ ખૂબ જ થોડા છે. આવા જ્ઞાનસારથી તે આત્માઓને જે ફળ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે :

**जातोद्रेकविवेकतोरणततौ, धावल्यमातन्वति;**
**हृद्गेहे समयोचितः प्रसरति, स्फीतश्च गीतध्वनिः ।**
**पूर्णानन्दघनस्य किं सहजया, तद्भाग्यभङ्ग्याऽभव-**
**नैतद्ग्रन्थमिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः ।।१५।।**

"જ્યાં ઉત્કટ વિવેક સ્વરૂપ તોરણોની માળા બંધાયેલી છે અને ઉજ્જવલતા વિસ્તારતા હૃદયસ્વરૂપ ઘરમાં અવસરને ઉચિત વિસ્તૃત ગીતનો ધ્વનિ પ્રસરે છે. તેથી ત્યાં પૂર્ણ આનન્દના સમુદાયરૂપ શુદ્ધ આત્માની સાથે સ્વભાવસિદ્ધ ભાગ્યની રચના વડે, આ ગ્રન્થની રચનાના બહાનાથી ચારિત્ર સ્વરૂમ લક્ષ્મીનો આશ્ચર્યકારી પાણિગ્રહણ મહોત્સવ થયો નથી શું ?" - કહેવાનો આશય એ છે કે આ જ્ઞાનસારના અભ્યાસથી અભ્યાસ કરનારા એ શુદ્ધ આત્માને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. સાહિત્યની પરિભાષામાં એનું અહીં વર્ણન છે.

પૂર્ણ આનન્દના સમુદાય સ્વરૂપ શુદ્ધાત્મા અહીં પુરુષ છે. ચારિત્રલક્ષ્મી સ્ત્રી છે. જ્ઞાનસાર પ્રકરણના અભ્યાસના કારણે હૃદયસ્વરૂપ ઘરને વિશે વિવેક પ્રગટે છે. જે તોરણોની શ્રેણી રૂપે હૃદયરૂપ ઘરમાં શોભે છે. હૃદયમાં પ્રગટેલા શુદ્ધભાવથી ઘર ઉજ્જવળ બન્યું છે. એ ઘરમાં અવસરે જ્ઞાનસારનો વિસ્તૃત ગીતધ્વનિ પ્રસરી રહ્યો છે.... ઇત્યાદિ સ્વરૂપે અહીં વિવાહનું વર્ણન કરાયું છે. આ પ્રમાણે ચારિત્રને પ્રાપ્ત કરવા દ્વારા જ્ઞાનસારના અભ્યાસથી આત્માને સહજસિદ્ધસ્વરૂપ પ્રાપ્ત થાય છે, તેનું વર્ણન કરાય છે :

**भावस्तोमपवित्रगोमयरसै, र्लिप्तैव भूः सर्वतः,**
**संसिक्ता समतोदकैरथ पथि, न्यस्ता विवेकस्रजः ।**
**अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः,**
**पूर्णानन्दघने पुरं प्रविशति, स्वीयं कृतं मङ्गलम् ।।१६ ।।**

"આ શાસ્ત્રમાં ભાવના સમૂહ સ્વરૂપ પવિત્ર છાણ વડે ભૂમિ સર્વત્ર લીંપેલી છે. અને સમતાસ્વરૂપ પાણી વડે સીંચેલી ભૂમિ છે. માર્ગમાં વિવેકસ્વરૂપ પુષ્પમાળાઓ ગોઠવેલી છે. અધ્યાત્મસ્વરૂપ અમૃતથી ભરેલો કામકુંભ આગળ મૂકેલો છે. - એમ પૂર્ણ આનંદના સમુદાયસ્વરૂપ આત્મા પોતાના નગરમાં પ્રવેશ કરે છે ત્યારે તેણે પોતાનું મંગલ કર્યું છે."

કહેવાનું તાત્પર્ય એ છે કે આ શાસ્ત્રનાં બત્રીશ અષ્ટકોના અભ્યાસથી આત્મા સ્વનગરમાં (સ્વસ્થાનમાં) પ્રવેશ કરે છે. તેથી નગરમાં જતાં માર્ગને જેમ સાફ કરાય છે, શુદ્ધ કરાય છે, જલથી સિંચાય છે, મંગલ માટે કળશ મુકાય છે અને પુષ્પોની માલાથી શણગારાય છે તેમ અહીં પણ સ્વનગરના માર્ગને આત્માએ જાતે પવિત્ર કર્યો છે... ઇત્યાદિ વર્ણવ્યું છે.

**: ગ્રન્થકૃત્પ્રશસ્તિઃ**

**गच्छे श्रीविजयादिदेवसुगुरोः, स्वच्छे गुणानां गणैः,**
**प्रौढिं प्रौढिमधाम्निं जीतविजयप्राज्ञाः परामैयरुः ।**
**तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशोः,**
**श्रीमन्न्यायविशारदस्य कृतिनामेषा कृतिः प्रीतये ।।१७ ।।**

"સુગુરુ શ્રીવિજયદેવસૂરિના ગુણોના સમૂહથી પવિત્ર મહાન ગચ્છમાં જીતવિજયનામના પંડિત અત્યન્ત મહત્ત્વશાળી થયા. તેમના ગુરુભાઈ નયવિજયનામના પંડિતના શિષ્ય શ્રીમન્ન્યાયવિશારદ (યશોવિજયજી ઉપાધ્યાય) ની આ કૃતિ, વિદ્વાનોની પ્રીતિને માટે થાઓ.

**।। इति श्रीज्ञानसारप्रकरणम् ।।**

